પ્રાસંગિક

ઢ્ઢ મેવા

આમ તો આ વિજ્ઞાનયુગ ગણાય છે. વિજ્ઞાનયુગ એટલે પ્રયોગોનો યુગ ભારતમાં આ જ યુગમાં એક એવી વિભૂતિ પેદા થઈ કે જેણે ભારત દ્વારા જગતમાં સામુદાયિક અહિંસાના પ્રયોગો કર્યાં. સદ્ભાગ્યે દક્ષિણ આફ્રિકામાં ભારતીય નરનારીઓથી એનો પ્રથમ પ્રયોગ થયો. જેમાં સારી સફળતા મળી. પછી તો ભારતમાં સામુદાયિક અહિંસા અને સત્યનો એક મોટો પ્રયોગ એમણે એક રાજકીય સંસ્થાને માધ્યમે કર્યો; અને એ સંસ્થાને રચનાત્મક સેવકોનું અને આમ જનતાનું પીઠબળ અપાવ્યું. આ સામુદાયિક અહિંસાની સફળતાથી દુનિયા મુગ્ધ બની અને આકર્ષાઈ પણ ખરી. અમારા સદ્ગત ગુરુદેવ પૂ. કવિ. પં. નાનચંદ્રજી મહારાજની કૃપા પ્રસાદીથી સ્પષ્ટ જણાયું કે "ગાંધીજીના આ પ્રયોગની પાછળ સક્રિય અધ્યાત્મ તથા સમાજગત ધર્મની સાધના છે જે જૈન ધર્મનો જ નિચોડ છે." તો પછી શા માટે એ વિશ્વલક્ષી પ્રયોગને એળે જવા દેવો? અથવા આપણા જન્મપ્રાપ્ત જૈન ધર્મના એ નથી સાધુ કે નથી શ્રાવક; એટલા જ કારણે ગાંધીજીના અંગત અને વિશ્વલક્ષી સમાજગત જીવનને સમજી આચરવા-અચરાવવાનું શા માટે છોડવું? જૈનધર્મે તો સ્પષ્ટ કહી દીધું: 'સત્ય જ ભગવાન છે.' વળી સત્ય તો જીવ માત્રમાં આત્મારૂપે એક જ છે. "एगे आया" (ઠાણાંગ-સમવાયાંગ સૂત્ર) એટલા જ માટે જન્મપ્રાપ્ત જૈનધર્મીને મોક્ષ થાય જ એમ નહીં! બલકે ગુણ પ્રાપ્ત જૈન ગુણીને (જન્મ પ્રાપ્ત ધર્મ હો કે

હોય તોપે!) મોક્ષ થાય જ એમ પણ શ્રીદ્ર મારે "મોક્ષ-ગતિ પમાય" એમ મોજએ મોજશું કરી દીધું. આમ વિચારીને સમૌન એકાંતવાસ પછી સહજ પ્રાપ્ત ભાલનળકાંઠા પ્રદેશનું ક્ષેત્ર મળી ગયું અને પ્રયોગની શરૂઆત થઈ ગઈ. જેમાં વિશ્વવાત્સલ્ય (જેનો ટૂંકો બીજમંત્ર છે ૐ ગૈયા) ધ્યેય બન્યું અને અહિંસક સમાજ રચના એ ઉદ્દેશરૂપી કર્તવ્ય બની રહ્યું. જે ગાંધીજી કહેતા હતા :– (૧) સ્વરાજ્ય મેળવવું હોય તો ગામડે ગામડે ઓછામાં ઓછો એક સેવક પહોંચી જાય." (૨) શહેરો એ તો શેતાનના ચરખા જેવાં છે." (૩) 'કિસાન એ જ સાચી કોંગ્રેસ છે' એ સૂત્રો પરથી મને લાગ્યું : "દુનિયામાં જો સક્રિય અધ્યાત્મ આવવાનું હશે અને આવવાનું છે જ, તો તેનો પાયો ભારતીય ગામડું જ બની શકે તેમ છે.' એ પરથી મને સૂત્ર લાધ્યું : "ભારતીય ગામડું વિશ્વકેન્દ્ર બનશે." ગામડામાં તો કેન્દ્ર સ્થાને કૃષિ અને કિસાન ખેડૂત છે. આ નીચેના કાવ્યે પણ કિસાન એ કોંગ્રેસ તો છે જ. ઉપરાંત એ જગતનો પિતા પણ છે, તેવી પ્રેરણા આપી : 'હે ખેડૂત! તું ખરે જગતનો તાત ગણાયો, આ સઘળો સંસાર પાળનો તું જ જણાયો.' જેમ જેમ ખેડૂતમંડળ અને પછી એના પૂરક ગોપાલકમંડળના કાર્યક્રમો આગળ વધવા લાગ્યા તેમ તેમ આજના જગતમાં સહકારી પ્રવૃત્તિ દ્વારા ખેડૂત જરૂર ફરી એકવાર આખા ગામનો ટ્રસ્ટી બની શકે છે, તેવી ખાતરી થતી ગઈ. શ્રમ સ્વાવલંબન અને સહકારી પ્રવૃત્તિથી ગ્રામ-પુનરરચના મંડળ બની શકે છે અને ગ્રામપુનરરચના મંડળનું પૂરક નગર રચનામંડળ પણ બની શકે છે. તેમજ આ રીતે ભારત દ્વારા જગ કલ્યાણ પણ સાધી શકાશે. અહિંસા, સત્ય, નીતિ અને ધર્મ–એ વ્યક્તિગત જીવન ઉપરાંત સમાજગત જીવનમાં પણ આચરી–આચરાવી શકાય છે. એ જોયા પછી નિશ્ચલથી સંસ્થાઓ બનવા લાગી ગઈ. કારણ કે ગાંધીજીની

અહિંસક સમાજ રચનામાં વિશ્વલક્ષી સંસ્થા તો એક માત્ર કોંગ્રેસ હતી. અને એ તો ભલે ગમે તેટલી શુદ્ધ હોય તોયે રાજકીય ક્ષેત્રની જ સંસ્થા રહી શકે તેમ હતું, માટે તો ગાંધીજી એમાંથી નીકળી ચૂક્યા હતા. પછી તો એમણે રચનાત્મક કામોની સંસ્થાઓ ખોલી હતી. પણ એનું નહોતું સંકલન કે વિશ્વવિશાળ લક્ષ્ય. બીજી બાજુ ગાંધીજીના પોતાના જ આશીર્વાદે એક વિશ્વવિશાળ લક્ષ્યવાળી જનસંસ્થાનો પાયો નખાયો, પણ તે હતા કારખાનાઓના મજૂરો. જે સંસ્થાનું નામ હતું: 'મજૂર મહાજન.' જેમાંથી દેશવ્યાપી સ્વરૂપ થયું તે ઈન્ટુક. એનું ગુજરાતી નામ અખિલ ભારતીય રાષ્ટ્રીય મજૂર કોંગ્રેસ. જેમ જેમ આ બધાનો ગુજરાતમાં ઊંડો અને વ્યાપક પરિચય ભાલનળકાંઠા પ્રયોગ દ્વારા મને થતો ગયો તેમ તેમ 'સવ્વે જીવ કરૂં શાસન રસી, એસી ભાવદયા મન ઉલસી' એ જૈન ધર્મની તીર્થંકરી ભાવના આ રીતે જ વ્યવહારુ બની શકે એની પૂરી પ્રતીતિ થઈ અને દિને દિને તે નક્કર બનતી ગઈ. સદ્ભાગ્યે મુંબઈ ચોમાસા માટે ટોળીમાં અમદાવાદ જતાં પહેલાં અમારા સદ્ગત ગુરુદેવ પૂ. કવિ પં. નાનચંદ્રજી મહારાજ આ પ્રદેશમાં પોતાનાં પાવન પગલાં પાડી ડુંગરશી મુનિ અને નેમિમુનિની હાજરીમાં શિયાળ કેન્દ્રમાં પધારી તેઓ પ્રત્યક્ષ આશીર્વાદ પણ આપી ગયા. ત્યારે મીરાંબહેન પણ ગુરુદેવની [illegible] અમદાવાદના પ્રવાસમાં રહેલા.

ભાલનળકાંઠા પ્રાયોગિક સંઘનું માધ્યમ

નળકાંઠાના તળપદા પટેલિયાઓનું 'લોકપાલ પટેલ' નામકરણ થયું સંવત ૧૯૯૫ની પોષી પૂર્ણિમાએ. એ બીજનો [illegible] છોડ થયો. [illegible] ખેડૂતોથી. એટલે આ રીતે [illegible] નામ પછી થયું ભાલનળકાંઠા પ્રયોગ અને ગાંધી [illegible] અનુસંધાન [illegible] એમને ભાલનળકાંઠા

પ્રાયોગિક સંઘરૂપી સંસ્થા એ માટેનું પૂરેપૂરું માધ્યમ બની. જેમાં ગાંધી વિચારના ગુજરાતના ટોચના સેવકો પણ આવ્યા અને નીચેથી ઉપર ભાલનળકાંઠાના ખેડૂતો–ગોપાલકો વગેરે પણ આવ્યાં. મૂડીવાદ, કોમવાદ, સંપ્રદાયવાદ, અશુદ્ધસાધનવાદ, વટાળવૃત્તિ વગેરેથી અળગું આ સંસ્થાકીય બળને રાખવાનું હતું. રાજકારણ લેવું તો હતું પણ બાપુના સ્પર્શથી ઘડાયેલું લેવું હતું અને પ્રલોભનોથી ગામડાંને અલિપ્ત રાખવાં હતાં. એટલે એક બાજુ સત્ય, અહિંસા, નીતિ અને ધર્મની ચોકી પણ રહે. બીજી બાજુ આ સંઘને ક્રાન્તિપ્રિય સંતનું જાગતું માર્ગદર્શન પણ મળે અને ત્રીજી બાજુ કોંગ્રેસ જેવી વિશ્વલક્ષી રાજકારણમાં દુનિયાભરમાં ટોચ ગણાય તેવી રાજ્ય સંસ્થા દ્વારા લોકલક્ષી લોકશાહી આવે એ માટે એનું અનુસંધાન એવું રાખવું કે જેથી પ્રસંગ પડયે અહિંસક સંઘર્ષ પણ થઈ શકે! તો જ દુનિયામાં જેમ રાજ્યસંસ્થા મુખ્ય બની ગઈ છે અને લોકો, સેવકો અને સંતો પછીને નંબરે આવી ગયા છે તે આખો ક્રમ બદલાય જાય! દા. ત. શુદ્ધ રાજ્યસંસ્થાનો (પણ) નંબર છેલ્લો જ હોય. પહેલો નંબર (૧) ક્રાન્તિપ્રિય સંત (૨) સર્વાંગીણ રચનાત્મક કાર્યકરોની સંસ્થા (૩) જન સંસ્થા અને તેમાંય ગ્રામ કેન્દ્રિત ખેડૂતમંડળ મુખ્ય હોય અને છેલ્લે (૪) શુદ્ધ રાજ્ય સંસ્થા કોંગ્રેસ હોય!

પૂરક તરીકે વિશ્વવાત્સલ્ય પ્રાયોગિક સંઘ

આ કારણે જ પૂરક તરીકે મુંબઈ (ઘાટકોપર) થી લગભગ સોળ વર્ષ પહેલાં વિશ્વવાત્સલ્ય પ્રાયોગિક સંઘ શરૂ થયો. મોટાં નગરોના માતૃસમાજો, સર્વધર્મ ઉપાસના સમિતિઓ, પશુબલિ નિષેધક સમિતિઓ; તથા મારી કલ્પના મુજબ તો ભવિષ્યે ઈન્ટુક અને પ્રામાણિક વ્યાપારી મંડળો, નૈતિક ગુમાસ્તા મંડળો, શિક્ષક મંડળો, વિદ્યાર્થીમંડળોનાં સંસ્કાર શિક્ષણ મંડળો

વગેરેનું સંચાલન આ પૂરક સંઘ (એટલે કે વિ. વા. પ્રા. સંઘ) કરશે (એવી કલ્પના છે.) આ જ દૃષ્ટિએ આંતરરાષ્ટ્રિય કેન્દ્ર પણ ચારેક વર્ષથી એ સંઘની નીચે જ ચાલે છે. પરંતુ આ બધાં વચ્ચે પેલી 'ભારતીય ગામડું વિશ્વ કેન્દ્ર બને' તે મૂળ વાત ન ભુલાય માટે વિશ્વવાત્સલ્ય પ્રાયોગિક સંઘ ઉપર પણ ભાલનલકાંઠા પ્રાયોગિક સંઘનું જ વર્ચસ (નારી-ખેડૂત ગૌરવ સાથે) રહે તે જરૂરી માન્યું છે. કારણ કે આફતો અને લાલચો વચ્ચે સૌને ઠેકાણે રાખવામાં, તેણે જ (ભા. ન. પ્રા. સંઘે જ) સંસ્થાકીય રીતે ક્રાન્તિપ્રિય સંત તરીકેનું વાહન બની રહેવાની મારી અપેક્ષા એકંદરે પૂરી પાડી છે. મારા બે ક્રાન્તિપ્રિય મુનિ સાથીઓ જે અનુક્રમે યુ. પી. અને હરિયાણા પ્રાંતોમાં આ કામને આગળ ધપાવી રહ્યા છે, તે પણ આ જ અન્વયે થઇ રહ્યું છે.

ક્રાન્તિપ્રિય સંત સાથીઓ

જેમ નેમિમુનિએ જનકમુનિને તૈયાર કર્યા અને તે બન્ને દ્વારા બીજા સંત સતીઓ તૈયાર થવાની ધારણા રહે છે તેમ જનકમુનિના ઇંદોરના ચોમાસામાંથી લગભગ અઢી વર્ષથી સંત વિનોબાએ રચનાત્મક સેવકમાંથી રેલવિહારી સંન્યાસી જેવા બનાવેલા માનવમુનિ મળી ગયા છે. જેમના અવિરત અને અથાક પ્રયત્નોથી સંત-સેવકોનો સુંદર અનુબંધ તૈયાર થઇ રહ્યો છે. જેને લીધે આ બે સાથી મુનિઓને તો હાથ પગરૂપ સેવકો મળી જ ગયા છે, પરંતુ બીજા મુનિસાથીઓને પણ હાથપગરૂપ સેવક સેવિકાઓ સાંપડી રહેશે. જિલ્લે જિલ્લે પાદ વિહારી અને ભિક્ષાચરી પર જીવન વહનારા ઓછામાં ઓછા એક સાધુ મળી રહે અને એ સાધુની પૂર્તિમાં ત્રણેક સાધ્વીઓ અને એક બે સંન્યાસીઓ પણ ગોઠવાઈ જાય, જેથી ઓમદ પ્રેરિત દયા ધર્મી ગાંધીજીની પરિભાષામાં અહિંસક

સમાજ રચના અને બાલનળકાંઠા પ્રયોગની પરિભાષામાં ધર્મમય સમાજરચનાનું આખુંયે ગ્રામ વ્યવહારમાં ભારતમાં વધુ સ્પષ્ટ રીતે મૂર્તિમંત બની રહે! કારણ કે આ દેશમાં ધર્મોનું એવું ખેડાણ પામેલો માનવ સમાજ હાજરા હજૂર છે. જેને જોઈને દેશો દેશમાં ભવિષ્યે થનારી વિશ્વવાત્સલ્ય પ્રાયોગિક સંઘની શાખાઓ તે તે દેશને અનુરૂપ બાલનળકાંઠા પ્રયોગ અન્વયે આગળ ધપી શકે.

ફુલજીભાઈરૂપી રત્ન

આટલા લાંબા પહોળા લખાણ પછી કહું કે 'મને ફુલજીભાઈ જેવા ખેડૂત નિસર્ગ મૈયાએ મેળવી આપ્યા' તે પરથી લાગ્યું કે જો યોગ્ય સમયે અને યોગ્ય ધાર્મિક સંતોની જીવતી જાગતી દોરવણી મળે તો ગ્રામલક્ષી ખેડૂત માત્ર પોતાના જ આખા ગામનું નહીં પણ પ્રાણીમાત્રથી જે સંભર છે, એવા સમસ્ત જગતનું ચિંતન કરી શકે છે અને એ ચિંતનને આચરી આચરાવી શકે છે એટલું જ નહીં જે ગુજરાતના પાટનગર અમદાવાદ જેવા સ્થળે પહોંચી ખેડૂત ટુકડીના પ્રમુખ તરીકે, તોફાને ચડેલા મહાનગરવાસીઓને સંબોધી શકે છે, તો વખત આવ્યે તેવો ખેડૂત આખાયે દેશને ગામલક્ષી દૃષ્ટિવાળો અવશ્ય બનાવી શકે તેમ છે. એ રીતે એમને હું-ગ્રામજીવનના રત્નાકરમાંનું એક મરજીવાપણાથી જ મળેલું-રત્ન ગણું છું. તેમનું આ પુસ્તક તેના વાચકને મારા જેવી ખાતરી કરાવશે તો મારી સાથે મીરાંબહેનની જેમ લગભગ ત્રીસ વર્ષથી રહેતા મણિભાઈએ એમને આ પુસ્તક લખવાની આપેલી પ્રેરણા અને ફુલજીભાઈએ એને માટે લીધેલી જહેમત ખરેખર સાર્થક બનશે એમ મને લાગે છે. પુસ્તક પરથી દુલેરાય માટલિયાએ પોતાની સ્વાભાવિક વિશિષ્ટતા સાથે આ પ્રયોગની ઊંડાણભરી લાંબી છણાવટ કરેલી એટલું જ

નહીં હવે એમાં શું ઉમેરવું જરૂરી છે ? તેની પણ મારી ગ્રામ કોંગ્રેસ વગેરે વાળી વાતને સામે રાખી તથા અનેક તૈયાર થયેલા અને થનારાં ભાઈ–બહેનોએ પોતાની દૃષ્ટિએ છણાવટ કરેલી તે હું જોઈ ગયો છું. મને તે ગમી પણ છે, પરંતુ એ પણ એક નાનું પુસ્તક બની જાય એવી વિસ્તૃત હોવાથી આ પુસ્તકમાં તો એનો સાર જ લેવાયો છે; તે ઠીક થયું છે.

મારી ઈચ્છા હતી તે મુજબ આ પુસ્તકમાં ફૂલજીભાઈના ચિંતકસાથી અને ભાલનળકાંઠાના પાયાના કાર્યકર્તા શ્રી અંબુભાઈ ઉપરાંત નામાંકિત લેખકો અને સાહિત્યકારોએ જે પોતાના વિચારો દર્શાવ્યા છે તે પણ ધ્યાનપૂર્વક વાંચી જવાથી ફૂલજીભાઈના આ લખાણ પાછળ જે આંતરસ્ફુરિત સહજ સાહિત્યકારિત્વ ઠેરઠેર સરી પડયું છે, તે ભારવિ કવિનાં આ વેણને સાર્થક કરી બનાવે છે: "वाचमर्थोऽनु धावति" અર્થાત્ અર્થને વાણીની પાછળ ખેંચાઈને આવવું પડે છે. અર્થની પાછળ વાણીને ખેંચાવું નથી પડતું ! આવા અનુભવ સુઝ અને સરળ સહજ લખાણ માટે ફૂલજીભાઈને મારા અંતરના ધન્યવાદ છે.

સંતબાલ

અંતરનો પ્રસાદ

સંતપુરુષના મુખેથી કેટલીક વખત સ્વાતીના વરસાદ જેવી વાણી ઝરતી હોય છે. અભિમુખ શ્રદ્ધાળુ જો ઝીલી લે તો તેમાંથી મોતી જેવો નિર્મળ વ્યવહાર જન્મે છે. સંત અને સુપાત્રોના યોગથી જ્ઞાનયોગનો આચાર પ્રગટે છે. સંતની વાણી ભીના હૃદય પર વરસે અને ભક્તાના હૃદયમાં સત્કાર્યનાં શુભકરણીનાં બીજ પડ્યાં હોય તે ઊગી નીકળે.

ફલજીભાઈની અનુભવી કલમે ભાલનળકાંઠા પ્રયોગમાં ખેડૂતમંડળનો આરંભ, ઉદ્ગમ, વિકાસ અને મનોમંથનોને આબાદ રીતે રજૂ કર્યા છે. ખેડૂતમંડળના અનુસંધાનમાં જ એમણે આજ સુધીનું પ્રવૃત્તિનું અનુભવો સાથે અવલોકન કર્યું છે. સંગઠનની પાયાની નીતિ સમજાવી છે. સાથેસાથે સંતબાલજી મહારાજના પ્રયોગમાં ગ્રામસંગઠન પાયાનું અંગ છે. એથી અર્થકારણની શુદ્ધિ સાથે બધી વિગત સમજીએ તો ફલજીભાઈનું આખું પુસ્તક સમજવાની ચાવી હાથ લાગે.

આમ સંગઠન દ્વારા ન્યાય, શુદ્ધિ, શુદ્ધનીતિ, ધર્મ, પુણ્ય, સહકાર, સ્વાવલંબન, સચ્ચાઈ, સરળતા, નિર્ભયતા, કાર્યદક્ષતા અને સામાજિક જવાબદારી સમજીને ઉપાડવાની ભાવના વિકસે તેવાં સદગુણોનો સામુદાયિક ઘડતર કરવાનો સંતબાલનો પ્રયોગ છે તે વસ્તુ ફલજીભાઈ એક પછી એક અનુભવો કહીને આ ગુણોના આવિર્ભાવ વિષે કેવા પ્રયત્નો થયા તેનો ઇતિહાસ રજૂ કરે છે.

માત્ર પાંચ છ ગુજરાતી ભણેલા પીઢ અનુભવીની અનુભવવાણી એની આગવી શૈલીમાં રજૂ થાય છે ત્યારે ગામડાંને

એ વાણીમાં એમના અંતરની વાતો વણાયેલી લાગે છે. એ અર્થમાં આ લોકવાણી રજૂ કરતો ચિંતનગ્રંથ છે. છતાં સરળ અને સુગમ છે. ખેડૂતમંડળમાં ફલજીભાઈએ પ્રમુખ તરીકે રહીને જવાબદારી ઉપાડી નાના મોટા અનેક કાર્યોમાં અને અંગત જીવનમાં સંતબાલજી અને સંઘ પાસેથી લીધેલી પ્રેરણાથી સાકાર બનાવવા મથામણ કરી છે.

એમની જ કલમે લખાયેલાં એમનાં પોતાનાં સંવેદનો, મનોમંથનો અને અરમાન-તૃપ્તિઓ અભિવ્યક્તિમાં એટલી તો જીવંત છે કે તેને પુસ્તક કહેવા કરતાં અંતરનો પ્રસાદ કહેવો વધારે ઉચિત લાગે છે.

સંતના સત્સંગના પ્રતાપે સેવા કરતાં કરતાં સત્યનો જે પ્રસાદ એમને પ્રાપ્ત થયો તેની આ પુસ્તક દ્વારા તેઓ લાણી કરી રહ્યા છે. આપણે પણ તેનો રસસ્વાદ માણીને રસ તરબોળ બનીએ.

એક એક પ્રકરણ વાંચતા જઈશું તેમ તેમ મૂળ સત્ય સાચવીને નવાં નવાં ઉપકરણો જોવા મળશે. તેમાં ચોરી, લૂંટ, પોલીસ અધિકારી સાથે ચર્ચા, વચનનું પાલન કરવાની તીવ્ર જિજ્ઞાસા, ભંગીના મકાનો, ખંભાતની બાળાઓ, છાપું વાંચવું, ડુંગળીના ફોતરા ઉપરથી મગજમાં કડીબદ્ધ વિગતો ગોઠવવી, વાઘરીને પકડવો અને દિલ્હીમાં બાળાઓનો તેમના માતા-પિતા સાથેનો મેળાપ આ બધા પ્રસંગો રોમાંચ ખડા કરે છે. માનવતાની ફરજ અને મૂલ્ય ઊભું કરી જનતામાં જાગૃતિ લાવે છે. નિર્ભયતાની સાથે સાથે ધીરજ, ધગશ અને કાર્ય કરી જવાની ભાવના કેટલી પ્રબળ છે તે આ અનુભવોમાંથી તરી આવે છે. સેવાના કામો કરતાં કરતાં સમાજના દૂષણો કેવા ખડા થાય છે, તેના પ્રત્યાઘાતો સહન કરવા, ટકવું, અંતે સત્યનો જય એ એક મેત્રિકાબહેનના પ્રસંગમાંથી જોવા મળે

છે. સગા બે ઓરમાન ભાઈઓનું મનદુઃખ સ્વાર્થના કારણે છેલ્લી પરાકાષ્ઠાએ પહોંચે છે ત્યારે સમાજમાં શાંતિ, સુલેહ અને સંપ માટે વેરને નાબૂદ કરી પ્રેમ વધે એ રીતનો વ્યવહાર ગોઠવવા કેવી ભૂમિકા સર્જી તે સામાજિક પ્રકરણ અને લવાદી મારફતે આવતાં શુભ પરિણામોની દિશા બતાવે છે એટલું જ નહિ, એનો અમલ આજે પણ શાંતિ અને સંપથી જ થયેલો છે.

સામસામા પરસ્પર હિતો વચ્ચે ઘર્ષણ થતું હોય ત્યારે પણ નીતિ અને વિવેક ધ્યાનમાં રાખી મંડળ ન્યાય આપે છે તે ગણોતિયો અને ગરાસદાર ભાઈના પ્રકરણમાં દેખાય છે. તેમાં મંડળ પોતાનું ધ્યેય ચૂકયા સિવાય ફેંસલો કોર્ટમાં લવાદી તરીકે રજૂ કરે છે. આ દરેક પ્રકરણમાં ફુલજીભાઈની ચીવટ, નિશાન સાચવીને વ્યવહારુ ઉકેલ કરવાની આપકળા તરી આવે છે.

આમ તો ફુલજીભાઈ સાથેનો મારો પરિચય જે રીતે હું તેમને સમજ્યો છું તેથી હું કહી શકું કે ફુલજીભાઈ ઘણાં સંવેદનશીલ છે. સંગઠન દ્વારા એમના શુભપ્રયત્નોને સારો પ્રત્યુત્તર મળે તો એનું અંતર ઉત્સાહથી ઉભરાઈ જાય છે. મંદ પ્રત્યુત્તર મળે તો વિચારમાં પડી જાય છે અને રેતીમાં ખેતી કરવી કે ખાર જમીનમાં બી વાવવાથી શું વળે ? તેવા વિચારનાં વમળમાં ડૂબી જાય છે. કેટલાક સુખી ખેડૂતો માત્ર પોતાનો વિચાર કરીને ખેડૂતમંડળની પ્રવૃત્તિનો વિરોધ દર્શાવે ત્યારે ફુલજીભાઈને વાત વાતમાં એમ કહેતાં સાંભળ્યા છે કે જે ખેડૂતમંડળ પોતાનો જ નહીં દરેકના શ્રેયનો વિચાર કરે છે ત્યારે આ ખેડૂતો પોતાથી નાના ખેડૂતોનો વિચાર કરતા નથી. આમ ફુલજીભાઈનું મન આળું બની [illegible] તાં ત્યારે ખેડૂતોના ઉપર અન્યાય આવે [illegible] જ

તેમનો આત્મા કકળી ઊઠતો અને ગમે તેવા સંજોગોમાં પણ તત્પર થઈ જતો તે કચ્છના અંજાર, અજેપાળની વાડી અને શયાકિના પ્રકરણમાંથી આપણને જોવા મળશે. કાર્યક્ષેત્ર બહાર હોવા છતાં અન્યાયનો પ્રતિકાર કરવામાં, જનતાને જાગૃત કરવામાં પાછી–પાની ન કરવી જોઈએ એમ તેઓ માને છે.

આમ અનેક દૃષ્ટિએ વિચાર કરતાં ફૂલજીભાઈનું આ પુસ્તક આપણને પ્રેરણા આપનારું અને સંઘની સાફ દૃષ્ટિની દોરવણી સાથે મંડળના કામને આગળ ધપાવવા એલાન કરનારું નિવડશે. સંતબાલજીના વિચારોને સ્પષ્ટ અને સુરેખ રીતે રજૂ કરી રચનાત્મક કાર્યની સમજદારીમાં ઉમેરો કરી કાર્યક્રમની દિશા સંતબાલજીની દૃષ્ટિએ બતાવશે એવા વિશ્વાસ સાથે હું ફૂલજીભાઈને ધન્યવાદભર્યા અભિનંદન આપ્યા વિના રહી શકતો નથી.

દુલેરાય માટલિયા

આલેખક



શ્રી ફૂલચંદભાઈ બાપુભાઈ શાહ

જંગલની વેરાન ધરતી માટે નીચેની લોકોક્તિ ચાલી આવે છે. અહીંનું જળ તદ્દન ખારું. જ્યાં પાણી જ ખારાં હોય ત્યાં જમીનની તો વાત જ શી કરવી? ઝાડીમાં ક્યાંક તમને વરખડાનું કે બીજ-કનું ઝાડવું રડ્યું ખડ્યું મળી આવે ખરું!

ભૂત ઝાડ પીલુડાં ને બાવળ ઝાડ ખારાં,
કાળા ઘઉંની રોટલી ને પાણી પીવાં ખારાં;
નિત્ય દિ ગેરા, ઘારા ભાઈ ઘારા!

આ આખો પ્રદેશ જમીનદારી પ્રથાની ભીંસ નીચે દબાયેલો. તાલુકદારોનો ભારે કડપ.

૪૦ વર્ષ પહેલાંનો બનાવ છે. એક તાલુકદારના કારભારી ઘોડા પર બેસીને ગામડાંમાં ઉઘરાણી પર નીકળ્યા છે. પાછળ એક ઘોડા પર અસવાર થઈ દરબારી પટાવતનો પણ ચાલ્યો આવે છે. એક ગામની સીમમાંથી પસાર થતાં તેમણે જોયું કે વરખડાના ઝાડ પર ચડી કોઈ તેની ડાળીઓ પાડી રહ્યું છે. ઘોડો તે તરફ હંકારી પાસે જઈને તેમણે પડકારો કર્યો: "એલા! કોણ છે એ? ખબર નથી આ દરબારી ઝાડ છે તે?"

આ સાંભળતાં ઝાડ નીચે ઊભેલો એક છોકરો ગામમાં દોડી

ગયો. તેથી ગામ આખામાં વાત ફેલાતી રહી કે વરખડાનાં ડાળાં કાપતાં કારભારીએ આપણા ગામના... ભાઈને પકડ્યા છે.

નજરકેદની વાત અને ગેરવાજબી પ્રજાના મનમાં બળેલા અગ્નિની જેમ આગ તેલ પૂરનારો પડ્યો જ હતો. આ ઠીક લાગ આવ્યો છે એમ માની ગામમાંથી ૬૦–૭૦ જણનું ટોળું હાથમાં લાકડીઓ, ધારિયાં, પરોણા જે હાથ આવ્યું તે લઈને દોડ્યું સીમ ભણી. ટોળામાં એક ૨૫ વર્ષનો યુવાન પણ હતો. તે પોતાના એક બે ભાઈબંધો સાથે સૌની આગળ પહોંચી ગયો.

પગીપગાએ ડાળાં કાપનાર ખેડૂતને એક બાજુ બેસાડ્યો છે, અને કારભારી ઘોડા પર બેઠા બેઠા રોફ મારતા કેસ કરવાની ધમકી આપે છે. યુવાને કારભારીનો મિજાજ ઓળખી લીધો. પણ એના કરતાયે તેણે ટોળાના મિજાજને વધારે ઓળખ્યો હતો. તેણે કારભારીને કાનમાં અને સાનમાં સમજાવી દીધું કે 'હમણાં આ લપ લાંબી કરવા જેવી નથી. તમે ડાહ્યા થઈને માર્ગ પકડો તો મહેરબાની.' પણ આ તો કારભારી! આ રીતે ભાગી જવામાં તેમની માનહાનિનો પ્રશ્ન હતો. પણ યુવાને ફરી તેમને સમજાવ્યા કે "અત્યારે વિલંબ કરવા જેવો નથી. ટોળું ગાંડું થઈને આવે છે. એનું ભલું પૂછવું. જીવતો નર ભદ્રા પામશે."

કારભારી સમજી ગયા. અણી ચૂક્યો સો વરસ જીવે અને તેમણે ઘોડો મારી મૂક્યો.

થોડી વારમાં ટોળું આવી પહોંચ્યું. કારભારીનો ઘોડો તો જાય પૂરપાટ! લોકો ઉશ્કેરાયેલા હતા. યુવાન જાણતો હતો. તેણે કહ્યું: મોડા પડ્યા. કારભારીનો ઘોડો ભડક્યો. એ જાય, જુઓ, એ જાય!

આમ યુવાને પોતાના ગામના ખેડૂતને તો છોડાવ્યો જ પણ સાથોસાથ કારભારીની પણ બાંધી મૂઠી રાખી.

આટલી નાની ઉંમરે આવી કુનેહ, સમયસૂચકતા અને હૈયાસૂઝ ધરાવનાર તે આપણા ફુલજીભાઈ.

[illegible]

(૨)

[illegible]

[illegible] —

[illegible] —

[illegible]

વરસાદની અનિયમિતતાથી સર્જાતાં વારંવાર દુકાળ. આને પરિણામે લોકોનાં દેવાં વધી પડયાં.

આ પ્રદેશમાં થોડા થોડા માઇલોને અંતરે હટાણા માટેનાં નાનાં નાનાં પીઠાનાં ગામ એવા કોઠગામની વાત છે. એક શેઠને ત્યાં વહેલી સવારે એક જુવાનિયો ખેડૂત આવીને ઊભો રહ્યો.

શેઠે પૂછયું : કેમ અલ્યા છોકરા! કેમ આવ્યો છે?

"મારી માએ મોકલ્યો છે. પાંચ રૂપિયા આપોને!" છોકરાએ વિવેકથી ઉત્તર વાળ્યો.

"શું કરવા છે?" શેઠે હિસાબ માગ્યો.

"કાલથી પરબલાં શરૂ થાય છે—રાંધણછઠ, શીતળા સાતમ, ગોકળ આઠમના પરબમાં તેલ લેવું છે અને થોડા મેળામાં વાપરવા છે." છોકરાએ હિસાબ આપ્યો.

"લે, ત્રણ રૂપિયા લઇ જા, રૂપિયાનું તેલ લાવજે, રૂપિયાનો ગોળ લાવજે અને રૂપિયો તમે ત્રણે ભાંડુડાં મેળામાં વાપરજો." એમ કહીને શેઠે ત્રણ રૂપિયા છોકરાના હાથમાં મૂકયા.

પાંચ ગાઉ દૂરથી પગે ચાલીને આવેલો છોકરો મોં મલકાવતો, રૂપિયા સાચવતો પોતાને પંથે પડયો.

૪૦-૫૦ વર્ષ પહેલાંની ધીરધારની આ પ્રથાના ઉપરના કિસ્સામાં છોકરાનું પાત્ર તે આપણા ફલજીભાઈ. શાહુકારોની લાચારીમાંથી ખેડૂત સમાજને છોડવવા, સ્વરાજ્ય મળતાંની સાથે જ ગામેગામ સહકારી મંડળીઓની રચના કરવામાં ખેડૂતમંડળના સ્તંભરૂપ બની લાખો રૂપિયાનું ધીરાણ અને લાખોના વેચાણનો વહીવટ સંભાળી આર્થિક શોષણ ઓછું કરવામાં ફલજીભાઈનો ફાળો નાનો સૂનો નથી.

[૩]

ફલજીભાઈનો જન્મ સંવત ૧૯૬૩ના આસો વદ ૮મે થયો હતો. કુટુંબમાં મા, બાપ અને તેમનાથી નાનાં એવાં એક બહેન અને ભાઈ. કુટુંબની ગામમાં આબરૂ સારી.

રાઘાભાઈને સૌ ભગત તરીકે ઓળખે. તેમને જમતાં પહેલાં પૂજા-જપ કરવાનો નિયમ. મોસમમાં ઘણી વખત, સાંતી લઈને ગયા હોય ત્યારે, રાત પણ ત્યાં જ ગાળવી પડે. એવા એક પ્રસંગે વહેલી સવારે ફુલજીભાઈ ભાત લઈને ગયા. ભાત છોડીને ખાવા બેસે ત્યાં પૂજાનો સામાન નહીં. પૂજા કર્યા સિવાય જમવા કેમ બેસાય?

શાંતિથી રાઘાભાઈ બોલ્યા :

" ફુલજી, પૂજાનો સામાન ઘેરથી લઈ આવને ! "

ફુલજીભાઈ પાછા ઘેર ગયા, પૂજાનો સામાન લઈ આવ્યા, તેમણે પૂજા કરી પછી જ ખાધું.

આવા શાંત, નિર્મળ અને ભક્તહૃદય પિતાના સંસ્કારો પુત્રમાં ઊતર્યા.

તેમના જીવન ઉપર એવી જ ઉમદા અસર પાડનાર બીજી વ્યક્તિ તે તેમનાં શાળા જીવનના શિક્ષક પોપટલાલ. તે વટામણ ગામના વતની હતા. ફુલજીભાઈની તેજસ્વી ગ્રહણશક્તિ અને કોઠાસૂઝથી તેઓ સદા તેમના પર પ્રસન્ન રહેતા. તેઓ ઘણી વખત રાઘાભાઈને સલાહ આપતા કે "દીકરો ભણે એવો છે, તો એને આગળ ભણાવજો."

પણ ગરીબ પિતા એને ક્યાં મોકલે?

છ ચોપડી સુધી પહોંચ્યા ત્યાં તો ઘરકામ અને ખેતીકામે તેમને સાદ પાડ્યો. અભ્યાસ છોડવો પડ્યો. નાની ઉંમરમાં જ બે ત્રણ દુકાળ જોયા. આવા દુકાળમાં મા-બાપ મજૂરીએ જાય એટલે તેઓ પણ સાથે જાય. સંવત ૧૯૬૮, ૭૨ અને ૭૫ એમ ઉપરા ઉપરી ત્રણ કાળ પછી ૧૯૭૬માં ઘઉંની ફસલ સારી આવી. ભાવ પણ સારા ઉપજ્યા. સવા રૂપિયો મણનો !

આમ દુષ્કાળમાંથી પાર ઊતરી તેમનું કુટુંબ કંઈક પગભર થવા મથતું હતું ત્યાં જ ઘરનો મોભ તૂટ્યો. પિતા રાઘાભાઈનું

સંવત ૧૯૭૭માં અવસાન થયું. અને માને માથે આભ તૂટયાનો બોજો આવી પડયો. ત્રણ છોકરાં ઉછેરવાં, દેવાં ભરવાં અને ઘર ચલાવવું આ બધું તેમને માટે ભારે બોજારૂપ થઈ પડયું. એમાંથી માર્ગ કાઢવા તેમણે ખેતી વિખેરી નાખી. જમીન સાંથે આપી. દેવાનાં કાંધાં કરાવ્યાં અને છૂટક મજૂરી કરી આ દોહ્યલાં દિવસો ગુજારવા માંડયા.

એક ભેંસ રૂપિયા ૭૫ની માસિક પાંચ રૂપિયાના હપ્તાથી વેચાતી લીધી. મા-દીકરો ભેંસની ખાંખત સારી રાખે. ઘી વેચી હપ્તા ભરે, અને થોડું ઘણું બચે તે ઘરમાં ટેકારૂપ થઈ પડે. બાકી છૂટક મજૂરી તો હતી જ.

[૪]

ફૂલજીભાઈને નાનપણથી કામની ચીવટ. પછી એ કામ ઘરનું અંગત હોય કે કોઈને ત્યાં દાડીએ ગયા હોય તેનું હોય. તેમની આ પ્રામાણિકતા અને ચીવટના પરિણામે તેમને રોજ મજૂરી મળી આવે. ઘેર સામે ચાલીને આગ્રહપૂર્વક દાડીએ આવવા રોકી જાય.

એ વખતે અમદાવાદ-ધોળકા રેલવે લાઈન આગળ લંબાવવાનું કામ નીકળ્યું. કોઠથી ભૂરખી સુધીની રેલના સલેપાટ પાથરવાની મજૂરીનું કામ ફૂલજીભાઈ અને તેમની વીસ જણની ટુકડીએ કરેલું.

આમ ૧૯૭૭થી ૧૯૮૧ સુધી છૂટક મજૂરી કરીને ચલાવ્યું. પછી લગ્ન કર્યાં અને ખેતી ઘેર વાવવી શરૂ કરી. દેવું તો હતું જ. તેમાં લગ્નનું દેવું ઉમેરાયું. અને ભાવોમાં મંદી આવી. આવી બેવડી ભીંસ વચ્ચે ૧૯૯૫ સુધીના દાડા ગાળ્યા.

એ દિવસોની મુશ્કેલીઓનું વર્ણન કરતાં ફૂલજીભાઈ ઘણી વખત કહે છે :

"હું સાંતી લઈને ખેતરે ગયો હોઉં, રાતવાસો ખેતરે જ હોય. મારાં મા ભાત લઈને ખેતરે આવે. હું પૂછું : "શીનું

કાંઈ કર્યું ? " "બીનો તો બેટા ! કંઇ મેળ પડયો નથી. તું જા, કાંઈ મેળ પડે તો."

હું સાંતી છોડી બળદ પડોસીને સોંપી ગામમાં બી ગોતવા નીકળું. દોઢા, બમણા કરીને 'બી' મેળવું. પાછો રાતે ખેતરે જઈને સાંતી હાંકું.

ઘણી વખત તો કોઠીનું તળિયું સાવ આવી ગયું હોય. પણ ખાનદાન કુટુંબ. મગાય તો કેમ જ ? ખેતરમાં બાજરી ડૂંડે આવી હોય. એમાંથી પાકાં પાકાં બાજરિયાને ધોકણાથી ઝૂડીને દાણા કાઢીએ. આમ તાલે તાલે જ મોલ ખાવાના દાડા આવેલા."

[૫]

આવી મુશ્કેલીઓ અને ગરીબી વચ્ચે પણ કોઈ જાતની અનીતિ કર્યા વિના, જાત મહેનતે રળી ખાઈ, બે પૈસા બચાવી દેવું ભરતા રહ્યા.

સંવત ૧૯૯૫ પછી અનાજ, કપાસના ભાવ કંઈક ઠીક આવ્યા. નાનો ભાઈ ખોડુભાઈ પણ હવે સ્વતંત્ર રીતે ખેતી સંભાળતો થયો હતો. બંને ભાઈઓમાં સંપ સારો હતો. પ્રામાણિકતા અને જાતમહેનત તો હતી જ. સાદાઈ અને કરકસરથી રહેતાં સ્થિતિ દિવસે દિવસે સુધરવા લાગી. જમીન પણ થોડી થોડી વધારતા ગયા. આજે બંને ભાઈઓ પાસે એક એક સાંતીની જમીન છે. ગાર માટીનાં ઘર હતાં તેમાંથી ઈંટેરી સગવડવાળાં, મેડીબંધ મકાન બન્યાં છે. આ તેમની પરસેવાની કમાણીથી ઊભી કરેલી સંપત્તિ છે.

નવા ઘરના ઇતિહાસને યોગાનુયોગ વર્ણવતાં તેઓ કહેતા હોય છે :

જવારજ સાણંદ ઠાકોરનું ગામ. ગામ વચ્ચે તેમનો ચોરો. ઠાકોર આવે ત્યારે ચોરામાં ઊતરે.

૧૯૩૭માં ધારાસભાની ચૂંટણી હતી. ધોળકા–ધંધુકાની

કે પ્રસંગે આવે જ; એવી જ રીતે તેઓ ભજનના પણ બહુ ભારે શોખીન. ભજન-મંડળીમાં બેસે તો આખી રાત રમઝટ બોલાવે.

તેમની સ્મરણશક્તિ પણ તેજ. એનું એક ઉદાહરણ અહીં નોંધું. ભજનમાં ચારપાંચ ભજનો એક સાથે ગાય. એટલે એક ભજનની એક કડી, બીજાની, ત્રીજાની, ચોથાની એમ એક પછી એક દરેક ભજનની ક્રમવાર કડીઓ બોલીને બધાં ભજનો પૂરાં કરે.

સ્વરાજ્ય મળ્યા પછી આ જ ચોરો બીજા એક બેફન સાથે મળીને તેમણે ખરીદી લીધો, ત્યાં નવાં ઘર ઊભાં કર્યાં. અને તેમાં મુનિશ્રી સંતબાલજીને સન ૧૯૬૨નો ચાતુર્માસ કરાવ્યો. ફલજીભાઈની ભાવના ફળી.

[૭]

તેમનું લોહી રજપૂતનું હતું. એટલે હિંમત અને સાહસ તો ગળથૂથીમાં જ મળ્યાં હતાં.

એક ગામમાં રાત્રે ધાડ પડી. તેમને માણસો તેડવા આવ્યા એટલે તરત તે ગયા. લાગતાવળગતાઓને બોલાવી પગેરું શોધ્યું. દિશા નક્કી થઈ. કોણ હશે તેની કલ્પના કરી પોલીસ, પસાયતા, પગી અને પોતે એમ છૂપમાં ઉપડયા. તેમની કલ્પના પ્રમાણેના ગામે અને ઘેર જઈને ઊભા રહ્યા. જાણે ખરા ચોરને ઘેર ઘેરો ઘાલ્યો. અને આ ચોર સામાન્ય નહોતો, પણ ગામનો મુખી હતો. આંગણામાં છૂપ આવીને ઊભી છે. ધાડપાડુઓ પડખેના ઘરના મેડા ઉપર સંતાઈને બેઠા છે.

આ લોકોને આવતાં જોઈ તેઓ સાવધ થયા. પોતપોતાની બંદૂકો સંભાળી લીધી, અને નિશાન તાકવાની અણી ઉપર છે, ઘોડો દાબે એટલી જ વાર છે.

પણ કહેવત છે ને કે રામ રાખે તેને કોણ ચાખે?

એકાએક પેલી તકાયેલી બંદૂક નીચી પડી. હાથ હેઠા પડ્યા.

વાત એમ હતી કે આ ધાડપાડુ ટોળીનો નાયક એક વખત બીજા કોઈ સગાની સાથે ફૂલજીભાઈને ઘેર ગયેલ. ત્યાં તેમના રોટલા ખાધેલ. તેણે ફૂલજીભાઈની પાઘડી જોઈ. બરાબર એ જ પાઘડી હતી. બંદૂક નીચી પડી. હાથ ઉપર હૈયાએ વિજય મેળવ્યો.

સામેના ઘરમાંથી મુદ્દામાલ પકડાયો. અને સૌ સલામત રીતે ગામ બહાર નીકળી ગયા.

એક ટંકના રોટલાએ બાપાના જીવ બચાવ્યા.

પેલા સગા મારફત ફરી આ ધાડપાડુને મળવાનું થયું ત્યારે જ આ રહસ્ય સ્ફોટ પેલા ધાડપાડુ પાસેથી જાણ્યો અને જાણ્યો ત્યારે તેમને પણ ભારે નવાઈ લાગી.

[૮]

ફૂલજીભાઈની પાંત્રીસેક વર્ષની ઉંમર હશે. ગામના એક ખેડૂત સાથે જૂની તકરાર ચાલે. તેની ધંધુકા કોર્ટમાં મુદત, તેથી તેઓ ધંધુકા ગયેલા.

બજારમાં એક હોટલમાં નાસ્તો કરવા બેઠા હતા. ત્યાં ભરબજાર વચ્ચે હોબાળો સંભળાણો. માણસોનું આખું ટોળું એકઠું થયું હતું. એક સ્રીને બે બાજુથી ખેંચવા પ્રયત્ન ચાલે.

કોઈ બોલ્યું: "એ તો જવારજની વહુની ખેંચાખેંચી ચાલે છે."

ફૂલજીભાઈ ચમક્યા. જવારજની વહુ! તેઓ ઊભા થઈને ટોળા પાસે પહોંચ્યા.

વાત એમ હતી કે જવારજની વહુ અને તેનું પિયર

રોજકા. સાસરામાંથી વહુને તેડવા કોઈક રોજકા ગયેલું. દીકરીને હાથે પહેરવા ચૂડલીઓ લાવો, પછી લઈ જાઓ એમ માએ આગ્રહ રાખ્યો. તેડવા આવનારે કહ્યું : ચાલો ધંધુકા, ત્યાં લઈ દઈશ. મા દીકરી ધંધુકા આવ્યાં. મણિયારાને ત્યાંથી રૂપિયા પાંચની ચૂડલી લીધી. મણિયારાએ રૂપિયા માગ્યા.

જવારજથી તેડવા આવનાર ભાઈએ કહ્યું : હમણાં રોકડા નથી: પછી મોકલી દઈશ.

મણિયારાએ બાકી રાખવાની ના પાડી, અને ચૂડલી તો દીકરીએ પહેરી લીધી હતી. તે પછી કાઢવાની થઈ, એમાં થઈ હુંસાતુંસી અને માણસો થઈ ગયાં ભેગા.

ફૂલજીભાઈએ આ જોયું. જે ખેડૂતની સાથે તકરાર હતી તે જ ખેડૂતનાં આ વહુ હતાં. તે ભાઈ પણ સાથે જ હતા. તકરારને કારણે મુદતે કોર્ટમાં આવેલા અને સામા જ બેઠેલા. પણ કંઈ બોલ્યા નહીં.

ફૂલજીભાઈને થયું : આમાં તો જવારજ ગામની આબરૂનો સવાલ છે. તેમણે તરત રૂપિયા પાંચ કાઢીને મણિયારાને ચૂકવી દીધા. અને વહુ તેડીને પેલા ભાઈ જવારજ આવ્યા.

આવી એમની ખાનદાની!

[૯]

તેમના જીવનમાં આવા તો અનેક પ્રસંગો વીરતાના, બહાદુરીના, ઉદારતાના, ખાનદાનીના, કરુણાના, મમતાના ભર્યા પડ્યા છે. તેમનું જીવન જાહેર સેવક કરતાં જાહેર ખેડૂતનું જીવન છે. એટલે ખેડૂતે જે જે અનુભવ્યું હોય અથવા તેને અનુભવવાનું આવે તે તો તેમણે અનુભવ્યું જ હતું. વધારામાં ખેડૂતોનાં કામો કરતાં કેવું અનુભવવાનું, સહન કરવાનું આવે છે તેનો પણ તેમને ખાસાં ત્રીસેક વરસનો સુદીર્ઘ અનુભવ છે.

આપણા ખેડૂતો વિશે કહેવાય છે કે તેમનામાં હિંમત હોય

છે, પણ હિકમત હોતી નથી. હાથ હોય છે પણ ભેજું કામ આપતું નથી અને જ્યાં ભેજું કામ આપે છે ત્યાં હાથ ચાલતા નથી. ફલજીભાઈમાં હિંમત અને હિકમત બંનેનો સુમેળ જોવા મળે છે. તેથી જ તેઓ ભાળંગપુરના શુદ્ધિપ્રયોગમાં અથવા તો અંજારના પ્રયોગમાં અણનમ ઊભા રહી શકે છે. શું ધાર્મિક સંસ્થાઓ કે શું સામાજિક, રાજકીય સંસ્થાઓ આ બધાનો મૂળ ઉદ્દેશ જનતાની કેવળ સુખાકારી કે સંપત્તિ જ વધારવાનો નહીં પણ શીલ સંપત્તિ વધારવાનો પણ છે. આ પાયાની વાત ફલજીભાઈને મુનિશ્રી સંતબાલજીની દોરવણી નીચે કામ કરતાં કરતાં પાકી સમજાઈ ગઈ છે. તેથી જ 'એક મધુર સંવાદ'માં ધર્મનું અર્થઘટન કરતાં—તેમના હૃદયમાં જે પાકી ઘૂંટાઈને પડી છે તે ધર્મબુદ્ધિ ચારે પાંદડે ખીલી ઊઠે છે.

પાંચ છ ચોપડી ભણેલા એક સામાન્ય ખેડૂતમાં આ ધર્મબુદ્ધિ ખરેખર જાગ્રત થઈ હશે? કંચનલાલની જેમ બીજાને પણ શંકા જાય તેવું છે. પણ જ્યારે તે આપણને 'જંગી ભાઈઓના ઘરમાં' પ્રવેશ કરાવે છે ત્યારે આપણને પાકી ખાતરી થાય છે કે ના, આ અંતરથી ઊગેલી ધર્મબુદ્ધિ છે,

કોઈની ઉછી ઉધાર લીધેલી નથી.

ફલજીભાઈ તો એક પ્રતિક છે. ભારતના ગામડે ગામડે તેમની જેમ ધર્મબુદ્ધિ પ્રધાન કિસાનનો આત્મા રાખ વળી ગયેલ અગ્નિની જેમ મુરઝાયેલો પડયો છે.

આ પુસ્તક રાખને ઉડાડી અગ્નિના પ્રકાશથી આજુબાજુના અંધારા ઉલેચવામાં પ્રેરણારૂપ બનશે એવી શ્રદ્ધા છે.

અંબુભાઈ શાહ

આવકાર

મારા સ્નેહી કુલજીભાઇ હાસીનું આ પુસ્તક વાંચીને હું ઘણો રાજી થયો. મને વાંચતાં વાંચતાં વિચાર થતો કે આ કુલજીભાઈ, જેમણે પાંચ-છ ચોપડીનો અભ્યાસ કર્યો છે. અને ખેતીની પગોજણમાં રાતદી ડૂબ્યા રહેવા છતાં અંતરસૂઝ અને ઊંડા ડહાપણથી તે પ્રશ્નોને જે સરળતાથી ઉકેલે છે, એવી જ સારી શૈલીમાં તેમણે આ પુસ્તકમાં પણ પ્રસંગો લખ્યા છે.

મારો અને તેમનો સંબંધ છેલ્લાં ચાલીસ વર્ષનો છે. અનેક સામાજિક પ્રશ્નો ઉકેલવામાં અને જ્ઞાતિના પ્રશ્નો ઉકેલવામાં અમે સાથે કામ કર્યું છે. તેમના મનમાં એક જ ધગશ કે જ્ઞાતિ આગળ કેવી રીતે વધે. સમાજમાં સુધારો કેવી રીતે દાખલ થાય. તેમને જોઇને મને થતું કે આપણા ભાલ પ્રદેશમાં, આપણી જ્ઞાતિમાં આવા ઉછરતાં જુવાનોને તક મળે તો સમાજમાં જરૂર જાગૃતિ આવે. તેમાં આ પ્રદેશના સદ્‌ભાગ્યે પૂજ્ય સંતબાલજી મહારાજ આ પ્રદેશમાં આવ્યા. તેમણે ગામડાંના સંગઠનની વાત કરી. કુલજીભાઈએ તે ઝીલી. તેમની સાથે જ્ઞાતિ સંગઠનનું કામ કરવાનું તો બનતું હતું. હવે આ કામ સંગઠન માટે પણ સાથે ફરવાની, કામ કરવાની, વિચારોની આપલે કરવાની, ગામડાંના અટપટા અને આંટીઘૂંટીવાળા પ્રશ્નો ઉકેલવાની અનેક તકો આવી. તેમાં તેમના અનુભવ ખીલતા ગયા. તેઓ લવાદીમાં તટસ્થ અને નિષ્પક્ષ રહી શકતા અને વિવેકમર્યાદાનું બરાબર પાલન કરતા. એમની હૈયાસૂઝ અને ન્યાયી ફેંસલાથી હું ઘણો જ પ્રભાવિત થયો.

અમારા રજપૂત સમાજ આગળ પણ વારંવાર તેઓ નવા યુગની વાતો મૂકતા. જમાનાને ઓળખવાની વાતો કરતા. તે માટે પરસ્પરની ઈર્ષ્યા, અભિમાન, સામાજિક વ્યવહારના ખોટા ખરચા અને વહેમોમાંથી સમાજે બહાર નીકળવું હોય તો આપણે દીકરા દીકરીઓને કેળવણી આપવી જોઈએ અને જૂના રીતરિવાજો તેમજ રૂઢિગત બંધનો છોડવાં જોઈએ. આની શરૂઆત કરવામાં થોડું સહન કરવાનું આવશે, પણ જ્યારે સાચી વાત સમજાશે ત્યારે સૌને ગમશે. આવી વાતો તે અમને સમજાવતા.

અહીં મારા જીવનનો એક નાનો દાખલો આપું: અમારા સમાજમાં કેટલાક પ્રસંગો જેવા કે દીકરા દીકરિયુંના લગ્ન પ્રસંગોમાં જ્યારે મહેમાન આવે ત્યારે કસુંબાનો રિવાજ. આવનાર મહેમાનોને ગામના પ્રતિષ્ઠિત માણસોને બોલાવી કસુંબો પાવો એમાં પ્રતિષ્ઠા ગણાતી. પછી તો પ્રસંગ ન હોય અને આડેદહાડે કોઈ સુવાણે આવે ત્યારે પણ કસુંબાની પ્રથા ચાલુ રહેતી. મને પોતાને પણ એ ટેવ પડેલી. અને ખૂબ હાસ્યવિનોદ સાથે અમે કસુંબાપાણી કરતા. આવે વખતે ફૂલજીભાઈ અમને મીઠી ટકોર કરતા: 'કેશુભાઈ! આપણા વડવાઓએ પ્રતિષ્ઠાની ખાતર ભલે કસુંબાનો રિવાજ ચાલુ રાખ્યો પણ હવે આ જમાનામાં આપણને એ ઉપયોગી નથી. આપણે વ્યસનમાં બંધાઈ જઈએ છીએ. અંતે આળસ અને ખર્ચામાં આપણે આર્થિક રીતે ઘસાઈ મરીએ છીએ. માટે આપણા સમાજમાંથી આવાં દૂષણોને નાબૂદ કરવા તમારા જેવાએ પહેલ કરવી જોઈએ. અને પાવા-પીવરાવવામાં રસ ન લેવો જોઈએ." આ વાત ઉપરથી મેં બિલકુલ પીવું-પીવરાવવું છોડી દીધું. એક નાના વ્યસનથી પણ સમાજને કેટલી હાનિ થાય છે અને કેવી બરબાદી થાય છે તેનો

અત્યારે મને યાદ આવે છે. અને તેમના વિચારોનું મહત્ત્વ સમજાય છે.

ગ્રામસંગઠનની પ્રવૃત્તિ આઠ નવ ગામોમાં શરૂ થઈ. ગામડાંના લોકોના કલ્યાણ માટે હવે શું શું કરવું! તે અંગે પૂજ્ય સંતબાલજી વિચારો મૂકતા જ ગયા. દુલેરાભાઈની શ્રદ્ધા અને નિષ્ઠા એ વિચારો પ્રત્યે અખંડ. દુલેરાભાઈ કેવળ વાતો કરીને બેસી રહે એવી પ્રકૃતિના નહોતા. એ તો દિવસે દિવસે એ પ્રવૃત્તિમાં ઝંપલાવતા જ ગયા. એ જ પ્રવૃત્તિને તેમણે એમની બનાવી અને તેમાં ઓતપ્રોત રહ્યા. એ પચીસ વર્ષની પ્રવૃત્તિનો આછો ચિતાર તેમની ડાયરીને આલેખન આમાં ઉતાર્યો છે.

આ પુસ્તકમાં સંઘરાયેલો મસાલો કેટલાયને જરૂર ઉપયોગી થશે. બીજાને પણ પ્રેરણા મળશે કે શ્રદ્ધા, ભાવના અને ચિંતનથી એક સામાન્ય માણસ પણ કામ કરે તો જીવનમાં તે જરૂર કાંઈક કરી શકે છે. આ પુસ્તક વાંચનાર સહુ તેમના વિચારોનું ચિંતન કરી સમાજને ઉપયોગી બનવાની કાંઈક પ્રેરણા મેળવશે એવી આશા રાખું છું.

ખડોળ — કેશુભાઈ ભગુભાઈ વાળા
તા. ધંધુકા

બે બોલ

જ્યારે જ્યારે આ પુસ્તક લખવા બેઠો છું ત્યારે ત્યારે મારા જીવન-ઘડતરમાં જેમનો મુખ્ય ફાળો છે, અને જેમના સાંનિધ્યમાં રહીને-જીવનનું ધર્મતત્ત્વ-સાંભળ્યું, વિચાર્યું અને અનુભવ્યું એવા મુનિશ્રી સંતબાલજીને વારંવાર આદરપૂર્વક વંદન કર્યા છે.

મુનિશ્રી સાથે મણિભાઈ રહે. છે મીયાંગામ કરજણના સંસ્કારી કુટુંબના પાટીદાર. ખેતી અને વેપાર કરતાં કરતાં સંતબાલજીનો રંગ લાગ્યો. એટલે સંસારનો કાચો રંગ ઊતરી ગયો અને આજીવન અવિવાહિત રહી આત્મ-કલ્યાણનો માર્ગ પકડયો. ૧૯૪૭થી-મુનિશ્રીનો ભાલનળકાંઠામાં જ્યારથી પરિચય થયો ત્યારથી-મણિભાઈનો પણ થયો.

મણિભાઈ એટલે સદાય હસતો અને પ્રસન્ન રહેતો ચહેરો.

મણિભાઈ એટલે શરીરે ખડતલ, (મુનિશ્રીનું ચાલતું ફરતું ફરતું દફતર-ખભે ઉપાડીને) અને છતાં હૈયે સાવ મીણ જેવા કોમળ.

મણિભાઈ એટલે સૌના મિત્ર. સંતબાલજીના પ્રવાસમાં નાના, મોટા, શહેરી, ગ્રામજનો, બહેનો, ભાઈઓ, અભણ અને સંસ્કારી બધી જાતના લોકો મળવા આવે. પણ તે બધાંને પ્રેમથી તે સાંભળે. એટલે બધાંના તે મિત્ર.

મણિભાઈ એટલે મહારાજશ્રીનો પડછાયો છતાં અમારા સૌની પ્રેરણા મૂર્તિ.

આવા મણિભાઈએ એક દિવસ મને કહ્યું : "ફૂલજીભાઈ! તમે ઘણાં કામ કર્યાં, ઘણાં અનુભવો મેળવ્યા. એ બધામાંથી કંઈક લખો અને જાહેરમાં મૂકો."

મેં કહ્યું : મણિભાઈ! એ લખવાનું મારું ગજું નહીં.

તમે કહેતા હો તો આટલી ઉંમરે સાંતી હાંકી આવું, અને બે ચાર સભાઓમાં ભાષણ કરી દઉં. પણ કલમ પકડી નથી.

મણિભાઈ કહે: એટલા માટે જ તમને આગ્રહ કરું છું. તમારા હાથમાં સાંતી શોભે તેમ કલમ પણ શોભશે. મહારાજશ્રીના પ્રયોગોમાં કેવળ કલમો ચલાવનારું કામ નથી. તેમાં તો પ્રત્યક્ષ કાર્યમાં પડ્યા હોય તે કલમ ઝાલે. અને ત્યારે જે બાર કલમ ઝીલશે તેમાંથી સરસ્વતી ઊતરી આવશે.

મણિભાઈના બોલને હું ઉથાપી શક્યો નહીં. અને મેં મારા અનુભવો લખવા માંડ્યા.

હું તો એક સામાન્ય ઘરનો ખેડૂતનો દીકરો. તેમાંથી મુનિશ્રી સંતબાલજીએ મને ખેડૂતમંડળનો પ્રમુખ બનાવ્યો. વર્ષો સુધી હું તે કામ કરતો રહ્યો છું. પણ મારે કબૂલ કરવું જોઈએ કે આ કામનો મુખ્ય બોજો તો અમારા મંત્રી અંબુભાઈ જ ઉપાડતા. તે મારા કરતાં નાના, જ્ઞાતિએ વાણિયા. અમે બંનેએ સાથે કામ કર્યું. તેમાં વિચાર, વાણી અને વર્તન બધામાં તે મારાથી ઘણા આગળ. છતાં અમે બંને ઓતપ્રોત થઈ ગયા. સાંતીએ જોડેલા બે બળદ સરખા ન હોય ત્યારે એકબીજાના પૂરક થઈને હળ ખેડે છે, તેમ કામ એમણે કર્યું અને યશનો ભાગીદાર મને બનાવ્યો. હું હાડોહાડ ખેડૂત એટલી જ મારે પહેલી વિશેષતા ગણાવી શકાય.

આ પુસ્તકમાં મેં મુનિશ્રી સંતબાલજીની પ્રવૃત્તિઓ અને સંસ્થાઓના અનુભવો પૂરતી મર્યાદા રાખી છે. આ વાંચીને વાંચકો કેવા અભિપ્રાયો બાંધશે તે તો હું શું કહી શકું? પણ હું ખેડૂત છું. જાણું છું કે વાવેલાં બધાં બીજ ઊગતાં નથી. છતાં બધાં વ્યર્થ પણ જતાં નથી એય જાણું છું. એટલે અત્યારે તો વાવીને વિદાય લઉં છું.

જવારજ — ફુલજીભાઈ રાહાભાઈ ડાભી

રચનાત્મક યુદ્ધ

અસ્પૃશ્યતાને કારણે રળમલપુરમાં તાજેતરમાં દલિત વર્ગ ઉપર જે હત્યાકાંડ સવર્ણો તરફથી ગુજર્યો, તેવા એક યા બીજા પ્રકારના બનાવ અવારનવાર બને છે ત્યારે અસ્પૃશ્યતાનું નિવારણ થવું જોઈએ તેવો સ્મશાન વૈરાગ્ય લોકોમાં જાગેલો જોવા મળે છે. પરંતુ તે દિશામાં કોઈ કામ થતું જોવા મળતું નથી. એ કાર્ય રચનાત્મક પ્રવૃત્તિ વિના શક્ય નથી અને તે સૌને લાંબો માર્ગ લાગે છે એટલે રાજસત્તા દ્વારા બધા પ્રશ્નો હલ કરવાનો ટૂંકો માર્ગ લેવાની વૃત્તિ રહે છે. પરંતુ એ માર્ગે લોક માનસનું પરિવર્તન થતું નથી અને ટૂંકો દેખાતો એ માર્ગ સાચા અર્થમાં ઘણો લાંબો પુરવાર થાય છે.

સંતબાલજીના પ્રતાપે

જ્યારે લાંબો દેખાતો રચનાત્મક માર્ગ કેવો ટૂંકો અને અસરકારક બની રહે છે તેનો જીવતો-જાગતો દાખલો જવારજ તા. ધોળકાના ૬૭ વર્ષના શ્રી ફૂલજીભાઈ રાહાભાઈ ડાભીનો છે. ગાંધીજીના રચનાત્મક માર્ગને સ્વીકારીને આઝાદીના આરંભમાં પૂ.મુનિશ્રી સંતબાલજીએ ધોળકા, ધંધુકા, વિરમગામ અને સાણંદના ચાર તાલુકાના ભાલ નળકાંઠા પ્રદેશ તરીકે ઓળખાતા વિભાગમાં એક પ્રયોગ આરંભ્યો છે. તેનું કાર્ય કરતી સંસ્થાનું નામ 'ભાલ નળકાંઠા પ્રાયોગિક સંઘ' આપ્યું છે. તેનું કામ ગ્રામ સંગઠન દ્વારા ગ્રામ ઉન્નતિ છે. સંગઠનનો પાયો સત્ય, અહિંસા અને નીતિનો ધર્મમૂલક રાખેલો છે. ધોળકા તાલુકાનું ગુંદી એનું કેન્દ્ર અને શ્રી નવલભાઈ શાહ અને શ્રી અંબુભાઈ શાહ જેવા નિષ્ઠાવાન એના મુખ્ય સેવકો-કાર્યકરો. એ સંસ્થાના પેટામંડળોનું એક મંડળ ખેડૂતમંડળ. એના પ્રમુખ ફૂલજીભાઈ અને મંત્રી અંબુભાઈ.

એ ફૂલજીભાઈએ ખેડૂતમંડળના કાર્ય અને વિકાસના

તેમના અનુભવોનું આ પુસ્તક તાજેતરમાં લખ્યું છે-'સંતબાલજી સાથેનાં પચ્ચીસ વર્ષ.' જેમણે શાળાકીય અભ્યાસ પ્રાથમિક ૬ ધોરણનો કરેલો છે અને લેખન-પ્રવૃત્ત કયારેય અગાઉ કરી નથી. પરંતુ તેમનું કાર્ય રચનાત્મક ક્ષેત્રે કામ કરવા માગનારને પ્રેરણાદાયી થઈ પડે તેમ માની સંતબાલજીના અંતેવાસી શ્રી મણિભાઈ પટેલે તેમને એમના અનુભવો લખવાનો આગ્રહ કર્યો. એક ખેડૂત વ્યક્તિ સંનિષ્ઠ કાર્ય દ્વારા કેવો વિકાસ સાધી શકે છે અને સમાજ-ઘડતરમાં તેનું કેવું મહત્ત્વ છે તેનું પ્રેરણાદાયી પુસ્તક એમની કલમ દ્વારા ગુજરાતને પ્રાપ્ત થયું છે.

ફૂલજીભાઈની અસ્પૃશ્યતા ગઈ

અસ્પૃશ્યતા અંગે પોતે કેવું રૂઢ વલણ ધરાવતા હતા અને કોના પ્રતાપે તે માનસ બદલાયું તે જણાવતાં એ લખે છે: "અમે ખેતર જઈએ. ઘઉં વાઢવા કે કાલાં વીણવા હરિજનો મજૂરીએ આવે. બીજું કોઈ પાણીનો છાંટો નાખનાર ન હોય. હવે છાંટા લીધા વિના તો ચાલે નહિ એટલે અમે પાણીની માણ કે માટલામાં એક કાંકરો નાખીએ અને છાંટા ઊડે એટલે મનથી માની લઈએ કે છાંટ લઈ લીધી. આવી આવી મનની જડતા અમારા મનમાં હતી. ગુંદી આશ્રમમાં જાઉં ત્યાં નવલભાઈ, અંબુભાઈ હરિજનોને અડે. એમના ઘરમાં આવે એટલું જ નહિ ભેગા ખાતા પણ ભાળું ત્યારે મને થાય કે આ લોકો કેવું ખોટું કરે છે ? હું એમને કહેતો પણ ખરો. પણ ધીમે ધીમે મને અસ્પૃશ્યતા નિવારણની વાત સમજાવા લાગી અને એ વહેમ નીકળી ગયો. અત્યારે મને લાગે છે કે આભડછેટ હરિજનના શરીરને અડવામાં નહોતી પણ મારા મનમાં હતી. મનમાંથી ગઈ એટલે ધર્મને પણ બાધ આવતો નથી. આવું દરેક પ્રશ્નની બાબતમાં સમજવું. જો વિચાર માટે મન ખુલ્લું

રાખીએ તો ઓછું ભણનાર હોય તોપણ ચાલે એવો મારો અનુભવ કહે છે."

આ રીતે ફૂલજીભાઈના મનમાંથી અસ્પૃશ્યતા ગઈ એટલું જ નહિ પણ એ વર્ગનું દુ:ખ તેમને સાલવા માંડયું. એમના ગામમાં ભંગીના આઠ-દસ ઘર. તેના વિષે એ લખે છે: "ભંગીવાસમાંથી વીસેક જણ મજૂરી કરે. તેમને મજૂરી સિવાય બીજો આધાર નહિ. બધો વખત તેમને મજૂરી મળે નહિ. એટલે ગામના ખેડૂતો કે શાહુકારો પાસેથી દોઢા બમણા કરીને દાણા લાવે. જેને ત્યાંથી ઉપાડ કર્યો હોય તેને ઘેર ઓછી મજૂરીના દરે કામે જવું પડે. આખી જિંદગી મજૂરી કરે તોપણ તેમની સ્થિતિમાં સુધારો કયાંથી થાય? તેમને રહેવાનાં ઘર, એ પણ માટીના કુબા કે સામાન્ય ઝૂંપડાં હતાં. બારણાંનાં ઠેકાણાં નહિ. દિવસ આખો અને કયારેક બહાર (ગામ) જાય તો દિવસો સુધી તેમનાં ઘર એમ જ પડી રહે. નાના છોકરાં માટે ઘરમાં રોટલા ઢાંકીને મજૂરીએ જાય, તેમાં કૂતરાં પેસી જાય તો છોકરાં રોટલા વિના ટળવળે, રાત પડે ઘેર આવીને નવા ઘડે ત્યારે રોટલા ભેગાં થાય.

"સામાન્ય ઢોર પણ સારા માંડવામાં રહેતા હોય છે, તો માણસ જેવા માણસને ઘર નહિ? ઘર કેમ કરીને તેમને બંધાવી દેવાં? સહકારી ઘર બાંધનારી મંડળી કરી દઉં તો થાય પણ તેના હપ્તા ભરવા તૈયાર ન થાય. એમને તો તદ્દન રાહતથી જ ઘર મળે તો તૈયાર થાય. મેં મન સાથે દૃઢ સંકલ્પ કર્યો કે આ લોકોને ઘર બંધાવી આપવાં અને મનમાં ગળ્યું ન ખાવાનું નક્કી કર્યું. મને જાગૃતિ રહે એટલા ખાતર જ આવો સંકલ્પ લીધો હતો. આની વાત મેં કોઈ ઠેકાણે બહાર પાડી નહિ. વળી મારી સ્થિતિ પ્રમાણે ઘરમાંથી પાંચસો રૂપિયા લઈને જવારજ સોસાયટીમાં ભંગીઓના ઘર નિમિત્તે અનામત જમા મૂકયા."

આમ દલિતોની કે બીજા કોઈની માગણી વિના સ્વયં તેમણે એમના દુઃખે દુઃખી થઈને તે સંકલ્પ કર્યો અને તે કેવી રીતે પાર પાડયો તે પુસ્તકમાં આવેલેખું છે. મકાનોના પ્રવેશ પ્રસંગે અસ્પૃશ્યતા નિવારણ કાર્યના મૂંગા સેવક થી પરીક્ષિતભાઈ મજમુદાર ગયા હતા. તેમણે એનાથી પ્રેરાઈને કહ્યું હતું, "ભંગીઓની સ્થિતિ આપણે સૌ જાણીએ છીએ પણ ગામના જ કોઈ ભાઈના હૈયામાં રામ જાગે અને તે પ્રતિજ્ઞા લે, પાર પાડે એવો ગુજરાતમાં આ પહેલો પ્રસંગ છે."

સરકાર સમર્થ કે લોક?

કેવળ છેલ્લા ગંજાતા પછાત દલિતભાઈઓની જ ફુલજીભાઈ ભીડ ભાંગે છે એવું નહિ, પણ સમર્થ મુંબઈ સરકાર પણ જે કામમાં નિઃસહાય બને છે, તેવા કાર્યને તે પાર પાડવા કમર કસે છે. એક વખત બનાસ નદીમાં પૂર આવવાથી સેંકડો એકર જમીન કાંપથી ફળદ્રુપ થઈ હતી. ખેડૂતોએ જમીન ખેડી વાવવા માટે તૈયાર કરી હતી. પૂ. રવિશંકર દાદા ઘઉંના બી માટે સરકારને મળ્યા અને સમયસર તે મળે તો વીસ લાખ મણ ઘઉં પાકવાની શકયતા જણાવી. પણ સરકાર બી આપી શકે તેમ ન હતી.

દાદા એ બી મેળવવા માટે સંતબાલજીનો મુકામ ધોળકા તાલુકાના કોઠ ગામે હતો ત્યાં ગયા. એમણે બનાસકાંઠાના ખેડૂતોની મુશ્કેલી જણાવી. સંતબાલજીએ ફુલજીભાઈ સામે જોયું. ખેડૂત તરીકે એ સમજતા હતા કે વાવણી અને તાવણીની તક ન સચવાય તો ખલાસ. વળી કંટ્રોલનો જમાનો હતો એટલે અનાજની હેરફેર થઈ શકતી ન હતી. એ બંધન સરકાર દૂર કરે પણ સરકારના બાંધ્યા ભાવે ઘઉં આપવા ખેડૂતોને તૈયાર કરવાનું કામ સહેલું ન હતું. [illegible]તું દાદા ખેડૂતો પાસે ટહેલ નાખે તો પોતે [illegible] તેમ ફુલજીભાઈ અને અંબુભાઈએ [illegible]

તરીકે હિંમત ભીડી. એક અઠવાડિયામાં ત્રાણું હજાર મણ ઘઉં સરકારના બાંધેલા ભાવે ભેગા કરી શકાયા અને બનાસ-કાંઠાના ખેડૂતોને સમયસર પહોંચાડી શકાયા. ખેડૂતમંડળનું સંગઠન હતું અને એ દ્વારા ખેડૂતોના કાર્યો થયેલાં હતાં એટલે સમર્થ સરકારે નન્નો ભણ્યો હતો તે કાર્ય લોકોની સેવાની મૂડીના પ્રતાપે મંડળ પાર પાડી શક્યું હતું.

વિવિધ સહાય

વ્યક્તિ કે સંસ્થા ધર્મબુદ્ધિથી સમાજનું કામ પોતાનું હોય એટલી નિષ્ઠાથી કરે છે ત્યારે જે વખતે જે કાર્ય આવી પડે તે પોતાના પ્રદેશનું હોય કે બીજા પ્રદેશનું તેનો ભેદ કર્યા વિના તેમાં પ્રવૃત્ત થાય છે. ખંભાતની ત્રણ બાળાઓને કોઈ છેતરીને ઉપાડી ગયાના સમાચાર છાપામાં છપાયેલા. બીજા વાચકોની માફક ફુલજીભાઈએ વાંચ્યા. એ બનાવ બન્યાને ત્રણ દિવસ થઈ ગયા હતા. પરંતુ એમને જાણવા મળ્યું કે, એવી ત્રણ છોકરીઓ એમની સીમમાં થઈને પસાર થઈ હતી. ગામની એક છોકરીએ તેમને ઝાડ નીચે મુકામ કરેલો ત્યાં જોઈ હતી. એનું પગેરું પોતાની હદમાંથી ગયું હોય તો એને શોધી કાઢવામાં સહાય કરવાની પોતાની ફરજ ગણાય માની ફુલજીભાઈ વિલંબ કર્યા વિના પ્રવૃત્ત થાય છે. ભલે નિષ્ફળ જઈએ પણ નિષ્ક્રિય કેમ રહી શકાય? સક્રિય બનવાને લીધે એ પગેરું શોધી કાઢવામાં કેવી સફળતા મળે છે અને દિલ્હી વેચી દેવા પહોંચાડી દેવાયેલી છોકરીઓને કેવી રીતે પાછી મેળવાય છે તે કથા રોમાંચક છે એટલું જ નહિ, પણ નાગરિકોમાં ફરજ ભાવના પ્રેમપૂર્વક જાગેલી હોય તો પ્રશ્નો કેવા જલદી અને સુખદ હલ થઈ શકે તે જોઈ શકાય છે. ખંભાતના લોકો એની કદર કરીને એમને માનપત્ર આપે તે પણ શુભચિકાસનું કાર્ય છે.

ખેડૂતોનો પ્રાણ પ્રશ્ન ગણોતિયાને ગણોતધારા પ્રમાણે પ્રાપ્ત થતી જમીનની માલિકીનો છે. સરકારે કાયદો કર્યો પણ તેનો લાભ જોઈએ તેટલો ખેડૂતોને મળ્યો નથી. જમીન માલિકોએ જમીન કબજે લેવામાં સામ, દામ, દંડ અને ભેદનો ઉપયોગ કર્યો છે. તેનો ભોગ ખેડૂતને બનવું ન પડે માટે તેને સહાય કરનાર અને પડખે રહેનાર કોઈ સંસ્થા ન હોવાથી વ્યક્તિગત તેને પહોંચી વળવું મુશ્કેલ રહ્યું છે. ભાલ નળકાંઠાના ખેડૂત મંડળે એવા પ્રસંગમાં શુદ્ધિ પ્રયોગ દ્વારા લડત આપીને સફળતા મેળવી છે તે સાળંગપુરના સ્વામીનારાયણ મંદિરની ૮૦૦ વીઘાં જમીન ને ગણોતધારાનો ખેડૂતોને લાભ અપાવ્યો તે કથા કહી જાય છે. કાયદો થવા છતાં સ્વામીનારાયણ મંદિર ખેડૂતો પાસેથી ઠરેલું ગણોત લેવાને બદલે જૂની પ્રથા પ્રમાણેનો ભાગ લેતું હતું. મંદિર સામે ન્યાય માટે લડવું એકલદોકલ ખેડૂત માટે સહેલું ન હતું. લોકો પણ મંદિર પ્રત્યેની અંધશ્રદ્ધાને લીધે ખેડૂતોનો ન્યાયી પક્ષ લેવા તૈયાર ન થાય. ખેડૂત મંડળ પાસે એ પ્રશ્ન આવતાં એમણે મંદિરના વહીવટદારોને સમજાવવા પ્રયત્ન કર્યો અને તેમાં સફળ ન થતાં એ ગામમાં ઉપવાસનો શુદ્ધિપ્રયોગ શરૂ કર્યો. છેવટ ખેડૂત મંડળના એ સંગઠિત અને સાત્ત્વિક બળ આગળ મંદિરને નમવું પડ્યું અને ખેડૂતનો હક્ક માન્ય રાખવો પડ્યો.

જરૂર છે : યોજકોની

ગુજરાત–સૌરાષ્ટ્રમાં સ્ત્રીઓના આપઘાત અને ખૂનને આપઘાતમાં ખપાવી દેવાની સ્થિતિ અજાણી નથી. પાડોસીઓ અને ગામ એ જાણતું હોય છે પણ નાહક કોણ દુશ્મન થાય તેમ માની ગુના તરફ આંખ મિચામણાં કરે છે. ક્યારેક કુટુંબીઓ કે ગામ એને પોતાની ખોટી પ્રતિષ્ઠાના પ્રશ્નો બનાવીને ગુનેગારોને છાવરે છે. એવી સ્થિતિમાં એક ગામમાં સાસરિયાંએ જુવાન વહુને મારી નાખી અને ગામે ગુનો

સવાયા સેવક

મુનિશ્રી સંતબાલજીએ ભાલ નળકાંઠાને ધર્મદૃષ્ટિએ સમાજ રચના કરવા માટેના પ્રદેશ તરીકેની પસંદગી આપી. એમાંથી જે કેટલાક સેવકો તૈયાર થયા એમાંના એક ફૂલજીભાઈ છે.

ફૂલજીભાઈ એમની જાતને સેવક નહિ ગણાવે પણ કહેશે કે હું તો એક ખેડૂત છું. પણ હું એમને 'સવાયા સેવક' તરીકે આવકારીશ. સેવા કરવા માટે બેસનારો સેવક એક પ્રકારનો હોય છે. અને પોતાનો ધંધો કરતાં કરતાં પોતાના ગામ કે પ્રદેશની સેવા કરનાર સેવક બીજા પ્રકારનો હોય છે.

જે સમાજ બિલકુલ તંદુરસ્ત હોય એ સમાજમાં ઓછામાં ઓછા સેવકોની જરૂર પડે. કારણ કે એ સમાજની દરેક વ્યક્તિ પોતાનું કર્તવ્ય બરાબર બજાવતી હોય પછી બહારનો સેવક શા માટે લાવવો પડે?

ફૂલજીભાઈ છે તો એક ખેડૂત. પણ એક જાગ્રત નાગરિક તરીકે પોતાની ફરજો બજાવતા બજાવતા એમનાથી અનેક પ્રકારની સેવાઓ થઈ ગઈ. આમ એમનું આવી પડેલું કર્તવ્ય એ બજાવ્યા વિના રહી ન શકયા; ત્યાં જ એમની સેવાની મીઠાશ છે.

માણસ ભલે બહુ ભણેલો ન હોય પણ જેની કર્તવ્ય-પરાયણતા જાગૃત થઈ જાય છે એ સમાજ-જીવનના કેવા કેવા પ્રશ્નો સમજી શકે છે અને ઉકેલી શકે છે એનો ભાઈ શ્રી ફૂલજીભાઈ જીવતો જાગતો નમૂનો છે.

એમની તળપદી બોલી દ્વારા અને ચોટડૂક દૃષ્ટાંત કથાઓ દ્વારા ભલભલા મહારથીઓને એમના મુદ્દાનું મહત્ત્વ ઠસાવી દેવાની એમનામાં અનુપમ કળા છે. કોઠા વિદ્યામાં પાવરધા હોવાથી એ સાનમાં સામાની વાત સમજી જાય છે અને સામા માણસને પોતાની વાત સમજાવી દે છે. સિદ્ધાંતમાં એ પાકા છે અને એમનામાં ક્ષત્રિયની વીરતા અને હિંમત છે. આથી સોનામાં સુગંધ ભળવા જેવું થયું છે.

એમણે એમના હાથે એમના અનુભવો લખી આપીને આપણી સૌની મોટી સેવા કરી છે એ બદલ અભિનંદનને પાત્ર છે.

બબલભાઈ મહેતા

પ્રકાશકીય

સંતબાલજીને ત્રીસેક વર્ષ પહેલાં કોઈકે પૂછયું હતું.

"મહારાજશ્રી! આપ ખેડૂતો વિષે ઘણી ઘણી વાતો કરો છો. પણ ખેડૂતની નજર ઝાંપા સુધીયે પહોંચતી નથી. આવા ખેડૂતને વિષે આપની શું કલ્પના છે?"

સંતબાલજીએ જવાબ આપ્યો હતો.

"આજના ખેડૂત વિષે તમે કહો છો તે વાત સાચી છે. પણ આવતી કાલનો ખેડૂત વિશ્વને નજર સામે રાખીને જીવતો હશે."

ફલજીભાઈમાં સંતબાલજીના આ "આવતી કાલના ખેડૂત"ની કંઈક ઝાંખી, તેમની સાથે કામ કરતાં કરતાં પરિચયમાં આવનાર અમારા જેવાને થતી હતી.

તેમના પ્રત્યક્ષ પરિચયમાં ન આવ્યા હોય એવા વાચક મિત્રોને પણ આ પુસ્તક વાંચતાં એવી ઝાંખી થશે.

પુસ્તક લખવા મણિભાઈએ તેમને પ્રેર્યા. લખવા તૈયાર તો થયા. પરંતુ પુસ્તકના રૂપમાં વ્યવસ્થિત અને ભાષાની રીતે બરાબર લખાશે કે કેમ? તે વિષે તેમના મનમાં ગડમથલ ચાલતી હતી.

અમે એમને ગાંધીજીના શબ્દોની યાદ આપીને કહેતા, કે કોસ હાંકતો કોસિયો ખેડૂત સમજી શકે તેવી ભાષામાં તો તમે લખી શકશો જ. તમ તમારે જેવું ફાવે તેવું એક વખત લખી જ નાખો. પછી જોયું જશે.

તેમના આત્મવિશ્વાસે તેમની કલમમાંથી એકધારું લખાતું ગયું. ભાઈ મનુપ્રસાદ પંડિત તે લખાણ જોતા ગયા. અમે નક્કી

કર્યા મુજબ જ્યાં બિન જરૂરી લંબાણ થતું કે બેવડાતું લાગ્યું અને જોડણીમાં ભૂલો જણાઈ તેટલાં પૂરતી કાપકૂપ કે સુધારો કર્યો છે. અને અપવાદરૂપ ક્યાંક ક્યાંક વાક્યરચનામાં જરૂરી ફેરફાર કર્યા છે. તે સિવાય આખું પુસ્તક ફૂલજીભાઈના મૂળ શબ્દોમાં જ છપાયું છે. ખાસ સમય કાઢી જહેમત ઉઠાવી આ કપરું કામ ભાઈ મનુપ્રસાદ પંડિતે કરી આપ્યું છે.

સાહિત્યની દૃષ્ટિએ પુસ્તક કેવું થશે ? તે સવાલ અમારા મનમાં ન હતો. સંતબાલજીની પ્રયોગદૃષ્ટિ અને કાર્યસૃષ્ટિને શબ્દદેહ આપી દેવાય તો ભવિષ્યમાં કોઈકનેય તેમાંથી જરૂરી અને ઉપયોગી મસાલો મળી રહેશે એની અમને પ્રતીતિ હતી.

પુસ્તક છપાયા પછી અવલોકન માટે કેટલાક સાહિત્યકારોને મોકલ્યું હતું. તેમાંથી કેટલાક અભિપ્રાયો મળ્યા તે છાપ્યા છે.

લબ્ધ પ્રતિષ્ઠિત મહાનુભાવોના આ અભિપ્રાયો પુસ્તકને મૂલ્યવાન અને પ્રતિષ્ઠિત બનાવે છે. સાથે અમારી પ્રતીતિને બળ પણ આપે છે તે અમારું સૌભાગ્ય છે.

સંસ્થા આ સહુના સહકાર બદલ આભારી છે.

અંબુભાઈ શાહ
મંત્રી
મહાવીર સાહિત્ય પ્રકાશન મંદિર

હઠીભાઈની વાડી
દિલ્હી દરવાજા બહાર
અમદાવાદ-૧.

ભાલનળકાંઠા પ્રદેશ

૧

આપણા ગુજરાતના ઘણા વિસ્તારો તે તે વિભાગની લોકમાતાઓથી ઓળખાય છે. સાબરકાંઠા, બનાસકાંઠા, મહીકાંઠા, રેવાકાંઠા વગેરે તેમ અમારો ભાલ–નળકાંઠા. અમારી ભૂમિ ઉપર કોઈ લોકમાતાનો વરદ-હાથ છવાયો નથી, પણ અમને નળ-સરોવર મળ્યું તો અમે તેને કાંઠે વસનાર નળકંઠાવાસી. અને અમારો પ્રદેશ નળકાંઠા. નળકાંઠાની સાથે ભાલ ભળેલો છે એટલે આખો પ્રદેશ ભાલ-નળકાંઠા પ્રદેશથી ઓળખાય છે.

આ પ્રદેશમાં સૌરાષ્ટ્ર અને ગુજરાત બંનેની ભાગોળો ભેગી થાય છે. તેમાં ચાર તાલુકાઓ–વિરમગામ, સાણંદ, ધોળકા અને ધંધુકા આવે છે. લીંબડી હાલ સૌરાષ્ટ્રમાં છે. તેનાં ગામડાં અને સાબરમતીથી પૂર્વનાં ખંભાત તાલુકાનાં ૩૬ ગામો પણ ભાલનાં જ ગણાય. આ આખો પ્રદેશ સૂકો પ્રદેશ ગણાય. તેમાં ભાગ્યે જ ક્યાંક મીઠાં પાણી નીકળે. કુદરતની કરામત તો જુઓ! અમારા પ્રદેશની પૂર્વમાં સાબરમતી નદી, પશ્ચિમે નળસરોવર અને દક્ષિણે સમુદ્ર તોય અમારો વિસ્તાર સાવ સૂકો.

આ પ્રદેશની મોટા ભાગની વસતીનો આધાર ખેતી છે. ખેતી પણ આકાશિયા ખેતી. મેઘો મહેર કરે તો જ મોલ પાકે, તેથી અમારે જેઠ મહિનાથી માંડીને દિવાળી સુધી સતત ચિંતામાં રહેવું પડે.

અમારા પ્રદેશમાં આમ તો બ્રાહ્મણ, વાણિયા, રજપૂત, ભરવાડ, કોળી પટેલ, હરિજન, લોહાણા વગેરેની વસતી પણ

આ બધામાં કોળી પટેલની વસતી વધારે પ્રમાણમાં. મુનિશ્રી સંતબાલજીએ આ પ્રદેશમાં આવ્યા પછી તેમને 'લોકપાલ' પટેલ એવું નામ આપ્યું છે, જે હવે ધીરે ધીરે પ્રચાર પામતું જાય છે

પણ આવા નપાણિયા મુલકમાં આવી સુધારો કોણ કરાવે? એટલે એવો પ્રદેશ પછાત તેની પ્રજા પછાત. આર્થિક અને સામાજિક બન્ને રીતે પછાત.

મારું ગામ જનારજ એ ધોળકા તાલુકામાં આવેલું છે. એટલે અમે ભાલ વિસ્તારના. ભાલવિસ્તારમાં મોટો પાક ઘઉંનો અને નળકાંઠામાં ડાંગરનો. મને યાદ છે તે રીતે ઘઉંનો ભાવ મણનો રૂપિયો સવા રૂપિયો રહેતો. અને ડાંગરનો પણ એ જ ભાવ. મોટે ભાગે ડાંગર ઘઉંના ભાવ સરખા જ રહેતા. તદ્ ઉપરાંત બાજરી, જુવાર, કપાસ અને ચણા વગેરેનો પાક પણ થતો. કપાસમાં મોટે ભાગે વાઘેનર વાગડનું થતું. તેનો ભાવ મણના બેથી ત્રણ રૂપિયા સુધી રહેતો, કપાસનો આધાર વરસાદ ઉપર રહેતો. એક મહિનાથી બે મહિના સુધી વરસાદ સતત ચાલુ રહે તો કપાસ નાશ પામતો. આમ અમારે માટે પાણી અમૃત અને પાણી ઝેર-એવી પરિસ્થિતિ રહેતી.

એક તો કુદરતની કઠિન પરિસ્થિતિમાં જીવવાનું તેમાં શોષણ ભળતું. આ પ્રદેશના મોટા ભાગનાં ગામડાંઓ-તાલુકદારો, ગીરાસદારો અને તેમના ભાયાતોનાં હતાં. જમીન અંગેના ખેડૂતોને ખાસ હકો હતા જ નહીં, અને જે કંઈ હતા તે ખેડૂતો સાબિત કરી શકે તેમ નહોતા. દા. ત., લેન્ડ રેવન્યુ કોડની કલમ ૮૩ પ્રમાણે ગણોતિયો કાયમી ગણાતો તેમ છતાં અહીં કોઈ પણ ગણોતિયો પરંપરાથી, પેઢી દર પેઢીથી ખેડાતી જમીનમાં પણ કાયમી થઈ શકતો નહીં, માટે કોઈ હક ગણાતો નહીં. એ રીતે તાલુકદારી, ગીરાસદારી

ગામોના ગણોતિયા અસ્થિર ગણાતા. આ પ્રદેશમાં સાણંદ, ગાંગડ, ઉતેળિયા, ગાંફ, શેરમીયાં, લતીફખાનજી વગેરેની મોટી જાગીરો હતી. તેઓનાં જ ગામો હતાં. તેમાંના કેટલાક મહેસૂલ (વિઘોટી) રોકડમાં લેતા, તેઓ બ્રિટિશ સરકારને કુલ આકારના અમુક ટકા ભરતા, અને ખેડૂતો પાસેથી સવાપટથી માંડીને બે પટ સુધી વિઘોટી લેતા. આ ઉપરાંત લોકલફંડ, ગામાત વગેરે વેરાઓ અને લાગાઓ પણ હતા. ગામાતનો હિસાબ તેમના વહીવટદારો રાખતા અને તેમાંથી સરકારી અમલદારો વગેરેનો ખર્ચ કાઢતા. આ હિસાબો ગામઆગેવાનો પણ જોઈ શકતા નહીં.

મોટી જાગીરોમાં પણ ભાગવટીની પ્રથા હતી. ભાયાતી ગામોમાં આ ભાગવટી મોટે ભાગે ભાગની જ પ્રથા હતી. પણ તે જુદી જુદી. કેટલેક ઠેકાણે અડધો અડધ ભાગ–ખર્ચ કાપીને; કેટલેક ઠેકાણે બે ભાગ માલિકના અને એક ભાગ ખેડૂતનો, કેટલેક ઠેકાણે ત્રણ ભાગ માલિકના અને બે ભાગ ખેડૂતના. આને પાંચ-દુ ભાગ કહેવાતો. આ ઉપરાંત માખળની પ્રથા પણ ચાલતી. ખેડૂતે પકવેલો માલ એક જ જગ્યાએ નાખે તેને માખળ કહેવાય. તે ઉપરાંત માલિક તરફથી ચોકી રાખવામાં આવતી. બધો માલ ચોખ્ખો થઈ જાય પછી ખળાં ભરાતાં. તેમાં મૂઠડી એટલે વેરો લઈને પછી તોલ થાય. અને દરબારોને ભાગ જે આવે તેનો ગંજ થઈ જાય. પછીથી ખેડૂતો પોતાનો ભાગ લઈ જઈ શકતા. ખળાં ભરાતાં ત્યારે પથારાની પ્રથા હતી અને તેમાં કેટલાક તાલુકદારો, ગીરાસદારો ઉદારતા દાખવીને પથારો આપતા. આના કારણે થોડી રાહત રહેતી. મોટા તાલુકદારો સિવાય, નાના ભાયાતી ગામોમાં દરબારો પોતાની વસ્તીને 'લોક' કહીને સંબોધતા. ગામમાં તેમની મરજી હોય ત્યાં સુધી જ રહી શકાતું. આમ સૌ લોક તેમના દબા-

ણમાં જ રહેતું. આવી પરિસ્થિતિના કારણે આ પ્રદેશ આર્થિક, સામાજિક અને રાજકીય બધી રીતે પછાત હતો.

ખેતીની ઊપજમાંથી ભાગ, લાગા, મહેસૂલ વગેરે ગયા પછી ખાસ વધારો રહેતો નહીં. એટલે મોટે ભાગે ખેડૂત દેવાદાર રહેતો. શાહુકારોનો વ્યાજનો દર ૧૦૦ રૂપિયાના એક વરસે બારથી તેર રૂપિયા હતા. તેમાં મુદત ગણવામાં આવતી નહીં. ખેડૂતો મોસમ ટાણે એટલે કે ફાગણ-ચૈત્રમાં ઉપાડ કરે અને દિવાળીએ પાછા આપે તોપણ વ્યાજનો દર પૂરો જ ગણાય. આમ શાહુકારોનું પણ શોષણ રહેતું.

દરબારનો નાનામાં નાનો માણસ વેઠનું કહેવા આવે તો ના પડાય જ નહીં. વેઠે જવું જ પડે. દરબારી અમલદારોને કોઈપણ રીતે ખુશ રાખવા પડતા. એ વખતે પણ લાંચ-રુશવત નહોતી એમ નહીં. આ સંબંધનો મારો એક અનુભવ યાદ આવે છે. અમારું ગામ સાણંદ સ્ટેટનું ગણાય. અને સાણંદ ઠાકોરનો વહીવટ પ્રમાણમાં સારો ગણાય. બેત્રણ ગામો વચ્ચે એક તલાટીની નિમણૂક થતી તે વિઘોટી ઉઘરાવે. ઘઉં વાઢનાં પહેલાં તે ગામ ઉપર આવી પહોંચે અને માલ જામીન આપ્યા પછી તે ઘઉં વાઢવાની રજા આપે. મારા બાપુ ગુજરી ગયા ત્યારે અમારે માથે રૂા. ૧૨૦૦નું દેવું હતું. મારી ઉંમર ૧૪ વર્ષની. અમે મજૂરી કરીને ગુજરાન ચલાવીએ. તેમાંથી અમારે શાહુકારના દેવાના વ્યાજ સહિતના હપ્તા ભરવાના રહેતા. જમીન ૫૦ એકર હતી. એટલે અમારે લોકલફંડ સહિત આશરે ૨૦૦ રૂપિયા જેટલી રકમ ભરવાની આવતી પણ એક વખત પૈસાનો મેળ પાડતાં મુશ્કેલી ઊભી થઈ વિઘોટીની રકમમાં રૂપિયા તેર ઘટ્યા. અમે ફાંફાં માર્યાં પ મેળ ન પડતાં છેવટે તલાટીને વિનંતી કરી કે આટલી રક બાકી રાખો. આવતે વર્ષે ભરી દઈશું. તેણે તે વાત સ્વીકા

પણ આટલી રકમના બદલામાં રૂપિયા સાતની લાંચ લીધી. અને અમારા ઉપર મોટો ઉપકાર કર્યો (!)

સરકારી વહીવટીતંત્રની બેદરકારી, વેઠ અને લાંચ-રુશવતથી તો ખેડૂતોનું શોષણ થતું જ હતું, પરંતુ તેના પોતાના સામાજિક રીતરિવાજો અને રૂઢિનાં અનિષ્ટો પણ ઓછાં નહોતાં. દીકરીઓના પૈસા લેવાના તે દીકરાના બાપે ફરજિયાત આપવા પડતા. એ ઉપરાંત રિવાજ મુજબ કપડાં, ઘરેણાં પણ કરવાં પડતાં. આવાં જ્ઞાતિનાં બંધનો વચ્ચે સામાજિક કામો કરતાં તેને વધારે દેવાના ખાડામાં ઊતરવું પડતું. માંડ દસ ટકા લોકો દેવા વિનાના હશે. મોટો ભાગ-નેવું ટકા તો દેવાદાર જ.

શાળાઓ બહુ ઓછી. અને તેમાં પણ માંડ બે-ચાર ચોપડીનું શિક્ષણ મળતું. પરંતુ પરિસ્થિતિવશ એટલું શિક્ષણ પણ લઈ શકાતું નહીં. નિશાળમાં જાય ન જાય અને ત્યાં તો ખેતીનું કામ આવી પડતું. આ બધી કડાકૂટોમાં એક-બે વસ્તુ તે વખતે સારી હતી. એક એ કે વસ્તીનું પ્રમાણ આજના કરતાં ઘણું ઓછું હતું. જમીનો પડતર હતી. વરસાદ અનિયમિત હોવાથી જમીનો ઓછી ખેડાતી. પડતર જમીનો વધારે રહેતી એટલે ઢોર રાખી શકાતાં. તેનું ખર્ચ બહુ પડતું નહીં. તેથી ગામના તમામ વર્ગના લોકો ભેંસો પાળી શકતા. તેનાથી દૂધ-ઘી મળી રહેતાં. ખોરાક સારો એટલે આરોગ્ય પણ સારું. શરીર ખડતલ અને શક્તિશાળી હતાં. માંદેસાજે દેશી વૈદોના ઉકાળા, હરડે, સૂંઠ, પીપરી મૂળ વગેરે કામમાં આવતાં. દવાખાનાં બહુ ઓછાં. શહેરોનો સંપર્ક તદ્દન નહીં જેવો. બાર મહિને એકાદ બે વખત હટાણા માટે ગાડાં લઈને ધોળકા, ધંધુકા, ધોલેરા વગેરે જતા. ત્યાં અનાજ વેચીને જોઈતો સરસામાન લાવતા. વ્યસનો બહુ ઓછાં. ચા બીડી, તમાકુ મોટી ઉંમરના ઘરડાઓ પીતા. જુવાનિયાઓમાં એ પાપ ઓછું હતું. તેઓ વડીલોનો માન-

થયો. પણ તે પહેલાં તેમના પ્રયત્નથી આ પ્રદેશમાં કોળી પટેલોમાં સામાજિક સુધારણાનું કામ, ઔષધાલય એટલે કે આરોગ્યનું કામ અને જળસહાયક સમિતિ મારફતે જ્યાં પાણીની બહુ તકલીફ હોય ત્યાં તળાવો સુધારવાં, પરબો બેસાડવી, કૂવાનાં થાળાં અને આરા બંધાવવા વગેરે કામો ચાલતાં. સમાજના બધાં અંગોને સ્પર્શતા કામો માટે-ભાલ-નળકાંઠા પ્રાયોગિક સંઘ-નામે સંઘની રચના કરી. આ વિચારને ઝીલીને તેને સાકાર કરવા કેટલાક કાર્યકરોએ મદદ કરી. તેમાં શરૂઆતના પ્રમુખ રવિશંકર દાદા હતા અને મંત્રી પરીક્ષિતલાલ મજમુદાર હતા. ત્યારબાદ પ્રાયોગિક સંઘની દોરવણી તળે સંસ્થાઓ ઊભી થઈ. તે સંસ્થાઓમાં કેટલાંક ભાઈ-બહેનો કાર્યકર્તાઓ તરીકે આગળ આવ્યા. તેમાં શ્રી કુરેશીભાઈ, અંબુભાઈ, નવલભાઈ, દેવીબહેન, છોટુભાઈ મહેતા, કાશીબહેન, નાનચંદભાઈ, જયંતીલાલ શાહ, સુરાભાઈ, હરિવલ્લભ મહેતા વગેરેએ સક્રિય સેવા બજાવી.

પ્રાયોગિક સંઘની દોરવણી નીચે જે સંસ્થાએ સ્થપાઈ તેમાં ભાલનળકાંઠા ખેડૂત મંડળ પણ એક સંસ્થા થઈ. મારે મોટે ભાગે તે સંસ્થામાં જ કામ કરવાનું આવ્યું.

સંતબાલજીના આ પ્રદેશમાં પ્રવેશ પછી અમારા પ્રદેશને જે લાભ થયો તેનો રૂપિયા પૈસાના લેખે હિસાબ કરીએ તો કરોડોનો આંક વટાવી જાય. પણ આ તો કેવળ ભૌતિક પ્રગતિ ગણાય. સંતને પગલે તો સદ્‌ચારિત્ર્ય, નીતિ, સામાજિક અનિષ્ટોનો અહિંસક રીતે પ્રતિકાર, નિર્ભયતા જેવા જે ઉમદા ગુણો અહીંની પ્રજામાં ખીલ્યા, તેનું મૂલ્ય તો આંકી શકાય તેમ નથી. સંતોને પારસમણિ કહ્યા છે તે ખરેખર કેટલું સાચું છે! તેમના પગલે પગલે આ નપાણિયા મુલકમાં પ્રેમની, સદાચારની અને માનવતાની સરવાણીઓ ફૂટવા માંડી.

ધર્મદૃષ્ટિએ સમાજરચનાનો પ્રયોગ

૩

ઈ.સ. ૧૯૪૭ના ઓગસ્ટ માસની ૧૫મી તારીખે ભારતને આઝાદી મળી. બ્રિટિશ સરકારે સત્તાનાં સૂત્રો સોંપી દીધાં. ગાંધીજી, જવાહરલાલ નહેરુ, સરદાર વલ્લભભાઈ વગેરે જેવા મોટા મોટા નેતાઓએ ભેગા મળી રાજ્યવ્યવસ્થા ગોઠવવાનો પ્રયત્ન કર્યો. હવે પછીનું રાજ્યતંત્ર લોકશાહી ઢબે ચાલે તે માટે કોંગ્રેસે દેશનાં મુખ્ય મુખ્ય પરિબળોના સહકારથી ગોઠવણ કરી. પણ ભારતના ભાગલા થતાં શરૂઆતથી જ મુશ્કેલીઓ ઊભી થવા લાગી. તેનો ઇતિહાસ તો જાહેર છે એટલે તેની વિગતોમાં ઊતરવાની જરૂર નથી. મારો હેતુ તો આ પ્રદેશમાં સંતબાલજીના આગમન પછી અમારા સમાજમાં કેવું પરિવર્તન થયું અને કેવા કાર્યક્રમોથી થયું, તેમાં અમને કેવા અનુભવો થયા તે જ લખવાનો છે. આવી પરિસ્થિતિમાં સામાજિક બળો કેવો સાથ આપે છે, ક્યાં વિઘ્નો નાખે છે, તેમાં કેવાં પરિબળો કઈ ભૂમિકાથી ભાગ લે છે તે પ્રસંગવાર આ પુસ્તકમાં આલેખ્યું છે.

પરદેશી સત્તાથી દેશ આઝાદ બન્યો. પણ આઝાદીની સાથોસાથ તેની આબાદી ખીલી ઊઠે તેવી વ્યવસ્થા ગોઠવવાની બાકી હતી. તે વખતે કોંગ્રેસ સંસ્થાની બોલબાલા હતી. તેને ગાંધીજી જેવા નેતાનું માર્ગદર્શન હતું અને તેમાં ઘણા દેશદાઝવાળા નેતાઓ હતા. તેમણે બંધારણ તૈયાર કર્યું અને એને આધારે લોકશાહી રાજ્ય વ્યવસ્થા સ્થપાય એવી ગોઠવણ થઈ.

લોકશાહી કે પ્રજાસત્તાકમાં કોઈ માલિક નહીં. પ્રાંતોને અંશતઃ સત્તા આપી. ધારાસભાઓ રચાઈ. મધ્યસ્થ સભા તરીકે લોકસભા રહી. તેની ગાદી દિલ્હીમાં રાખવામાં આવી. આ ધારાસભાઓ અને લોકસભામાં જનતાએ પોતાના પ્રતિનિધિઓ ચૂંટી મોકલવાના. તેમની મુદત પાંચ વર્ષની રાખવામાં આવી. આ ચૂંટાયેલો પ્રતિનિધિ રાજ્યવહીવટમાં ભાગ લે. આ પ્રતિનિધિની સંખ્યા વસ્તીના ધોરણે નક્કી કરવામાં આવી. આમ સરસ ગોઠવણ થઈ

પણ લોક એટલે કોણ? કસ્બા, શહેરો, નગરો, અને મહાનગરો કરતાં આ દેશની મોટા ભાગની વસ્તી-૭૦ ટકા જેટલી તો ગામડાંમાં પથરાયેલી હતી. મેં ઉપર લખ્યું તે સમજ તો મને ભાલનળકાંઠા પ્રવૃત્તિમાં પડ્યા પછી જ આવી એટલે ગામડાં આવી લોકશાહી રીતરસમથી અળગાં હતાં. અને લોકશાહીમાં તો લોકોનો અવાજ જ મુખ્ય રહે. પણ એ અવાજ શહેરોનો મુખ્ય રહે. એટલે લોકશાહી લોકોના હિતમાં જ ચાલશે એ વસ્તુ ધીમે ધીમે ગૌણ બનવા લાગી. કોંગ્રેસ પક્ષ જે રાષ્ટ્રીયપક્ષ હતો તે રાજકીયપક્ષ બની ગયો. તેનું લક્ષ્ય પણ ધીમે ધીમે સત્તા મેળવીને, તે સાચવી રાખવા તરફ જ વિશેષ રહ્યું.

આ પરિસ્થિતિમાં સંતબાલજીએ સમજાવવા માંડ્યું કે ગામડાંઓએ પોતાનો સબળ અને ન્યાયી અવાજ રજૂ કરવો હોય તો ગ્રામસંગઠનો ઊભાં કરવાં જોઈએ. જેમાં બધા જ વર્ગના લોકો આવે પણ તેની ધરી રૂપ ખેડૂત રહે; જે ગામે ગામ તે છે જ. વિવિધ કાર્યક્રમોથી લોકોનું ઘડતર કરો. બધા વ્યવસાયકારોનાં દેશમાં મોટાં મોટાં સંગઠનો છે, પણ એક ખેડૂતનું જ નથી. આપણો આખો દેશ વ્યવસાયે મુખ્ય ખેતીપ્રધાન છે. ગામડાંમાં રહેનાર તમામ લોકોની આજીવિકા

મુખ્યત્વે ખેતી સાથે જ સંકળાયેલી છે. આ વાત મુનિશ્રીએ ભારપૂર્વક સમજાવી. તેમણે સમજાવ્યું કે નવું ઉત્પાદન ખેતીમાંથી જ થાય છે. રૂપાંતર કરનારાં કારખાનાં પણ ખેતીના ઉત્પાદન ઉપર જ નભે છે. અને છતાં વધુમાં વધુ મુસીબત ભોગવતો હોય તો તે ખેડૂત જ છે. તેથી સંગઠિત થઈ, પોતાનાં સંગઠનો સ્થાપી દરેકના હિત માટે કામ કરવાનું માર્ગદર્શન આપ્યું.

જગતનો તાત ગણાતો ખેડૂત બ્રિટિશ હકૂમત વખતે હડધૂત થયો. રાજાશાહીમાં વેઠ-વેરા અને ગુલામી સહન કરી કચડાયો. આવા ખેડૂતને 'તાત'નું બિરુદ તો તેના અપમાન બરોબર હતું. કોરટ કચેરીમાં જવાનું થાય તો ત્યાં તેની બિલકુલ કિંમત જ નહીં. ભણેલા માણસો ભદ્ર ગણાતા અને ખેડૂતો અબુધ. આવેલી આઝાદીમાં ખેડૂતો જ દેશના મુખ્ય નાગરિકો હતા. આ વાત સમજી જઈ સંતબાલજીએ તેના સમગ્રજીવનના વિકાસની યોજનાઓ પ્રયોજવા માંડી. પણ અભણ અને અજ્ઞાનતામાં ડૂબેલા લોકોનું સંગઠન કરવું એ કપરું હતું. ગરીબાઈથી દબાઇ ગયેલા લોકોને આગળ લાવવા, તેમનામાં હિંમત કેળવવી, તેમના હિતની વાત તેમને ગળે ઉતારવામાં ભારે પરિશ્રમ કરવો પડતો. બ્રિટિશ સરકાર વખતનાં ગામડાંમાં જામી ગયેલાં પરિબળો આડખીલી રૂપ હતાં. તેમાં સ્થાપિત હિતો પોતાના પૈસાના જોરે અનેક લોકોને દબાવે, ભરમાવે, અને પોતાનો સ્વાર્થ, પ્રતિષ્ઠા, આગેવાની જાળવી રાખવા અનેક કાવા-દાવા કરે. બીજું પરિબળ ચોરી અને લૂંટફાટ કરીને વગર પૈસે પોતાનું ગુજરાન ચલાવનાર વર્ગનું હતું. એ વર્ગ પ્રમાણમાં નાનો છતાં લોકો તેના દબાણમાં રહેતા. સ્થાપિત હિતો પ્રસંગોપાત્ત, આવા લોકોને થાબડતા, તેમને ટેકો આપતા-લેતા. આવા દાંડ લોકોની સામે કોઈ સરકાર, દરબાર ફરિયાદ કરવા જાય તો આગેવ

હતું. તેના મુદ્દા પણ આમાં સમાવી લેવામાં આવ્યા. મંડળનું નામ ભાલ નળકાંઠા ખેડૂતમંડળ રાખવામાં આવ્યું.

આ મંડળના પાયામાં કેટલીક મહત્ત્વની બાબતો રાખવામાં આવી.

૧. બચત :- જે મંડળનો સભ્ય બને તેણે પોતાના ગાલના વેચાણ ઉપર મણે રૂપિયા લેખે બચત કરવી.

૨. લવાદી પદ્ધતિ :- મંડળના સભ્યોમાં કોઈ જાતનો ઝઘડો કે તકરાર ઊભી થાય તો કોરટ કચેરીએ ન જતાં લવાદી-પ્રથાથી નિકાલ કરવો.

૩. બિનરાજકીય :- મંડળનું સંગઠન બિન-રાજકીય રહેશે. છતાં લોકશાહીમાં રાજકીય સવાલો આવે ત્યારે આ મંડળ કોંગ્રેસને જ ટેકો આપશે. આમ કોંગ્રેસનું માતૃત્વ સ્વીકારાયું.

તેના કાર્યક્ષેત્ર તરીકે ભાલનળકાંઠા વિસ્તાર એટલે ધોળકા, ધંધુકા, વિરમગામ અને સાણંદ આ પ્રદેશ કાર્યક્ષેત્ર તરીકે સ્વીકારાયો.

મંડળ તો સ્થપાયું પણ તે વખતની પરિસ્થિતિ વિકટ હતી. કંટ્રોલનો જમાનો હતો. આખા દેશમાં રેશનિંગ ચાલતું હતું. ખેડૂતો ગમે ત્યાં ઘઉં વેચી ન શકતા. બાંધેલા ભાવે અને નક્કી કરેલાં કેન્દ્રોમાં જ તેને વેચવા જવું પડતું. ખેડૂત ૫૦ મણથી વધુ અનાજ સંઘરી શકતો નહીં. વધુ હોય તો મામલતદારને નોંધાવું પડે. અને ન નોંધાવે તો ગુનો ગણાય. ખેડૂતોની મુશ્કેલી એ હતી કે જે કેન્દ્રો [illegible] કર્યાં હતાં ત્યાં જ તેને વેચવા જવું [illegible] મ તો હોઈ શકે નહીં. કેટલાંક નો [illegible] તરે [illegible] ગોડાઉન-ડીપો-સરકારે [illegible] ની લેના [illegible]

દા.ત., ઘઉંમાં ધોળા અને લાલ કાઠા એવી બે જાત હતી. તેમાં પણ ધોળા ઘઉંમાં જો પોટિયા દાણા હોય તો તેના ટકા કપાતા. આવા ટકામાં ખેડૂતોને ખબર પડે નહીં. હવે ધોળા ને લાલ ઘઉંનું. ખેડૂત બંને જાતના ઘઉં વાવે. બંને સાથે તૈયાર થાય એટલે સાથે, જોડાજોડ ખળામાં લેવાય. તેમાં વાવણી કે કાપણી વખતે ઠોક દાણા સેળભેળ થયા હોય તેમ જણાય. તેના પણ ભાવમાં અમુક ટકા કપાય, ચાંદ્રો થયા પછી જ માલ તોલાતો. આમા ખેડૂતોને રગરગવું પડતું. માલ ચારણે ચાળીને જ આપવો પડતો. તોલમાં વધારો હોય તે કાઢી લે. અને પછી કોઈ ખેડૂતને નામે ચઢાવી તેના પૈસા આવે તે જલસામાં વાપરતા. મેન્ટરો ઉપરના બધા સંપીને આવું કામ કરતા. પૈસા તરત ચૂકવાય નહીં. અડવાડિયે ફરી આવવું પડે. રેવન્યુ ટિકિટ ખેડૂતે લાવવી પડતી. એ મળે નહીં, ભૂલી ગયો હોય ત્યારે આ ટિકિટનો ભાવ રૂપિયા સુધી પહોંચી જતો. છ-સાત માઈલ દૂરથી આવેલ ખેડૂતને પૈસા માટે ફરી ધક્કો ન ખાવો પડે એટલા માટે આ બધું મૂંગે મોંએ સહન કરી લેતો. છેવટે તા.૧૦-૧૨-૧૯૪૭ના રોજ બ્રિટિશ સરકારે લાદેલો કંટ્રોલ ઊડાવી લીધો અને ખેડૂતો પોતાનો માલ ફાવે તે વેપારીને વેચી શકે એવી સ્થિતિ આવી.

આ વખતે દેશમાં અનાજની ખેંચ તો હતી જ. વસ્તીના પ્રમાણમાં અનાજનું ઉત્પાદન ઓછું થતું. પરદેશમાંથી પણ અનાજ આયાત કરવું પડતું. આ સંજોગોમાં ભાવો ઊંચા જાય તે સ્વાભાવિક હતું. ખેડૂતોને કંટ્રોલ ભાવ કરતાં ભાવ વધારે મળવા લાગ્યા. આ જોઈ મંતબાલજીએ અમારી આગળ એક નવો વિચાર મૂક્યો: તમે જ અનાજનું ઉત્પાદન કરો છો. દેશમાં અનાજની ખેંચ છે તો ખાનારને અને ખેડનારને પરવડે એવા નૈતિક ભાવ નક્કી કરો અને તે જ ભાવે અનાજ

ને સમાજના હિત માટે લાંબી દૃષ્ટિએ જ આ વાત કહું છું. કોઈ નીતિ ન પાળે અને અમે જ પાળીએ આ વાત ઉપર ઉપરથી સારી લાગે છે. પરંતુ આપણે તો નીતિનાં ગુણો આચરણમાં લાવવાં છે. આ કામ ગ્રામસંગઠન મારફતે શરૂ કરીએ.

અમે કહ્યું: આપણું સંગઠન તો હજુ નવું નવું જ, ઊગતું જ સંગઠન છે. તેમાં સભ્યોની સંખ્યા પણ થોડી છે તેનાથી અમદાવાદ જેવા શહેર કે આવડા મોટા દેશને શું અસર થવાની છે? વળી અમારી આસપાસના જિલ્લા ખેડા, મહેસાણા વગેરે તો કંઈ આ નૈતિક બાબત સ્વીકારવાના છે? આવું કરવા જતાં અમે પોતે પછાત રહી જવાના.

અમારી દલીલો સંતબાલજી પ્રેમપૂર્વક સાંભળતા રહ્યા. અમારું કહેવાનું પૂરું થતાં હસતા હસતા કહેવા લાગ્યા: તમારી આગળ આ અમદાવાદ અને ભારત દેશ છે. મારી સામે આખા જગતના ખેડૂતો છે. આપણે આપણા દેશની સાથે દુનિયાના ખેડૂતોને પણ કહી શકીશું કે 'જગતનો તાત' તે આનું નામ. એટલે આ દિશામાં કોઈએ પહેલ તો કરવી જ પડશે. આપણા દેશમાં પહેલાં ધર્મ આવે છે. પુરુષાર્થના ચાર પાયામાં ધર્મ, અર્થ, કામ અને મોક્ષ છે. પણ આજે તો ધર્મની જગ્યા અર્થે લીધી છે. આ કંઈ નવી વાત નથી. તમને નવી લાગે છે. કંટ્રોલ વખતે સમાજનું ધોરણ નીચું ગયું. કારણ કે જીવન જરૂરિયાતની બધી જ મહત્ત્વની ચીજો ગોળ, ખાંડ, અનાજ, કેરોસીન, દીવાસળી સુદ્ધાં બધી જ ચીજો કંટ્રોલમાં આવી ગઈ. આથી વહીવટ કરનારા, સંઘરો કરનારા અને વેચનારા બધા જ કાં તો ખોટા કાર્ડ કે ખોટા બિલમાં પડી વત્તે ઓછે અંશે નીતિહીન બન્યા.

પણ હવે સ્વરાજ્ય આવ્યું છે. તેમાં તો આપણે બદલે

છે. પરંતુ કેટલીક બાબતો તમારે તટસ્થ ભાવે પણ વિચારવી પડશે. હવે આ દેશમાં અંગ્રેજ સરકાર નથી. આપણા દેશની સરકારને જ તમામ પ્રજાની ચિંતા કરવી પડશે. અનાજની અછત છે એટલે ભાવ ઊંચા જવાના જ. તમે ધરતીના ખેડ-નારા છો. માટે ખાનારની પણ તમારે ચિંતા કરવી જોઈએ. આપણા સંગઠનમાં નીતિને પાયાના મૂલ્ય તરીકે સ્વીકારી છે. નીતિ પાળવાનો અને તેને આચરણમાં મૂકવાનો અત્યારે જ વખત આવ્યો છે. એ વખતે આપણે ઢીલા પડીએ તો ગૌરવ-ભેર કોઈનીયે આગળ નીતિની વાત કરી શકીશું ખરા? તમને હું નૈતિક ભાવની જે વાત કરું છું તે વાત એ છે કે વિચાર કરીને વાજબી ભાવની મર્યાદા તમે જ નક્કી કરો. અને સ્વીકારો. પછી ભાવ વધે તો પણ આપણાથી વધુ ભાવ લેવાય નહીં. અને આપણે નક્કી કરેલા ભાવથી જ આપણા સંગઠન મારફતે ખાનારના ઘેર પહોંચે તેવી વ્યવસ્થા તમારે જ કરવી પડશે. તેથી તમારા નૈતિક ભાવનો કોઈ ખોટો લાભ ન ઉઠાવે. તમે તમારા હિતની સાથે બીજાનો પણ વિચાર કરો છો એ વાત મહત્ત્વની છે. અને તમો ગૌરવપૂર્વક સરકાર અને સમા-જને કહી શકશો કે અમે અમારું, જગતના તાતનું બિરુદ સાચવ્યું છે. બીજી વાત પણ વિચારવા જેવી છે. જો ભાવો વધુ ઊંચા જાય તો સરકારને વળી વચ્ચે આવવું પડે અને સરકાર પોતે તો અનાજ ઉત્પન્ન કરી નહીં શકે એટલે સરકાર પાસે કંટ્રોલ સિવાય બીજો રસ્તો કયો? કંટ્રોલ ફરી આવે તો પહેલાંના જેવી જ પરિસ્થિતિ થાય. ત્રીજી વાત, તમને ભાવો પરવડતા ન હોય, ખર્ચ વધુ આવતું હોય, બજાર ભાવ નીચા હોય તે વખતે તમે સરકારને કહી શકો કે અમારું ખર્ચ જોઈને અમને પરવડતા ભાવ મળે તેવી વ્યવસ્થા કરો. આ તમારી વાતોને તો જ બળ મળે કે જો તમે નૈતિક ભાવ સ્વેચ્છાએ સ્વીકારીને આચરી બતાવો. આટલા માટે હું તમામ

હતી. તેનો ભાવ મણનો રૂપિયા ૧૭ બોલાતો હતો. ખેડૂત મંડળ બજારભાવે ડાંગર વેચે તો ઓછામાં ઓછો તેને એક લાખ રૂપિયાનો નફો તાત્કાલિક જ થાય એમ હતો. પણ મંડળ મક્કમ રહ્યું. જેમ ડાંગર નૈતિક ભાવે મળી હતી તેમ ઘઉં આપનાર ખેડૂતો પણ નીકળ્યા હતા. એટલે જે ખેડૂતને ચોખાની આવશ્યકતા હોય તેને તે જ ભાવે આપવા ઠરાવ્યું.

એ વરસે વરસાદ ખેંચાયો. એટલે બિયારણના ભાવ પણ ઊંચકાયા બજારમાં એક મણના ૨૭ રૂપિયા બોલાવા લાગ્યા. પણ ખેડૂત મંડળે હજુ થોડી ડાંગર સંઘરી રાખી હતી. એટલે આ ટાણે બી માટે તે ડાંગરનો ઉપયોગ થયો. તે પડતર ભાવે જ–ત્રણ થી પાંચ મણ–જેવી જરૂરિયાત તે પ્રમાણે ખેડૂતોમાં તેમની જ ડાંગર વહેંચાણી.

આમ પહેલા જ વર્ષે ખેડૂતોને સંતબાલજીની વાત સમજાઈ. જો આપણે બજારભાવે ડાંગર વેચત તો કદાચ લાખ વધુ આવત, પણ ડાંગરનું બી આપણને આ ભાવે મળત નહીં. અને બી વગર નવી લાખો મણ ડાંગર શી રીતે પકવી શકત?

ઘઉંનો નૈતિક ભાવ

ડાંગરનો પ્રશ્ન ઉકેલાયો કે તુરત જ ઘઉંના નૈતિક ભાવનો પ્રશ્ન આવ્યો. તા. ૩૦–૧–૧૯૪૮ના રોજ ધંધુકા તાલુકામાં રાયકા સ્ટેશન પાસેના ધોળી મુકામે પૂજ્ય રવિશંકર દાદા, શ્રી લક્ષ્મીદાસ આસર અને મુનિશ્રી સંતબાલજીની હાજરીમાં ૮૦ ગામોના ખેડૂતોનું મોટું સંમેલન મળ્યું. તેમાં બીજા ઠરાવો ઉપરાંત ડાંગરની હકીકત અને ઘઉંના નૈતિક ભાવનો પણ ઠરાવ કરવામાં આવ્યો અને ભાવો નક્કી કરવા એક સમિતિની નિમણૂંક કરવામાં આવી. આ સમિતિએ બધો વિચાર કરીને તા. ૨૦–૨–૪૮ના રોજ મુનિશ્રી સંતબાલજીની હાજરીમાં ગુંદીમાં શ્રી લક્ષ્મીદાસ આસરના પ્રમુખપણા

[illegible] તેમને બધી રીતે ફાયદો થયો. આર્થિક [illegible] પણ સામાજિક પ્રતિષ્ઠા પણ વધી. આ [illegible] કેટલી સમાજ ઉપયોગી હતી તેનો પ્રત્યક્ષ અનુભવ બધાને થયો.

૫ઈ જુવારનો બદલો

ભાલનળકાંઠા ખેડૂતમંડળ આગળ સવાલ આવ્યો : આપણા આ પ્રદેશમાં સૂકી ખેતી માટે શિયાળુ જુવાર જોઈએ. અહીંની માટી તેમ નહોતું. આ બી માટે જુવાર—સોલાપુરી-જુવાર જ કામ આવે. બળદ માટે શિયાળુ જુવારની ચાર ન હોય તો બળદ કામ આપી શકે નહીં, એટલે ખેતી થઈ શકે નહીં. અહીંની દેશી જુવાર વાવીએ તો તેના પૂળા અનુકૂળ આવે નહીં. સવાલ એવો હતો કે ઘઉંની વાવણી મોટે ભાગે ઓક્ટોબરની ર૭મીએ આવે. કારણ કે સ્વાતી નક્ષત્ર કોઈ પણ સાલમાં એ જ તારીખે આવે. તેથી ઘઉંની સાથે જ અથવા બે પાંચ દિવસ આધીપાછી આ જુવાર વાવવી પડે. આ જુવારને દાણો આવે તે પહેલાં ડિસેમ્બર આખરે ખેંચી લેવાની. આ જુવારના પૂળા અખાત્રીજથી માંડી દિવાળી સુધી--આખું ચોમાસું-- બળદને મળે તો જ બળદ કામ આપી શકે. આ કડબમાં શક્તિ સારી.

ખેડૂતોએ આગ્રહ કર્યો, અત્યારે કંટ્રોલ છે તેથી વેપારી કોઈ સોલાપુર જિલ્લામાંથી જુવાર લાવી શકવાના નથી, માટે આપણે સરકાર પાસે માગણી કરી મંગાવવાની વ્યવસ્થા કરો.

[illegible] કહ્યું: આપણે પ્રયત્ન કરી જોઈએ. પણ સરકારની મદદ ઉપર લોકો આધાર છે. તેનો અમદાવાદ [illegible] [illegible] ([illegible])ને મળીને સરકાર પાસે [illegible] વાસ્તવે માગણી કરી.

મુંબઈ સરકારે જણાવ્યું કે દુષ્કાળ છે, અનાજની અછત છે, તેથી જુવાર આપી શકાય નહીં. અહીં સોલાપુર જિલ્લામાં જુવાર મુખ્ય ધાન તરીકે વપરાય છે. તેથી સોલાપુરના કલેક્ટરે કંટ્રોલ હોવાથી આપવા ના પાડી.

અંબુભાઈ લાલાકાકાને ફરી મળ્યા. અને તેમની આગળ વિચાર મૂક્યો કે આખના ખેડૂતો જુવારના બદલામાં ઘઉં આપે તો આપણને જુવાર મળે? કદાચ સરકાર સ્વીકારે. તેમણે ખેડૂતો આગળ આ વાત મૂકી કે આપણે ઘઉં આપવાની તૈયારી બતાવીએ તો વિનિમય તરીકે કદાચ આપણને જુવાર મળે.

હવે પ્રશ્ન એ હતો કે બધાં મુખ્ય અનાજના ભાવ સરકારે બાંધેલા હતા. તે રીતે જુવારનો ભાવ સવા સાડાછ રૂપિયા હતો. જ્યારે ઘઉંનો ભાવ નવ રૂપિયા ને સાત આના હતો. આમ મણે ત્રણ રૂપિયા જેટલો તફાવત હતો. પણ ભાલમાં ઘઉં સિવાય બીજું અનાજ મળે નહીં એટલે ઘઉં આપ્યા સિવાય છૂટકો નહોતો.

પણ જુવારના બીની જરૂર હતી જ. તેથી ખેડૂતો ઘઉં આપવા સંમત થયા. આખા પ્રદેશ માટે ૩૦ થી ૩૫ હજાર મણ જુવારની જરૂરિયાત હતી.

અંબુભાઈએ પ્રયત્ન શરૂ કર્યો. તેથી તેમણે સોલાપુરના કલેક્ટરને જણાવ્યું કે અમે જેટલી જુવાર મળે તેના બદલામાં તેટલા ભાલના ઘઉં આપને આપીશું, પણ અમને જુવારની વ્યવસ્થા કરી આપો.

કલેક્ટરનો જવાબ આવ્યો: આ પ્રદેશના લોકો ઘઉં ખાવાને ટેવાયેલા નથી, તેથી એ શક્ય નથી.

ફરી પાછી વિનંતી થઈ કે આપના પ્રદેશ સિવાય મોટા

મંત્રી તરીકે ખેડૂત મંડળના જ મંત્રી શ્રી અંબુભાઈ કામ કરતા હતા. તેનું વહીવટી કામકાજ એ જ ગામના શ્રી હરિભાઈ ચતુરભાઈ શાહ સંભાળતા.

અમારા ગામના ૬૧ સભ્યો ગુંદી મંડળીમાં હતા. બે વર્ષે મને પણ થોડી નજર પડી ગઈ. એટલે મેં અંબુભાઈ આગળ વાત મૂકી કે હવે આપણે બીજું ગૃપ ઊભું કરીએ. તે રીતે જવારજ, અરણેજ, કેસરગઢ, વેજળકા અને ધોળી એમ પાંચ ગામના સભ્યો બનાવી જવારજ ગૃપ મંડળી રજિસ્ટર્ડ કરાવી. તા. ૭-૨-૫૦ના રોજ અમારી મંડળીની સ્થાપના થઈ. હું તેના પ્રમુખ તરીકે રહ્યો. અમે ધીરાણ, વેચાણ અને ભંડાર ચલાવવાનું એમ ત્રણેય કામ શરૂ કર્યાં. અમારા સદ્ભાગ્યે વેજળકાના ખેડૂતનો દીકરો જેણે મેટ્રિક સુધીનું શિક્ષણ પ્રાપ્ત કર્યું હતું તે શ્રી કાનાભાઈ અરજણભાઈ જાદવ અમને મળી ગયા. તેમણે અભ્યાસ અને ખંતથી પોતાની આવડત વધારી અને આજે છેલ્લાં ૨૪ વર્ષથી તેઓ જ મંત્રી છે. ૧૨ વર્ષ સુધી હું મંડળીનો પ્રમુખ રહ્યો. આ રીતે અમારી મંડળીનો પાયો મજબૂત નંખાયો. નાના સરખા ખેડૂતો પણ પોતાનું સંગઠન રચી સહકારી ભાવના કેળવે છે તો તેનાં કેવાં સુંદર પરિણામો આવે છે તે અમારી મંડળીના અભ્યાસથી જણાઈ આવે તેમ છે. આજે શેર ભંડોળ, બચત - રિઝર્વ ફંડ બધું મળી મંડળી પાસે સાતેક લાખ રૂપિયાની પોતાની મૂડી છે. ભંડાર અને ધીરાણની કામગીરી ઉપરાંત બધા સભ્યોના માલનું રૂપાંતર કરી વેચી આપવો, માલ એકત્ર કરવો વગેરે વહીવટી કામોમાં ૧૫ માણસ ઉપરાંતનો સ્ટાફ છે. આમાં બધા ખેડૂતોના જ દીકરા છે. ત્રણ ગોડાઉનો છે. ખેડૂતો ઉત્પન્ન થયેલો માલ પૂરેપૂરો મંડળીને જ આપે છે અને વસૂલાત પણ પૂરેપૂરી થાય છે. આ મંડળીએ જિલ્લાની હરીફાઈમાં પ્રથમ નંબર મેળવ્યો છે.

સહકારી પ્રવૃત્તિનો વિકાસ અને મુશ્કેલીઓ

૫

સહકારી મંડળીઓની અસર પ્રદેશમાં ધીરે ધીરે થવા લાગી. કારણકે તેમાં કેવળ ખેડૂતો જ નહીં પણ ઊભડ મજૂરો અને કારીગરો પણ તેના સભ્યો બની શકે એવી જોગવાઈ રાખી હતી. ગામેગામથી સભ્યો બનવાની અને એવી મંડળીઓ રચવાની ઉત્સાહજનક વાતો આવતી હતી. ખેડૂતમંડળ પોતાનાથી બનતું સઘળું માર્ગદર્શન આપી તેને સ્થિર અને સાચા અર્થમાં સહકારી ભાવના ખીલે તે પાયા પર વિકસવાનું બળ આપતું.

મોટાભાગની મંડળીઓ ધીરાણનું કામ કરતી. અને આગળ જણાવ્યું છે તેમ ખાસ ખાસ સંજોગો સિવાય ધીરાણની વસૂલાત આવી રહેતી. મંડળી પોતાનું ધીરાણ નિયમિત વસૂલ કરે તો તેની શાખ ધીરાણ કરનારી મધ્યસ્થ સંસ્થાએ પાસે જળવાઈ રહેતી. અને મંડળી જેટલી સદ્ધર રહે તેનો લાભ તેના સભ્યોને જ મળે. પોતાની મંડળી સદ્ધર રહે તે માટે પ્રમુખ-મંત્રી જાગ્રત રહેતા અને તકેદારીનાં પગલાં ભરતા.

એક વખત અમારી જ મંડળીના કેટલાક કારોબારીના સભ્યોએ જ પૈસા ન ભર્યા. હવે મારી બેવડી મુશ્કેલી ઊભી થઈ. એક તો હું આ મંડળીનો પ્રમુખ તે રીતે અને બીજી સમગ્ર ખેડૂતમંડળના પ્રમુખ તરીકે. કારણકે ખેડૂતમંડળના બે પ્રતિનિધિઓ મંડળની કારોબારી ઉપર રહેતા અને વસૂલા-

તમાં મદદ કરતા. સમયસર પૈસા ન આવ્યા એટલે મને ચિંતા થઈ. મને થયું કે જો આનો ચેપ બીજાઓને લાગશે તો આજે આટલા સભ્યો અને કાલે તેમાંથી વધવાના છે. એટલે મેં કારોબારી બોલાવી તેમાં વાત મૂકી કે પૈસા વખતસર ન ભરે એને માટે આપણે વિચારવું જોઈએ. જેણે પૈસા ભર્યા ન હોતા તે પણ હાજર હતા. મેં કહ્યું: સમયસર વસૂલાત ન આવે તો આપણે કડક ઉઘરાણી કરીએ.

જે સભ્યોએ પૈસા ભર્યા ન હોતા તે બોલ્યા: હવે પૈસા-બેસા નથી. વરસ મોળું છે અને વિવાહ વગેરેમાં પૈસા વપરાઇ ગયા છે. હવે અત્યારે કશું વળે તેમ નથી.

મેં કહ્યું: આ રીતે મંડળીનો વહીવટ કરીશું તો આપણો વિકાસ અટકી જશે. અને જે શાખ બંધાણી છે તે ગુમાવી બેસશું. બીજી મંડળીઓ પણ આનો દાખલો લેશે. અને સરવાળે આપણા ખેડૂત સમાજનું જ અહિત થશે.

તો આમાં શું કરવું? બીજા કેટલાક સભ્યોએ પૂછયું.

'શુદ્ધિપ્રયોગ' મેં ભારપૂર્વક જવાબ આપ્યો.

કેટલાક ચોંકયા અને વિચારમાં પડી ગયા. એમાં તો ઉપવાસ કરવાની વાત આવે છે. તો લોકો એમ નહીં કહે કે અમારી સામે ત્રાગું કરે છે!

મેં કહ્યું: આપણી ભાવના ચોખ્ખી છે. આપણે મંડળીના માલિક નથી પણ ફક્ત વહીવટ કરનાર છીએ. બધા સભ્યોએ વિશ્વાસથી આપણને વહીવટ સોંપ્યો છે. તો તેમના હિત ખાતર આપણે આ પગલું ભરીએ છીએ.

તો પછી જે કાયદેસર થતું હોય તે શા માટે નથી કરતા? વળી કેટલાક સભ્યોએ દલીલ કરી.

કાયદેસર કરવામાં આપણને વાંધો નથી. પણ એ માર્ગ

મહારાજશ્રીની વિચારસરણી પ્રમાણે આપણે માટે અત્યારે બહુ બોજ નહીં લાગે. તેમાં હુકમનામામાં થાય અને પૈસા વસૂલ પણ આવે. પણ પછી આપણે બેસા બેસીને જે ચર્ચા કરીએ છીએ તે ન થાય.

આમ બધી ચર્ચા વિચારણાને અંતે છેવટે શુદ્ધિપ્રયોગ કરવાનો ઠરાવ થયો. ઠરાવ ખેડૂતમંડળને મોકલ્યો અને તે અમને મદદ કરે તેવી વિનંતી કરાઈ. જે ગામના સભ્યોની વસૂલાત બાકી હતી તે ગામને પણ ઠરાવ મોકલ્યો અને અઠવાડિયાની મુદત આપી. અમે પ્રાયોગિક સંઘે નીમેલી શુદ્ધિપ્રયોગની સમિતિને જાણ કરી. સમિતિએ મંજૂરી આપી. અને પ્રયોગ કરવા માટેનો નિર્ણય પાકો થયો.

પ્રયોગ શરૂ થવાનો હતો તેના આગલે દિવસે મંડળના મંત્રી સહિત અમે ગામ ઉપર પહોંચી ગયા. ગામના મહાદેવના મંદિર આગળ સભા બોલાવી. લોકોને આખી વાતની સમજ આપી. હજુ આજની આખી રાત વિચાર કરવાનો સમય છે. પ્રશ્નનો કંઈ સમાધાનકારક નિકાલ નહીં આવે તો અમે આવતી કાલથી આ મહાદેવને ઓટલે શુદ્ધિપ્રયોગ શરૂ કરીશું.

સાંજે ગામમાં જુદે જુદે ઘેર જમીને અમે મહાદેવ આવ્યા. ત્યારે અમારે ઉતારે ગામના આગેવાન અને મંડળીના કારોબારીના સભ્ય પણ આવ્યા હતા. તેમણે કહ્યું: તમે કાયદેસર જે કરવું હોય તે કરો પણ અમારા ગામ ઉપર આવા વાંધા ન કરો. વળી મંડળીમાં પાંચ ગામ છે. તો પછી તેમાંથી અમારા ગામને જ શા માટે પસંદ કર્યું?

મેં જવાબમાં કહ્યું:

બાંધી દોરી પ્રેમની, તાણે તૂટી જાય;
તૂટ્યા પછી સાંધતાં, ગાંઠ વળી જાય.

કાયદેસર કરવાથી ખરું જ થાય પણ આવા ભાણામાં બેસીને ખાવાનો પ્રેમ જતો રહેશે. આપણાં મન આવાં નહીં રહે. આ રસ્તો તો પ્રેમનો છે, અમે અમારી જાત ઉપર જ સહન કરીએ છીએ કોઈના ઉપર ડંખ રાખતા નથી. અમારી વાત તદ્દન સાચી છે કે મંડળી તમારી જ છે. તેમાં જમા કરાવો અને ફરી પાછું ધીરાણ મેળવો આ તો ગજવામાંથી જમા કરાવો અને પાછા મંડળીમાંથી મેળવી વાપરવા લાગો... એ ભાઈ સમજુ હતા, વળી આગેવાન હતા. એમને ગળે વાત ઊતરી ગઈ. અને તેઓ પૈસા ભરવા તૈયાર થયા. ૩૦-૪૦ સભ્યોની વસૂલાત ભરવાની બાકી નીકળતી હતી તે બધા સમજ્યા. ફક્ત ચાર જણ પોતાની સ્થિતિ પ્રમાણે ન ભરી શક્યા. આમ આ પ્રયોગથી રૂ. ૩૫,૦૦૦ની વસૂલાત આવી ગઈ.

સૌનાં દિલ એક થયાં.

વાત એમ બનેલી કે આ ભાઈએ થોડા લોભની આશાએ પોતાનો માલ વેચ્યો નહીં. અને ધીરાણના પૈસા લગ્ન વગેરેમાં વાપરી નાખેલા. અમે તેમને પૂછ્યું કે, 'આ સાલ દીકરાના લગ્ન લીધેલાં કે નહીં?' તો કહે, હા. તેમાં રૂપિયા પાંચ હજાર વાપર્યા એ વાત બરાબર છે? તો કહે હા, અને કુંવળમાં ઘઉં કેટલા સાચવ્યા છે?' ૪૦૦ મણ જેટલા હશે.

ત્યારે ભલાભાઈ! આટલી સોસાયટીની રકમ નથી ભરાતી?

એમણે ખુલાસો કર્યો કે આ દિવાળી ઉપર ઘઉં વેચાય તો ભાવ સારો આવેને? આ મહાદેવને મંદિરે બેસીને મારે ખોટું બોલવું નથી.

માણસની વૃત્તિઓ ઘણી વખત તેને અસત તરફ ખેંચી જાય છે, પણ તેની મૂળ પ્રકૃતિ એ નથી. અહીં મંદિરનું પવિત્ર વાતાવરણ, શુદ્ધિપ્રયોગનું હૃદયસ્પર્શી સાધન અને

નિઃસ્વાર્થી ખેડૂતોની સમજાવટ આ બધાને પરિણામે અમારો પ્રશ્ન બહુ સુખદ રીતે ઊકલી ગયો. આમ ક્યારેક ક્યારેક સ્વાર્થના વાદળાંએ અમારી સહકારી પ્રવૃત્તિને ઘેરી પણ છેવટે તો તેમાથી શુભ સંકલ્પોનાં બીજ જ પાંગર્યાં.

હવે એક બીજા પ્રસંગની વાત કરું છું. આગળ મેં જણાવ્યું છે કે અમારી મંડળીનાં દ્વાર સૌને માટે ખુલ્લાં રહેશે. પણ તે સાચા સહકાર વાંછુઓ માટે, શ્રમજીવીઓ અને ખેડૂતો માટે. એક વખત એક ભાઈની સભ્ય થવા અરજી આવી. એ ભાઈ હતા તો ખેડૂત પણ જરા માથાભારે. થોડા વખત પહેલા જ તેમણે જ્ઞાતિના આગેવાનનું ખૂન કર્યું હતું. પકડાયા હતા. પણ આજની કોર્ટોનું કહેવું શું? કેસ ચાલ્યો પણ સાબિત ન થઈ શકવાથી નિર્દોષ છૂટી આવ્યા. એટલે તો વળી ગૌરવભેર ઊંચા માથે ફર્યા કરતા.

એક વખતે મંડળીની સામાન્ય સભા ચાલતી હતી. ૨૦૦ થી ૨૫૦ જેટલા સભ્યો હાજર હતા. તેઓ પણ તેમાં હાજર હતા. મેં પૂછયુંઃ તમારે મંડળીમાં શાને માટે દાખલ થવું છે?

'બીજાઓને મંડળીના જે લાભ મળે છે, તે મને પણ મળવા જોઈએ.' તેમણે જવાબ આપ્યો.

પણ તમે આ ગામના કાયમી વતની ક્યાં છો? વળી તમારે હાથે એક એવા માણસનું ખૂન થયું છે કે જે તમારી જ્ઞાતિને ઉપયોગી હતો. આવું ઘોર કૃત્ય કર્યા પછી તમને પસ્તાવો થવો જોઈએ તેને બદલે તમે તો અભિમાન ધરાવો છો. તમે તો સમાજના ગુનેગાર છો. તમારી રહેણીકરણીમાં કંઈ પરિવર્તન થયું નથી. જ્યાંસુધી તમે તમારું વર્તન સુધારો નહીં ત્યાંસુધી તમે મંડળીના સભ્ય બની શકો નહીં.

તેઓ મિજાજી અને આખાબોલા હતા. તેમણે કહ્યું: 'જોઉં છું કે કેમ દાખલ નથી કરતા ?'

પ્રશ્ન કેવળ સભ્ય બનાવવાનો નહોતો પણ મંડળની નીતિનો હતો. એક બાજુ સત્ય, પ્રામાણિકતા અને સૌને સરખા ગણી સૌને માટે પુરુષાર્થ કરવાની ભાવનાવાળા સભ્યો હતા તો બીજી બાજુ દાંડતત્ત્વ અને દાદાગીરી હતી. દેખીતી રીતે જ આથી મંડળીમાં સંઘર્ષ ઊભો થાય.

એટલે મેં અમારી એ મંડળીના સભ્યો આગળ જણાવ્યું કે, જુઓ ભાઈઓ, આપણી મંડળીઓ નીતિના પાયા ઉપર ચાલે છે. એની પાછળ આ પ્રદેશમાં પુરુષાર્થ કરી રહેલા મહારાજશ્રી સંતબાલજીનું માર્ગદર્શન છે. સભ્યો નીતિ પાળે તો જ મંડળીમાં નીતિ અને ચારિત્ર્યનું વાતાવરણ જળવાય. જો તમે ઢીલા પડશો તો મંડળીમાં આવાં તત્ત્વો દાખલ થઈને ફાવે તેવો વહીવટ ચલાવશે. એટલે આ બધી પરિસ્થિતિનો વિચાર કરી તમે નિર્ણય કરજો. જે સભ્યો તેમને દાખલ કરવા ઈચ્છતા હોય તે પોતાના હાથ ઊંચા કરે. ફક્ત બે જ હાથ ઊંચા થયા. સૌએ હિંમતપૂર્વક તેમને ના પાડી.

પ્રસંગ તો નાનો દેખાય છે, પણ સભ્યો ઉપર તેની ભારે અસર પડી. નિર્ભયતાનું એક પ્રકારનું બળ સૌમાં વધ્યું.

એકૂત મંડળે આમ ડગલે ને પગલે જાગ્રત રહીને માર્ગદર્શન આપવું પડે. આવા તો નાના મોટા ઘણા પ્રશ્નો આવે. પણ તેમાંથી મેં ફક્ત ઉપરના બે જ પ્રસંગો વર્ણવ્યા છે. કારણકે દરેક સંસ્થાનો વિકાસ તેના સભ્યો અને તેની કામગીરી ઉપર રહેલો છે. સભ્યો જાગ્રત રહે તો સંસ્થા ચીતવાન બને જ.

શરૂઆતની આવી બધી મુશ્કેલીઓમાંથી અમારું મંડળ

ધીમે ધીમે પાર ઊતરતું ગયું. એટલે અમારા સભ્યોમાં પણ હિંમત આવવા માંડી કે હવે આપણે કંઈક મોટો કૂદકો મારી શકીશું એટલી હિંમત આવી છે.

સહકારી જિનિંગ પ્રેસો અને કોટન સેલ સોસાયટી :

ભાલ નળકાંઠાના મુખ્ય પાકોમાં ઘઉં, ડાંગર અને કપાસ. ઘઉં અને ડાંગરનું કામ ગોઠવવું તો સહેલું હતું. તે પ્રમાણમાં કંઈક પાર પાડી શક્યા. હવે કાલાંનો પ્રશ્ન આવ્યો. આ પ્રદેશમાં કાલાં (કપાસ)નું ઉત્પાદન લાખો મણનું થાય. વેપારીઓ ગામડે આવીને રાખી જાય. પણ સિઝનમાં પાંચ-પંદર દિવસ સુધી કોઈ ઘરાક ન આવે તો ખેડૂતો ગાડાં ભરી પીઠે જઈને વેચી આવે. વેપારીઓ માલ જોઈ હરાજી બોલે અને તે પ્રમાણે બજારભાવ કરતાં રૂપિયો-દોઢ રૂપિયો ઓછો આપી માલ લઈ લે.

એક વખત અમારા મંત્રી શ્રી અંબુભાઈએ મંડળમાં વાત મૂકી કે આ કાલાંના શોષણ બજારમાંથી આપણે ઉગરી જવું જોઈએ.

ખેડૂતોએ પૂછયું: કેવી રીતે?

તમારાં પોતાનાં સહકારી જિનિંગ પ્રેસો કાઢીને.

ખેડૂતો આશ્ચર્ય પામ્યા. એવાં કારખાનાં ચલાવવાનું આપણું ગજું નહીં અને એટલી મૂડી જ કયાં છે?

પણ અમારા મંત્રી બાહોશ અને હિંમતવાન હતા. તેમણે કહ્યું: એક વખત તમે નિર્ણય કરો. પછી બધું થઈ રહેશે.

છેવટે ખેડૂતો કોટન સેલ મંડળીઓ રચવા તૈયાર થયા.

બીજી તરફ ખાનગી જિંનિંગ પ્રેસના માણસોએ પ્રચાર શરૂ કર્યો, આ તમારું કામ નહીં. નાહકના આમાં શીદ પડો છો!

અમારાં જિન એ તમારાં જ છેને ! તમે માલ લાવો. અમે તમને જિનિંગ કરી ગાંસડીઓ બાંધી આપીશું. અને પ્રેસના દર પણ ઓછા લઇશું. પણ આવા લોકોના હાથમાં તમારી ચોટલી સોંપશો નહીં.

પણ અમારી મંડળી તો શરૂ થઈ જ. શરૂઆતમાં ધંધુકામાં અમે એક જિનિંગ પ્રેસ ભાડે રાખ્યો અને કામ શરૂ કર્યું. શરૂઆતના વર્ષે માલ ઓછો આવ્યો તોપણ બજાર ભાવ કરતાં મણે બે રૂપિયા કિંમત વધારે ઉપજી. ખેડૂતોમાં હિંમત આવી. પછી તો ખેડૂતોએ પોતાનો જિન અને પ્રેસ બનાવી લીધો. માણસોને અને ખેડૂતોને તાલીમ મળી અને અમારા મંત્રી અંણુભાઈની વાત સાચી ઠરી.

અત્યારે અમારા પ્રદેશમાં ખેડૂતોનાં પાંચ સહકારી જિનો ચાલે છે.

આમ આ પ્રદેશમાં સહકારી પ્રવૃત્તિની ધીમે ધીમે જાળ ફેલાવા લાગી. કામના અનુભવથી ખેડૂતો પણ સમજતા થયા કે આપણા અવિકસિત પ્રદેશમાં સહકારી ભાવના વિના જીવવું મુશ્કેલ છે. 'વિના સહકાર નહીં ઉદ્ધાર' એ વાત ખેડૂતો માટે તો સો ટકા સાચી છે.

ત્રણ અપહૃતબાળાઓની આશિષ

૬

ખેડૂત મંડળની કામગીરી બરાબર ચાલતી હતી. સહકારી પ્રવૃત્તિનો વિકાસ થયે જતો હતો. નવી નવી મંડળીઓ ઊભી કરવી, જૂની મંડળીઓને માર્ગદર્શન આપવું, તેમની વહીવટી ઢબોમાં ઉપયોગી થવું વગેરે નાના મોટા પ્રશ્નો અંગે મારે ઘણો સમય બહાર ફરવાનું જ રહેતું. એવી રીતે હું બહાર ગામથી આવીને એક વેપારીની દુકાને છાપું વાંચવા બેઠો. એમાં એક સમાચાર હતા: 'ખંભાતના ખાંપીવાપરાની ત્રણ માસૂમ બાળાઓના અપહરણ'.

જવારજથી ખંભાત ચાલીસેક માઈલ દૂર થાય. અમારો ધોળકા તાલુકો, અને સાબરમતી નદીને સામે કાંઠે ખંભાત તાલુકો. આમ અમારી વચ્ચે નદીનું અંતર. તેમ છતાં આ પ્રદેશ અમારા કાર્યક્ષેત્રમાં આવતો નહોતો. પણ આ સમાચાર વાંચીને મને મનમાં કંઈ કંઈ ચટપટી થઈ ગઈ.

મેં મારી પડખે ઊભેલા કેટલાક જુવાનિયાઓને પૂછ્યું: વાંચ્યા આ સમાચાર? ખંભાતમાંથી પાટીદારની દીકરીઓને કોઈ કોતવાળી ઉપાડી ગયું છે. તેમાંના એકે કહ્યું: આપણા ગામમાં પણ એવી એક વાત ચાલે છે કે એ તો આપણી રેલવેની સડકે થઈને, આપણી સીમમાંથી પસાર થઈ છે.

મેં કહ્યું: સાચું? આ વાત તમે ક્યાંથી સાંભળી? ચાલો આપણે અત્યારે જ તપાસ કરીએ. આમ અમારી ચર્ચા ચાલતી હતી ત્યાં તો આસપાસથી ૨૦-૨૫ ભાઈઓનું ટોળું

લેશું થઈ ગયું. અને પછી તો બરાબર ચર્ચા જામી. એક મત એવો પડયો કે જવાદોને આ પારકી પંચાત, પરાણે પલટાઈ કરવા જતાં ઉપાધી આવી પડશે.

બીજો મત એવો પડયો કે એ કામ તો પોલીસનું છે. આપણે જો કહેવા જઈએ તો ચોર કોટવાળને દંડે એવી સ્થિતિ આપણી થાય. ઊંડ પાણા પગ ઉપર એવી આફતમાં શા માટે પડવું ?

મેં કહ્યું : આમાં કંઇ આપણે ડરવાની જરૂર નથી. સત્યને કોઈ દિવસ આંચ આવતી નથી. તમે ગભરાશો નહીં. ખરેખર જો આપણે ભીમાડેથી ગયાં હોય એ વાત સાચી હોય તો આપણે તપાસ કરી જોઈએ. તમે કોઈ મૂંઝાશો નહીં. જે કંઈ જવાબદારી આવશે તે મારે માથે. પેલી દીકરીઓનાં મા-બાપની કેવી સ્થિતિ થઇ હશે એ તો વિચારો ? તેમને એમની દીકરીઓ પાછી મળશે તો એ કેટલાં બધાં રાજી થશે ! માટે મારા કામમાં સાથ આપવામાં કહી ગભરાવું નહીં.

મારી વાતથી જુવાનિયાઓમાં કંઈક હિંમત આવી હોય તેમ લાગ્યું. તેમાંના બે તૈયાર થયા તેમણે કહ્યું ચાલો ત્યારે અમારી સાથે. મારી સાથે અમારા ગામના મુખી જોડાયા. અમને તેઓ જુવાનિયા બરવાડાવાસમાં લઈ ગયા.

વાત એમ બનેલી કે બરવાડાવાસની એક દસ-બાર વર્ષની છોકરી [illegible] ગયેલી. અમારે ભીમાડેથી [illegible] એક [illegible] એક [illegible] અને [illegible] [illegible] [illegible]

હતો. આ ત્રણે બાળાઓ એક કપડા ઉપર સૂતી હતી. તે ગુપચૂપ વાતો કરતી હતી. મારી મા મને સંભારતી હશે, તારી મા પણ રોતી હશે. આ સાંભળી ભરવાડની દીકરીએ તેમને માથેથી કપડું ઊંચકયું અને તેમના ચહેરા જોઈ લીધા. તેને પાકો વહેમ પડયો. વાઘરણે આ જોઇ લીધુ એટલે પેલી ભરવાડની દીકરીને ધમકાવીને કપડું ઓઢાડી દીધુ. ભરવાડની દીકરી ત્યાંથી ચાલી ગઈ. થોડે દૂર એક ડોસો પણ વાછરું ચારતો હતો. તે અમારા ગામનો જ હતો. પેલી દીકરીએ કહ્યું : દાદા, પેલી જાળ નીચે વાઘરી જેવાં કોઈકની દીકરીઓને લઇને જાય છે. ડોસાએ કહ્યું : મેલ્યને લપ, આપણે શું? ડોસાએ પણ ધ્યાન આપ્યું નહીં. પણ પેલાં વાઘરી થેની ગયાં અને એમણે ત્યાંથી ચાલતી પકડી. આ વાતને દિવસ ત્રણ વીતી ગયા.

અમે ભરવાડવાસમાં જઈને દીકરીને બોલાવી. દીકરી કંઈ બોલી નહીં. તેની મા આવ્યાં. તે બોલ્યાં : ફૂલજીભાઈ, જવા દોને વાત, આ તો છોકરું કહેવાય. એની વાત ઉપર શો ભરોસો? એમ કહીને એણે વાતને ટાળી.

પણ હું સમજી ગયો. મેં કહ્યું: તમે વાતને છુપાવવા માગો છો. તમારા મનમાં બીક છે કે પોલીસની કનડગત થશે. દીકરીનો અવતાર. તેને કોર્ટ કચેરીએ ધક્કા ખવડાવે અને હેરાનગતીનો પાર નહીં. બોલો સાચું?

તો કહે હા, વાત તો સાચી જ. અમે મહેનતુ માણસ. થાણે ધક્કા ખવડાવે તો કોણ ખાય?

મેં કહ્યું : હું બેઠો છું.દીકરીનો વાળ વાંકો નહીં થવા દઉં. તમારી દીકરી તે મારી દીકરી, ગામની દીકરી છે. અને ધક્કો ખાવો પડે તો પૈસાની ચિંતા ન કરો. એ બધી

જવાબદારી હું લેવા તૈયાર છું પણ તમે મને બધી હકીકત સાચે સાચી કહો. એની માને ભરોસો બેઠો. તેણે દીકરીને બોલાવી અને આગળ મેં જણાવી તે બધી હકીકત કહી.

મેં દીકરીને પૂછયું: આ વાત તું મને કહે છે તેમ પોલીસવાળા પૂછે તો કહીશ?

ત્યાં એની મા બોલી ઊઠી: ના, ભાઈ! અમારે એ પંચાતમાં પડવું નથી. માટે આ વાત જ પડતી મૂકો ને! જે જેના ભાગ્યમાં હશે તે ભોગવશે. આવી ઝંઝટમાં અમને નાખશો નહીં', એમ કહેતાં કહેતાં તો તેમની આંખોમાં ઝળ ઝળિયાં આવી ગયાં. મેં કહ્યું: સાંભળો, આ આપણી દીકરીને કોઈ ઉપાડી ગયું હોત તો આપણને કેવું થાત? તમે દીકરીનાં મા છો. માટે વિચાર કરો. એના મા-બાપ ધાન નહીં ખાતાં હોય અને આપણે બીકનાં માર્યાં વાત જાણીએ છતાં જાહેર ન કરીએ અને બેસી રહીએ એ કેવું?

મા બોલ્યાં: મારી દીકરીએ તો સાંજે આવીને તરત જ મને બધી વાત કહી હતી. પણ મને બીક લાગી એટલે અમે વાત ક્યાંય ના ફેલાવી.

મેં કહ્યું: તમે કેટલી મોટી ભૂલ કરી! આપણા ગામને મોમાટેથી વધ્યાં ગયાં એ વાતને ત્રણ ત્રણ દિ થઈ ગયા. જો તરત ખબર આપી હોત તો આપણે ઘોડાં દોડાવત ને! દીકરીઓ મળી જ રહેત. તેમનાં માવતર રાજી થાત અને ગામની શોભા વધત, ચાલો ભગવાનની ઈચ્છા.

ભરવાડની દીકરીએ જે ડોસાને વાત કરી હતી તેમનું નામ અરજણ ભરવાડ. ઘેર આવીને મેં તેમને મારે ઘેર બોલાવ્યા અને પૂછયું કે આ દીકરીએ વાત કરેલી તે સાચી? તો કહો દા ત્યારે તમે કેમ ના ગયા?

રામા કહે, સાચું કહું ? આ શાકવાળા આટલી ઉંમરે એ ટુંકારામાંથીયે ન જાય રે. ધાકધપાટ કરે અને આપણી રોકમાં ટાંટિયા ભરાવે. એ બીકે મેં ઉતાવળે કહ્યું, મેલ માથાકૂટ અને અમે સાંજે વાછરું લઈને ઘેર આવી પૂગ્યા. તમારા જેવાને વાત કરી હોત તો સારું થાત. પણ અમારા ભરવાડભાઈની નજર ટૂંકી. તેથી હું ડર્યો.

અને બે ભાઈઓ સાંજે વાળુ કરવા બેઠા. ગગા નાનાભાઈ પોકુભાઈએ વાળુ કરતાં કરતાં વાત શરૂ કરી કે, ભાઈ! પરમ દિવસે હું મગનલાલની દુકાને બેઠો હતો ત્યાં વેજાવદરનો કુકશો વાઘરી ડુંગળી લેવા આવ્યો હતો. તેને મેં પૂછ્યું: કેમ કુકશા! તે ઓગ્યો, સારૂં. મેં કહ્યું: અત્યારે કયાંથી? તેણે કહ્યું: મજૂરી કરવા આવતા, સીમાડે ઊતર્યાં છીએ. શાક લેવા આવ્યો છું એમ કહીને ડુંગળી લીધી. મેં ઘેર આવવાનું કહ્યું. પણ તે આવ્યો નહીં, કહે મારે ઉતાવળ છે. મને લાગે છે કે આ દીકરીઓને લઈ જનાર આ કુકશો તો ના હોય?

આ કુકશો વાઘરી જસદણ-વીંછીયા પાસે વેજાવદર ગામમાં રહેતો. અમારે ભાલમાં જ્યારે ઘઉંની કાપણી હોય ત્યારે બહારથી મજૂરો લાવવા પડે. એ રીતે આ કુકશો ચારેક વર્ષ પહેલાં અમારા ગામમાં તેની ટોળી લઈને ઘઉં વાઢવા આવેલો. અને અમારા ઘઉં વાઢેલા. તેથી મારા પોકુભાઈ તેને ઓળખે.

અમે વાળુ કરીને બહાર બજારમાં આવ્યા. સૌ ભેગા થયા. ભરવાડ પાસેથી પેલી જગ્યાની બરાબર એંધાણી લીધી. રાત અંધારી હોવાથી ફાનસ લઈને બે જણ પેલી જગ્યા તપાસ કરવા ગયા. ડુંગળીનાં ફોતરાં પડયાં હોય તો કુકશો સાચો. તપાસ કરવા ગયેલા ભાઈઓ તપાસ કરીને આવ્યાં. વાત કરી હતી તે ઠેકાણે ચૂલો હતો અને બાજુમાં ડુંગળીનાં

ફોતરાં પણ પડયાં હતાં. અમારી કલ્પના મજબૂત થઈ. હવે આગળ શું કરવું ? અમે છોકરીઓને તો ઓળખતા નહોતા. પણ પગેરું સાચી દિશાનું છે એટલી મનમાં ખાતરી થઈ. એટલે થયું કે આની જાણ ખંભાત કરીએ. જેથી નકામા ધોડા ન કરે. પણ ખંભાતમાં અમે કોઈને જાણીએ નહીં, વેડી દીકરીઓનાં મા-બાપનાં નામ પણ નહીં. પણ ત્યાંના સ્વામિ નારાયણના આચાર્ય મયાતીતાનંદજી બહુ પવિત્ર અને પ્રખ્યાત છે. તેમનું નામ સાંભળેલું. તેથી અમે તેમના ઉપર તાર કરાવ્યો કે દીકરીઓ આ બાજુના વિસ્તારમાં ગઈ હોય એવી ભાળ મળી છે.

બીજી બાજુ એવો વિચાર કર્યો કે ગમે તેમ કરીને આપણે કુકલાને પકડવો. પણ એને કયાં પકડવો ! તેમ છતાં બે માણસ લીંબડી મોકલ્યા, બે માણસ રાણપુર મોકલ્યા.

અમારો તાર મહંતશ્રીને મળી ગયો હશે. તેમણે ખબર આપી. એટલે રાતની શટલમાં બે પોલીસ, એક હોમ ગાર્ડ્ઝ અને દીકરીઓનાં સગાંવહાલાં અમારા વેવાઈને તેડીને આશરે ચાલીસ માણસ જ્વારજ આવ્યું. તે લોકોની એવી સમજ હતી કે દીકરીઓ મળી ગઈ છે. તેમનાં મા-બાપે ચાર પાંચ દિવસથી ધાન ખાધેલું નહીં. અમે તેમને બધી વિગતવાર માહિતી કહી. પણ દીકરીઓને ન જોતાં એ બધાં નિરાશ થયાં. મેં કહ્યું આમ હિંમત હારી ન જાઓ. આપણે પૂરેપૂરો પુરુષાર્થ કરીશું ને દીકરીઓ મેળવીશું. માટે તમે બધા વાળુ કરી લ્યો. તેઓ જમવા તૈયાર થાય નહીં. મેં આગ્રહ કરીને તેના પિતા વગેરેને જમાડયા. મોડી રાતે સૌ સૂતાં.

સવારે ઊઠીને બધાએ ભેગા મળીને વિચાર કરવા માંડયો. અમે કહ્યું : તમે આ પ્રદેશના ભોમિયા નહીં એટલે બધાનો ખપ ગાજે નહીં પડે. માટે તમારામાંથી ચાર જણ રહો. બાકીના

ખંભાત જાઓ અને આપણે અહીંના માણસો મારફતે તપાસ ગોઠવીશું.

સોળ માણસોની ચાર ટુકડીઓ પાડી. અને જ્યાં જ્યાં અમને શંકા હતી, જ્યાં આ વાઘરીઓનો પગરવ હતો ત્યાં જવાનું ગોઠવ્યું.

પણ ખંભાતથી પોલીસ આવી હતી. તેણે કહ્યું: પેલી ભરવાડની દીકરીને બોલાવો. અમારે તેનો જવાબ લેવો પડશે. અમારે દફતરે ફરિયાદ નોંધાણી છે. માટે અમારે જવાબ વગર નહીં ચાલે.

મેં તેમને ધીરા પાડયાં કે દીકરી જવાબ નહીં આપે અને હજી બાજી બધી ગોઠવાતી જાય છે ત્યાં જ વીખરાઈ જશે. માટે જવાબ લેવાનો આગ્રહ છોડી દો.

તો કહે, પણ અમારા માટે તો નોકરીનો સવાલ છે. બાતમી મળ્યા પછી અમે જવાબ ન લઈએ તે કેમ ચાલે? અમારા ઉપરી અધિકારી અમને ઠપકો આપે. આ તો નોકરીનો સવાલ છે.

મેં કહ્યું: તમે મારા ઉપર ભરોસો રાખો. એક વખત આપણે દીકરીઓને શોધી કાઢીએ. પછી તમારે જેટલા જવાબ જોઈતા હશે તે બધા અપાવીશ. એ લોકોએ મારે વિશ્વાસે બધી વાત કરી છે. જવાબ લેવા જતાં તમારી તેમને બીક હતી તે સાચી ઠરશે. તમને ઊની આંચ નહીં આવે. માટે ચિંતા ન કરશો. અને તમ તમારે ખંભાત જઈને તમારા અધિકારીને બધી વાત કરજો.

મારી વાતથી હોમગાર્ડના ભાઈ પ્રભાવિત થયા હોય તેમ લાગ્યું. તેઓ રોકાયા અને અમારી સાથે આવ્યા. તેમનું નામ ભગવતી, જ્ઞાતિએ બારોટ, પણ બહુ ચપળ અને હોશિ-

ચાર માણસ. અમારી એક ટોળી બોટાદ થઈને જસદણ ગઈ. તેમાં ભગવતીભાઈ સાથે હતા. જસદણથી એક ટ્રક ભાડે બાંધી વેળાવદર આવવા નીકળ્યા. ગામથી થોડે દૂર ટ્રક ઊભી રાખી ને બે જણ કુકલાની તપાસ કરવા ગયા.

ગામમાં પેસતાં એક કુંભારનો જુવાન દીકરો મળ્યો. તેને પૂછ્યું: કુકલો ઘેર મળશે?

કુંભાર બોલ્યો: ઊભા રહો, શું કામ છે?

અમારા માણસોએ કહ્યું: અમારે મેળે જવું છે. બોટાદથી આવીએ છીએ. મારગ ભૂલ્યા છીએ. કુકલાને અમે ઓળખીએ છીએ. તેથી ભોમિયા તરીકે ભેળો લેવો છે.

કુંભારના છોકરાએ કહ્યું: હું તેની સાથે બોલતો નથી. છેટેથી તેનું ઘર બતાવું. બે ત્રણ દિવસથી જ આવ્યો છે. માણસ બહુ સારો નથી. છોડીઓ ઉપાડીને વેચવાના ધંધા કરે છે. મારી એક બાર તેર વર્ષની બહેનને એની વહુ થોરનું દૂધ આંખમાં આંજીને લઈ ગઈ છે. હજુ પત્તો નથી. મોટે ભાગે તે બહારગામ ફરતો હોય છે. કોઈ દાણ આપે તો રાત્રે આવી ઘાસની ગંજીમાં કે ઘરમાં દીવાસળી મૂકે. એવા માણસનું કોણ નામ લે? જુઓ, તમારે જવું હોય તો ભલે, પણ ભાઈસાબ, મારું નામ ન લેતા. પેલું ઘર એનું.

ભગવતી અને બે ભાઈઓ ટ્રક પાસે રહ્યા. બે ભાઈઓ તેને ઘેર ગયા. કુકલો ઘરમાં સૂતો હતો. અવાજ પારખી તે બહાર આવ્યો. ખાટલો લેવા અંદર ગયો. અમારા માણસોએ વાત કરી કે અમે રસ્તો ભૂલ્યા છીએ, અમારી પાસે ટ્રક છે. તું અમને બાબરાના મેળાનો રસ્તો બતાવ. તેણે કહ્યું: મારી આંખો આવી છે. છતાં ચાલો, એમ કહીને તે આવ્યો. પણ ટ્રક પાસે હોમગાર્ડને જોતાં જ વહેમ પડયો ને જવારજને

શીમાટે પેલી બરવાળાની છોકરીની વાત યાદ આવી હશે. તે મૂંઝવાણો અને આનાકાની કરવા લાગ્યો. કહેવા લાગ્યોઃ મારી સલમ લઈને આવું. ત્યાં અમારા માણસો અને ભગવતી ફરી વળ્યા અને તેને ટ્રકમાં બેસાડયો. બોટાદ આવ્યા. રાત્રે તેને મનાવવા પોલીસોએ તજવીજ કરી તેણે કહ્યું: મને ફુલજીકાકા ભેગો કરો. તેમને હું બધી વાત કરીશ. મને ધોલ ધપાટ કરશો નહીં. એમ કહીને તેઓ ગાડીએ ગેશી ધંધુકા ઊતર્યા.

હું કાંઠા વિસ્તારના ગામોમા ગયો હતો. ત્યાંથી મુનિશ્રી સંતબાલજીનું ચાતુર્માસ ભડિયાદ ગામે ચાલતું હતું ત્યાં રાતે આવી સૂતો હતો.

સવારમાં ધંધુકાથી ટેકસી લઈને બે ભાઈઓ મને તેડવા ભડિયાદ આવ્યા. તેમણે કહ્યુઃ ફુકલાને લાવ્યા છીએ. તે ધંધુકા સ્ટેશને છે. તમે ચાલો. અમે મહારાજશ્રી સંતબાલજીની સલાહ સૂચના અને આશીર્વાદ લઈ ઉપડયા.

ધંધુકા ખંભાતના બે પોલીસો, ભગવતી, અમારા ચાર માણસો અને ફુકલાને મેં જોયો. ફુકલાએ મને જોયો એટલે મારી પાસે આવી રડવા લાગ્યો અને કહેવા લાગ્યો: ફુલજી-કાકા, આ તમારા માણસો મને મારે નહીં. હું તમને સાચે સાચી વાત કહી દઈશ એમ કહીને મને એક બાજુ લઈ ગયો. મારી સાથે મારા વેવાઈ રામાભાઈ હતા. અમે બન્ને અને ફુકલો એક તરફ ગયા. મેં ભગવતીને ઈશારો કર્યો કે સાવધાન રહેજો. શિકાર છટકી ન જાય.

ફુકલાએ વાત શરૂ કરી:

ફુલજીકાકા, દીકરીઓ અમે લાવ્યા છીએ તે વાત સાચી છે. મારી બૈરી કેસર દીકરીઓને લઈને દિલ્હી ગઈ છે. હું બોટાદના સ્ટેશનેથી ઘેર આવ્યો. મારી આંખો આવી હતી. આ વાત તદ્દન સાચી છે.

અમે તો વિચારમાં પડી ગયા. કયાં દિલ્હી ને કયાં વેળાવદર! આ વાઘરી આપણને છેતરવા ખોટું બોલતો લાગે છે. અમને શંકા થઈ. મેં કહ્યું : સાચે સાચું કહેજે હો કુકલા, તારી દિલ્હીની વાત અમને સાચી લાગતી નથી. તું અમને આડે માર્ગે વાળી છોકરીઓને ગુમ કરવા માગે છે. પણ અમે તને છોડવાના નથી, એ નક્કી જાણજે.

મને થયું: આ આખો પ્રસંગ બન્યો કેવી રીતે તેના ઊંડાણમાં જવું જોઈએ. એટલે મેં તેને આખી વાત પ્રશ્નો પૂછીને કઢાવી. તેનો સાર અર્ધ નીચે આપું છું.

હું ને મારી બૈરી કેસર મજૂરીએ ખંભાત ગયેલાં ખંભાતમાં ગવારા પાસે ખાંધીયાપરા પાસે એક તળાવની પાળ ઉપર અમે ઊતરેલાં. મારી બૈરીને તો તમે ઓળખો છો. બહુ ચાલાક છે. આ ત્રણે દીકરીઓ તળાવની બાજુના રસ્તા પર થાળીઓ લઈને વાસણ માંજવાની વેજુ લેવા આવી હતી. મારી બૈરી તેમને જોતાં તે તેના ખોળામાં આંબલીના કેર લઈને છોડીઓ પાસે ગઈ. છોડીઓને આપ્યો. તેમણે વધુ માગ્યો મારી બૈરીએ કહ્યું, ચાલો મામી પાસે તમને વધુ આપું. દીકરીઓ પોતપોતાને ઘેર થાળીઓ મૂકીને પાછી આવી. મારી બૈરી અમે જ્યાં ઊતર્યાં હતાં ત્યાં દીકરીઓ લઈને આવી. મને ઈશારો કર્યો હું ચાલતો થયો. તે કેર અપાવવાને બહાને દીકરીઓને લઈને ચાલી. ગવારા આગળ થઈને સડક ઉપર આગળ લઈ ગઈ. મારી બૈરી આંબલી ઉપર ચઢીને કેર પાડવા લાગી. છોડીઓ લાલચમાં સાથે રહી. ત્યાં અંધારું થવા આવ્યું. સાંજ પડી ગઈ. અમે આંબલીના ઝાડ વટાવી મોટે ગાડી હતી તેના પેટી ગયા. દીકરીઓએ પાછા વળવાનો પ્રયત્ન કર્યો. મારી બૈરીએ છરી બતાવી અને મારી નાખવાની ધમકી આપી. છોકરીઓ તો ચૂપ થઈ ગઈ. અંધારું બગાચર

છીએ. આમાં કોઈને ખબર ન પડે ત્યાં અમારા દલાલ છે. સણજીમંડીમાં અમારાં છાપરાં છે. આવો ધંધા તો કેટલાંયે વર્ષોથી ચાલે છે. આવી રીતે છોકરીઓને ફોસલાવવી એ તો રમત વાત છે. દીકરીઓ દિલ્હી ભેગી થઈ ગઈ હશે. હજુ વેચાણી નહીં હોય. ત્રણે દીકરીઓની આંખો આવી હતી.

મારાથી એકદમ પુછાઈ ગયું: ત્રણે દીકરીઓની એક સાથે આંખો કેવી રીતે આવી ગઈ!

એ તો અમે આંખમાં એવું આંજીએ કે તેમને ઝાઝું દેખાય નહીં, ઝાંખું ઝાંખું દેખાય. કોઈને બરાબર ઓળખી શકે નહીં. એ તો અમારી કળા છે.

મેં ભગવતીને બધી વાત કરી અને તેમની સલાહ પૂછી. તેમણે કહ્યું: ફુલજીભાઈ! આપણે કુકલાને લઈને દિલ્હી જઈએ. મોડું થશે તો વાઘરી કહે છે તેમ પસ્તાઈશું.

પણ પેલા પોલીસો અમારો કેડો મૂકે એમ નહોતા. એ કહે: હવે અમે કુકલાને ખંભાત ફોજદાર સાહેબ પાસે લઈ જઈએ. ત્યાં તેનો ગુનો નોંધાવ્યો છે એટલે જવાબ તો લેવો જ પડશે. છેવટે ભગવતી અને પોલીસો કુકલાને લઈને ખંભાત બાજુ ગયા. મેં કહ્યુ, જોજો આ મુદ્દામાલ ગુમ ન થાય! જો એક વખત ગુમ થયો તો પછી કુકલો, કેસર કે દીકરીઓ કોઈનાંયે મોઢાં જોવા નહીં પામીએ.

હવે દિલ્હીની વાત જોઈએ.

કેસર દિલ્હી પહોંચી ગયેલી. પણ લાંબી મુસાફરીમાં દીકરીઓ અસ્વસ્થ થયેલી, વળી તેમની આંખો હજુ બરાબર સુધરી નહોતી. છોકરીઓ પ્રમાણમાં મોટી હતી. એટલે કેસરને વધારે કિંમત મળવાની લાલચ. એણે વિચારેલું કે છોકરીઓ જરા સ્વસ્થ થાય પછી વેચીશું. અને અહીં તો એને કોના બાપની બીક હોય!

પણ માણસ ધારે કાંઈ અને કુદરત કરે કાંઈ. કેસરની જેમ બીજા વાઘરીઓ પણ આવા ધંધા કરે. તેમાં એક વાઘરી સૌરાષ્ટ્ર તરફની એક ભરવાડની દીકરી ઉપાડી લાવેલો. તે હશે તો ચૌદેક વર્ષની પણ એણે સારું ગજુ કાઢેલું. એક વેશ્યાને ત્યાં એનો દલાલ લઈ ગયો. એણે હજાર રૂપિયામાં માગણી કરી. પછી એ તો બીજે ઘેર, ત્રીજે ઘેર એમ ઘરાક શોધતો ફર્યો. વેચવા બેઠો એને શું? માલની કિંમત જ્યાં વધારે આવે ત્યાં જ વેચે ને! બીજી કે' બારસો, પંદરસો એમ ચડાવો કર્યો. પણ આગળની વેશ્યાએ પોતાનો લાગ જતો જોઈ તેણે પોલીસમાં એની બાતમી આપી દીધી, ફોજદારે સબજીમંડીમાં તપાસ શરૂ કરી. પણ પેલી ભરવાડની દીકરી કે દલાલ હાથ આવ્યાં નહીં. પણ તપાસ કરતાં કરતાં એક છાપરામાં એણે કેસર અને ત્રણ દીકરીઓને જોઈ. એને વહેમ પડયો. પૂછપરછ કરી. નામ પૂછતાં કેસર કહે, મારું નામ કાન્તા છે. મારો ધણી મરી ગયો છે. હું પાંચ છ વર્ષથી દિલ્હીમાં રહી દાતણનો ધંધો કરું છું. આ મોટી મારી બેનની દીકરી છે. આ બે નાની મારી દીકરીઓ છે. આ ખુલાસાથી ફોજદાર ચાલ્યો ગયો,

ફોજદારને રાતે ચેન ન પડયું. એને થયું કે નાની દીકરીઓ બંને ઉંમરમા એક સરખી જ લાગતી હતી. વળી આવી દીકરીઓ વાઘરણની હોય નહીં, એટલે બીજે દિવસે સવારે તેમણે ફરી તપાસ આદરી. કેસરે તો એ જ જૂનો જવાબ આપ્યો. તેણે કહ્યું: એ તો મારી જોડલાંની અવતરેલી છે. ફોજદાર બાળાઓને બાજુએ લઈ ગયા. છોકરીઓ કહે: અમને કંઈ ખબર પડતી નથી. આ લોકો અમને છેતરીને લઇ આવ્યાં છે. ફોજદારે કેસરને અટકમાં લીધી અને ત્રણે બાળાઓને ત્યાંના વિકાસગૃહમાં મોકલી આપી. આમ કુદરતી રીતે જ દિલ્હીમાં કેસર ઝડપાઈ ગઈ હતી.

અહીં બીજી તરફ પોલીસ કુકલાને ખંભાતની કોર્ટમાં રજૂ કરી, તેની જુબાની લઈ વધુ તપાસ માટે દિલ્હી લઈને આવી.

એ લોકો ત્યાંના પોલીસ અધિકારીને મળ્યા. બાળાઓની બાતમી મેળવી, તેમની રજાચિઠ્ઠી લઈ તે વિકાસગૃહમાં દીકરીઓને મળવા ગયા. વિમળાએ તેના મામા ભગવાનદાસને થોડીવાર પછી ઓળખ્યા અને તેમને બાઝી પડી ખૂબ રડી, બાળાઓનો પત્તો તો મળ્યો. પણ તેમને પાછી મેળવવા માટેની કાયદેસરની વિધિ બાકી હતી. કેસરને ખંભાતની પોલીસને સોંપવાની હતી. કેસર જેલમાં હતી.

મેજિસ્ટ્રેટ આગળ કેસરને રજૂ કરવામાં આવી. કેસર કબૂલ કરે જ નહીં. એ કહેઃ મારું નામ તો કાન્તા છે, આ મારો ધણી છે જ નહીં.

કુકલાએ જુબાની આપીઃ સાહેબ! અમારી વાઘરીની કોમમાં કાન્તા નામ હોતું નથી. આ મારી બૈરી કેસર છે. અમે સાથે જ ખંભાતથી છોકરીઓને ફોસલાવીને લાવ્યાં હતાં.

કુકલાના જવાબ ઉપર મેજિસ્ટ્રેટે કેસરને ખંભાતની પોલીસને સોંપી.

કેસર કેટલી બધી હિંમતબાજ! તેનો દાખલો આપતાં ભગવતી કહેતા કે અમે દિલ્હીના સ્ટેશને બધાં ચા પીતાં હતાં. ત્યાં કેસરે વાઘરીને લેવડાવ્યો. ફટ ભૂંડા. તું ખરો વાઘરી નહીં. આ તો તેં આપણી આખી ન્યાતના ધંધાને ઉઘાડો પાડયો. આના કરતાં તું મરી ગયો હોત તો હું બીજો વાઘરી શોધી લેત. પણ આ ધંધો તો ચાલત. તું માન્યો અને આ લોકોને દિલ્હી દેખાડી. સ્ત્રીઓમાં કેટલી હિંમત હોય છે! પણ તેનો ઉપયોગ અયોગ્ય સ્થાને થાય તો તે સમાજને એટલો જ પીડાજનક થઈ પડે છે.

દિલ્હીથી મુનિશ્રી ઉપર તાર આવ્યો કે આપના આશીર્વાદથી અને ફુલજીભાઈના પ્રયત્નથી બાળાઓ મળી ગઈ છે.

ખંભાતના નાગરિકોએ અમારું જાહેર સન્માન ગોઠવ્યું. મોટો મંચ ગોઠવી બાળાઓને બાંકડા ઉપર બેસાડી અને અમને સન્માનપત્ર આપ્યું.

સન્માન પત્ર

સ્વકર્તવ્ય નિષ્ઠ, શ્રીમાન રજપૂત શ્રી ફુલજીભાઈ શહાભાઈ
મુ. જવારજ

પરમ કૃપાળુ, દયાઘન પરમાત્માની અસીમકૃપાથી આપની પ્રેરણા દ્વારા ખંભાત શહેરના ખેડૂતોની ત્રણ અપહૃતા, કુમળી, ભોળી, નિર્દોષ બાળકીઓના ઠંડા આર્તનાદો આપના અંતઃકરણમાં અથડાયા. આપનામાં રહેલી માનવતા અને સ્વકર્તવ્ય-નિષ્ઠા જાગ્રત થઈ અને ખંભાતના દિશા ભૂલેલ માનવીઓને તાર દ્વારા સાચી દિશાનું સૂચન કર્યું; એટલું જ નહીં પણ આપે અમારી માસૂમ બાળકીઓની શોધ માટે માણસો, વાહનો અને અન્ય રીતે સાથ સહાય અને સહાયભૂતિભર્યો સર્વાંગી સહકાર આપ્યો છે તે બદલ અમે આપના ઋણી છીએ.

આપે માનવ સંસ્કૃતિનો આદર્શ રજૂ કર્યો છે તથા નિષ્કામ, નિઃસ્વાર્થ સેવા-ભાવના દ્વારા તપ અને પુરુષાર્થની આરાધના સાધી સિદ્ધ કરી છે. મૃત્યુની ખીણ જેવા જંગલના ડુંગરો વચ્ચેથી અપહૃતાઓના કાળને બંધનમાં જકડવામાં સાથ આપીને બાળકીઓ માટે આપે દેવદૂત સમું કાર્ય બજાવ્યું છે. જેના પરિણામ સ્વરૂપ દિલ્હી જેવા દૂરના સ્થળેથી ઘાતક પંજાઓમાં થઈ એ નિર્દોષ, માસૂમ બાળાઓને પ્રાપ્ત

કરવા રૂપ સફળતા મેળવી શકાઈ છે એ બદલ આપનો અને આપના સૌ સાથીઓનો આ તકે અંતઃકરણપૂર્વક આભાર માનીએ છીએ.

આપને સન્માનતાં અમોને ઘણો હર્ષ થાય છે અને માનવ-ધર્મની મહત્તાના માર્ગનું દિગ્દર્શન આપે કર્યું છે એ અમારી સ્મૃતિપટમાં સદાને માટે અંકિત રહેશે. એ સચરાચર પ્રેરણાદાયક, દયામૂર્તિ ભગવાન આપને, આપના કુટુંબને, સાથીઓને સ્વસ્થ અને દીર્ઘાયુ બક્ષે એવી અમારી નમ્ર પ્રાર્થના છે.

ખંભાત ખંભાતના અગ્રગણ્ય નાગરિકો

તા. ૧૦-૯-૧૯૫૧

નાખી નજર ન પહોંચે એટલી માનવમેદની એકઠી થઈ હતી. મારે માટે તો મારા જીવનમાં આવો પ્રસંગ પહેલ-વહેલો જ હતો. અમે તો ત્યાંની પ્રજાના પ્રેમમાં દબાઈ જ ગયા.

મારે આનો શો જવાબ આપવો ? મેં કહ્યું: ભાઈઓ ! તમે અમારું આટલું બધું આદરમાન કરો છો, પણ આ બધો પ્રતાપ સંતબાલજી મહારાજનો છે. તેઓ જૈનમુનિ હોવા છતાં અમારા પ્રદેશમાં તેમણે કેટલીયે પ્રવૃત્તિઓ શરૂ કરી છે. એ બધાના પાયામાં તેઓ અમને નીતિ અને માનવતાના પાઠ શીખવે છે. હું જૈન ન હોવા છતાં મુનિશ્રીની વાતોમાં મને રસ પડે છે. મેં સંદેશ વાંચ્યું. મને વિચાર જન્મ્યો અને જે કરવા જેવું હતું તે કર્યું. આમાં તો આપણા સહુનો સહિયારો પુરુષાર્થ ફળ્યો છે. ક્યાં ખંભાત, ક્યાં જવારજ, ક્યાં વેજાવદર, ક્યાં કુકલો અને ક્યાં કેસર ! દિલ્હી જેવા પાટનગરમાંથી બાળાઓનો મેળાપ, ડુંગળીનાં ફોતરાં ઉપરથી આખી વાતનું અનુસંધાન કરવાનું મનોબળ આપ્યું. તે કોણે

આપ્યું ! આ દીકરીઓને તેમના માબાપથી છૂટી પાડવાની કોઈની તાકાત ન હોતી. આટલી નાની વયે તેમને મુશ્કેલી ભોગવવાનું આવ્યું, પણ એ એમના આખા જીવનમાં અને આપણા સમાજમાં એક જાગૃતિરૂપ દાખલો બની જશે.'

પ્રસંગ તો શરૂઆતમાં તદ્દન નાનો હતો પણ નિઃસ્વાર્થ-ભાવે, કર્તવ્યભાવે કરી છૂટતાં તેનું પરિણામ કેવું ભવ્ય અને સુંદર આવે છે! અમને પણ એથી મોટી આસ્થા બંધાઈ.

સાંભળવા મળ્યું કે કેસરને એક વર્ષની જેલની સજા થઈ અને કુકલો નિર્દોષ છૂટી ગયો. આજકાલ કરતાં બાવીસ વર્ષ આ પ્રસંગને થઈ ગયાં. તેમ છતાં એ આખો પ્રસંગ હજુ પણ મારી આંખ આગળ તરવરે છે. અને તેમાં પણ એ બંને વાઘરીના બોલ:

કેસર કહેતી: ફટ્ ભૂંડા, તું વાઘરી નહીં, નહીં તો આખી નાતનો ધંધો ઉઘાડો પાડી આ દિલ્હીનો રસ્તો ન દેખાડત. આના કરતાં તો તું મરી ગયો હોત તો તારી ચૂડિયો ભાંગી હું બીજો વાઘરી ગોતી લેત.

કુકલો કહેતો: કાકા, મારી જબાન ઉપર ભરોસો રાખો અને ઝટ દિલ્હી ચાલો. નહીંતર દીકરીઓ વેચાઈ જશે અને હું ખોટો પડીશ.

બંને વાઘરી–પુરુષ અને સ્ત્રી–અને બંનેના શબ્દો જુદા.

એકની વાણીમાં પોતાના માની લીધેલા ખોટા ધંધાની, પોતાના સમાજની વફાદારી હતી અને બીજામાં ખોટું થયાનો પશ્ચાત્તાપ અને માનવનો ઈતબાર કે નહીં તેનું કંઈક દર્દ હતું.

જુગાર સામે જંગ

૭

મુનિશ્રી સંતબાલજીએ આ પ્રદેશને પોતાના કાર્યક્ષેત્ર તરીકે સ્વીકાર્યા પછી તેનું સામાજિક સુધારણાનું કાર્ય જોર-શોરથી શરૂ કર્યું હતું. તેમાં તેઓ પોતાના ચારિત્ર્યના બળથી સીધી અસર કરી માનવોનાં હૃદય પરિવર્તન કરે તે એક દિશાનું કામ અને બીજી બાજુથી તેઓ જુદી જુદી જ્ઞાતિનાં સંમેલનો બોલાવી તેની મારફતે સમાજસુધારણા કરાવતા. આનું પરિણામ એ આવ્યું કે લોકપાલ પટેલોમાંથી ચાલુ ઘર ભાંગીને લખણાં ફરી કરવાં, દિયરવટાં વાળવાં, વળતર લેવાં, સવેલાં ઉપાડી જવાં (પરણેતર સ્ત્રીને ઉપાડી જવી) આ બધાં અનિષ્ટો ઓછાં થવા લાગ્યાં. એ ઉપરાંત વ્યસન ત્યાગનો મોટો કાર્યક્રમ ચાલતો. તેમાં ચા, બીડી, પરમાટી, દારૂ વગેરે હાનિકારક દૂષણો ત્યજવાની ગામેગામ પ્રતિજ્ઞાઓ લેવાતી.

તેમ છતાં આ પ્રદેશમાં જુગારની બદી નાના પાયા પર, ગુપ્ત રીતે ચાલતી. તે જન્માષ્ટમીના તહેવાર આવતાં ગામેગામ ફૂટી નીકળતી. લોકોમાં એક ઉત્સવ હોય તેમ જુગાર રમાતો. માબાપો પણ એમ જ માને કે છોકરાં તહેવારોમાં રમે એમાં વાંધો શો? જે લોકોએ જુગાર નહીં રમવાની પ્રતિજ્ઞા લીધી હોય તે લોકો પણ આ બે દિવસની છૂટ રાખતા.

સામાન્ય જુવાનિયા બે પાંચ રૂપિયાની બાજી ખેલી આવે પણ જેના હાથમાં ઘરનો સંપૂર્ણ વહીવટ હોય એટલે કે માબાપ કે કોઈ વડીલ કહેનાર ન હોય એ લોકો મોટી રકમોની પણ હારજીત કરી બેસતાં. પરિણામે ચોરીનો ઉપદ્રવ છૂપી રીતે

ગામમાં પેસલો. આમ એકમાંથી બીજાં અનિષ્ટોને પ્રોત્સાહન મળતું. હારજીતમાં પછી પહેલાંના બે મિત્રો દુશ્મન બની જાય અને તેમાંથી ઘણા ગંભીર પ્રશ્નો ઊભા થાય. જુગારમાંથી જૂઠ અને ચોરી પાંગરે એમ સંતબાલજી અમને સમજાવતા, તે ખરેખર સાચું હતું.

આગલે વરસે જ બની ગયેલો અમારા ગામનો એક પ્રસંગ મારી નજર આગળ તરવરવા લાગ્યો. વાત એમ બનેલી કે એક ભાઈ જુગારમાં પૈસા હારી ગયો. એક હારે એટલે બીજો જીતે. જે જીત્યો તેણે પૈસા માગ્યા. પણ તેની પાસે પૈસા નહોતા. રોજ માગ્યા કરે પણ પૈસા કાઢે કયાંથી ? એક દિવસ એ ભાઈ બળદને પાણી પાવા તળાવે લઈ ગયો. ત્યાંથી પેલા જીતનારે બળદને વાળી લાવી પોતાને ઘેર બાંધી દીધા. હારનાર ભાઈને સાંતી જોતું હતું એટલે જમીન ખેડયા સિવાય છૂટકો નહોતો. છેવટે મોસમમા વ્યાજ સહિત પૈસા આપવાના જામીન આપી બળદ છોડાવી ગયો. હારજીતનું પરિણામ આવા કંઈક અનિષ્ટો સર્જે છે.

આ અંગે કંઈક કરવું જોઈએ એમ મને થયા કરે પણ શું કરવું તે સૂઝે નહીં. જન્માષ્ટમી આવી પહોંચી. રામજી મંદિરમાં કૃષ્ણ જન્મનો દિવસ ધામધૂમથી ઉજવાય. હું મંદિરમાં ગયો. જોયું તો સંખ્યા ઘણું ઓછી હતી. મેં પૂછયું, આજે ભજનમાં બહુ ઓછા આવ્યા છે કે શું ? એક ભાઈએ કહ્યું : 'આ પટખે ગંજીપાનાં ભજન ચાલે છે, મને થયું : આનો ઉપાય આજે જ કંઈ કરવો જોઈએ. અવસર ચૂકયા પછી ઊગેલુ ડહાપણ નકામું જાય છે. પણ કરવું શું ? મને થયું : સંતબાલજી 'મહારાજ એમના જીવનમાં ઘણી વખત જે તપ કરી બતાવે છે તે ઉપવાસ કરું ? જ્યારે આપણે ડહાપણની શીખામણ આપવા જઈએ ત્યારે સામેથી દલીલો કરે. આ ખેતી પણ જુગાર જ

છે ને ? તેમાં જમીન ખેડતાં અનેક જીવજંતુઓ માર્યા જાય છે. આ જુગારમાં પાપ તો નથી કરતા ને! હારજીતમાં તો નસીબમાં હોય તેનું પાનું પૂરે. આવી વિચિત્ર દલીલો કરીને પોતાનો બચાવ કરે. વળી છેલ્લાં કેટલાક વખતથી તો જન્માષ્ટમી શરૂ થયા પહેલાં જુગારની રમત શરૂ થઈ જતી. અને તે આંકડો ક્યારેક તો સેંકડો સુધી પહોંચી જતો.

રાત્રે કૃષ્ણ જન્મની આરતી ટાણે બધા દર્શન કરવા ભેગા થયા. મંદિર આખું ભરાઈ ગયું. સંખ્યા સારી થઈ. આરતી પૂરી થઈ. પ્રસાદ, ચરણામૃત લઈ, દર્શન કરી સૌ ઘેર જવાની ઉતાવળમાં હતાં. મેં સૌને રોક્યા. ઊભા રહો મારે તમને બે શબ્દો કહેવા છે: આપણા મંદિરમાં સાતમઆઠમના ઉત્સવે માણસ સમાતું નહીં. બહેનો ગાણાં ગાતી, ભાઈઓ ભજન ગાતા, વૃદ્ધો સાંભળતા, બાળકો નાચતાં કૂદતાં, અને એક આનંદમય વાતાવરણ સર્જાતું. પણ જ્યારથી આપણા ગામમાં જુગારનો પ્રવેશ થયો છે. ત્યારથી આનંદ ઓછો થયો છે. હાજરી ઓછી થતી જાય છે. સૌ ઉપવાસ શ્રદ્ધાથી કરે છે પણ જન્મ ટાણે આરતીનાં દર્શન કરવા જ ફક્ત આવે છે, અને ફરી પાછા જુગાર રમવા માંડે છે. આપણા ગામમાં આખી વસ્તી રજપૂતોની છે. આપણી શરમે ભરમે કોઈને કહેતા નથી. માવતર પણ આંખ આડા કાન કરે છે, કે છોકરો ભલે બે દા'ડા રમે. છોકરા બે પૈસા જીતશે તો ઠીક છે નહીં તો રાજી તો થશે. છોકરાંને પણ હૈયાધારણ છે કે આપણા માબાપ આપણને વઢશે નહીં અને જેને કોઈ કહેનાર કે પૂછનાર નથી, હિસાબ આપવાનો નથી તેને હાર થાય કે જીત થાય તેને શો વાંધો? માટે આ બાબતનો વિચાર કરવા તમને સૌને મેં રોક્યા છે. ગયા વરસનો બનેલો દાખલો તાજો કર્યો. પછી કહ્યું: બન્યું કંઈ અને તેનું પરિણામ કેવું આવ્યું અને?

કોઈ બોલ્યું નહીં. એટલે મેં ફરી મારી વાત આગળ ચલાવી. આ ભાઈઓને રમવાની ઉતાવળ લાગે છે. એટલે કોઈ બોલતું નથી લાગતું. ફરી પાછી મેં બે પાંચ મિનિટ રાહ જોઈ. આનો કોઈ ઉકેલ બતાવે છે? પણ પાછી એની એ જ શાંતિ. મેં કહ્યું: જુઓ ત્યારે આજે કૃષ્ણજન્મનો પવિત્ર દિવસ છે. વળી સ્થળ પણ મંદિર છે. આજે મેં પણ જન્માષ્ટમીનો ઉપવાસ કર્યો છે. મારો અંતરાત્મા કહે છે કે મારે પારણું ન કરવું. હું આવતી કાલથી બીજા પણ બે ઉપવાસ કરીશ. આ જુગાર વિષે તમે બધા વિચાર કરીને મને જવાબ આપો. આ આપણા ગામનું એક લાંછન છે. એને માટે આપણે કંઈક વિચારવું તો પડશે ને?

ટોળામાંથી એક ભાઈ આગળ આવીને કહેવા લાગ્યા, તમારી વાત સાચી છે. હું પણ તમારી જોડે ઉપવાસ કરીશ.

મારે હવે ઝાઝો વખત બધાને રોકવા નહોતા. સૌ પોતપોતાના ઘર ભણી વળ્યા. અને હું પણ મારે ઘેર આવીને સૂઈ ગયો.

બીજે દિવસે સવારે ઊઠી, પ્રાર્થના વગેરેથી પરવારી હું વાંચતો હતો ત્યાં દશેક જુવાનિયા આવ્યા. કહેવા લાગ્યા, કાકા! તમે ઉપવાસ છોડી દો અને પારણું કરો. અમે આજથી જુગાર નહીં રમવાની પ્રતિજ્ઞા કરીએ છીએ.

મેં કહ્યું: રમોને! શા માટે રમવાની ના પાડો છો!

તે બોલ્યા: તમે ઉપવાસ કરો ને અમે રમીએ તે અમને સારું લાગતું નથી.

મેં તેમને મારી પડખે બેસાડ્યા. તેમને કહ્યું, મારા ઉપર તમારો પ્રેમ છે અને એ લાગણીથી પ્રેરાઈ તમે પ્રતિજ્ઞા લો છો એ ઠીક છે પણ તમારી પ્રતિજ્ઞા ટકશે ખરી? તમારા મનમાં એ વસ્તુ જ્યાં સુધી ઊગે નહીં કે જુગાર એ

માને તેને ભેગા થઈને કહીશું. આખા ગામની ઉપરવટ થઈને આવા ખોટા કામમાં કોઈ નહીં પડે. આ તો દેખાદેખીથી રમે છે. માટે આ દૂષણ વધે છે. પછી તો રમનારને પણ શરમ લાગશે, મારું ખોટું દેખાશે. આમ સામાજિક દબાણ લાગશે અને દરેક જ્ઞાતિમાં તેની અસર થશે.

સૌ ઊઠયા. ગામને લત્તે લત્તે ફર્યા. રજપૂત, કણબી, ભરવાડ, બ્રાહ્મણ, હરિજન વગેરેના લત્તાઓમાં ફરીને બપોર પછી ચોરે આવ્યા, દરેક જ્ઞાતિના આગેવાનો આ અટકાવવા એકમતે તૈયાર થયા અને પોતપોતાના મહોલ્લાની જવાબદારી ઉપાડી લીધી.

પણ એક સવાલ આડો આવ્યો. ખેતીના કામ માટે છ માસિક, બાર માસિક સાથીઓ રાખવા પડે છે. આ સાથીઓમાંના કેટલાક બહારગામના હોય છે. તેમને પણ આ જુગાર રમવાની ટેવ હોય છે. હવે એને આપણાથી ના શી રીતે પડાય ? ના પાડીએ તો નાસી જાય. લ્યો આ તમારી ખેતી, તો આપણી ખેતીનું કામ બગડે. વળી એને પહેલેથી પગારના પૈસા પણ આપવા પડતા હોય છે તે જાય. એટલે પૈસા પણ જાય અને ખેતી બગડે. બીજો માણસ તાત્કાલિક મળે નહીં. એટલે આવા માણસોની જવાબદારી શી રીતે લેવાય ?

. મેં વિચાર કરીને કહ્યું : આપણે ગામના પ્રશ્નો ઉકેલવા બેઠા છીએ તો આટલો નાનો પ્રશ્ન નહીં ઉકેલી શકીએ ? તમે કોઈ ગભરાઓ નહીં. એની જવાબદારી તમારા કોઈની નહીં, બહારગામના માણસોની જવાબદારી મારે માથે, પણ સાથે સાથે મારી બે વાતો સાંભળો. એક તો જ્યારે આપણે માણસ રોકીએ ત્યારે તેની સાથે શરત કરવી પડશે કે

અમારા ગામમાં જુગારબંધી છે એટલે તારાથી જુગાર નહીં રમાય, જેને ત્યાં તે આપી રહે છે તેના ઘરના છોકરાઓનો તેને શ્રીપા કે આકરનો ટેકો હોય છે તે આપણે એનું પડશે અને છતાં રમાશે તો હું સમજાવવા જઈશ, પણ જેને કહું, એના વાલીવારસના હોય તેમણે મારી સાથે આવવું પડશે. આટલું કરીશું તો મને લાગે છે કે આ પ્રશ્ન ઊભો જ નહીં થાય અને થશે તો તરત જ નિરાકરણ આવી જશે. કોઈનું બેનીનું કામ રખાવવું નથી, પૈસા પણ ખોટા કરાવવા નથી, પણ દિલમાં પાપ રાખીને વાત કરશો તો આપણને જ એ પાપ નડશે.

આમ અમારી ચર્ચા ઠીક ઠીક ચાલી હતી. અને સૌના મનમાં આ દૂષણ કાઢવાની તત્પરતા દેખાતી હતી. છેવટે બધાંના હૃદયમાં જાણે ભગવાન કૃષ્ણનો જન્મ થયો. બધા એકી અવાજે બોલી ઊઠ્યા : આવું થાય તો આના જેવું બીજું રૂડું શું ? છેવટે ફળિયાવાર જવાબદારી લેનારનાં નામો નક્કી થયાં અને પારણાં કરી લેવાની વિનંતી થઈ.

અમે બંને બાઈઓએ—જેમણે ઉપવાસ કર્યા હતા તેમણે-મોહનકાકાને હાથે લીંબુનું પાણી લઈ પારણાં કર્યાં. સૌને શાંતિ થઈ. પછી તો વાતો નીકળી. આ બહુ સારું થયું. જુવાન છોકરા માનતા નહોતા, કહેવા જતાં દુઃખ ઊભું થતું હતું. આ બધી સફાઈ થઈ ગઈ. હવે તો અમે જ અમારી જાતે છોકરા નહીં માને તો જાહેર કરીશું અને ઉપવાસ કરીશું. એટલે આપોઆપ ઠેકાણે આવી જશે.

કોઈપણ અનિષ્ટ ત્યારે જ ટકી રહે છે જ્યારે તેને આપણો ટેકો હોય છે. ટેકો ન મળે એટલે દૂષણ આપોઆપ ચાલ્યું જાય છે. આપણે તેને વળગ્યા હતા. હવે આપણે છોડી દઈશું

એટલે તે આપોઆપ જ ગામમાંથી નાસ્યું જશે. આપણે ઊંડવટથી વિચારીશું તો એકેએક દૂષણને કાઢવાનો આ જ માર્ગ છે. આપણે જાગૃત રહી નિઃસ્વાર્થ ભાવે પુરુષાર્થ કરતા રહેવું જોઈએ. દરેક ગામના આગેવાનો આટલી વાત સમજે અને તે પ્રમાણે અમલ કરે તો ગામડાંઓ ખોટાં દૂષણો અને વ્યસનોમાંથી બચી જાય.

છેવટે અમે સમૂહ પ્રાર્થના કરી છૂટા પડ્યા.

ધર્મ અમારો એક માત્ર એ સર્વધર્મ સેવા કરવી,
ધ્યેય અમારું છે વત્સલતા વિશ્વમહીં એને ભરવી.

અમારી જન્માષ્ટમી સફળ રીતે ઉજવાઈ.

[illegible] પદ્ધતિનો [illegible] અનુભવ

૮

[illegible] તેમાં [illegible] પદ્ધતિ [illegible] જ્યાં [illegible] અને [illegible]

[illegible] અને [illegible] ૧૩૨ [illegible] ૬૦ [illegible] ૧૦૦ [illegible]

પછી આવા ખેડૂતો ગણોતિયા બન્યા. તેમની પાસેથી ગણોત પણ ગણોતધારા (ટેનન્સી એક્ટ)માં નક્કી કરેલા ધોરણે જ લેવાનું હતું. તેમાં કેટલાક નાના જમીનદારો ગણોતિયા પાસેથી વધુ ગણોત લેતા ઉપરાંત જમીનમાં ગણોતિયાનો હક ન રહે અને જમીન છૂટી થાય એ માટે જાતજાતની તરકીબો અજમાવતા. જ્યાં જ્યાં આવા પ્રસંગો ઊભા થતા ત્યાં ત્યાં ખેડૂત મંડળે વચમાં પડવું પડતું. ખેડૂત મંડળ નૈતિકતાની સાથેસાથે સાધનશુદ્ધિનો પણ આગ્રહ રાખતું. સારા હેતુ માટે પણ અશુદ્ધ સાધનનો ઉપયોગ ન થાય એમ અમને સંતબાલજી વારંવાર સમજાવતા. આવા પ્રસંગોમાં માલિક અને ગણોતિયા વચ્ચે ઘર્ષણ થાય તે સ્વાભાવિક હતું. ખેડૂત મંડળ ગણોતિયાના હિત માટે છે એમ જમીન માલિકો માનતા. કારણકે મોટે ભાગે અન્યાય તો ગણોતિયાને જ થયો હોય તેથી ખેડૂત મંડળને જમીનના માલિકને જ કંઈ કહેવાનો અને કરવાનો વખત આવતો. આથી માલિકોમાં એવી માન્યતા હતી કે ખેડૂત મંડળ આપણું હિત જુએ જ નહીં.

એવામાં એક ગરાસદારનો પ્રશ્ન ખેડૂત મંડળ પાસે આવ્યો. પોતાની માલિકીની જમીન ઉપરાંત તે ગણોતિયા તરીકે બીજાની જમીન પણ ખેડતા હતા. તે ગીરાસદાર ભાઈને અન્યાય થયેલો. ખેડૂત મંડળ તો સત્ય શું છે તેના ગુણદોષ ઉપર જ વિચાર કરતું. પ્રશ્ન એવો હતો કે તે ગીરાસદાર ભાઈએ મુનિશ્રી સંતબાલજી પાસે આવીને પોતાની હકીકત રજૂ કરી. હું ગીરાસદાર છું. મારા ગામમાં મારી પાસે ભાઈઓ ભાગમાં આવેલી ફક્ત ૩૫ એકરથી પણ ઓછી માલકીની જમીન છે. મારી પાસે ઓછી જમીન હોવાથી મારા પડોશી ગામના એક મોટા ગીરાસદારની જમીન પણ હું ખેડું છું. તેમનો ગણોતિયો છું. મારે ચાર છોકરા છે.

મારી આટલી ટૂંકી જમીનમાં મારું પોષણ થતું નથી. તેથી નજીકના ગામમાં ખેડું છું. તમારા ખેડૂત મંડળમાં સારું વર્ચસ્વ ધરાવનાર ખેડૂત મંડળના સભ્યે મારી આ ગણોતની એક એકરની જમીનમાંથી સરકારી દફતરમાંથી મારું નામ ગણોતિયા તરીકેનું કઢાવી નાખી બીજા ભાઈનું નામ દાખલ કરાવી દીધું. તાલુકા અધિકારી પાસે એન્ટ્રી પાસ કરાવી, કાયદેસર કરાવી લીધું. હું જેમની જમીન ખેડતો હતો તે ગીરાસદાર ભાઈ આજે હયાત નથી. તેમના દીકરા છે. તે પુખ્ત ઉંમરના છે. તેમને મળીને જ આ બધી ગોઠવણ કરી છે. એટલું જ નહીં પણ તેમની પાસેથી વેચાણ લેવા માટે કિંમત નક્કી કરીને બાનાના પૈસા પણ આપ્યા છે. આ બધું કરીને મારી ઉપર ફરિયાદ કરી છે કે આ જમીનમાં તમારે પ્રવેશ કરવો નહીં.

એ જમીન આ સાલે ખેડેલી, વાવેલી અને અષાઢી જુવાર વાઢીને તેના પૂળા વાળી ઓઘા કરેલા તે આ ભાઈ ફરિયાદ કરીને મારા પૂળા ભરી ગયા. બાકીની જમીનમાં કપાસ છે. મને જ્યારે મારી ઉપર ફરિયાદ થઈ ત્યારે જ આ બધી વિગતની ખબર પડી. મારા ત્રણ હજાર પૂળા તો લઈ ગયા, પણ કપાસની સિઝન આવે ત્યારે હું ખેતરમાં ન જાઉં તે માટે તાલુકાની સિવિલ કોર્ટમાંથી મારી ઉપર મનાઈ હુકમ પણ મેળવ્યો. આમ એ ફરિયાદો અને મારી મહેનતની ઉપજના પૂળા લઈ ગયા.

મહારાજશ્રી! હું છું તો ગીરાસદાર. ખેડૂતમંડળ અને ગીરાસદારો વચ્ચે ઓછુંવધતું આવા પ્રશ્નો અંગે ઘર્ષણ ચાલે છે. તમારી સલાહ પ્રમાણે ખેડૂતમંડળ ચાલે છે. નીતિનો દાવો કરે છે. અને એ જ ખેડૂતમંડળના આગેવાનો આવાં કૃત્યો કરે છે, અને તેમાં આપ જેવા સંત પુરુષોનો ટેકો મળે

તો ખેડૂતમંડળને નામે આવા માણસો મારા જેવાને હેરાન કરે. હું સાધારણ માણસ છું. તે સુખી છે. કોરટ કચેરીમાં હું તેમની આગળ ફાવી શકું નહીં. તેમને બે-પાંચ હજારનો ખર્ચ થાય તોયે હિસાબ નથી. લાગવગવાળા છે. મારી પાસે તેમના જેવું સાધન પણ નથી. માટે હું શું કરું? કાં તો મારીશ કે મરીશ, મારો તો રોટલો જાય છે. અકળામણનો પાર નથી પણ પગ પહોંચતાં નથી માટે આપની આગળ આવ્યો છું.

મુનિશ્રીએ પૂછયું: અહીં આવવાનું અંતરમાં ઊગ્યું કે કોઇએ સલાહ આપીને આવ્યા?

મહારાજશ્રી! આવ્યો છું તો બીજાની સલાહથી. મને એમ હતું કે સંતબાલજી પાસે જવાથી શું વળવાનું છે? ખેડૂતમંડળ સંતબાલજીએ જ ઊભું કરાવ્યું. અને તે ગીરાસદારો સામે ખેડૂતોનો પક્ષ લે છે. એ અમને શું મદદ કરે? એટલે મેં બે ડાહ્યા માણસોની સલાહ લઈ જોઈ. તેમણે કહ્યું, સંતબાલજી પાસે જાઓ અને તમારો કેસ ખેડૂતમંડળને સોંપો. મને તરત જ શક પડયો. મેં કહ્યું, પણ મને અન્યાય કરનાર જ ખેડૂતમંડળના આગેવાન છે. એટલે ખેડૂતમંડળ મારું બોલશે કે તેમનું?

પેલા ભાઈઓ કહ્યું: 'તમે એવું માનશો નહીં'. સંતબાલજી અન્યાયને પક્ષે કોઈ દિવસ ઊભા રહે નહીં. તેમને મન તો સૌ સરખા છે. આ તો આપણે માની બેઠા છીએ કે આ ખેડૂતમંડળ સંતબાલજીનું. પણ એમ નથી. તેઓ તો સત્ય અને ન્યાયની રીતે તપાસ કરાવી તે પ્રમાણે વર્તવાની સલાહ આપશે. માટે ગભરાશો નહીં.'

આવી હૈયાધારણ મળ્યા પછી આપને મળવા આવ્યો છું. ત્યો આ દિલ ખોલીને વાત કરી.

મહારાજશ્રીએ તે ભાઈને પ્રેમપૂર્વક પોતાની પાસે બેસાડી બધી વાત સાંભળી અને જે રસ્તો જેવું ઘટે તે પ્રકારે એવું આશ્વાસન આપ્યું. પણ તેમને સાર કહેવાનું કે જુઓ, તમને અન્યાય થાય છે એમ તમે કહો છો અને તેનું દુઃખ છે. તમારો રોટલો જાય છે એટલે તમને પણ ચિંતા છે. કેમ બરાબર?

"હા, જી."

તો આ રીતે તમારા બીજા ગરાસદારભાઈઓ ગણોતિયાને કનડગત કરે તો ગણોતિયાને પણ તમારા જેવું દુઃખ થાય કે નહીં? વળી આ ખેડૂત ગણી છે. તમે કહો છો તે રીતે તમે પણ કોઈ ફરિયાદ કરવા માગતા નથી. તે રીતે તમારા અનેક ભાઈઓ ગણી છે. તેમને ગણોતિયા શી રીતે પહોંચી શકે? માટે જ આપણે સમાધાનની વાત કરીએ છીએ. તેમાં ગરાસદાર, ખેડૂત એવા કોઈ ભેદ છે જ નહીં. ખેડૂતમંડળ મોટું છે. તે જેને પણ ન્યાય હોય ત્યાં જ ઊભું રહેશે. બે ભાઈ મળીને પંચ મારફતે આવા પ્રશ્નનું સમાધાન કરો તો ઝઘડા મટી જાય. ખર્ચ બચી જાય અને શાંતિ સુખ-શાંતિ જળવાય. ખેડૂતમંડળ તેમનું છે એટલું તમારું પણ છે. માટે તમારી હકીકત લખીને ખેડૂતમંડળને આપો.

મહારાજશ્રીની સલાહ પ્રમાણે તેમણે લેખિત અરજી ખેડૂતમંડળને આપી. ખેડૂતમંડળના મંત્રીઓએ તેની પ્રાથમિક તપાસ કરતાં માલૂમ પડ્યું કે ગરાસદારભાઈની વાતમાં તથ્ય છે. તેઓ ગરાસદારભાઈને પણ મળ્યા. તેમને જણાવ્યું કે તમારી તપાસ કરી છે. ખેડૂતમંડળ તો આવા મતો સામાન્ય રીતે બહારથી તેમાં તથ્ય લાગે તો બન્ને પક્ષને ભેગા કરી લવાદ નીમી તેનો નિકાલ લાવે છે. તમે પંચ મારફતે આવતા

નિર્ણયને સ્વીકારવા તૈયાર હો તો તે પ્રમાણે જણાવો. પંચના ચુકાદાથી આગળ વધી નહીં શકાય. તે પ્રમાણેની ખાતરી આપવી પડશે. આ લવાદી પ્રથામાં તમને વિશ્વાસ હશે જ એમ માનું છું. તો તમારા તરફથી બે પંચનાં નામ આપો. બે પંચ સામા પક્ષના અને એક પંચ ખેડૂતમંડળનું રહેશે. આમ પાંચ જણનું મંડળ જે ફેંસલો આપે તે બંનેએ પાળવાનો રહેશે.

આ પ્રમાણે ખેડૂતમંડળના સભ્ય જે પક્ષકાર હતા તેમને પણ વાત કરી. થોડી આનાકાની બાદ બંને તરફથી પંચનામાનાં લખાણમાં સહીઓ થઈ. બંને પક્ષ તરફથી લવાદનાં નામ માગ્યાં. ગીરાસદારભાઈએ મારું નામ (ફૂલજીભાઈ) પંચ તરીકે આપ્યું. બીજા પક્ષે એક બીજા ભાઈનું નામ આપ્યું. બંને પક્ષે એક એક નામ જ આપ્યું.

ગીરાસદારભાઈએ મારું નામ લવાદીમાં સૂચવીને મને કસોટીમાં મૂક્યો. હું મંડળનો પ્રમુખ, બીજી તરફ અમારા મંડળના પ્રતિષ્ઠિત સભ્ય, પણ જ્યારે હવે તેમણે સૂચવ્યું જ છે ત્યારે ના પણ શી રીતે પાડી શકાય? હું તેમને મળ્યો. મેં કહ્યું: તમે મારું નામ આપ્યું છે પણ અમે જે ફેંસલો આપીએ તે તમારે પાળવો પડશે.

તે બોલ્યા: હા, પાળવો જ પડેને!

મેં કહ્યું: જુઓ, અમે ફેંસલો આપ્યા પછી આ લાકડી નહીં ઝલાય, માટે ફેંસલો પાળવો હોય તો જ નામ આપજો. અને તમને જેમાં વધુ વિશ્વાસ હોય તેવા કોઈ ભાઈને રાખ્યા હોત તો વધારે સારું હતું.

જ્યારે તેઓ એકના બે ન થયા, ત્યારે મને લાગ્યું કે તેમણે મારું નામ વિશ્વાસથી જ સૂચવ્યું લાગે છે.

તેમણે કહ્યું : મેં તો તમને સમજીને જ મારા પંચ તરીકે સ્વીકાર્યા છે. ભગવાન માથે રાખીને તમે જે ફેંસલો આપશો તે પાળીશ. અરે! તમે જમીન છોડી દેવાનું કહેશો તોપણ હું કબૂલ કરીશ.

આમ તેઓ તો કસોટીમાંથી ઊગરી ગયા અને અમને કસોટીમાં મૂક્યાં. પણ અમે વિચાર કર્યો કે અંતે તો સત્યનો જ જય થવાનો છે. અને અમારે સત્ય શોધી કાઢવાનો પ્રયત્ન કરવાનો છે.

પછી હું જમીનમાલિકને મળ્યો. તેમણે કહ્યું, અમે તો પાંચહજારમાં વેચાણ આપ્યું છે. અમારે પૈસા સાથે સંબંધ છે, જમીન સાથે નહીં. એથી અમને તો જેના તરફથી વધુ પૈસા મળે તેમાં સંમત થઈએ.

મેં કહ્યું : તમારી વાત ઠીક છે. પણ આ જમીન તમારા બાપુના વખતથી આ ગરાસદારભાઈ ખેડતા એ વાત સાચી ?

"હા."

"તો તે તમારા ગણોતિયા કહેવાય કે નહીં ?"

"હા."

હવે જ્યારે તમારો ગણોતિયો તે ખરીદવા ઇચ્છે તો તેનો હક પહેલો ગણાયને ? થોડા પૈસા વધુ મળે એટલા ખાતર તમે જમીન બીજાને વેચો તે વાજબી લાગતું નથી. પહાણી-પત્રકમાં નામ ફેરવાવતાં તમારે સ્પષ્ટ કહેવું જોઈતું હતું કે અમારા બાપુના વખતથી આ જ ભાઈ જમીન ખેડે છે. તો આ ખોટું નામ દાખલ થઈ શકત નહીં. હવે તો તમારે બાનાના પૈસા પાછા આપી દેવા જોઈએ. નહિ આપો તો તમારા

બાપુના નામને પણ ધક્કો લાગશે. માટે વિચાર કરશો. ત
તો ગણોતિયો આ હોય કે તે હોય. તમારો પૈસાનો હક્ક
હતો જ. સરકાર પણ પૈસા તો અપાવત જ. પણ જે
જમીન જાય તેને તો રોટલો જાય. તમે જે નવું નામ દાખલ
કરાવ્યું છે તેમની પાસે તો જમીન સારી એવી છે. તેમણે
રોટલા માટે નામ દાખલ કરાવ્યું નથી. તે તો તમે ગામમાં
રહો છો એટલે જાણતા જ હશો. તો પછી આવા કામમાં તમે
જે સાથ આપ્યો તે અમને યોગ્ય નથી લાગતો.

પછી હું નામ દાખલ કરાવનાર ખેડૂતમંડળના સભ્ય-ભાઈને મળ્યો. તેમને પૂછ્યું: બોલો, આમાં સાચું શું છે?

તે બોલ્યા: મેં તો તેના જમીનમાલિક પાસેથી જમીન વેચાતી લેવાનો કરાર કરી અમુક પૈસા બાના પેટે આપ્યા. અને પછી રેકર્ડમાં નામ દાખલ કરાવવાની તજવીજ કરી. નામ દાખલ થયું. જમીન ઉપર તો મારો જ હક્ક ગણાયને? મેં માન્યું કે સામાવાળા તકરાર કરશે એટલે મેં ફરિયાદ દાખલ કરી. અને મનાઈ હુકમ મેળવ્યો. આ તમારી આગળ સાચે-સાચી વાત કહી.

મેં કહ્યું: તમે આ જમીન ખેડતા હતા?

"ના."

"ત્યારે આ સાલ તમે ખેડેલી?"

"ના."

"ત્રણ હજાર પૂળા ભરી લાવેલા, તે જુવાર તમે વાવેલી?"

"ના."

"ત્યારે તો તમે તમારી વગર મહેનતની ઊપજ લાવ્યા થયું ને?"

"આ તો ખટપટ કરી કોરટના આંટાફેરા ખાધા, માલિકને સમજાવી જવાબ અપાવ્યો. આ બધી મહેનત જ કહેવાય ને! તેમાં વગર મહેનતની ઊપજ શી રીતે કહેવાય? ચાંતી હાંકીએ, ખેડીએ, વાવીએ એના જેવી જ મહેનત છે. કોઈ જાતમહેનત કરે, કોઈ બુદ્ધિની મહેનત કરે એમાં ફેર શો?"

મેં કહ્યું: ફેર તો ઘણો ભાઈ! જાતમહેનત એ તો નીતિપૂર્વકનો ખેતીનો ધંધો છે, માટે કરીએ છીએ. આ તો કોઈની મિલકત પડાવી લેવા માટેની તમે ચાલાકી કરી. ખેતીની મહેનત સાથે આની સરખામણી કરો છો તે બરાબર નથી. આપણા મંડળના તમે જવાબદાર માણસ છો. સંતબાલજી મહારાજ આપણને હમેશાં નીતિને માર્ગે ચાલવાની પ્રેરણા આપતા હોય છે તે તમારાથી ક્યાં અજાણ્યું છે?

"પણ આ પ્રત્યક્ષ વહેવાર ચલાવવામાં એવું ચાલતું નથી. વળી આ ગીરાસદારોએ ગણોત પહેલાં ખેડૂતોને કેટલો ત્રાસ આપ્યો છે! માગે તે ભાગ આપવો પડે, વેઠ કરવી પડે, ફાવે ત્યારે જમીન પડાવી લે. હવે અત્યારે જ્યારે આપણો ઘા આવ્યો છે ત્યારે તમે નીતિની વાત લાવીને મૂકો છો. આ બધું સમજીને ન્યાય કરજો. જો આવા ચોખલિયાવેડા કરશો તો પછી મંડળને કોઈ ટેકો નહીં આપે." આમ જરા અભિમાનપૂર્વક તેમણે આખી વાત મને કહી.

હું મૌન રહ્યો. પછી અમે જુદા પડયા. બે પક્ષકારો અને માલિકની મુલાકાત પછી મને ખાતરી થઈ કે સરકારી રેકર્ડમાં નામ ખોટું દાખલ કરાવ્યું છે.

પછી અમે બંને પંચો સાથે મળ્યા.

તે કહે, "કેમ બધાંને મળી લીધું?"

"હા."

"કેમ લાગ્યું?"

"સરકારી દફતરમાં નામ ફેરવવામાં આવ્યું છે : વાત તો સાચી છે."

"અરે ફલજીભાઈ! એ છે માટે તો આ ઝઘડો છે. નહીં તો લવાદ શાનું અને ફેંસલો શાનો? હું તમને એ પૂછું છું કે જેમનું નામ દાખલ થયું છે તે નામ કઢાવી નાખી, જમીન પાછી આપવા તૈયાર છે?"

મેં કહ્યું: જો સંમત હોત તો તો આપણે પછી નિકાલ શાનો કરવાનો? સંમત નથી માટે તો આ માથાકૂટ કરવાની છે. બોલો શું કરીશું? તમારો મત હોય તે તમે કહો."

તેઓ બોલ્યા: જુઓ, મને તો એમ લાગે છે કે આ જમીન છે તેમાંથી અડધી-અડધી બંનેને આપીએ અને જે ખર્ચ કર્યો છે તેના પૈસા પણ સરખાભાગે બંનેને માથે નાખીએ. આમ તો હવે કાયદેસર રીતે પેલા જૂના ખેડનાર ભાઈનો હક્ક રહ્યો નથી. જમીનમાં તેમનાથી પેસી શકાય તેમ નથી. આ તો ખેડૂતમંડળ આગળ વાત આવી ત્યારે આપણે ફરી નજર રાખવી પડે. માટે આવી રીતે ભાંજગડ કરીને નિકાલ લાવીએ. વળી માલિકને બાનાના પૈસા પણ અપાઈ ગયા છે, તે ઓછા હવે પાછા આવવાના છે? માટે મને તો આ રીતે ઉકેલ થતો હોય તો બરાબર છે એમ લાગે છે.

મેં કહ્યું: તો આ ન્યાય નહીં કહેવાય. કારણ કે જમીન તો વર્ષોથી પેલા ભાઈ જ ખેડતા આવ્યા છે. અત્યારે પણ તેમણે જ ખેડી છે. આ ત્રણડુંગર પૂળા વગર હકના આ ભાઈ લાગ્યા છે. એમાં અડધી જમીન આપીએ તો બળિયાના

એ બાગ એવું થાય. માટે જમીન આપવાની વાત તો સત્ય અને નીતિની વિરુદ્ધ લાગે છે. મારે ગળે એ વાત ઊતરતી નથી. તેથી આપણે આ પ્રશ્નમાં કયા કયા મુદ્દા વિચારવાના છે તે નક્કી કરીએ.

તેઓ સંમત થયા. એટલે અમે મુદ્દાની નોંધ તૈયાર કરી :

૧. આ જમીન હીરાસદારભાઈ ખેડતા હતા કે નહીં ? અને ખેડતા હતા તો કેટલાં વર્ષથી ?

૨. સરકારી દફ્તરમાં ગણોતધારો આવ્યા પછી કોનું નામ ચાલતું ?

૩. ગણોતિયા તરીકે કાયદેસરનો હક્ક કોનો ?

૪. આ સાલની અખાત્રીજ પછી આ જમીન ખેડીને કોણે વાવેલી ?

૫. જારના ત્રણ હજાર પૂળા ઉપર ખરેખર હક્ક કોનો ? વાવનારનો કે લઈ જનારનો ?

૬. પોલીસમાં ફરિયાદ કરી, હાથકડી કરાવી, ગામની બજારમાં ફેરવીને આબરૂ લીધી, બે રાતો જેલમાં રહી જામીન ઉપર છૂટયા. સિવિલ કોર્ટમાંથી મનાઈહુકમ મુકાવ્યો આ મુદ્દાઓનો આપણે વિગતવાર સાચું શું અને ખોટું શું તેનો વિચાર કરીએ.

બોલો આમાં કંઈ ઉમેરવા જેવું લાગે છે ? તો કહે, ના.

તે ભાઈ બોલ્યા : આપણા સહ્યે જમીન ખેડી જ નથી અને નામ દાખલ કરાવી ફરિયાદ કરી અને પૂળા ત્રણ હજાર ભરી ગયા.

મેં કહ્યું : તો તો આપણા સહ્યે ખોટી હેરાનગતિ

ઊભી કરી. સાચા ખેડનાર ઉપર જુલમ કર્યો. તેની માનહાનિ થઈ અને ઉપરથી આપણે ભાંજગડ કરીને અડધી અડધી જમીન આપીએ એ ફેંસલો ન્યાયી ગણાશે? વળી ખેડૂતમંડળ ગીરાસદારોનું વિરોધી છે એવો જે પ્રચાર કરે છે તેમને પણ એક કારણ મળી જશે. માટે આપણે પંચોએ તો સાચી વાતને વળગી રહેવું જોઈએ એમ તમને નથી લાગતું?

તેમણે કહ્યું: આપણે એ મુદ્દો પણ ધ્યાનમાં લેવો જોઈએ કે આ ભાઈનું નામ સરકારી દફતરમાં છે. કાયદો તેમની તરફેણમાં છે. ફરિયાદ તો દાખલ કરેલી જ છે. વકીલ પણ સારા રોક્યા છે. બધી જમીન તેમને જ મળવાની છે, વળી માનો કે આ કોર્ટમાં કદાચ હારી જશે તો અપીલ કરશે. એક કોર્ટ, બે કોર્ટ, છેલ્લે હાઈકોર્ટ—આમ ઓછામાં ઓછાં પાંચ-સાત વરસ તો નીકળી જવાનાં. તેટલાં વર્ષો સુધી ઊપજ તો ખાશેને? માટે આપણે પંચો નિર્ણય કરવાનું બંધ રાખીએ અને કોર્ટ મારફતે ન્યાય થવા દઈએ. અત્યારે તો કાયદેસર રીતે આ ભાઈના હાથમાં લાકડી છે અને સામેના પાસે દોણી છે. આ ત્રણ હજાર પૂળા તો ઘેર લાવ્યા છે, હજુ ત્રણસો મણ જેટલાં કાલાં થશે. માટે ગમે તેટલું ખર્ચ ર તોપણ વાંધો નહીં આવે. છેવટે અકળાઈને સમાધાન કર સામાવાળા આવવાના જ છે. તે દિવસે જેમ કહીશું તે તેમને માનવું પડશે. માટે લડવા દઈએ, એ જ રસ્તો મને તો વાજબી લાગે છે. ને અડધી જમીન આપવા સંમત થાય તો આપણે પૂછી જોઈએ. સંમત ન હોય તો આપણે કહી દઈએ કે તમે કોર્ટમાં લડી લો. કોર્ટ ન્યાય આપશે એમ કહીને આપણે છૂટી પડીએ. મારો તો આ મત છે.

મેં કહ્યું: ખેડૂત મંડળના બંધારણમાં લવાદીનો સ્વીકાર આપણે કરેલો જ છે. વળી બન્ને પક્ષકારોએ આપણને લવાદ

ઉપર સહી કરી આપી આપણાં નામ મૂકયાં છે. કોર્ટમાં તો કાયદો કાગળ ઉપર જ ન્યાય આપશે, વળી પૈસા ખર્ચવાની જેની શક્તિ હશે તેને વકીલ પણ સારા મળી રહેવાના. આ ખર્ચમાંથી બચે અને સાચો ન્યાય મળે માટે તો લવાદી છે. આપણા સંગઠનનું કામ પણ ન્યાય સ્થાપન કરવાનું છે. આપણે ઘણા કેસોમાં જોયું છે કે ન્યાય નથી મળતો. ન્યાયાધીશને પણ કાયદો કહે એમ જ ન્યાય આપવાનો છે. માટે આપણને આ રસ્તો સંતબાલજીએ બહુ વિચારપૂર્વક બનાવ્યો છે. તેમાં ખર્ચ બિલકુલ નહીં અને ન્યાય સાચો જ મળે. માટે તમે ફરી વિચારી જાઓ. આપણાથી છટકી શકાય નહીં. વળી બીજી વાત વિચારવા જેવી એ છે કે આપણા પ્રદેશમાં મોટા ભાગના જમીન માલિકો ગીરાસદારો છે. ખેડૂતો ગણોતિયા છે. આ તમારા ધંધુકા તાલુકા એકમાં જ ૯૦ ગામો છે. આ આપણા સભ્ય જ આ ખોટો રસ્તો પાડે છે, અને પહાણી-પત્રકમાં નામ પૈસા ખરચીને ફેરવી શકાય છે એમ સૌને બતાવે છે. માટે લાંબી દૃષ્ટિથી વિચાર કરીએ તો અંતે તો નુકસાન ગણોતિયાઓને જ થવાનું. ગણોતધારો કરીને સરકારે ગણોતિયાઓને રક્ષણ આપ્યું ત્યારે એનાં રેકર્ડ સાથે આવાં ચેડાં કરીને આપણે જ આવું ચલાવીશું ત્યારે ગરાસદારો નહીં કરે તેની શી ખાતરી? અને જ્યારે તમારી પાસે કોઈ ગણોતિયો આવી ફરિયાદ લઈને આવશે ત્યારે તમે કયે મોઢે બોલી શકવાના છો? આમ ખોટી બાબતને છાવરવાથી કોઈ જાતનો ફાયદો નથી, એમ મને તો લાગે છે. વળી આ આપણું સંગઠન થયા પછી આવા પ્રશ્નોમાં ગણોતિયાના હક્કો માટે પૂરેપૂરી જાગૃતિ રાખી છે. માટે તો માલિકો ચૂપચાપ બેઠા છે. ખોટું કરતાં ખચકાય છે. નહીં તો કેટલાય ગણોતિયા જમીન વગરના (ઊભડ) થઈ જાત. તેથી આપણે ખેડુત મંડળના અગ્રણી તરીકે બે મોઢે વાત કરીએ તે આપણને

શોભે ખરી? તેમાં આપણી અને ખેડૂત મંડળની પ્રતિષ્ઠાનો પણ સવાલ છે. જો ખેડૂત મંડળના મુખ્ય માણસો તમે કહો છો તે રીતે વિચારશે તો નગારી ઉપર ભરોસો કોણ રાખશે? ખેડૂત મંડળ નામ તો ખેડૂતોની વધારે સંખ્યા હોવાથી છે. બાકી તો ગામડામાં વસતા તમામ મજૂરો, વેપારી, અને જમીન માલિક પણ અંતે તો ખેડૂત અને ખેતી ઉપર જ નભે છે. અને તેથી સૌના હિતનો વિચાર કરીને આપણે ચાલવાનું છે. માટે સાચી વાતને છોડી શકાય જ નહીં. સામે પક્ષે કોણ છે તે ન જોતાં સત્ય કોને પક્ષે છે તે જોવાનું છે. તો જ આપણો ન્યાય શોભે. તો જ આપણું સંગઠન શોભે. આપણે આપણા સ્વાર્થનો વિચાર કરીશું અને સભ્યોને ખોટું પ્રોત્સાહન આપીશું તો મંડળ પ્રત્યે સૌ કેવી દૃષ્ટિથી જોશે?

મારી વાત સાંભળીને તેઓ બોલ્યા: આજે તો આપણે છૂટા પડીએ. અઠવાડિયા પછી ફરી મળીશું ત્યારે પાકો નિર્ણય કરીશું.

અમે છૂટા પડયા. દરમ્યાન પક્ષકારોએ કોર્ટમાં મુદત માગી.

અઠવાડિયા પછી અમે ફરી મળ્યા. સિવિલ કોર્ટમાં મુદત પણ એ જ દિવસે હતી. મેં કહ્યું: આપણે મળ્યા અને જે વાતો થઇ તે અંગે તમે શો નિર્ણય કર્યો?

તેઓ કહેવા લાગ્યા, તમારી વાત તો સાચી છે, પણ મારી એક મુશ્કેલી છે. મારું પેટ ખોલીને આજે તમને તેની વાત કરું છું: આ ભાઇએ રેકર્ડમાં નામ ફેરવાવ્યું ત્યારે મારી સલાહ લીધેલી. મેં કહ્યું: કશો વાંધો નહીં, કરો તમ તમારે. તલાટી વગેરેએ પણ જાણ છતાં આંખ આડા કાન કરેલા. માલિક સાથે વેચાણ ગોઠવાયું ત્યારે હિંમતના બે શબ્દો માલિકને પણ કહેલા. પંચમાં પણ મારું જ નામ

આપ્યું. એ જો ન આપ્યું હોત તો સવાલ જ નહોતો. આપણે તટસ્થ રહીને ન્યાય આપવો જોઈએ એ વાત સાચી લાગે છે, પણ આ મારી મૂંઝવણ છે. તેથી મારું માન સચવાય એવી કોઈક બાંધછોડ કરીને ન્યાય આપીએ તો સારું.

મેં કહ્યું: તો તો તમારી બેવડી જવાબદારી છે. મંડળના આગેવાન થઈને આવી સલાહ તમારાથી કેમ અપાય? માટે હવે તો સંપૂર્ણ ન્યાય આપીએ તે જ તેનું પ્રાયશ્ચિત્ત છે.

અમે બધું ફરી વિચાર્યું. પહાણીપત્રકોની નકલો, બન્નેની ફરિયાદો થયેલી તેની અરજીઓ, મનાઈહુકમ પણ વાંચ્યો અને બન્ને પંચોએ સંમત થઈને નીચે પ્રમાણેનો ફેંસલો લખ્યો :

૧. સરકારી રેકર્ડમાંથી ગીરાસદારનું નામ કમી કરાવ્યું છે તે ખોટું કર્યું છે. માટે કોર્ટમાં યોગ્ય અધિકારી પાસે જવાબ આપી મૂળ જે ગરાસદાર ખેડૂત હતા તેમનું નામ દાખલ કરાવવું. હાલ જેમણે પોતાનું નામ દાખલ કરાવ્યું છે તેમણે જ જવાબ આપી દેવો કે આ જમીન હું ખેડતો નથી.

૨. ફોજદારી કેસો પાછા ખેંચી લેવા.

૩. ત્રણ હજાર પૂળા જે લઈ ગયા છે તે ગાડાં ભરીને પાછા ખેતરમાં અથવા ખરા ગરાસદાર ખેડૂતને ઘેર પહોંચતાં કરવા. તેમાંથી વપરાયા હોય તે મજરે આપવા.

૪. સિવિલ કોર્ટનો મનાઈહુકમ ઉઠાવી લેવો. અને ખરા ખેડૂતનું નામ દાખલ કરવા માટે બન્નેની સહીથી તુરત જ અરજી કરી દેવી. આ જમીન મેં ખેડી નથી એવો સ્પષ્ટ જવાબ આપવો.

૫. માલિકની સાથે જે સમજૂતી થઈ હોય તેમાં તેમની જવાબદારી છે. માટે માલિકનું મન મનાવવું.

૬. ખર્ચ જે કર્યું હોય તે બંને પક્ષકારોએ સૌ સૌનું ભોગવવું.

આ જાતનો અમે બંને પંચોએ લેખિત ફેંસલો આપ્યો. તે સિવિલકોર્ટમાં રજૂ થયો.

અમારો ફેંસલો સાંભળી ગીરાસદારભાઈ બોલી ઊઠયા: ખેડૂતમંડળ આવો ન્યાય કરશે એવું અમે નહોતા માનતા. એ તો અમારું વિરોધી જ છે એમ માનતા, તમારો ન્યાય તો અદલ ઈન્સાફ નીકળ્યો. પણ મારે હવે એક વાત કહેવાની છે: આ લોકોએ ભલે મારી આબરૂ લીધી, હાથકડી નાંખી મારું સ્વમાન હણ્યું. મારે તેમને બેઆબરૂ કરવા નથી. મારા જે પૂળા લઈ ગયા છે તેનાં ગાડાં ભરાવવાં નથી. મને તેના ચાલુ ભાવે જે પૈસા થતા હોય તે આપી દે. હું વેચાતી બીજી રાખી લઈશ, આમાં તેમની અને મારી શોભા વધશે.

ફેંસલો રજૂ કરીને બંને પક્ષો અને પંચો મળી ચા-પાણી કર્યાં. અમે કહ્યું: અમને ભગવાને સૂઝાડયું તે પ્રમાણે અમે ફેંસલો આપ્યો છે. તમે ગઈ ગુજરી ભૂલી જજો. મનમાં કોઈ ડંખ રાખશો નહીં. કોઈની મિલકત ખોટી રીતે ઝાઝા દિ ટકતી નથી. તેમાંથી અંતે તો વેરનાં બીજ ઊગે છે.

જજસાહેબના શબ્દો મને યાદ છે: તેમણે કહ્યું કે "આનું નામ પંચ અને આ સાચું લવાદ કહેવાય."

સંતબાલજી મહારાજે પણ તેમનો આનંદ વ્યક્ત કરતાં કહ્યું: તમે સત્યને આંચ આવવા ન દીધી તે મારે મન મોટી મૂડી છે. આ જ પ્રમાણે માલિકો અને ગણોતિયાઓ પંચ

મારફતે પોતાના પ્રશ્નોનો નિકાલ લાવે તો ઘણું કામ સરળ થઈ જાય. સરકાર અને કાયદાને વચ્ચે ન પડવું પડે. કોર્ટના ધક્કા અને ખર્ચમાંથી ઉગરી જવાય. તદ્દન બિનખર્ચાળ અને છતાં પરસ્પર પ્રેમને વધારનારી જે લવાદી પદ્ધતિ છે તેનું સમાજમાં પુનઃસ્થાપન થાય.' -

મને થયું કે એક જૈનમુનિને લવાદીના પ્રશ્નમાં પણ કેટલો રસ છે! તમામ ધર્મોના સંતો આવી કાળજી રાખી સમાજને યોગ્ય દોરવણી આપે તો સમાજમાં ધર્મ ટકે અને નીતિમય વ્યવહાર ગોઠવાય. તેમનો ધર્મદૃષ્ટિએ સમાજ રચનાનો પ્રયોગ કેટલો ઉપયોગી છે તે તો આવા પ્રત્યક્ષ અનુભવો ઉપરથી જ સમજાય છે.

ધાર્મિક સંસ્થા સામે શુદ્ધિપ્રયોગ

૯

મારો ઘણોખરો સમય આ પ્રવૃત્તિ પાછળ જતો હતો. સંસ્થાના નાનામોટા અનેક પ્રશ્નો આવતા. તેમાં હું અને અમારા મંત્રી શ્રી અંબુભાઈ શાહ સાથે અમારો વિચાર વિનિમય થયા કરતો. પોતે ખેડૂત ન હોવા છતાંય અંબુભાઈ સતત ખેડૂતોના હિતનું ચિંતન કર્યા કરતા. ખેડૂતોના પ્રશ્નોનો અભ્યાસ કરીને તેને યોગ્ય ઠેકાણે જ્યાં રજૂ કરવા જેવા લાગે ત્યાં રજૂ કરતા. નમ્રતા, મૃદુભાષા અને કર્તવ્ય નિષ્ઠાથી તેમણે ખેડૂતોનો સારો પ્રેમ સંપાદન કર્યો હતો. જેમ કોઈ ઢોર તરસ્યું થયું હોય અને હવાડે આવી પાણી પી પોતાની તરસ મીટાવી જાય તેમ ખેડૂતોને જ્યારે મૂંઝવણ થાય ત્યારે તેઓ અંબુભાઈ પાસે આવી પહોંચતા.

અમે ગુંદી આશ્રમમાં બેઠા બેઠા ચર્ચા કરતા હતા ત્યાં ત્રણ-ચાર ભાઈઓ આવ્યા. અમને જોતાં તેઓ બોલી ઊઠયા : એ રામ રામ!

'એ રામ રામ! આવો, બેસો.' અમે પૂછયું. ક્યાંથી આવો છો?'

તેમણે કહ્યું : અમે સાળંગપુરથી આવીએ છીએ.

સ્વામીનારાયણનું, હનુમાનજીનું પ્રખ્યાત ધામ છે એ સાળંગપુરથી કે?

તેમણે કહ્યું, હા. અમે ત્યાં જ રહીએ છીએ. અને મંદિરની જમીન ખેડીએ છીએ. મંદિર અમારી પરોણી

અમુક ભાગ લે છે. તેના બદલામાં માલ પાકે ત્યારે કપાસ, મગફળી જે માગે તે મંદિરની વખારોમાં નંખાવે છે. અને સિઝન પૂરી થાય ત્યારે તોલ કરીને તેનો ભાગ લઈ લે છે. અમારો બાકી રહેલો ભાગ તેમનું લેણું ન હોય તો ઘેર લઈ જવાની છૂટ આપે અને જો લેણું હોય તો બજારભાવે લઈ વસૂલ કરી લે. વધે તો આપે.. આ તો ઠીક પણ સરકારે ગણોતધારાનો કાયદો કર્યો છતાં અમારી સાથે તે પ્રમાણે વર્તતા નથી. અમે જો કહીએ તો જમીન લઈ લે. અને બીજાને આપી દે. માટે મૂંગે મોંએ સહન કરીએ છીએ. વિચાર કરીને તમારી પાસે આવ્યા છીએ કે આવું ને આવું ક્યાં સુધી સહન કર્યા કરીએ? વળી અમારામાંના કેટલાંકને મકાનો પણ મંદિર તરફથી રહેવા મળેલાં છે, અને વર્ષોથી તેમાં રહીએ છીએ.

"ઠીક, પણ અહીં શા માટે આવવું થયું?"

"અમારા સગાંઓએ અમને જણાવ્યું કે સંતબાલજી મહારાજે એક ખેડૂતમંડળ કાઢ્યું છે, તે ખેડૂતોના પ્રશ્નોમાં મદદ કરે છે. અમે વિચાર્યું કે ચાલો, ત્યાં જઈને આપણી હકીકત જણાવીએ તો ખરા! એમ સમજીને અહીં આવ્યા છીએ."

"અમે પૂછયું, તમારા જેવા કેટલા ખેડૂતો છે?"

ત્યાં તેમણે એમના હાથમાં રાખેલ કાગળ અંબુભાઈના હાથમાં મૂક્યો. જોયું તો તેમાં ૩૨ ખેડૂતોની સહીઓ હતી. આ બધા વધતી ઓછી જમીન ખેડતા હતા.

અમે કહ્યું: તમે સંતબાલજીને ઓળખો છો?

તો કહે: "ના."

તો સાંભળો, સંતબાલજી તો જૈન સાધુ છે, અને આ

ખેડૂતોની વાત સાચી છે. એટલે તેમણે ત્યાંના મંદિરના વ્યવસ્થાપકને કહ્યું: તમે ખેડૂતો પાસેથી ભાગ લ્યો છો. પહાણીપત્રકમાં નામ પણ નથી લખવા દેતા. તમારી જમીન ખેડતા ગણોતિયા પાસેથી કાયદેસર રીતે તમે ભાગ લઈ શકતા નથી. ગણોત લેવું જોઈએ. એક ધાર્મિક સંસ્થા તરીકે આ ખોટું નથી થતું? તમે વિચારી જોશો.

વ્યવસ્થાપક બોલ્યા: આ જમીન મંદિરની છે. તેમાં શું લેવું અને કેટલું લેવું તે અમારે જોવાનું છે. અમારી સંસ્થાનો વહીવટ ચાલે છે તે પ્રમાણે અમે લઈએ છીએ. આ અમારા ગણોતિયા નથી. સરકારી દફતરે તેમનાં કોઈનાં નામ નથી. આ તો ભલમનસાઈથી જમીન ખેડવા આપીએ છીએ. તેમને ભાગ આપવો ન પોસાય તો અમારી જમીન ખેડવી બંધ કરે. અમે પરાણે જમીન થોડી ખેડાવીએ છીએ?

આ તો ઊલટા ટોકમાં ટાંટિયા નાખીને અમે ખોટું નથી કરતા એવું ઠસાવવાનો પ્રયત્ન કર્યો. અંબુભાઈએ કોઠારીશ્રીને સમજાવવા પ્રયત્ન કર્યો, ત્યાંના આચાર્યશ્રીને પણ મળ્યા. પરંતુ તેમણે વહીવટમાં માથું મારવાની ના પાડી.

પછીથી બધા ખેડૂતોને બોલાવી કોઠારી સાથે થયેલી વાતચીતથી તેમને વાકેફ કર્યા. ખેડૂતો કહેવા લાગ્યા: અમને તો ખબર જ હતી, કે કોઠારી તમને સીધો જવાબ આપશે જ નહીં.

અંબુભાઈએ કહ્યું: તો પછી તમે બધા ખેડૂતો ભેગા મળી આ સંબંધમાં નિર્ણય કરી તમારો મત લેખિત રીતે મંડળને સોંપો. અને મંડળ જે નિર્ણય કરે તે તમારે માન્ય રાખવો પડશે. અને મંડળનાં તમામ પગલાં સાથે તમારે મક્કમ રહેવું પડશે.

ખેડૂતોએ એ માગણી કબૂલ કરી અને તે પ્રમાણેનું લખાણ આપ્યું.

અંબુભાઈ પાછા સંતબાલજીને મળ્યા. અને એમના તપાસની બધી વિગતો મહારાજશ્રી આગળ રજૂ કરી. સંતબાલજીએ કહ્યું: આ તો ધર્મની સંસ્થા કહેવાય, ધર્મની સંસ્થા જો અધર્મ કરે તો તેને અટકાવવા માટે સાધુસંતોએ જ વિચારવું જોઈએ. પરંતુ ખેડૂતમંડળ આગળ પ્રશ્ન આવ્યો છે તો મંડળે જ શુદ્ધિ પ્રયોગ કરવો રહ્યો.

ખેડૂતમંડળે તેની કારોબારી બોલાવી. તેમાં આ પ્રશ્નની ચર્ચા કરી. છેવટે નિર્ણય થયો કે શુદ્ધિપ્રયોગ કરવો.

શુદ્ધિપ્રયોગ સમિતિના એક સભ્ય શ્રી નાનચંદભાઈ ફરી પાછા ખેડૂતોને તથા મંદિરના વ્યવસ્થાપકશ્રીને મળ્યા. પણ તેમાં કંઈ થાય એવું લાગ્યું નહીં. તેથી મંડળે મંદિરને અઠવાડિયાની મહેતલ આપી કે તમે અઠવાડિયામાં ખેડૂતોનો પ્રશ્ન નહીં ઉકેલો તો મંડળને ના છૂટકે શુદ્ધિપ્રયોગનો આરંભ કરવો પડશે.

મંદિરે તેના ખેડૂતોને ભેગા કરી ભય અને લાલચ આપી તોડવા-ફોડવાનો પ્રયત્ન શરૂ કર્યો, જેટલું દબાણ લાવી શકાય તેટલા બધા પ્રયત્નો મંદિરે કર્યા. પરંતુ ખેડૂતો મક્કમ રહ્યા.

અઠવાડિયાની મુદત પૂરી થવા આવતી હતી. અને મંદિર તરફથી કોઈ ઉકેલની આશા ન જણાતાં ખેડૂતમંડળની કારોબારી આગલે દિવસે શાળંગપુર મુકામે મળી. હજુ પૂરતો સમય હતો. એટલે ફરી પાછો પ્રયત્ન કર્યો. પણ તેમાં સફળતા મળી નહીં. દરમ્યાન ખેડૂતો ઉપર ચારે તરફથી એટલું બધું દબાણ આવવા લાગ્યું કે તેમનાં મન ઢીલાં પડતાં ગયાં. ફક્ત પાંચ ખેડૂતોએ બધી રીતે સહન કરવાની તૈયારી બતાવી.

મંદિરની ધજા તો એવી ને એવી જ અણનમ હતી.

મુદત પૂરી થઈ. રાત્રે મંદિરના ચોકમાં જાહેર સભા થઈ. તેમાં શુદ્ધિપ્રયોગનો કાર્યક્રમ બધાને સમજાવવામાં આવ્યો: આવતી કાલથી ઉપવાસ શરૂ થશે. એક ભાઈ ત્રણ ઉપવાસ કરશે, તેમની સાથે પાંચભાઈઓ સહાયક તરીકે એક દિવસનો ઉપવાસ કરશે, બીજે દિવસે ચાર ભાઈઓની ટુકડી બહારગામથી આવશે અને તે પ્રમાણે ઉપવાસની સાંકળ ચાલુ રહેશે. સવારમાં પ્રાર્થના, વાચન, કાંતણ વગેરે કાર્યક્રમ ચાલશે. કોઈ જાતની વસ્તુ અમે ખાનગીમાં કરીશું નહીં; અને જેને અમારે ત્યાં આવવું હોય તે આવી શકે છે. અમારાં બારણાં સૌને માટે ખુલ્લાં રહેશે.

પ્રથમ ત્રિઉપવાસી તરીકે નાનચંદભાઈ બેઠા. અને તેમની સાથે બીજા પાંચભાઈઓ એક ઉપવાસી તરીકે જોડાયા.

તા. ૧૩-૭-'૫૬ના રોજ અમારો શુદ્ધિપ્રયોગ શરૂ થયો. પ્રથમ દિવસ શાંતિથી પૂરો થયો.

બીજે દિવસે ખબર મળી કે જે ખેડૂતો મક્કમ રહ્યા છે તેમનાં ખેતરોનો ઊભો મોલ પાડી નાખે છે. એ લોકોએ મગફળી કરેલી. મગફળીનો પાક પણ સારો થયો હતો. પણ આ લોકોને કોઈપણ રીતે વશ કરવા માટે મંદિરે ચાર સાંતી મોકલી ઊભી મગફળી ખેડી નખાવી.

હું અને જયંતીલાલ પુ. શાહ ખેતરમાં ગયા. જોગાનુજોગ તે વિભાગના સરકલ પણ હતા. સુખી પણ આવ્યા. આખું ખેતર લીલુંછમ હતું. તેમાં ચાર સાંતી ફરતાં હતાં. દિવસના બે વાગ્યા હશે.

સાંતી હાંકનારને અમે પૂછ્યું: આ ઊભો મોલ શા માટે ખેડી નાખો છો?

તેમણે કહ્યું : એ બાબતમાં અમને કંઈ પૂ[illegible]

મંદિરના વહીવટદારોને જઈને પૂછો.

અમે મુખીને કહ્યું : પંચનામું કરો.

મુખીએ પંચનામું કર્યું.

અમે સાંતીવાળાને પૂછ્યું: આ ખેતર કોનું છે?

તેમણે કહ્યું : અમે તો દાડિયા છીએ. [illegible] કામે આવ્યા છીએ.

આ ખેતર કોણે વાવેલું?

તો કહે : અમે જાણતા નથી.

અમે પૂછ્યું : તમે સાગંજપુરના [illegible] આવો છો કે શું?

તો કહે ના, આ ગામના જ છીએ.

અમે કહ્યું : તમે આ ગામના છો, [illegible] ખેતર કોણે ખેડ્યું તે જાણતા નથી. [illegible] આવો સરસ ગોચરનો નાશ કરે એવા [illegible] પાપે પેટ ભરો છો?

એક બાઈ ઊભા થઈને બોલ્યા [illegible] આ બીમજીભાઈનું ખેતર છે, [illegible] અમારાથી બોલાવાય નહીં. [illegible] ખેડૂતને પોતાનું ગણું વાદ [illegible] જેવા આગેવાન પણ ન [illegible] એ [illegible] અને આમ વાતો થઈ, પંચ [illegible] જવાબ પાછા ફર્યા.

ચારેક વાગ્યા હશે [illegible] નામ નાશું થયું છે તે પણ [illegible] તેમણે જાણી લીધી, [illegible]

ફરિયાદ તો થશે જ. મુખીની સલાહથી કોઠારીએ છાવણીમાંથી અમને બોલાવવા માણસ મોકલ્યો.

અમે મંદિરમાં ગયા. અમને આવકાર આપ્યો. પછી જયંતીલાલ શાહ સાથે મુખીએ વાત શરૂ કરી. આ મગફળી પડાવી નાખી તેથી આચાર્યશ્રીએ કોઠારીને ઠપકો આપ્યો અને કહ્યું કે તમે ખોટું કરો છો. તેથી આચાર્યશ્રીએ મને તથા તમને બોલાવ્યા, અને સમાધાન કરવાની સલાહ આપી છે, માટે તમને બોલાવ્યા છે.

કોઠારી બોલ્યા : તમે ઉપવાસ બંધ કરો. આ મગફળી પાડી નાખી તે બદલ બે પંચો જે નિર્ણય આપશે તે મુજબ ખેડુતનું દિલ મનાવીશું.

અમે કહ્યું : આ સવાલ તો વચમાં તમે ઊભો કર્યો છે. મૂળ વાત તો ખેડૂતો સાથેના કાયમી વહીવટની છે. બધું સમાધાન કરવાની તમારી તૈયારી છે? આચાર્યશ્રીને પૂછી જુઓ. સંમતિ હોય તો અમે વિચાર કરીએ.

કોઠારી બોલ્યા : પંચો જે નક્કી કરશે તેમાં અમારી સંમતિ જ છે.

પંચોની અને લવાદની વાત નક્કી થતાં અમને થયું કે ચાલો આપણો પ્રશ્ન સારી રીતે પતી જશે એમ માની છાવણીના બહેનો સાથે ચર્ચાવિચારણા કરવા અમે છાવણીએ આવ્યા.

બે નામ મંદિર તરફથી, બે નામ અમારા તરફથી અને એક તટસ્થ વ્યક્તિ એ રીતે પાંચ પંચો. આ પંચો નિર્ણય કરે. પંચ નિર્ણય આપે તે બંને પક્ષ પાળવા બંધાય છે એ બાબતનું લખાણ થયું. તેમાં અમે અને કોઠારીએ સહીઓ કરી

પછી કોઠારીએ અમને મંદિરમાં જમવાનું આમંત્રણ આપ્યું. પાંચ પેંડુનો જે ગામમાં હતા તેમને પણ બોલાવ્યા. નાનચંદભાઈને બધાની હાજરીમાં આચાર્યશ્રીએ કૃતદાર કર્યા. અમને થયું : આચાર્યશ્રીને અને કોઠારીજીને સદ્‌બુદ્ધિ સૂઝી તે સારું થયું. આપણા પ્રશ્નો હવે ઘરમેળે સુખદ ઉકેલ આવી જશે.

અમે છાવણી મંડેલી લીધી, અને ત્યાંથી સંતબાલજી પાસે ગયા, અને તેમને બધી વાતથી વાકેફ કર્યા.

સંતબાલજીએ અમારી વાત ધ્યાનપૂર્વક સાંભળી. પછી કહેવા લાગ્યા : તમે પંચનામું શા માટે કર્યું ? આપણે કાયદાનો આશરો ન લેવો જોઈએ. કાયદેસર કોર્ટમાં જશો તો ઊલટો રોષ વધશે. તેથી શુદ્ધિ નહીં થાય. આપણે તો પેંડુનો અને મંદિર વચ્ચે પ્રેમની ગાંઠ જોડવી છે. કાયદાથી પ્રેમ નહીં વધે, શુદ્ધિ નહીં થાય. મંદિરના વહીવટદારને જો દિલથી પસ્તાવો થાય તો જ પ્રેમ વધશે. તમે સૌએ પંચ ઉપર છોડ્યું છે ને સારી વાત છે. બાકી આપણે કોર્ટમાં સાક્ષી પણ ન બની શકીએ, અને ફરિયાદીનો રસ્તો પણ ન લઈ શકીએ. બધો મેલ પૂરેપૂરો નીકળી ન જાય ત્યાં સુધી શુદ્ધિ થાય જ નહીં. આમ અમને મુનિશ્રીએ શુદ્ધિપ્રયોગનું રહસ્ય સમજાવ્યું.

ચાલો, ભગવાનની ઇચ્છા, એમ કહીને સંતબાલજીએ અમને સાંત્વન આપ્યું. પછી અમે સાળંગપુર ગયા અને સમજૂતી પ્રમાણે પંચનાં નામ માગ્યાં. સામેથી જવાબ મળ્યો કે કોઠારી બહારગામ ગયા છે, આવ્યા પછીથી નામ આપીશું. આમ ગલ્લાંતલ્લાં કરવા માંડ્યા. અમારા સાંભળવામાં આવ્યું કે મંદિરવાળા સમાધાન નહીં કરે. કારણકે ફરિયાદીની એમને બીક હતી. પરંતુ સંતબાલજી ફરિયાદનો રસ્તો લેવાની

ના કહે છે તે એ લોકોએ જાણ્યું. તેથી તેમની બીક મટી ગઈ છે. હવે તેઓ સમાધાન કરવાના નથી.

મેં કહ્યું: આપણે લખાણ કર્યું છે. આચાર્યશ્રી પણ જાણે છે. કોઠારી અને મુખી બંને જવાબદાર ગણ્યા છે. એ લોકો એમ ફરી બોલે એમ માનવામાં આવતું નથી. માટે આપણે સાંભળેલી વાત ઉપરથી માની લઈએ તે બરાબર નહીં.

સામેથી જવાબ મળ્યો કે, ધોળે દિવસે મગફળી પાડી, મુખી અને સરકલ સાહેબની રૂબરૂ પંચનામું થયું. તેમાં તમો બંને પંચમાં રહ્યા એટલે એ લોકોને ગભરામણ હતી, બાકી તો મંદિર સામે પંચનામું કરવાનું કોનું ગજું હોય? હવે તે લોકોને ખાતરી થઈ ગઈ લાગે છે કે આ લોકો ફરિયાદ કરવાના નથી એટલે સમાધાન શું અને વાત શી?

બીજે દિવસે ખબર મળી કે કોઠારીજી આવી ગયા છે. અમે તરત જ મુખી અને કોઠારીજીને મળ્યા.

કોઠારીએ કહ્યું: ચાલો, આમાં પંચોનું શું કામ છે? આ મગફળી પાડી તેથી ખેડૂતને બહુ નુકસાન જવાનું નથી. બીજો પાક એની પણ સારો થશે છતાં તમો કહો છો તો પાંચ-પચીસ રૂપિયા બીયારણ જોગ ખેડૂતોને આપીશું. બીજો મોલ વાવશે તેના સામું અમે નહીં જોઈએ.

આ વાત સાંભળીને અમે તો ચોંક્યા, અમારી સાથે અંબુભાઈ હતા. તેમણે કહ્યું: આ શું તમે બોલો છો? પ્રશ્નના ઊકેલ માટે તમે પંચોની વાત સ્વીકારી, લખાણ કરી સહીઓ કરી. આ કંઈ પાંચપચીસ રૂપિયાનો સવાલ નથી. આપણો મુખ્ય સવાલ તો ખેડૂતો પ્રત્યેના ન્યાયનો છે. એક ધાર્મિક સંસ્થાના જવાબદાર વહીવટદાર તરીકે તમારાથી બોલેલું ફરી જવાય કેમ? હવે તો તમારે પંચોનાં નામ જ આપવાં જોઈએ.

કોઠારી બોલ્યા: એ રીતે અમે અમારી ગાદી કોઈના

હાથમાં આપવા તૈયાર નથી. અમારી મિલકતમાં અમારે વહીવટ કરવાનો છે. તેમાં વળી પંચો શાના ? જમીન થોડી અમે જબરજસ્તીથી ખેડાવીએ છીએ ? તેમને ખેડવી હોય તો ખેડે ને ન ખેડવી હોય તો પડતી મૂકે. બાકી અમારે પંચો કહે તે રીતે ખેડૂતો સાથે વ્યવહાર કરવાનો નથી. આમ ચોકખે ચોકખું અમને સંભળાવી દીધું.

આ સાંભળીને અમે સૌ ભાઈઓ સડક થઈ ગયા. અમારી સાથે નાનચંદભાઈ, નવલભાઈ તથા જયંતીલાલ શાહ પણ હતા. જયંતીલાલે મુખી સામે નજર ફેરવીને પૂછયું : બોલો મુખી ! આપણે શું નક્કી કર્યું હતું ?

મુખી કહેવા લાગ્યા : આ લોકોનો બહુ મોટો વહીવટ છે : એક ઠેકાણે આમ કરે તો બીજે ઠેકાણે એવો રિવાજ પડવાની બીતિ ઊભી થાય. તેથી આ એક જ કોડારી આપો નિર્ણય કરી શકે નહીં. આવા તો કેટલાય કોડારીઓ છે. આમ બોલીને મુખીએ પણ વાતને રોળીટોળી નાખી. ખેડૂતોની વાત સાચી પડી. અમને પણ એક નવો જ અનુભવ થયો. અમે ત્યાંથી ઊઠયા. ખેડૂતોને ઘેર આવ્યા.

સંતબાલજીની વાત કેટલી બધી સાચી હતી ! સિદ્ધિ માટે કઠણ તપસ્યા જોઈએ. એ માટે અમે બધા મિત્રોએ ચર્ચાવિચારણા કરીને રાત્રે જાહેર સભા ભરવાનો વિચાર કર્યો.

રાત્રે સભા મળી. તેમાં ગામના લોકોને અમે કોડારી સાથે થયેલી બધી વાત અથથી ઇતિ સુધી સમજાવી. સમાજમાં સ્વાર્થ માટે લોકો વ્યવહારમાં ખોટું કરતા હોય છે. નીતિને નેવે મૂકતા હોય છે. અન્યાય કરવામાં પાછું વળીને જોતા નથી. તો જેમને અન્યાય થાય એવા માણસો ન્યાય માટે કોની પાસે જાય ? રાજ્યે કાયદા કર્યા છે અને કોર્ટો સ્થાપી

છે. પણ ન્યાય એટલો બધો મોંઘો અને લાંબી મુદતનો નીવડે છે કે તે માણસને મારી નાખે છે. શક્તિસંપન્ન માણસ પોતાના પૈસાને જોરે ધાર્યું કરાવી શકે છે. સાધનહીન માણસ શું કરે? તે કોના આશરે જશે? તો એના તોડ માટે આ મંડળ છે. આ સંગઠન શુદ્ધિપ્રયોગના રસ્તે સમાજ પરિવર્તન કરી શકશે. સાથે સાથે વેરઝેર ઓછા થશે. લોકોને પણ હિંમત આવશે કે અમારી વાત સાંભળનારું કોઈક છે. તો જ અન્યાય કરનારાં ઝાંખા પડશે. ગામમાં રહેનાર તમામ જ્ઞાતિઓ પરસ્પર પ્રેમથી રહી શકશે. આખા ગામમાં ગમે તે જ્ઞાતિનાં એકાદ ઘર હશે તેઓ પણ નિશ્ચિંતતાથી રહી શકશે.

સંતબાલજી જૈન મુનિ હોવા છતાં દરેક સંપ્રદાય પ્રત્યે આદર રાખે છે. સર્વ ધર્મની પ્રાર્થના કરે છે. સાથે સાથે સમાજમાં અનીતિ અને અનાચાર વધે તો તે અટકાવવામાં ધાર્મિક સંસ્થાઓ અને સાધુસંતોની ફરજ મુખ્ય છે, એમ પોતે માને છે. કારણકે ધર્મને ટકાવવો અને આચરાવવો એ કામ વિશેષે કરીને તેમનું છે. તેથી ખુદ ધાર્મિક સંસ્થાઓના હિત માટે પણ આ જરૂરી છે. આ દૃષ્ટિએ જ અમે તમારા સાળંગપુરમાં આવ્યા છીએ. મંદિર માટે અમને માન છે. છતાં ધર્મના બહાના નીચે ખોટું થતું હોય તો તેમને સમાજે ચેતવવા જોઈએ. વચન આપીને ફરી જવું એ કોઠારી જેવા માણસને શોભે? આ અમારી દૃષ્ટિનો સૌ વિચાર કરજો. આવતી કાલથી અમારો શુદ્ધિપ્રયોગ શરૂ થશે. તેમાં આ પ્રદેશના સેવક શ્રી નવલભાઈ શાહ પાંચ ઉપવાસથી તેનો આરંભ કરશે. અને પછીથી ત્રણ ત્રણ ઉપવાસનો કાર્યક્રમ ચાલશે. સહાયક ઉપવાસીઓ તો ખરા જ. એ પ્રમાણે અમે જાહેર સભામાં બધી વાત સમજાવી શુદ્ધિપ્રયોગની જાહેરાત કરીને છાવણીમાં આવ્યા.

શુદ્ધિપ્રયોગના શિબિર મંડળમાં અમે સાત જણ હતા. એ સાત પૈકી ત્રણ ઉપવાસમાં બેસે અને અન્ય બીજી જવાબદારીઓ સંભાળે. નવલભાઈ પછી મારો વારો હતો. તારીખ ૨૩, ૨૪ અને ૨૫ (જુલાઈ ૧૯૫૬) એમ ત્રણ ઉપવાસમાં હું બેઠો. એ રીતે કાર્યક્રમ ચાલ્યો. બહારગામથી રોજેરોજ ચાર જણની ટુકડી આવતી. તેઓ આગલે દિવસે સાંજે આવી પહોંચતા. બીજે દિવસે ઉપવાસમા બેસતા અને ત્રીજે દિવસે પારણું કરીને જતા. આમ ટુકડીઓ આવવાનું શરૂ થઈ ગયું. તેથી છાવણી ભરાયેલી રહેતી. શ્રી નાનચંદભાઈ તથા મીરાંબહેન સંચાલન અને વ્યવસ્થાનું કામ સંભાળતાં. અમારો આખા દિવસનો કાર્યક્રમ બીંતપત્રો મારફતે જાહેરમાં મુકાતો.

સાળંગપુર 'હનુમાનજી'ના પ્રખ્યાત મંદિરથી યાત્રાધામ તરીકે જાણીતું હતું જ. તેમાં અમારી ખેડૂતોની શુદ્ધિપ્રયોગ અંગે આવતી ટુકડીઓથી તે શુદ્ધિપ્રયોગનું ધામ બન્યું. સમગ્ર ભાલપ્રદેશમાંથી ખેડૂતોની ટુકડીઓ આવવા લાગી. પોલીસ વગેરેની અવરજવર પણ શરૂ થઈ ગઈ. આમ હવા વ્યાપક બનવા લાગી.

મંદિરના વહીવટદારોએ પણ કમર કસી. જે ચાંચ ખેડૂતો મક્કમ રહ્યા હતા તેમને કનડગત કરવા માંડી. તે લોકો ખેતીનું કામ કરવા એકલા વગડામાં પણ જઈ શકે નહીં. જ્યારે મરદોની આ સ્થિતિ હોય ત્યારે તેમનાં બાળબચ્ચાંની અને બહેનોની તો વાત જ શી કરવી? ઢોર સૂનાં મુકાય નહીં. ગાય કે ભેંસને ઘેર ખીલે જ બાંધી રાખવાં પડે. એટલે ઘાસનો સવાલ આવ્યો કે ઢોરને ખવડાવવું શું? ખેતરમાં તો જઈ શકાય નહીં. એક દિવસ એક ખેડૂત જાર વાઢવા ખેતરે ગયો તો તેને ફરી પાછો ન આવવાની મંદિરના માણસોએ

પમકી ભાગી ઢોરને પાણી પાવા માટે ઉવાડે લઈ જઈ શકાય નહીં. ખેડૂતો અકળાયા અને પોતાનાં ઢોર તેમણે અગેવડાંશે મોકલી દીધા.

બીજી બાજુ રાજેરાજ આવતી ટુકડીઓને હેરાન કરવા માટી તોઓફ જણનું ટોળું હોય, તામાં, હથિયારો-ભાલાં-લાકડીઓ વગેરેથી ગમ્મત-મગ્ગાત સહિત ખડું રહે. જેવી ટુકડી દેખાય કે તરત તેની પાછળ પડે અથવા ઘેરી વળે. અને આખે રસ્તે ધાંધલ ધમાલ કરે. મર્યાદા છોડીને છાજિયાં લેવડાવે, બૈરાંઓ મરશિયા ગાય, અપશબ્દો તો હોય અને તોફાન કરાવવાનો પેંતરો ગોઠવે. પણ અમે શાંતિથી આ બધું હસતે મોઢે સહન કરીએ.

જે મકાનમાં છાવણી રાખવામાં આવી હતી તેના ઉપર પથ્થર ફેંકાય સાંજની પ્રાર્થનામા મોટાં ટોળા આવી, ચારે તરફ ફરી વળી ઘોંઘાટ કરે અને અમને અકળાવે. છેવટે અમારે મૌન પ્રાર્થનાનો આશરો લેવો પડે આમ પજવણીની જે જે યુક્તિઓ મળી તે બધી અમારા ઉપર અજમાવવામાં આવી. જેમ દૂધ ચૂલા ઉપર હોય અને નીચેના તાપના જોરથી દૂધ ઊભરાઈને ચૂલામાં પડે તે રીતે શુદ્ધિપ્રયોગના પ્રતાપે બધો કચરો-માનસિક મેલ-ગંદવાડ નીકળવા માંડયો.

નવલભાઈના પાંચ ઉપવાસ અને અમારા છ જણ મળી અઢાર એમ કુલ્લે ૨૩ દિવસનો શુદ્ધિપ્રયોગનો પહેલો તબક્કો પૂરો થયો.

પણ હજુ એનાં ધાર્યાં પરિણામોની અસર ક્યાંય દેખાતી ન હોતી. એટલું ખરું કે આખા પ્રદેશમાં આ આખા પ્રસંગની વાત ચર્ચાતી થઈ ગઈ હતી. વળી અમારી ટુકડીઓમાં પણ જે ખેડૂતો આવતા તેમાં સત્સંગીઓ પણ ખરા. તેમની પણ સહાનુભૂતિ વધતી જતી હતી.

હવે એક બીજા પ્રકારનો નવો ફણગો ફૂટયો. અમારા નામે એટલે કે શુદ્ધિપ્રયોગને નામે ગામ ઉપર એક જાસાચિઠ્ઠી બંધાઈ. તેમાં લખ્યું હતું કે આ ખેડૂતોને હેરાન કરશો તો વહીવટદારોએ હેરાન થવું પડશે વગેરે...આ લખવાનો આક્ષેપ અમારી છાવણી ઉપર મુકાયો એટલે અધિકારી તપાસ કરવા આવ્યા. અમે જણાવ્યું કે આ કામ અમારું નથી, અમારાથી આવું હીન કૃત્ય થાય જ નહીં. તેમ છતાં તમને યોગ્ય લાગે તે કાર્યવાહી કરી શકો છો. મુનિશ્રી સંતબાલજીને આની જાણ થતાં તેઓ પણ દુઃખી થયા અને ઉપવાસ કરી પ્રાયશ્ચિત્ત કર્યું.

અમારા સાથીદારોને જે જે રીતે હેરાન કરી શકાય તે બધી યુક્તિઓ અજમાવતા ગયા. પ્રત્યક્ષ ક્રિયાઓ જાણે પૂરી થઈ ગઈ એટલે પરોક્ષ ધમકીઓ આવવા લાગી. એક ભાઈ વાત લાવ્યા કે આજની રાત તમે આ છાવણીના મકાનમાં ન ગાળો તો સારું. એ ભાઇ અવારનવાર છાવણીમાં આવતા હતા. અમે પૂછયું : એવું શું છે? વાત એવી સાંભળવા મળી છે કે આજે રાત્રે આ મકાનમાં આગ ચાંપવાના છે. પણ અમારામાંથી કોઇ એને ગણકારે એવા ન હોતા. અમે કહ્યું : જે થવાનું હોય તે થાય. અમારું રક્ષણ હજાર હાથવાળો કરનાર છે અમે તો અહીં ખુલ્લામાં જ સૂઈ જઈશું. વળી બીજી વાત આવી : આ મીરાંબહેનને તમે સાચવજો. અમે તો એ વાતને પણ હસી કાઢી.

મંદિરે કેટલાક બાતમીદારો ગોઠવેલા. જે અમારે ત્યાં આવજા કરતા, બધી માહિતી મેળવતા અને મંદિરને પહોંચાડતા પણ અમારે ત્યાં કંઈ છૂપાવવા જેવું હતું જ નહીં. અમે તો રોજેરોજનો કાર્યક્રમ જાહેર ભીંતપત્રો ઉપર લખતા જ હતા.

બીજા તબક્કામા ત્રિઉપવાસી તરીકે મારે પ્રથમ બેસવાનું હતું. હું બેઠો. વળી પાછા પેલા ભાઈ આવ્યા. અને આડી-અવળી વાતો કરવા લાગ્યા. મેં કહ્યું: ભલાભાઈ, આવો સરસ માનવદેહ મળ્યો છે તેને ખોટી પ્રવૃત્તિથી શું કામ અભડાવો છો?

પેલા ભાઈ કહે. તમને મારી વાતમાં વિશ્વાસ નથી પડતો તો જોઈ લેજો આજે રાતના શું થાય છે?

મેં કહ્યું: આ જિંદગી કરતાં તો કંઈ વધારે છે જ નહીં. અમે બધા બલિદાન આપવા તૈયાર છીએ. ભલે અમારું જે થવાનું હોય તે થાય.

રાત પડી. અંધારું જામવા લાગ્યું. ત્યાં વીસપચીસ જણનું ટોળું મશાલો લઈને આવ્યું. અમને થયું: પેલા ભાઈની વાત કંઇક સાચી જણાય છે. પણ અમારા મનમાં કોઈ જાતનો ભય હતો નહીં. અમારે ઉશ્કેરાટનું વાતાવરણ કરવું ન હોતું. એટલે તેઓ બૂમબરાડા પાડીને છેવટે ચાલ્યા ગયા.

એ વખતે ધંધુકા તાલુકાના ધારાસભ્ય શ્રી ગુલામરસૂલ કુરેશી હતા. તેઓ સંતબાલજીની પ્રવૃત્તિઓ સાથે સંકળાયેલા. એક દિવસ પ્રાંત સાહેબ સાથે તેઓ આવ્યા અને ખેડૂતોની મગફળી વગેરેનો નાશ તથા ત્રાસ અંગે અમારી ઊલટ તપાસ કરવા લાગ્યા. અમે કહ્યું: અમારી ફરિયાદ તો મોટી સરકાર આગળ રજૂ કરી દીધી છે. એટલે આ સરકાર આગળ અમે ફરિયાદ નહીં કરીએ. તેઓ વિચારમાં પડયા. એટલે મેં કહ્યું: સાચી કોર્ટ તો ઉપરવાળો ચલાવે છે. તેના દરબારમાં અમારી ફરિયાદ પહોંચાડવા પ્રાર્થના, ઉપવાસ અને હૃદય-શુદ્ધિનો શુદ્ધિપ્રયોગ ચાલુ જ છે અને તે રહેશે તેઓ તેમની રીતે ગધી તપાસ કરીને ગયા.

અમારો શુદ્ધિપ્રયોગ બરોબર ચાલતો હતો. તેમાં કેવળ આ પ્રશ્ન જ નહીં પણ ગામનાં બીજાં અનિષ્ટ-ચોરી, દારૂ,

જુગાર જેવાં પશુ-જાય અને પ્રજાની સમગ્ર શુદ્ધિ થાય તે અંગેના ભાષણો, ચર્ચાઓ અને પ્રાર્થના સભાઓ થતી.

આ વાત વડતાલના મંદિર સુધી પહોંચી. સાળંગપુર મંદિર વડતાલની ગાદીના તાબાનું ગણાય. ત્યાંથી બે ભાઈઓ તપાસ કરવા આવ્યા, તે તપાસ કરીને ગયા. વડતાલનો વહીવટ એક કમિટી કરે. એ કમિટીના પ્રતિનિધિ જાતે મુનિશ્રી સંતબાલજી પાસે આવ્યા અને આખો પ્રશ્ન સમજ્યા. ખેડૂતો સાથે સમાધાન કરવા તે તૈયાર થયા. અંબુભાઈએ પણ તેમને આખો પ્રશ્ન સમજાવ્યો. છેવટે નીચે પ્રમાણેનું સમાધાન નક્કી થયું.

૧. જે ખેડૂતોનાં નામ પહાણીપત્રકમાં દાખલ થયાં નથી તે મંદિરના વહીવટદારોએ દાખલ કરાવવાં.

૨. કાયદેસરનું જ ગણોત મંદિરે લેવું.

૩. આ પહેલાં જે ગણોત વધારે લેવાયું હોય તેનો હિસાબ કરીને ખેડૂતોને મજરે આપવું.

૪. પ્રયોગ દરમ્યાન પાંચ જ ખેડૂતો ટકી શક્યા છે તેમ છતાં બધા ખેડૂતો સાથે આ સમાધાન પ્રમાણે વર્તવું.

૫. ખેડૂતો પ્રત્યે કોઈ જાતની કટુતા કે ડંખ રાખવો નહિ અને કાયદેસર વ્યવહાર ગોઠવવો.

૬. જે ખેડૂતો મંદિરના મકાનોમાં રહે છે તે ખાલી કરાવવાં નહીં. તેમનો વિશ્વાસ સંપાદન કરવો.

આ રીતે મંદિરના પ્રતિનિધિ તરીકે શ્રી મધુભાઈ જશભાઈ પટેલે અને ખેડૂતોના પ્રતિનિધિ તરીકે શ્રી અંબુભાઈએ તેના ઉપર સહીઓ કરી.

. મંદિરમાં આખા ગામનું સંમેલન મળ્યું. જે ખેડૂતો છેવટ સુધી ટકી રહ્યા તેમને કોઠારીજીએ હારતોરા કરી સન્માન

કર્યું. બીજા ખેડૂતો જે ડરી ગયા હતા તેમને પણ હાજર રહેવા આમંત્રણ હતું. બધાને વેરઝેર ભૂલી જવાની પરસ્પર વિનંતી થઈ. જે ભાઈઓ અમારી દીકરીઓને હેરાન કરતા હતા, ખરપગો કાઢીને ખોટી ધાપલ કરતા હતા તે બધાંને પ્રેમભાવથી સંભાર્યા. પહેલું સમાધાન ફરિયાદના ભયથી થયેલું પણ આ સમાધાન પ્રેમથી થયું એટલે હવે કોઈના મનમાં મેલ રહ્યો નહીં.

મંદિરના વહીવટદારો સમાધાનની શરતો પ્રમાણે વર્ત્યા. અને એક ધર્મની સંસ્થાને શોભે એવો આચાર કરી બતાવ્યો. આમ આ શુદ્ધિપ્રયોગ ૧૩૨ દિવસ ચાલ્યો. મને થયું: આ મંદિર પાસેથી એક વીઘો જમીન પણ પોતાના નામે દાખલ કરાવવી હોય તો ખેડૂતમાં તાકાત નથી. કાયદો જ્યાં અટકી ગયો ત્યાં પ્રેમભર્યા સામાજિક દબાણે ૮૦૦ વીઘાં જમીન ખેડૂતોને અપાવી. એ આખી પ્રક્રિયા પૂરી કરી. રાગ-દ્વેષથી પર રહીને સાચી દિશાનો પ્રયોગ હૃદય-પરિવર્તનમાં કેવો મહત્ત્વનો ફાળો આપે છે તે અમને સાળંગપુરના શુદ્ધિપ્રયોગે પ્રત્યક્ષ કરી બતાવ્યું.

અને સંતબાલજીના આ શુદ્ધિપ્રયોગે આ પ્રદેશ ઉપર વળી એક પ્રેમની પતાકા ફરકાવી.

એક મધુર સંવાદ

૧૦

બોટાદથી ધોળકા બાજુ આવતી રેલવેમાં જવારજ આવવા માટે હું ચઢ્યો. જે ડબ્બામાં હું ચડ્યો તે જ ડબ્બામાં મારી ઓળખાણ વાળા બે ત્રણ ભાઈઓ બેઠા હતા. તેઓ મને જોતા વેંત બોલ્યા: એ રામ રામ, આવો, આવો, ફલજીભાઈ! ક્યાંથી આવો છો ?

મેં કહ્યું: રામ રામ. સાળંગપુરથી આવું છું. તમે ક્યાંથી ?

તે બોલ્યા: અમે ભાવનગર ગયા હતા. તેમની પાસે હું બેઠો. તે હતા કંચનલાલ, શાન્તિભાઈ અને સેવકરામ. મારે થોડો સંબંધ ખરો. કંચનલાલ બોલ્યા: આ હનુમાનજીનું પ્રખ્યાત ધામ છે તે જ સાળંગપુર ને ?

મેં કહ્યું: હા, તે જ.

કંચનલાલ કહે: શું બાધા હતી ?

મેં કહ્યું: ના, બાધા તો નહોતી. પણ હમણાં આંટા-ફેરા થાય છે. ત્યાં શુદ્ધિ પ્રયોગ ચાલે છે. પછીથી ટૂંકમાં શુદ્ધિ પ્રયોગ વિષે વાત કરી.

કંચનલાલ: આ બધું શું ધતિંગ લઈને બેઠા છો ! આવાં મંદિરો સામે ત્રાગાં કરો તે વાજબી છે ! તમારા જેવા રજપૂતોએ ધર્મની સંસ્થાઓને ટેકો આપવો જોઈએ. તેના બદલે સાધુ સંતોનાં દિલ દુભવો, તેમનાં અંતઃકરણ કકળે તે તમારા જેવા રજપૂતોને શોભે ખરું ?

મેં કહ્યું : ધર્મની જગ્યાઓમાં સાધુ સંતો ખોટું કરે તો તેમને સાચી વાત કહેવાય કે નહીં? તમે જ કહો કંચનલાલ!

કંચનલાલ : જરૂર કહેવાય પણ તે વાત કહેવાનો ફૂલજી-ભાઈ, તમારો અધિકાર નહીં. ખોટું ન લગાડશો. તમે તો રહ્યા સંસારી. તમારે વ્યવહારમાં સાચું-ખોટું કરવું પડે. માટે તમે આવા સાધુસંતોના દોષો જોવા જાઓ તો ઊલટા પાપમાં પડો. અને નિસાસા લાગે તે જુદા.

મેં કહ્યું : અમે વ્યક્તિગત ક્યાં કશું કરીએ અને કહીએ છીએ! આ તો ભાલનળકાંઠા ખેડૂતમંડળ આગળ વાત આવી. સાળંગપુરના મંદિરના ખેડૂતો જ ફરિયાદ લઈને આવ્યા. અમે સંસ્થાની કારોબારીની સભા બોલાવી વિચાર કર્યો. પછી આમાં સાચું કેટલું અને ખોટું કેટલું તેની તપાસ કરી. મંદિરના કોઠારીને મળ્યા. પરંતુ આમાં વાત ખેડૂતોની સાચી લાગી. અમે મંદિરના વહીવટદારોને વિનંતી કરી પણ તે લોકોએ અમને સીધો જવાબ ન આપ્યો. અમે મુનિશ્રી સંતબાલજીની દોરવણી માગી. તેમણે અમને સંસ્થાગત શુદ્ધિ પ્રયોગ કરવાની સલાહ આપી, અને શુદ્ધિપ્રયોગની ભૂમિકા સમજાવી. પછીથી જ અમે સાળંગપુર ગયા.

કંચનલાલ : શું સંતબાલજીએ સલાહ આપી? સંતબાલજી અમારા જૈનોના સાધુ કે તમારા? અમે વાણિયા સંતબાલજીને સમજીએ. તમે રજપૂતો શું સમજો? તમે અમારાં જૈન શાસ્ત્રો વાંચ્યાં છે? તેના નિયમો જાણો છો? કે તે જાણ્યા સિવાય સંતબાલજી જે રવાડે ચડાવે તે રવાડે ચડો છો?

મેં કહ્યું : તો આવા ખોટે રસ્તે અમને ચડાવવાનું સંતબાલજીને શું પ્રયોજન હોય?

કંચનલાલ : એ તમે ન સમજી શકો. જુઓ, એ હું તમને બરાબર સમજાવું. અમારા શાસ્ત્રમાં દીક્ષા લીધા પછી

સાધુનો વેશ પહેરીને કડક નિયમો પાળવાના હોય છે. તે નિયમો સંતબાલજીએ ન પાળ્યા તેથી સંઘે સંઘેડા બહાર મૂકયા. પછી બીજા સાધુ સાધ્વીઓની માફક અમારા અપાસરામાં ઊતરી શકે નહીં. ખાવા માટે ગોચરી જૈનોના ઘેરથી ન મળે. અમે તેમનું પ્રવચન ન સાંભળીએ, દર્શન પણ ન કરીએ. પછી તેમને ઊભા રહેવાનું ઠેકાણું તો જોઈએ ને? માટે તમારા જેવા અમારાં શાસ્ત્રો ન જાણે તેવા લોકોને ભોળવીને આવાં ધતિંગ ચલાવે છે.

મેં કહ્યું: કંચનલાલ, તમે જ મને કહ્યું કે સંસારીઓને સાધુ પુરુષોને કહેવાનો અધિકાર નથી. તો તેમને સંઘાડા બહાર કેમ મૂકયા, સંતબાલજી સાધુ તો ખરાને?

કંચનલાલ: તમે સમજતા નથી. અમારો સંઘેડો એટલે શું? જેવી તમારી નાત એવો અમારો સંઘ. જેને દીક્ષા લેવી હોય તે અમારા સાધુ, ગુરૂ માની સંઘમાં દીક્ષા લે. પછીથી અમારા સંઘો અમારા શાસ્ત્રો પ્રમાણે સાધુસાધ્વી વર્તે તે માટે ઘણો ખર્ચ કરે. અપાસરા બંધાવે. સાધુઓ ચાતુર્માસ કરે. તેના ખર્ચની વ્યવસ્થા ફાળો કરીને કરે. તેનો વહીવટ પણ કુશળતાપૂર્વક કરે. બીજી કોઈ પણ જ્ઞાતિ કરતાં સાધુઓ માટે અમારા વાણિયાઓની અજબની વ્યવસ્થા કહેવાય. છતાં આનો લાભ અમારા નિયમો પાળે તેને જ મળે.

મેં કહ્યું: સંતબાલજીએ એવું શું કર્યું કે જેથી તમારા નિયમોનો બંગ થયો? અને તમે એમને આટલી બધી મુશ્કેલીમાં મૂકયા?

કંચનલાલ: સાંભળો, અમારા સાધુથી મહાવીર તથા અમારા તીર્થંકરો સિવાય બીજાનાં નામ ન લેવાય, સંસારીઓના ઝઘડામાં ન પડાય. રાજકારણમાં ન પડાય. અમારા જૈનો સિવાય ગોચરી પણ ન લેવાય. સાથે સાથે નિયમિતપણે કેટલીક

ક્રિયાઓ પણ કરવાની હોય છે. તમે તો અમારાં શાસ્ત્રો જાણ્યાં નહીં એટલે શું કહું ?

મેં કહ્યું : પણ સંતબાલજી રાજકારણમાં ક્યાં પડ્યા છે ! તેમણે ધારાસભાની કે લોકસભાની એકેય રાજકીય પક્ષના સભ્ય થઈને ટિકિટ માંગી નથી. તો પછી રાજકારણમાં પડ્યા એમ કેમ કહેવાય ?

કંચનલાલ : ટિકિટ ન માગી એટલે શું થયું ? પણ ચૂંટણીઓમાં ભાષણો તો કર્યાંને ? અને રાજકારણી માણસો મળવા આવે, તેમને મુલાકાત આપે, ચર્ચા કરે એ રાજકારણ નહીં તો બીજું શું ?

મેં કહ્યું : કંચનલાલ ! સાંભળો ત્યારે, સંતબાલજીએ કોઈ વ્યક્તિ માટે ભાષણો કર્યાં નથી. સંસ્થા માટે કર્યાં છે. પોતાને પ્રજાના હિતની દૃષ્ટિએ જે ઉત્તમમાર્ગ લાગે તે બતાવે જ. લોકો સામે ચાલીને તેમને પૂછે પણ ખરા. ત્યારે શું તે મૂંગા બેસી રહે ? આવે ટાણે સંતો દોરવણી ન આપે તો કોણ આપે ?

કંચનલાલ : તમે તો સંતબાલજીની વાતોથી બારે રંગાઈ ગયા છો ! પણ તમને એક સ્નેહી તરીકે ચેતવું છું કે અમારા સાધુઓ લબ્ધિવાળા હોય છે. તે તમારા જેવાને પરીવારમાં વશ કરી નાખે. માટે ચેતતા રહેજો. અમે શું ગાંડા હતા કે તેમને સંઘ બહાર મૂક્યા !

મેં કહ્યું લબ્ધિ એટલે શું ? મને જરા વિગતથી સમજાવો તો ખબર પડે

કંચનલાલ : સાંભળો. ત્યારે એ તો ધોળે દહાડે તારા બતાવે, એવા ચમત્કારો પણ કરી બતાવે તમારા જેવા તો અંજાઈ જાય, તમે જેમાં સિદ્ધિઓ કહેવાય છે તે અમારામાં લબ્ધિઓ

કહેવાય. પાંચ મિનિટ તમારી સામે નજર નાખે ત્યાં તમે આંધળા ભીંત. પછીથી બીજાની વાત તમારે ગળે ઊતરે જ નહીં. લ્યો, અમારા સાધુઓ આવા હોય છે.

મેં કહ્યું: સંતબાલજી તો ચમત્કારમાં માનતા નથી. જ્યાં કંઈક એવું હોય ત્યાં જાગ્રત કરીને ચેતવે છે. અને સાચા ધર્મનું રહસ્ય સમજાવે છે.

કંચનલાલ: શાનું રહસ્ય સમજાવે છે! ધર્મને વેચે છે વેચે. બધા ધર્મોની પ્રાર્થના કરે છે. સંસ્થાઓની ખટપટોમાં પડે છે. તેની સભાઓમાં હાજરી આપે છે. આમાં અમારા શાસ્ત્ર પ્રમાણે નિયમો શી રીતે સચવાય?

મેં કહ્યું: ધર્મને વેચે છે કેવી રીતે? ધર્મની વાતો કરવામાં કોઈની પાસેથી પૈસો પણ લેતા નથી. તેમજ જાહેર વ્યાખ્યાન માટે પણ કંઈ ફી લેતા નથી, પૈસાને મહત્ત્વ આપતા નથી. સંસ્થામાં કોઈ દાન આપવા આવે તો સ્પષ્ટ સમજાવે છે કે તેમાં નામની કીર્તિ રાખવી નહીં. તખ્તી લગાડાશે નહીં, ઈમારતોને નામ જોડાશે નહીં. એટલું જ નહીં પણ એ તો એવું સમજાવતા હોય છે કે તમે દાન કરો તે પાપના પ્રાયશ્ચિત્ત તરીકે કરો, ધનની શુદ્ધિ અર્થે કરો; કીર્તિ માટે નહીં. મને તો સમજાતું નથી કે આમાં ધર્મ વેચ્યો કે સાચો ધર્મ સમજાવ્યો? આથી તો જૈન ધર્મની પ્રતિષ્ઠા વધે છે. અને જૈનોની અહિંસાને આંચ આવતી નથી.

કંચનલાલ: શું ધૂળ આંચ આવતી નથી! બધો ધબડકો વળે છે. આ તો જૈનોમાં આશરો ન રહ્યો એટલે રજપૂત, કોળી, ભરવાડ, હરિજન બધા લોકોને ભરમાવે છે. અને તમારા જેવાને આંધળા પાટા બાંધી આવા રવાડે ચડાવે છે.

મેં કહ્યું: તમે સાચા ધર્મનું રહસ્ય સમજાવો તો અમારા જેવાને કંઈક સમજણ પડે અને અમે પણ સંત-

મોઢાનાં ગપ્પા ઘોડાં મરાય છે? વળી કંચનલાલ કહે છે : તમે રજપૂતો જૈન ધર્મમાં શું સમજે? તો હું કંચનલાલને પૂછું છું કે જૈનના બધા તીર્થંકરો રજપૂતો ખરા કે નહીં? આમ બધી બાબતનો વિચાર કરતાં કંચનલાલ કહે છે કે તે અમારા સાધુ નહીં તે વાત મને ગળે ઊતરતી નથી. બોલો શાંતિભાઈ! તમારો શો મત છે?

શાંતિભાઈ: ખરેખર ફલજીભાઈ! તમે સચોટ દાખલા સાથે સાચું રહસ્ય સમજાવ્યું. તમે આ બધાં પુસ્તકો ક્યારે વાંચ્યા? તમારા જેવા ચાર પાંચ ગુજરાતી ભણેલા ખેડૂત પાસેથી આ બધું સાંભળું છું ત્યારે મને તો આશ્ચર્ય થાય છે

મેં કહ્યું : શાંતિભાઈ, આમાં ભણતરની જરૂર નથી. શ્રદ્ધાપૂર્વકની સમજવાની નિષ્ઠા જોઈએ. આ બધું વંચાય તો ક્યારે! પણ સંતોના મુખેથી સાંભળીએ અને ક્રિયા પાછળનો ભાવ સમજવા પ્રયત્ન કરીએ તો તુરત જ સમજાય. આમાં જ્ઞાતિનો સવાલ જ નથી. અહંભાવ છોડી શ્રદ્ધા રાખે તેને સંતપુરુષોનાં વચનો સમજાય. કંચનલાલ મારા સંબંધી છે, ખોટું ન લગાડશો. મારે બે વાતો કહેવી છે: કંચનલાલની દૃષ્ટિ ધર્મ અને સાધુઓ કરતાં કંચન (સોના) તરફ વધુ છે. માટે સાચી વાત સમજાતી નથી. સાંભળો, ચોપડામાં ખોટું ચાલે, વ્યવહારમાં પણ લોકોને ભોળાં બનાવીએ તો પણ લોકો ગરજના માર્યા ચલાવે છે. તમારા જેવા પૈસાદાર આગેવાન માણસને મોઢે કોઈ કહે નહીં. શા માટે દુઃખ લગાડે? પણ ધર્મમાં અને સ્થાનકોમાં સાધુઓ ખોટું ચલાવે ને ન ચાલે. આ જ વાત સંતબાલજી કહે છે.

શાંતિભાઈ: તમારી વાત મોટા ભાગે સાચી છે. એ ધર્મ-સ્થાનકોમાં અને મંદિરોમાં પ્રપંચ ચાલે અને સમાજ [illegible] હોય તે. [illegible] ને [illegible] બદલે [illegible] જ થાય.

ફુલજીભાઈ! તમે જૈન ન હોવા છતાં સંતબાલજી ઉપર જબરી શ્રદ્ધા ધરાવો છો અને તેમની વાતો સમજણપૂર્વક જીવનમાં ઉતારી છે એ વિના આવી વાતો થાય નહીં.

મેં કહ્યું: શ્રદ્ધા વિના જ્ઞાન પ્રાપ્ત થતું નથી એમ ગીતાજી પણ કહે છે. આ સાચું કે તે સાચું એમ વિકલ્પો કર્યા કરીએ તો આખી જિંદગી જાય. તેમાં શું વળે? સંતબાલજી એમ નથી કહેતા કે તમે આ ધર્મ પાળો. તેઓ તો દરેક ધર્મને સાચો માને છે. પણ પોતાના ધર્મમાં જે દૂષણો અડચણરૂપ બનીને આડાં આવે છે તે રોકવાનો પ્રયત્ન તો કરવો જોઈએ ને? એ કામ હું અને તમે થોડા કરી શકીશું? એ કામ તો સાધુસંતો જ કરી શકવાના છે. એટલા માટે તો સમાજ તેમને પોષે છે. તેમણે પણ પોતાની જવાબદારી સમજી સામાન્ય માણસોને કલ્યાણને માર્ગે ચડાવવા જોઈએ ને?

હવે શેઠ, તમે પસ્તાશો. આવા પવિત્ર અને નિર્મળ ચારિત્ર્યવાન સાધુને તમે સંઘેડા બહાર મૂક્યા! તમારાં જૈનોનાં શાસ્ત્રો ઉપરાંત ગીતા, રામાયણ, કુરાન વગેરે ધર્મશાસ્ત્રોની વાતો સાંભળશો ત્યારે તમારા જૈન ધર્મની મહત્તા વધશે. સંઘેડા બહાર મૂકવાની વાત તો ચારિત્ર્યહીન સાધુ હોય તેને માટે કહી શકાય. અમને તો લાગે છે કે તમારાં બીજાં સાધુ-સાધ્વીઓએ પણ તેમનો જ માર્ગ સ્વીકારવો પડશે. કારણ કે તેમાં જ અહિંસા અને સત્યનો મર્મ છૂપાયેલો છે. માટે હું કહું છું કે સંઘેડાના જડ ચોકઠામાંથી બહાર નીકળી તેમને ઓળખો.

અત્યાર સુધી અમારી બધી વાતો શાંતિથી સેવકરામ સાંભળતા હતા તે બોલ્યા:

ફુલજીભાઈ! તમારી વાત સાચી છે. ગાંધીજી પણ આ જ

[illegible] અને [illegible] સાથે [illegible] અને અહિંસાની [illegible] કેળવણી. અહિંસાનો [illegible] [illegible] કે આમ [illegible] [illegible] જણાય છે? [illegible] એમાં [illegible] કંઈ [illegible] આવ્યું તો આપણે [illegible] નજરે જોયું

મેં કહ્યું: "પણ કંચનલાલ શેઠ ગાંધીજીને માને છે, [illegible]રામ! તમે જરા પૂછો ને?"

કંચનલાલ બોલ્યા! ગાંધીજી એ તો ગાંધીજી. તેમાં બગભગતોની ચાંચ બૂડે નહીં. જરાકે પોત [illegible] નહીં માટે તો ઠગ્યા છતાં મહાત્મા કહેવાણા. અને એમની સાદાઈ કેવી! રાત-દિવસ સત્ય અને અહિંસાનું ચિંતન કરે. કોઈ વાત તેમની ખાનગી તો હોય જ નહીં. મન આગળ બધું ખુલ્લું. આવા પુરુષો તો બહુ ઓછા પાકે છે. તેમણે તો આપણા માટે કાયા ઘસી નાખી.

મેં કહ્યું: તો કંચનલાલ! આ સંતબાલજી પણ એવા જ છે. સ્વરાજ્યમાં લોકશાહી સાચી દિશામાં ચલાવવી હશે તો તમે સંગઠન કરીને, ધર્મમય સમાજ નિર્માણ કરીને જ કરી શકશો. તો જ સાચી શાંતિ મળશે. એ વિના સત્તા મળશે પણ શાંતિ નહીં મળે. રાજ્ય ચલાવનારા ખોટું કરે તો તેને પણ કહેનારું એક બળ જોઈશે. ધર્મસંસ્થાઓ ખોટું કરે તો તેમને પણ ચેતવવી જોઈએ. આ કામ સાધુસંતો નહીં કરે તો બીજું કોણ કરશે?

સંતબાલજી ગામડાંનું નીતિમય સંગઠન કરે છે. એ સંગઠનને સ્વાર્થ નહીં એવા સેવકો દોરવણી આપશે. આ

મેઘકોને સંતપુરૂષો સલાહ આપશે. તેથી ગામડાંની અભણ, અજ્ઞાન અને પછાત પ્રજામાં કંઈક જાગૃતિ આવશે. આ જે જે કંઈ ચાલી રહ્યું છે તેનાથી કોઈને શાંતિ નથી. તેમાંથી બહાર નીકળવું હશે તો કંઈક વ્યવસ્થિત ઉપાય તો કરવો જ પડશે ને? આ બધું મંતરથી ઓછું થઈ જવાનું છે? હવે સાણંદપુરમાં ખેડૂતમંડળને સંતબાલજીએ શા માટે ચડાવ્યું છે કે સાચી દિશાનો શુદ્ધિપ્રયોગ છે તેનો વિચાર કંચનલાલ શેઠ જ કરે! ગાંધીજીએ પણ જનતાને કોંગ્રેસ મારફતે આવા કાર્યક્રમો આપવા જ પડ્યા હતા ને? એ જેવાં એવાં સાધના કરી હોત તો સ્વરાજ્ય વહેલું મળી જાત! નૈતિક મૂલ્યોનાં રક્ષણ માટે પણ આવા સંસ્થાગત કાર્યક્રમો આપવા જોઈએ. એટલી વાત સાચી કે તેમાં અશુદ્ધિ ન પેસી જાય એની જાગૃતિ રાખવી જોઈએ. અને તે સંતબાલજી રાખે છે. સાથે સાથે એમ પણ કહે છે કે પ્રજાના રોજી, વસ્ત્ર, રહેઠાણ વગેરેના સવાલો ઉકેલવા માટે પણ પુરૂષાર્થ કરવો પડશે. તો જ સાચા અર્થમાં સંસ્કાર અને સંસ્કૃતિનાં મૂલ્યો સચવાશે. તેમ છતાં પોતે કોઈ સંસ્થાના સભ્ય કે હોદ્દેદાર થતા નથી, સંસ્થાને દોરવણી જ આપે છે. આ.જે કંચનલાલ શેઠ 'તેઓ ખટપટમાં પડ્યા છે' એમ કહે છે. ભાઈ! જરા વિચાર કરો, આપણી ખટપટોનો પાર નથી. તેમ છતા કોઈ સાધુ જાહેરમાં તમારા જેવા આગેવાનોને કંઈ કહી શકે છે? આ સાણંદપુરના ખેડૂતોને અન્યાય થયો અને સંતબાલજીએ ખેડૂતમંડળને સલાહ આપી અમે ઉપવાસ કરીએ છીએ. એમાં સાધુઓને મન દુઃખ શેનું થાય કે અમે પાપમાં પડીએ. ઊલટા આ તો સાધુઓને પાપમાં પડતા રોકવાનો માર્ગ અમે લીધો છે. સાધુઓને ઘેનવવા બદલ ખરું જોતાં તો તેમણે એમનો પાડ માનવો જોઈએ. આથી ધર્મની સંસ્થા તેજસ્વી બનશે, પ્રસંગીઓની શ્રદ્ધા વધશે. તેમાં તલભાર નુકસાન થવાનું

નથી. અંતરમાં ખોજ કરશો તો તેમને પણ તરત આ વાત સમજાય એવી છે.

હવે કંચનલાલ શેઠ! એક સીધો દાખલો આપું. તમે ગામના શેઠ છો. તમારા ગામના છોકરા ખોટું કરશે તો તમને સાચી વાત કહેવાની હિંમત ગામમાંથી કોણ કરશે? નહીં કરે. કારણ કે આપણે તો હું તમારું ઢાંકું, તમે મારું ઢાંકો –એવી મોંની શરમ કોઈ તોડશે નહીં, તો આવી રીતે સમાજ શી રીતે ચાલવાનો છે? ધર્મ શી રીતે ટકશે? એટલે સાધુઓ જ સાચી વાત કહે તો ધર્મ ટકે. સમાજમાં માથે-ભારે માણસો અન્યાય કરે છે તેમને માટે આ જ રસ્તો અમને તો યોગ્ય લાગ્યો છે. આગેવાન જો સાચી વાત કહેવા તૈયાર થાય તો જ ગરીબને રાહત મળે. પણ આગેવાનો કોનું બોલે છે? તમે નથી જાણતા? એ તો જેનું પલ્લું નમે ત્યાં જ બેસે. આ બધું વિચારશો તો તમને સમજાશે કે સંતબાલજીનું કામ કેટલું ચોક્કસ છે. તે સમાજનાં તમામ પાસાંનો સ્પર્શ કરી મેલ દૂર કરે છે.

એક બીજો દાખલો લઈએ. તમારા સાધુ આવ્યા છે, અને વ્યાખ્યાન રાખ્યું છે. તેના નિયત સમયે તમે આવી શક્યા નહીં. તમે આગેવાન છો એટલે તમે મોડા પડ્યા છતાં ધીરે ધીરે આગળ આવીને બેસો છો. આ સભાના નિયમ મુજબ વાજબી નથી પણ તમને કહે કોણ? એ વખતે સાધુની ફરજ નહોતી કે તમને ચેતવે! આમાં તમારું વ્યક્તિગત માન સચવાયું પણ સભાનું અપમાન થયું ગણાય.

શાંતિભાઈ અને સેવકરામ બોલી ઊઠ્યા: ફૂલજીભાઈ! તમારી વાત સાચી છે. સાધુ પુરુષોએ આવી વાત ચલાવી લેવી ન જોઈએ.

તો સંતબાલજી આ જ વાત કહે છે કે અમે સાચી

વાત નહીં કરીએ તો તમે આવું ચલાવી લેશો. તેથી પ્રેમથી સમજાવવા એ અમારી ફરજ છે. અને આ વાત આપણા પ્રાચીન ધર્મગ્રંથો રામાયણ–મહાભારતમાંથી પણ મળી આવે છે. તેઓ રાજકારણમાં પડતા નથી પણ તેનાથી નિરાળા થઈને શુદ્ધ બનાવે છે. માટે રાજ્યદંડ ઉપર સત્ય અને ન્યાયનો દંડ રાખવો હોય તો સંતોનો ઉપદેશ માનવો જ પડશે. સમય પ્રમાણે સંસ્કૃતિના રક્ષણ અર્થે સાધુ સંતોએ જાગ્રત રહેવું પડશે.

આજે લોકશાહી આવી છે. 'રાજા તેવી પ્રજા' એ સૂત્ર ફરી ગયું. હવે તો જેવી પ્રજા તેવો રાજા. તેથી આર્થિક, સામાજિક, રાજકીય બધા ક્ષેત્રે લોક ઘડતરનું કામ કરવું જ પડશે. એ વિના નીતિ, ન્યાય કે ધર્મ ટકી શકશે નહીં. જરિયાનની છત્રીઓ નીચે બેસી, છડીઓ પોકારાવતા આપણા મઠોના મહંતો ગાદી ઉપરથી હેઠા નહીં ઊતરે તો લોકઘડતર કોણ કરશે? આ કામ સંતબાલજી કરે છે. તેનો અમને રંગ લાગ્યો છે. આ કોઈ કામણ ટમણ નથી, સમજ્યા?

કંચનલાલ: ફલજીભાઈ! તમારો અભ્યાસ, વિચારવાની રીત મને ઘણી આકર્ષક લાગી છે. આવો મને ખ્યાલ નહીં. માટે મેં શરૂઆતમાં કહી નાખ્યું એ અમારી ભૂલ થઈ. હવે સાચું કહેજો તમે અમારા જૈનોનાં શાસ્ત્ર–પુસ્તકો કેટલાં વાંચ્યાં છે!

મેં કહ્યું: ભલા માણસ, પુસ્તકનાં પાનાં ફેરવવા કરતાં આ જીવતું જાગતું પુસ્તક વાંચવું શું ખોટું! અમે તો તેમની વાતો સાંભળીને આ થોડું ઘણું પ્રાપ્ત કર્યું છે.

કંચનલાલ: તો તો અમારા સંઘે પૂરેપૂરો વિચાર કર્યા વિના જ તેમને સંઘેડા બહાર મૂક્યા એમ જ ને?

મેં કહ્યું: ના, એમ તો કેમ કહેવાય? સંઘના આગેવાનોએ વિચાર કરીને જ નિર્ણય લીધો હશે. તેઓ પણ

૧૧

મુનિશ્રી સંતબાલજીનું ચાતુર્માસ ધોળકા તાલુકાના કોઇ ગામમાં ચાલતું હતું. તાલુકામાં કોઇ ગામ આગળ પડતું ગણાય. આસપાસનાં વીસેક ગામોનું હટાણું ચાલે. રોકડે તેમજ ઉધાર બન્ને રીતે વેપાર ચાલે. જ્યાં વેપાર સારો હોય ત્યાં વેપારીઓની સ્થિતિ પણ સારી હોય જ. જૈનોનાં ઘર પણ ઠીક. સુંદર ઉપાશ્રય પણ ખરો.

પરંતુ સંતબાલજી જૈન ઉપાશ્રયમાં ન રહેતાં એક ભાઈના અંગત મકાનમાં ઊતર્યા હતા. ત્યાં બધી જાતની અનુકૂળતા હતી. સાંજસવાર નિયમિત પ્રાર્થનાઓ અને ધાર્મિક પ્રવચન થતાં. અને ગામના બધા વર્ગોનો પ્રેમ સારો રહેતો.

સંતબાલજીનું ખેડૂત મંડળ તો આ પહેલાં આ પ્રદેશમાં કામ કરી રહ્યું હતું. તેવી જ રીતે ગોપાલકો-ભરવાડોનું સંગઠન પણ ઊભું થયું હતું. એવી જ રીતે ઊભડ મજૂરોના સંગઠનની વાત પણ ચાલતી હતી. આ બધામાં સંતબાલજીનું ધ્યાન વેપારી તરફ દોરાયા વિના કેમ રહે? વેપારી કોમ બહુ જ બુદ્ધિશાળી અને ભારે વ્યવસ્થા-શક્તિ ધરાવનારી છે. પણ તેનો પૂરો લાભ દેશને મળતો નથી. એટલે તેમણે એક દિવસ કોઇ ગામના વેપારીઓને બોલાવ્યા અને તેમની આગળ પોતાની વાત રજૂ કરી.

આજે કંટ્રોલ છે. અને તમારો ધંધો વેપાર કરવાનો છે. આવા સંજોગોમાં તમે અમુક નીતિનિયમો સ્વીકારીને

તૈયાર નહીં થાય. એટલે સરકાર સાથે પરમીટની સાથે તોલની પણ વાત કરી લેશો.

દાદાને અમારી વાતથી કંઈક આશ્વાસન મળ્યું.

સંતબાલજીએ વેપારીઓને કહ્યું: જોયુંને! આ ખેડૂત મંડળ તો હમણાં જ ઊભું થયું છે. તેમ છતાં ફુલજીભાઈ હિંમત કરે છે. સંગઠનથી આપોઆપ જ તાકાત આવે છે. ફેર એટલો કે એ સૌના હિતને માટે થવું જોઈએ. સ્વારથ કરીએ તો તેમાં તેજ ન આવે. અનાજની દેશમાં અછત છે, વધુ અનાજ ઉગાડવું જોઈએ. પણ સરકારેય બી પૂરું પાડી શકતી નથી. ત્યાં આ ખેડૂતો એવી હિંમત બતાવે છે. જો તમે સંગઠન કરશો તો આ પ્રદેશનો જ નહીં પણ દરિયાપારનો વેપાર ખેડી શકશો. નાનામાં નાનો ગામડાનો વેપારી પણ તેનો લાભ લઈ શકશે. નગરો અને મહાનગરોમાં તો આ બધું ગોઠવાઈ ગયું છે. વેરવિખેર ફક્ત ગામડું જ રહ્યું છે. એ માટે તમામ ક્ષેત્રમાં સંગઠનની વાત કરું છું. તેમાં વેપારીઓ, ખેડૂતો, માલધારીઓ, શ્રમજીવીઓ આ બધાં સંગઠનો પરસ્પરના સહકારથી ચાલે તો ગામડાંની સિકલ બદલાઈ જાય, આ બધી શક્તિઓ સાથે મળીને કામ કરશે તો આખા દેશમાં એક સુંદર નમૂનો ઊભો કરી શકાશે.

આ સાંભળીને બે ચાર આગેવાન વેપારીઓ હાથ જોડીને બોલ્યા: મહારાજ સાહેબ, અમે વિચાર કરીને ફરી મળવાનું ગોઠવીશું.

દાદા આવે ત્યારે તેમની સાથે મારે તથા અંબુભાઈએ ફરવું અને ખેડૂતોને સમજાવવા એમ નક્કી કાર્યક્રમ ગોઠવી દાદા પણ હૈયા-ધરપત લઈ ગયા અને તરત પાછા આવ્યા. આ વખતે દાદા તેમની સાથે રાસ ગામના જાણીતા સત્યાગ્રહી ખેડૂત આશાભાઈને પણ લાવ્યા હતા, અમે જવારજથી ગુંદી

જમીન ફળદ્રૂપ થઈ છે. ખેડૂતોએ ખેડીને જમીન તૈયાર કરી છે, પણ વાવવા માટે બી નથી. મારે ઘઉં જોઈએ છે. સરકારને મળ્યો પણ તેની પાસે પણ બી નથી. સમયસર બી મળે તો ૧૫ થી ૨૦ લાખ મણ ઘઉં પાકવાની શક્યતા છે. મારે તો અત્યારે જ એક લાખ મણ ઘઉં બિયારણ માટે જોઈએ.

જમીન વરાપે આવીને બરાબર તૈયાર થઈ ગઈ છે. સરદાર સાહેબ અને મુનશીજીને વાત કરી. દિનકરરાવ દેસાઈને પણ મળ્યો. બધાને મળ્યો. તેઓ કહે છે કે તમારે જોઈએ છે તેવા ઘઉં અમારી પાસે નથી. દાદાના બોલવામાં ભારોભાર ચિંતા હતી.

આ સભા તો વેપારીઓની મળી હતી. પણ હું ય આ સભામાં હાજર હતો. સંતબાલજીએ મારી સામે જોયું.

હું વિચારમાં પડી ગયો. દાદાની વાત તો સાચી છે. વાવણી અને તાવણી. સાચવ્યા નહીં તો ખલાસ. પણ એ કંટ્રોલનો જમાનો હતો. એટલે મેં દાદાને કહ્યું : દાદા, તમે તો જાણો છો કે અત્યારે કંટ્રોલ ચાલે છે. સરકારનો બહુ ભારે કડપ છે. અનાજની હેરફેર થઈ શકતી નથી. સરકાર છૂટ આપે તો જ થઈ શકે.

દાદા: ખેડૂતો સંમત થાય તો સરકાર આગળ વાત મૂકીએ. પણ શરત એટલી કે સરકારના બાંધ્યા ભાવે ઘઉં આપવા ખેડૂતોએ તૈયાર થવું જોઈએ.

મેં હિંમત રાખી દાદાને કહ્યું : તમે સરકારને વાત કરો, અમે અમારો બનતો બધો જ પુરુષાર્થ કરીશું. પણ દાદા, સરકારે એક સગવડ આપવી પડશે. અત્યારે અહીં પણ વાવણી ચાલે છે એટલે બળદ થાકી ગયેલા હોય. તેથી તોલ ગામ ઉપર જ કરવો પડે. ગાડાં ભરીને કેન્દ્રમાં આપવા જવા ખેડૂતો

તૈયાર નહીં થાય. એટલે સરકાર સાથે પરમીટની સાથે તોલની પણ વાત કરી લેશો.

દાદાને અમારી વાતથી કંઈક આશ્વાસન મળ્યું.

સંતબાલજીએ વેપારીઓને કહ્યું : જોયું ને ! આ ખેડૂત મંડળ તો હમણાં જ ઊભું થયું છે. તેમ છતાં ફુલજીભાઈ હિંમત કરે છે. સંગઠનથી આપોઆપ જ તાકાત આવે છે. ફેર એટલો કે એ સૌના હિતને માટે થવું જોઈએ. સ્વારથ કરીએ તો તેમાં તેજ ન આવે. અનાજની દેશમાં અછત છે, વધુ અનાજ ઉગાડવું જોઈએ. પણ સરકારેય ખી પૂરું પાડી શકતી નથી. ત્યાં આ ખેડૂતો એવી હિંમત બતાવે છે. જો તમે સંગઠન કરશો તો આ પ્રદેશનો જ નહીં પણ દરિયાપારનો વેપાર ખેડી શકશો. નાનામાં નાનો ગામડાંનો વેપારી પણ તેનો લાભ લઈ શકશે. નગરો અને મહાનગરોમાં તો આ બધું ગોઠવાઈ ગયું છે. વેરવિખેર ફક્ત ગામડું જ રહ્યું છે. એ માટે તમામ ક્ષેત્રમાં સંગઠનની વાત કહું છું. તેમાં વેપારીઓ, ખેડૂતો, માલધારીઓ, શ્રમજીવીઓ આ બધાં સંગઠનો પરસ્પરના સહકારથી ચાલે તો ગામડાંની સિકલ બદલાઈ જાય. આ બધી શક્તિઓ સાથે મળીને કામ કરશે તો આખા દેશમાં એક સુંદર નમૂનો ઊભો કરી શકાશે.

આ સાંભળીને બે ચાર આગેવાન વેપારીઓ હાથ જોડીને બોલ્યા : મહારાજ સાહેબ, અમે વિચાર કરીને ફરી મળવાનું ગોઠવીશું.

દાદા આવે ત્યારે તેમની સાથે મારે તથા અંબુભાઈએ ફરવું અને ખેડૂતોને સમજાવવા એમ નક્કી કાર્યક્રમ ગોઠવી દાદા પણ હૈયા-ધરપત લઈ ગયા અને તરત પાછા આવ્યા. આ વખતે દાદા તેમની સાથે રાસ ગામના જાણીતા સત્યાગ્રહી ખેડૂત આશાભાઈને પણ લાવ્યા હતા. અમે જવારજથી ગુંદી

આશ્રમ થઈને ધંધુકા જવા નીકળ્યા. પણ રસ્તામાં ભોગાવો આવે. તે વખતે આજના જેવો પુલ નહીં. એટલે કીચડમાં અમારી જીપ ફસાઈ ગઇ. દાદા પણ હેઠે ઊતર્યાં. દાદા, આશાભાઈ, અંબુભાઈ અને હું અમે બધા જીપને ધક્કા મારવા લાગ્યા. આટલા વયોવૃદ્ધ દાદાને કછોટો મારીને જીપને ધક્કા મારતા જોવા એ પણ અમારા જીવનનો એક લહાવો જ ગણવોને! આટલી ઉંમરે એ બળ દાદામાં આવ્યું ક્યાંથી? એ બળ બનાસકાંઠાના ખેડૂતોને બી પહોંચાડવાના પ્રેમનું હતું. તેમનો ઉત્સાહ અમારો ઉત્સાહ વધારતો. અને અમે ધંધુકા પહોંચ્યા.

ઘઉંનો મોટો જથ્થો ધંધુકા તાલુકામાંથી મળે તેમ હતો. અને તે અંગે સરકાર સાથે વાતચીત કરીને દાદા આવેલા. થોડા ગામોમાં દાદા સાથે અમે ફર્યાં. પછી તાલુકાના મામલતદારને મળ્યા. તે દાદાના પરિચિત હતા. તેમણે વિનયપૂર્વક કહ્યું: કલેક્ટર સાહેબનો ઓર્ડર મારા ઉપર આવ્યો નથી. એટલે મારાથી કશું થઈ શકે નહીં આ મારી મુશ્કેલી છે.

દાદા સમજી ગયા. અમને કહે: તમે ગામડે જાઓ, મારે અમદાવાદ પાછું જવું પડશે. દાદા ગયા અમદાવાદ. તેમની સાથે આશાભાઈ પણ ગયા અને હું તથા અંબુભાઈ ગામડામાં ફરવા નીકળી પડ્યા, અહીં પણ ઘઉંની વાવણી ચાલતી હતી. અમે રોજકા, બડિયાદ, ગાંફ, ઉમરગઢ, પચ્છમ વગેરે ગામોમાં ફરી વળ્યા. ખેડૂતોને તૈયાર કર્યા. ખેડૂતો ઘઉં આપવા તૈયાર હતા, પણ મેં આગળ જણાવ્યું તેમ વાવણી ચાલતી હોવાથી ગાડાં ભરીને બીજે ગામ તોળવા માટે તૈયાર નહોતા.

આમ ખેડૂતોને તૈયાર કરીને અમે ગુંદી આવ્યા. હવેનું કામ તો દાદાના આવ્યા પછી જ શરૂ થાય એમ હતું. ઉરફેર થઈ શકે તેમ હતું જ ક્યાં! દાદા તો તરત જ આવવાના હતા તેને બદલે ચારપાંચ દિવસ વીતી ગયા.

દાદા આવ્યા. અમે કહ્યું: દાદા! કેમ આટલીવાર થઈ? વાવણી અને ઘીની તાવણી સરખાં. ચૂલા ઉપર ઘી મૂકયા પછી જેટલી કાળજી રાખવી પડે તેટલી વાવણી માટે રાખવી પડે. દાદા હસ્યા અને બોલ્યાં: તમારી વાત સાચી છે કે અત્યારે બરાબરની તક છે, પણ આ તો સરકાર સાથે કામ લેવાનું છે. અહીંથી જઈને હું કલેકટર સાહેબને મળ્યો. તેમણે પણ પોતાની મુશ્કેલી બતાવી. એટલે છેવટે મારે મુંબઈ જવું પડયું. ત્યાં પુરવઠા મંત્રી શ્રી દિનકરરાવ દેસાઈને મળ્યો. બધી વાત સમજાવી અને વ્યવસ્થા ગોઠવી.

મેં રમૂજમાં દાદાને કહ્યું: દાદા, અત્યારે દેશને અનાજની ખેંચ છે. બનાસકાંઠાને બી મળે તો સારું ઉત્પાદન થાય. તમારા જેવાને પણ આવા ધક્કા ખાવા પડે તો અમારા જેવા ખેડૂતનું શું ગજું?

અમે ધંધુકા ગયા. મામલતદારે બધી વ્યવસ્થા ગોઠવી આપી. ગામ ઉપર જ તોલાઈની વ્યવસ્થા થઈ. એનો તકનું મૂલ્ય જાણતા હતા. એમણે પણ બારે પરિશ્રમ કરીને ઘઉં કાઢી આપ્યા. અડવાડિયામાં તો ત્રણ હજાર મણ ઘઉં તોળાઈ ગયા, પણ આ ઘઉં તાલુકાને મથકે આવે, ત્યાંથી બનાસકાંઠાના ખેડૂતોને ગામડે ગામડે સમયસર પહોંચે ત્યારે જ ખરું કામ થયું ગણાય.

જિલ્લામાંથી બહાર જવા દેવા માટે કલેકટરની પરવાનગી જોઈએ. આવી કંઈ ને કંઈ ગૂંચો આવ્યા કરતી હતી. દાદાએ પાછો દિનકરરાવનો સંપર્ક સાધ્યો. દેસાઈ સાહેબ અમદાવાદ આવ્યા. તેમણે સરકારી અધિકારીઓ સાથે વાત કરીને દાદાને ઉંચા ધારણ આપી કે બધું સમયસર ગોઠવાઈ જશે. એમ કહીને દેસાઈસાહેબ મુંબઈ જવા પાછા ફર્યા.

દાદાને થયું કે હવે કંઈ વાંધો નહીં આવે. કાળુપુર સ્ટેશન ઉપર દાદા પણ દેસાઈસાહેબ સાથે આવ્યા હતા. અહીં એક વાત નોંધ કરવા જેવી છે. ગાડી ઉપડવાને દસ–પંદર મિનિટની વાર હતી. એક પુરવઠા અધિકારીએ દાદાને એક બાજુ લઈ જઈ વાત કરી. જુઓ દાદા, બધી મોઢાની વાતો થઈ છે. અમને લેખિત હુકમો ન મળે ત્યાં સુધી જિલ્લા બહાર અમે ઘઉં મોકલી શકીએ નહીં. આ સાંભળી દાદા ચોંકયા. ગાડી આવી ગઈ હતી. દેસાઈસાહેબ ડબામાં બેસી ગયા. દાદા પણ તેમની પાછળ ચડયા અને કહ્યું : દિનુભાઈ! તમે લેખિત હુકમ આપતા જાઓ. ખેડૂતોની જમીન સુકાય છે, વિલંબ થશે તો અમારી બધી મહેનત નકામી જશે. તેમણે ડબામાં જ પત્ર લખી આપ્યો અને હુકમ કરાવ્યો. ત્યારપછી જ દાદાને શાંતિ થઈ. આ બધી વાતો દાદાને મોઢેથી અમે સાંભળી ત્યારે જ આ વહીવટી તંત્રનો ખ્યાલ આવ્યો.

હવે ઘઉંને રેલવેમાં વહેલી તકે પહોંચાડવાના હતા. દાદા તેની પણ પાછળ પડયા. કલેકટર સાહેબે બધી સગવડ કરી આપી. આમ સમયસર બનાસકાંઠાને બી મળ્યું. સમયસર વાવણી થઈ શકી એટલે ત્યાં સારો–મબલખ પાક થયો.

અમારું વાર્ષિક સંમેલન હતું. મુનિશ્રી સંતબાલજી પણ હાજર હતા. કેટલાક આગેવાન કોંગ્રેસી નેતાઓ પણ હાજર હતા. એ સંમેલનમાં મેં પ્રશ્ન ચર્ચ્યો: સંતબાલજી કહે છે કે આવાં પ્રજાકીય સંગઠનો મારફતે સ્વરાજને ગામડાં સુધી પહોંચાડી શકીશું, તેમ કહીને બનાસકાંઠાને બી પહોંચાડયું તેનું ઉદાહરણ આપ્યું. અમારું નાનકડું પણ સંગઠન હતું તો તે આઠ જ દિવસમાં લાખમણ જેટલા ઘઉં એકઠા કરી શકયું, તો આવાં સંગઠનો જેટલાં વધારે કોંગ્રેસ વિકસાવશે તેટલું સ્વરાજ દીપી નીકળશે.

પણ આ તો રાજદ્વારી નેતા હતા. એટલે કહેવા લાગ્યા : એ તો દાદા અને સંતબાલજી હતા તેથી તમે ઘઉં એકઠા કરી આપ્યા. અમે કહ્યું હોત તો થોડા એકઠા કરી આપત !

મેં કહ્યું : એવી શંકા કરવાની જરૂર નથી. પણ એવું લાગતું હોય તો આવા પુરુષોની દોરવણી લઈ સંગઠનો ઊભા કરો.

ગમે તેમ પણ ત્યારથી ભાલનો અને બનાસકાંઠાનો જાણે એક મીઠો સંબંધ બંધાયો. 'ભીડમાં ઊભો રહે તે ભાઈ.' આ બધાની પાછળ બન્ને તપસ્વી પુરુષોનો પુરુષાર્થ હતો. તેમ છતાં ખેડૂતોની તાકાત તો તેના સંગઠન મારફતે જ વ્યક્ત થઈ અને ત્યારથી અમારા મંડળની કામગીરીમાં યશનું એક નવું પીંછું ઉમેરાયું.

અને સામાજિક ક્રાંતિકારી બિલ ગણાયું. હકીકતમાં જે પાંચમો વર્ષોથી જે જમીન ખેડતા આવેલા તેમના વડવાના વડના પણ તે કાયમીની ભોગવટામાંથી બાકાત રહી જતા અને વળતર (કિંમત) ઊંચું આપવાનું થતું.

આ વખતે સૌરાષ્ટ્રનું અલગ રાજ્ય હતું અને ત્યાંના મુખ્ય પ્રધાન ઢેબરભાઈ હતા. ત્યાં પણ આવો જ-દરેક પ્રકારની જમીનદારી નાબૂદીનો કાયદો લાવેલા. તેમાં ગણોતિયા ૭ પટ જ આપે અને ૨૧ થી ૨૭ પટ સુધી વળતર ઠરાવેલું. ૭ પટ ઉપરના પટ સૌરાષ્ટ્ર સરકાર આપે. અમારા ભાલમાં જ સૌરાષ્ટ્રના લીંબડી રાજ્યનાં ખડોળ, ફતેપુરા, પરબમ વગેરે ગામો હતાં. તેઓ લીંબડી સ્ટેટને ભાગ આપતાં પણ સૌરાષ્ટ્ર સરકાર અને ખાસ તો ઢેબરભાઈની કુનેહથી ૭ પટમાં સૌ માલિક બની ગયા. જ્યારે મુંબઈ સરકારે તા. ૧૫-૮-૧૯૫૦ પછી જમીનદારી નાબૂદ કરતા ઘણા કાયદા કર્યા. તેમાં તાલુકદારી, ગીરાસદારી, મલેકી, ઈનામદારી આવી જુદી જુદી જમીનદારી પ્રથાને નાબૂત તો કરી અને સોએ સો ટકા એસેસમેન્ટ લીધું. છતાં વળતરમાં સરકારે એક પૈસો પણ આપ્યો નહીં. સને ૧-૪-૫૭ પછી ગણોતિયાએ જમીન ખરીદવાની અને માલિકે ફરજિયાત વેચાણ આપવાની હતી. મેં આગળ લખ્યું તેમ અમે મુંબઈ સરકારનું ધ્યાન દોર્યું કે તમે કલમને ગોદે સરકારી તીજોરીની આવક વધારી છે. માટે આ ગણોતિયાને આપવા પડતા વળતરમાં ભાગીદારી નોંધાવો. સાથે સાથે લેન્ડરેવન્યુ કોડના કાયદામાં તેની કલમોમાં સુધારો કરી આ કાયદા સાથે તેનો મેળ બેસાડો કે વર્ષો જૂના ગણોતિયાને કાયમીના હક્ક મળે. બીજી વાત જે મોટાં મોટાં એસ્ટેટો હતાં તેવા મોટા જમીનદારોને વળતર ઓછું આપશો તો પણ ઘણી રકમ મળશે અને નાનાને-ઓછી જમીન ધરાવતા

જાહેરનામું બહાર પડતાં અમને તેની જાણ થઈ. એટલે અમે ૨૨-૨-૬૦ના રોજ બલગામડા મુકામે ખેડૂતોની એક સભા મુનિશ્રી સંતબાલજીની હાજરીમાં બોલાવી. તેમાં ખેડૂતોને બધી વિગતવાર સમજૂતી આપી. તેમાં છેવટે નક્કી થયું કે પ્રતિવાદી તરીકે ભાલનળકાંઠા ખેડૂત મંડળે તેમાં ઊભા રહેવું. તે રીતે મારું અને અંબુભાઈનાં નામ રજૂ થયાં. અને ખર્ચની વ્યવસ્થા ગોઠવાઈ.

પણ આ આખી કાર્યવાહી દિલ્હીમાં ચાલે. વળી તે બધી અંગ્રેજીમાં ચાલે. અને અમારી મુશ્કેલી એ હતી કે અમે બંનેમાંથી એકેય અંગ્રેજી જાણીએ નહીં. આમ અમારા માટે આ ક્ષેત્ર તદ્દન નવું અને અણજાણ હતું. પરંતુ અંબુભાઈ અભ્યાસુ રહ્યા. તેમણે જે અભ્યાસ કર્યો હતો તેના અર્થો તે અમાંગ વકીલોને સમજાવતા. મને પણ તેમાંથી થોડું થોડું સમજાવા લાગ્યું.

અમારા પક્ષે અમને મદદગાર બે એડવોકેટ હતા. એક હતા શ્રોફ અને બીજા હતા નથવાણી. આ બેઉ જણા સંતબાલજીના નામથી પરિચિત હતા જ. તેમાં તેમની આવી લોકોપયોગી પ્રવૃત્તિ સાંભળતાં પ્રભાવિત થયા. અને વિના ફીએ અમારો કેસ લડવાની તત્પરતા બતાવી

દિલ્હી જઈ એફિડેવિટ કરી અને અન્ય કરવા જેવી કામગીરી બજાવી અમે પાછા આવ્યા. તા. ૧૭-૭-૧૯૬૧એ તાર આવ્યો અને અમને દિલ્હી બોલાવ્યા. અમે દિલ્હી પહોંચ્યા. કેસ ક્યારે ચાલશે તે નક્કી નહોતું. વળી ત્યાંની પદ્ધતિથી અમે સાવ અજાણ. અમે અમારા એડવોકેટ શ્રી નરેન્દ્ર નથવાણી અને શ્રોફને મળ્યા. તેમણે સમજાવ્યું કે આપણો કેસ તારીખ ઉપર આવ્યો છે એટલે આપણે તૈયારી કરી રાખવી જોઈએ. કોઈ કેસ અઠવાડિયું પણ ચાલે અને કોઈ

વિચારણા કરી. મેં અને અંબુભાઈએ આ કાયદાથી ખેડૂતોને પડતી મુશ્કેલીઓ તેમની આગળ રજૂ કરી. તેમણે ધ્યાનપૂર્વક સાંભળી. અને યોગ્ય કરવાની હૈયાધારણા આપી. તે પ્રમાણે મુંબઈ ધારાસભામાં સુધારેલું બિલ પસાર કરાવ્યું. તેમાં કાયમી હકની જોગવાઈ કરી. આ બિલને રાષ્ટ્રપતિની મંજૂરી મળતાં તેણે કાયદાનું રૂપ ધારણ કર્યું.

અમારી લડતનું કંઈક પરિણામ આવ્યું એવું અમને લાગ્યું. ગણોતિયાને શાંતિ થઈ અને અમને આનંદ થયો. છતાં રવિશંકર દાદા દાખલો આપતા હતા તેમ-સસલાની પાછળ કૂતરો પડ્યો. સસલો થાક્યો. જરાક આરો જોઈને બેસી પડ્યો. સસલાએ વિચાર્યું કે મારા કાનથી મારી આંખો ઢાંકી દઉં તો કૂતરો મને કંઈ કરી શકશે નહીં. આમ સસલો પોતાના કાનથી આંખો ઢાંકી દે એમ અમારે બન્યું. આ કાયદા સામે કેટલાક તાલુકદારો આવ્યા. તેમણે સારા-ખોટા વકીલોની સલાહ લીધી. તેમને સલાહ મળી કે મૂળ કાયદામાં જે સુધારા લાવ્યા છે તે બરાબર નથી એટલે ૧૯૫૮નો કાયદો જો આપણે લડીએ તો ટકી શકશે નહિ. તેથી તે બધા ભેગા મળી સરકાર સામે સર્વોચ્ચ અદાલતમાં ગયા.

અમને થયું આ તો ભારે થઇ. સરકારને પણ તાલુકદારોએ પડકાર ફેંક્યો. કેસ તો દાખલ થઈ ચૂક્યો હતો. સુપ્રિમ કોર્ટમાં પાંચ જજોની બેન્ચે આ કેસ ચલાવ્યો. તેમાં વડા જજ સિંહા, આયંગર, દાસ, સુધોલકર અને સરકાર હતા. પ્રાથમિક સુનાવણીમાં જજોએ સવાલ ઊઠાવ્યોઃ આ કેસ ભલે સરકાર સામે હોય, પણ તેનાં પરિણામની અસર તો ખેડૂતો - એટલે ગણોતિયા ઉપર જ થવાની. માટે આમાં પ્રતિવાદી તરીકે સરકાર સાથે કોઈ ગણોતિયાઓને દાખલ થવું હોય તો આપણે જાહેરનામું બહાર પાડી એવી તક આપવી જોઈએ.

તેને ખર્ચ જ થઈ જાય. અહીં તો શ્રીમંતો સિવાય કોઈનો ગજ વાગે જ નહીં. આવી ઘણી બેન્ચો ચાલે.

અમારા કેસમાં સરકાર તરફથી દફતરી હતા. અને અમારા તરફથી નથવાણી તથા બોક્, તાલુકદારો તરફથી પાઠક અને દાદા માનજી હતા. કેસ દાખલ થયો ત્યારે દ્વિભાષી મુંબઈ રાજ્ય હતું. પણ પાછળથી ગુજરાત રાજ્યની રચના થઈ. એટલે આ કેસમાં ગુજરાતના વકીલ પણ હાજર રહેતા.

તા. ૧૬-૮-૬૧એ અમારો કેસ પૂરો થયો. કેસમાં પાંચ જજોની બેન્ચમાંથી મુધોલકર અને સરકાર બંને જજોએ આ કાયદો બંધારણીય છે એમ જણાવ્યું. જ્યારે દાસ અને આયંગરે કાયદો ગેરબંધારણીય છે એમ જણાવ્યું. વડા જજ સિંહાએ પોતાનો મત દાસ અને આયંગરની તરફેણમાં આપ્યો. એટલે બહુમતીથી કાયદો ગેરબંધારણીય ઠર્યો.

સરકાર સુપ્રિમ કોર્ટમાં હારી ગઈ. તેથી ગણોતિયાને ૧૯૫૭ના કાયદા મુજબ જે કિંમત ઠરાવે તે આપવાની રહી. ખેડૂત મંડળે સમાધાનના પ્રયત્નો ચાલુ રાખ્યા. અને છેવટે સમાધાન થયું. તાલુકદારો જે મોટા હતા તેમણે ૩૦ થી ૪૫ ૫ટ સુધી સમાધાન કર્યાં. નાના ઓછી જમીનવાળાઓએ ૫૦ પટની આસપાસ કર્યા. અંતે સમાધાનથી આ પ્રકરણનો અંત આવ્યો. મોટા ભાગના માલિકો અને ગણોતિયાઓએ સમાધાનકારી વલણ અપનાવ્યાં.

હવે એક બીજી વાત નોંધું છું. ગુજરાત સરકારે સને ૧૯૬૧માં ટોચમર્યાદાનો કાયદો કર્યો. અને તે ૧૫-૧-૫૯ એટલે પાછલાં બે વર્ષથી લાગુ પડયો. આ કાયદાનો ખેડૂત મંડળે અભ્યાસ કરી તેનાં સૂચનો કરેલાં. તેમાં સૂકી ખેતીમાં પાંચ માણસના કુટુંબ માટે ૬૦ એકરની ટોચમર્યાદા રાખવી એવી ભલામણ કરેલી. જેથી તેની ખેતી ટકી શકે.

કદાચ ગોડા કલાકમાં પણ પૂરો થઈ જાય. માટે આપને આગળથી બધી તૈયારી કરી રાખવી જોઈએ.

મેં ત્યાં જોયું કે આપણી અહીંની કોર્ટો કરતાં ત્યાંનું કામકાજ જુદું જ હતું. આપણે ત્યાં તો ઘણો બધો વખત વ્યર્થ જતો માલૂમ પડે, ઉપરા ઉપરી મુદત પડે. અહીં તો મિનિટે મિનિટની કાળજી. યોગ્યગરની દલીલો થાય. જજો તરત ખુલાસો માગે. ખુલાસો કાયદેસર અને વાજબી કર્યા પછી દલીલો આગળ ચાલે. ન્યાયની પદ્ધતિ પણ નૈતિક રીતે ઘણી ઊંચી એવી અમારા મન પર છાપ પડી.

કોર્ટમાં કેસ નીકળતાં જ કેસ ચાલે છે એમ ઠરાવવા માટે દલીલો વાદી તરફથી થાય. જજોને તે કાનૂન બહાર લાગે તો પ્રશ્ન પૂછે અને ખુલાસો ગળે ઊતરે તો જ આગળ વધી શકાય. એડવોકેટોએ પણ અભ્યાસ કરીને તૈયાર રહેવું પડે. આ વાત બંને પક્ષોને લાગુ પડે. જેથી કેસ કેટલો લંબાશે, ક્યારે પૂરો થશે એ ચોક્કસ કહી શકાય નહીં.

અમારો કેસ તા. ૧૭–૭–૬૧એ ડેટ (તારીખ) ઉપર આવેલો તે તારીખ ૯–૮–૬૧ના બપોરની રિસેષ પછી ૨–૪૫એ શરૂ થયો.

મને એ જાણીને પણ ભારે નવાઈ લાગી કે આ એડવોકેટોની ફીનું ધોરણ પણ ઘણું ઊંચું હતું. ૧૬૦૦ રૂપિયા રોજના. અને તે પણ બીજા કેસમાં રોકાયેલા હોય અને કેસ બીજી બેન્ચ સમક્ષ આવે તો તે ત્યાં ચલાવવા જાય. એટલે આપણે બીજા વકીલને પણ તૈયાર રાખવા જ પડે. અને તેની અડધી ફી ૮૦૦ રૂપિયા આપવા પડે. આવી સ્થિતિમાં ગામડાના સામાન્ય માણસનું ગજું કેટલું? પાંચ દસ હજાર માટે તો સર્વોચ્ચ અદાલતમાં જવાય જ નહીં. કારણ કે એટલું તો

તેને ખર્ચે જ થઈ જાય. અહીં તો શ્રીમંતો સિવાય કોઈનો ગજ વાગે જ નહીં. આવી ઘણી ચર્ચા ચાલે.

અમારા કેસમાં સરકાર તરફથી હજુરી હતા. અને અમારા તરફથી નથવાણી તથા મોદી, તાલુકદારો તરફથી પાઠક અને દાદા માનજી હતા. કેસ દાખલ થયો ત્યારે દ્વિભાષી મુંબઈ રાજ્ય હતું. પણ પાછળથી ગુજરાત રાજ્યની રચના થઈ. એટલે આ કેસમાં ગુજરાતના વકીલ પણ હાજર રહેતા.

તા. ૧૬-૮-૬૧એ અમારો કેસ પૂરો થયો. કેસમાં પાંચ જજોની બેન્ચમાંથી મુધોલકર અને સરકાર બંને જજોએ આ કાયદો બંધારણીય છે એમ જણાવ્યું. જ્યારે દાસ અને આયંગરે કાયદો ગેરબંધારણીય છે એમ જણાવ્યું. વડા જજ સિંહાએ પોતાનો મત દાસ અને આયંગરની તરફેણમાં આપ્યો. એટલે બહુમતીથી કાયદો ગેરબંધારણીય ઠર્યો.

સરકાર સુપ્રિમ કોર્ટમાં હારી ગઈ. તેથી ગણોતિયાને ૧૯૫૫ના કાયદા મુજબ જે કિંમત ઠરાવે તે આપવાની રહી. ખેડૂત મંડળે સમાધાનના પ્રયત્નો ચાલુ રાખ્યા. અને છેવટે સમાધાન થયું. તાલુકદારો જે મોટા હતા તેમણે ૨૦ થી ૪૫ ટકા સુધી સમાધાન કર્યાં. નાના ઓછી જમીનવાળાઓએ ૫૦ ટકાની આસપાસ કર્યાં. અને સમાધાનથી આ પ્રકરણનો અંત આવ્યો. મોટા ભાગના માલિકો અને ગણોતિયાઓએ સમાધાનકારી વલણ અપનાવ્યાં.

હવે એક બીજી વાત નોંધું છું. ગુજરાત સરકારે સને ૧૯૬૧માં ટોચમર્યાદાનો કાયદો કર્યો. અને તે ૧૫-૧-૫૬ એટલે પાછલાં ૬ વર્ષથી લાગુ પડ્યો. આ કાયદાનો ખેડૂત મંડળે અભ્યાસ કરી તેનાં સૂચનો કરેલાં. તેમાં મુખ્ય ખેતીમાં પાંચ માણસના કુટુંબ માટે ૬૦ એકરની ટોચમર્યાદા રાખવી એવી ભલામણ કરેલી. જેથી તેની ખેતી ટકી શકે.

પાગ માલુમ કરતા જો વધુ માણસો હોય તો દરેક એકદરે કે એક માણસ દીઠ ૧૨ એકર જમીન વધારે ગણી. ભાઈઓને વહેંચણીનો અધિકાર આપવો દા.ત. બાપના નામે જમીન હોય તે ગણોતિયો હોય તો તેના દીકરાને ટોચમર્યાદાનો હક્ક આપવો. એ જ પ્રમાણે બાપ મરી ગયો હોય અને મોટા ભાઈને નામે જમીન ચાલતી હોય. અને બીજા ભાઈઓ ભેગા રહેતા હોય તો તેમનાં ખાતાં જુદાં ગણી સિલિંગ જેટલી જમીન ખરીદવાનો હક્ક આપવો. કારણકે ત્યારે ખરીદી થઈ નહોતી. સમાધાન તો પાછળથી થયા. અમારી દૈની વાત સરકારને અવ્યવહારુ લાગી. સરકારે કાયદામાં ૯ વિભાગ પાડયા. જમીનની જાત, પત વગેરે જોઈને ઊંચામાં ઊંચી જમીનની ૧૩૨ એકરની મર્યાદા રાખી. ગણોતધારામાં ગણોતિયો ૭૨ એકર સુધી જમીન ખરીદી શકતો હતો. જ્યારે સિલિંગ એક્ટ—ટોચ મર્યાદાના કાયદામાં ખરીદવાની જોગવાઈ નહોતી. આ લખવાનો મારો હેતુ એ છે કે જ્યારે આજે બાર વર્ષ પછી ગુજરાત સરકારના ટેબલ ઉપર બિલ આવીને પડયું છે, તે પ્રવર સમિતિને સોંપાણું છે. તેમાં બાર વર્ષ પૂર્વે ખેડૂત મંડળે સંતબાલજીની દોરવણીથી કરેલાં બધાં સૂચનોનો સમાવેશ થયો છે. એટલું જ નહીં પણ આ અંગેની ટોચની કમિટીએ પણ તેનો સ્વીકાર કર્યો છે. આ અત્યારે વહેવારુ લાગ્યાં છે. આ ઉપરથી જોઈ શકાય છે કે સંતબાલજી પોતાના અનુભવ ઉપરથી જે નક્કર સૂચનો કરતા તે કેટલાં સચોટ હતાં એ સહેજે સમજી શકાય છે. આ પાંચ માણસના કુટુંબની વ્યાખ્યાનો સ્વીકાર આખા દેશમાં થયો છે.

આ પ્રશ્નને મેં એટલા માટે વિસ્તારપૂર્વક ચર્ચ્યો છે કે આ ગણોતિયા ખેડૂતો માટે તે પ્રાણ પ્રશ્નરૂપ છે. ખેડૂત મંડળ પહેલેથી જ તેના બધા ભયસ્થાનો વિચારતું આવેલું. અને જ્યાં જ્યાં જ્યારે જ્યારે રજૂ કરવા યોગ્ય લાગ્યા ત્યાં કર્યા.

અમે તાલુકા સમિતિ અને જિલ્લા સમિતિને જાણ કરી—જવાબ મળ્યો ચિંતા કરશો નહીં. અમે પ્રાંતિક સમિતિને જાણ કરી—જવાબ મળ્યો : ચિંતા કરશો નહીં. અમે ધારાસભ્યો અને ખુદ મહેસૂલ પ્રધાનને જાણ કરી—જવાબ મળ્યો, ચિંતા કરશો નહીં; સરકારના હાથ લાંબા છે. છતાં અમારા અગાઉના અનુભવે અમે શુદ્ધિપ્રયોગ કર્યો.

જવાબ મળ્યો : આવું કંઇ કરવાની જરૂર નથી, સરકાર જાગ્રત છે.

સરકાર જાગી, મોડે મોડે સુધારો કર્યો, પણ છેવટે હારી ગઈ.

૧૯૫૦ના એબોલિશન એક્ટમાં ૧૯૫૫માં તેની કલમ ૫ સુધારી પત્ર દાખલ કરી. અમને સલાહ મળી કે માલિક આકારના છ પટ ન લે તો સરકારમાં જમા કરાવી દો. તમને કાયમી હક્ક મળી જશે. અમે માલિકો પાસે ગયા. માલિકોએ એ પૈસા ન લીધા એટલે મામલતદાર કચેરીમાં છ પટ લેખે લાખો રૂપિયા ભરાવી દીધા. પણ ૧૯૫૭માં જે કાયદો થયેલો કે ૨૦ પટથી ઓછું વળતર આપી શકાય નહીં તે મુદ્દા ઉપર ગેર કાયદેસર ઠર્યો. ખેડૂતોના ભરેલા લાખો રૂપિયા સરકારની તીજોરીમાં પડયા રહ્યા. ખેડૂતોને શાહુકારોનાં વ્યાજ ભરવાં પડયાં. જેમાંથી હજુ પણ કેટલાક તો ઊંચા આવ્યા નથી.

સરકારના લાંબા હાથ ખરા, પણ તે સમયસર રક્ષણ ન આપે તો તેની અસર મારી જાય છે. અને અમને તેનો અનુભવ થયો. અમારું નાનકડું ખેડૂત મંડળ હતું તો ખેડૂતોને કંઇક આધારરૂપ લાગતું હતું. બાકી ઉપર વર્ણવી તેવી કોર્ટોની પીંજણમાં ખેડૂત કેટલું ટકે એ સમજુ વાચક મહેલાઇથી સમજી શકે તેમ છે.

૧૩

તા. ૨૧-૯-૫૬ના રોજ ધોળકા મુનિશ્રી સંતબાલજીની હાજરીમાં પ્રાયોગિક સંઘની મીટિંગ મળી. તેમાં એકાએક પ્રશ્ન આવ્યો. મધ્યસ્થ સરકારે રાજ્ય પુનર્રચના કમિશન નીમેલું. તે કમિશને મુંબઈ, મહારાષ્ટ્ર, વિદર્ભ મરાઠાવાડ, ગુજરાત સહિતનું દ્વિભાષી રાજ્ય બનાવવું એવો નિર્ણય આપેલો. આ નિર્ણય મહારાષ્ટ્રને મંજૂર નહોતો. તેથી તેમણે મુંબઈ સહિતનું મહારાષ્ટ્ર જોઈએ તે માટે આંદોલન ચલાવ્યું. ગુજરાત જુદું પડે. ગુજરાતીઓને એમ થયું કે ગુજરાત ભલે જુદું પડે પણ મુંબઈ મહારાષ્ટ્રને મળે તો ગુજરાતને અન્યાય થાય. મુંબઈના વિકાસમાં ગુજરાતીઓનો પણ મોટો હિસ્સો છે. આ માગણી ગુજરાતની હતી. અને હાલ પણ ગુજરાતીઓ મુંબઈમાં વસે છે. આ પ્રશ્ન છેવટે સંસદમાં આવ્યો અને એવી દરખાસ્ત આવી કે (૧) મુંબઈ શહેરનું અલગ રાજ્ય (૨) મહારાષ્ટ્ર, વિદર્ભ અને મરાઠાવાડ (૩) સૌરાષ્ટ્ર અને કચ્છ સહિતનું ગુજરાત એમ ત્રણ રાજ્યો કરવાં. આ દરખાસ્તને ૨૩૨ મતોનો ટેકો મળ્યો. તેમાં એક શરત હતી કે પાંચ વર્ષ બાદ મુંબઈ પોતે પોતાનો નિર્ણય કરે કે તેણે ગુજરાતમાં જોડાવું કે મહારાષ્ટ્રમાં. પણ આવી ત્રણ રાજ્યની દરખાસ્ત ગુજરાતને પસંદ પડી નહીં. તેથી અમદાવાદમાં તોફાનો થયાં. મુંબઈમાં પણ અશાંતિ થઈ.

આ આખો પ્રશ્ન પ્રાયોગિક સંઘની મીટિંગમાં ચર્ચાયો. સંતબાલજીએ કહ્યું: અત્યારે ગામડાંઓએ શહેરને કહેવું

જોઈએ, આખા દેશનું હિત હોય એવા વિચારો રજૂ કરવા જોઈએ. દ્વિભાષી રાજ્ય રચના જ ભારતીય સંસ્કૃતિ માટે ઉત્તમ છે. આ વાત બાલ નળકાંઠા ખેડૂત મંડળે અમદાવાદમાં જઈને કહેવી જોઈએ.

ખેડૂતો માટે અમદાવાદમાં જઈને પ્રચાર અને ઉપદેશ આપવાનું મુશ્કેલ જ નહીં પરંતુ ગજા બહારની વાત હતી. વળી ગામડાંના ખેડૂતોને અભણ અને અબુધ ગણી હસી કાઢે. ત્રીજી વાત એ શુદ્ધિ પ્રયોગો ચાલુ હતા. તેમાં ખેડૂતોની શક્તિ રોકાયેલી હતી.

સંતબાલજીએ કહ્યું: યોગ્ય તર્ક વાપર્યું બી ફળ આપે છે. વળી આ જે ખરી તક છે. સરકાર સામે તોફાનો થાય છે, સરકાર ગોળીબાર કરે છે, માલમિલકતને નુકસાન થાય છે, તેવા પ્રસંગોમાં ગામડાંઓએ પોતાનો અવાજ રજૂ કરીને શાંતિ માટે પ્રયત્નો કરવા જોઈએ. આ અંગે ખેડૂતમંડળ જ વિચારીને વ્યવસ્થિત શરૂઆત કરે.

અમદાવાદમાં ૮મી ઓગસ્ટ ૧૯૫૬થી તોફાનો શરૂ થયેલાં તેમાં માલમિલકતને નુકસાન ઉપરાંત ચૌદ જેટલા માણસોએ જાન ગુમાવેલા. સરકારને ગોળીબાર કરવા પડેલા. કોંગ્રેસીઓ પ્રત્યે ભારે નફરતનો વંટોળ જાગેલો. ધોળી ટોપીને સો ગાઉ ત્યાંથી ઉડાવે. આવું આંદોલન જોરશોરથી ચાલે. આ આંદોલનની આગેવાની ઇંદુલાલ યાજ્ઞિકે લીધેલી. આવું હિંસાત્મક આંદોલન જોઈને સંતબાલજીનું હૃદય દ્રવી ઊઠેલું. આવી અરાજકતા જોઈને મોરારજીભાઈનું દિલ દુભાયેલું. તેમણે શાંતિ ન સ્થપાય ત્યાં સુધી અચોક્કસ મુદતના ઉપવાસ જાહેર કર્યા. મોરારજીભાઈના આઠ ઉપવાસ થયા છતાં શાંતિ થતી નહોતી. અમદાવાદના આગેવાન એવા ૫૮ જેટલા નાગરિકોએ પોતાની સહીઓ સાથે એક અપીલ બહાર પાડી મોરારજીભાઈને

તેમના ઉપવાસ છોડી દેવા એક લેખિત નિવેદન કર્યું એવો મારો ખ્યાલ છે. અમે શાંતિ માટે મદદ કરીશું. તમે ઉપવાસ છોડી દો એમ વિનંતી કરી. મોરારજીભાઈએ ઉપવાસ છોડયા. જાહેર સભા મળી તેમા તેઓ ગયા. છતાં પૂરેપૂરી શાંતિ સ્થપાઈ નહીં.

આ સંજોગોમાં મુનિશ્રી સંતબાલજીએ ખેડૂતમંડળના અગ્રણીઓને બોલાવી તેમની સમક્ષ બે કાર્યક્રમો સૂચવ્યા. એક શાંતિ સેનાનો અને બીજો શાંત પ્રચાર ટુકડીઓનો. અત્યારના સંજોગોમાં કોંગ્રેસને ગામડાંઓ ટેકો નહીં આપે તો લોકશાહી સુરક્ષિત રીતે વિકસશે નહીં. શહેરો તો તોફાને ચડયાં છે. અહિંસક માર્ગ છોડીને હિંસક માર્ગે જાય છે. આથી સરવાળે ફાયદો થવાનો નથી. માટે આ કાર્યક્રમ ઉપાડવો જોઈએ.

ટુકડીઓના કાર્યક્રમમાં અગિયાર માણસોની એક એવી ટુકડી અમદાવાદમાં સવારે પહોંચી જાય. ત્યાંના જાહેર માર્ગો ઉપર ફરી, સરઘસ કાઢી, સૂત્રોચ્ચાર કરે અને સાંજે પાછી ફરે. આમ બીજે દિવસે બીજી ટુકડી. આવો કાર્યક્રમ ચાલે.

શાંતિ સેનામાં જોડાય તે તો જ્યાં હિંસા થતી હોય તેની વચ્ચે જઈને શાંતિ માટે સમજાવે. તેમ કરતાં જે જોખમ આવી પડે તે હસતે મોઢે સહન કરે. આટલી હિંમત હોય તે જ શાંતિ સેનામાં જોડાઈ શકે. અમદાવાદનું વાતાવરણ જ એવું હતું કે કોઈ કોંગ્રેસની અને દ્વિભાષીની વાત કરી શકે જ નહીં. આવી પરિસ્થિતિમા ટુકડીઓમાં જવા ખેડૂતોને તૈયાર કરવા એ કપરું કામ હતું. એ પ્રયોગો ચાલે અને આ ત્રીજો કાર્યક્રમ. વળી અમદાવાદ જેવા નગરમાં ટુકડી મારફતે જવાની વાત પણ અઘરી, એ ખેડૂતને ગળે શી રીતે ઉતરશે? અંબુભાઈ આગળ મારું મંથન મેં કહ્યું.

અંજુમને કહ્યું: આપેલું અમેરિકન પે
મૂકીએ. કોઈએ પેટ્રોલ કે જવાબ આપે તે આપે
કરીને, કુકીમાં અમેરિકન મેં ... અને અંજુમ
થઈ. અંજુમને ત્રિપુરી અને વિમાને વાત અમ
અમર આવી રીતે થઈ. આ વાં અમેરિકનો મોટામાં
હિંદીઓને ખાવાના ડાબે કર્યાં. ગાંધીજીનું તૈયાર
કેદખાનાની ચોકસ તાલીમ નથી નહોતી. તેમાં
તા. ... અમદાવાદ ... કે ૧૧મી
આઠવાડિયાની સુધી અમદાવાદમાં આવી. ત્યાં
મુકામ. ... પર નજર કરી. અંજુમને
૧૧ ... સુધી તૈયાર કરીને ૧૧મી તારીખે
ચઢાવી થઈ. ... પોતાનાં પોતાના માણો
અમદાવાદની ... લગાડી દાઝી. આ કેદીઓને
આ કાળા ... અને ... રેલ્વે
અને રોજ આપી ... કેવા ...
થઈ ... પછી તો તા. ૧૨મી, ૧૩મી, ૧૪મી
એમ ... કુકીઓ ...
... લાગી. કુકીઓની
... કેદીઓ ... પુરા ... કે
... થયું. ત્યાં કુકીઓને ...
આવવા લાગ્યા. કુકી ... કરવી.

આ અમદાવાદની ... મદદ ... નહ
કુકીઓને ... ચાલુ કરી દીધી. તે
મનમાં એમ કે આવું કર્યું ... કુકીઓ
બંધ થઈ ... તે ... કરી ... આ ... લાગ
... ... પૈસાં, ...
... ... થઈ.

આનું થવા છતા ટુકડીવાળાઓ ડર્યા કે થાકયા નહીં. તે લોકો તો આવે, સૂત્રોચ્ચાર કરતા સરઘસ કાઢે અને સાંજે પાછા ચાલ્યા જાય. આ જોઈને પેલા લોકો વધુ અકળાયા. એક ટુકડીમાંથી એક ભાઈનું પોતિયું ખેંચી નગ્ન બનાવ્યા. વળી એક ભાઈને ઉપાડી ચાર પાંચ જણ પોળમાં લઈ ગયા. લઈ જઈને દબાણપૂર્વક પૂછવા લાગ્યા કે સાચું બોલો તમને કોણ મોકલે છે, કેટલા પૈસા આપે છે, કોંગ્રેસવાળા મોકલે છે કે? આવા અનેક પ્રશ્નો પૂછવા માંડયા. પેલા ભાઈ તો એક અભણ ભરવાડ હતા.

તેમણે જવાબ આપ્યો કે પૈસા બૈસાની વાત ના કરશો. આ તો ભાલનળકાંઠા ખેડૂતમંડળ અને ગોપાલક મંડળ બન્નેના અમે સભ્યો છીએ અને અમારા ઘરના ભાડાથી જ અમે આવીએ છીએ. અમારા મંડળ તરફથી મળતા ભાડાના પૈસા પણ અમે ન લઈએ તો વળી કોંગ્રેસીઓના તો લઈએ જ શાના? આ તો અમારા મંડળે એક કાર્યક્રમ નક્કી કર્યો છે. તેથી આવીએ છીએ.

"આમ કયાં સુધી તમારી ટુકડીઓ આવ્યા કરવાની છે?"

"અમારા મંડળ તરફથી આદેશ મળશે ત્યાં સુધી."

"તમારે ઘેર કંઈ કામધંધો છે કે નહીં?"

"અરે! ધંધો તો કાયમ હોય જ ને! એમાં એક દી કાઢવાનો હોય તેમાં શું બગડવાનું હતું?

"આ કાગળ ઉપર અંગુઠો પાડી આપો. નહીંતર વધુ હેરાન કરીશું." આવી જાતની ધમકી આપી.

પણ તે ભાઈ ડગ્યા નહીં. ભરવાડનું લોહી હતું. તેથી તેણે કહ્યું: તમારે જે કરવું હોય તે કરો. એનાથી હું ડરવાનો નથી, પણ આવી સહી કરે ઈ બીજા.

અત્યારે તમે મને માયામણી આપીને બગાડો મારો છો, પણ અમને અમારા મંત્રીજી અને મંગળદાસજી મહારાજની શિખામણ છે કે અમારે કેદીઓની માફક નાસ્તામાં ઊતરવું નહીં, પણ અન્ન ઉપર મદાર રાખવું. તેથી મેં મારી તરફથી કેટલીક ડીશમાં મૂકી છે. અમે આપની તરફથી ખબર ચાહીએ નહીં. આ તો તમે પાંચ જણ છો, પણ પચાસ હો તોપણ શું થઈ શકું? મારા હાથમાં તાકાત હોય તો કેદીને માટે મૂકી આપી છે કે મારે ઘેર આવજો આવી જશો? પણ શું કરીએ! કાયદાથી બંધાયેલા છીએ. એમ આ માર્મિક હિંમતપૂર્વક જવાબ આપ્યો.

આ બધી હકીકત તો આ ટુકડી પાછી આવી ત્યારે જાણવા મળી.

રોજરોજ નવી નવી ટુકડીઓ જતી. એટલે આગળની ટુકડીનો અનુભવ પછીને દિવસે જનાર ટુકડીને જણાવવામાં આવતો. જેથી તે પ્રમાણે તેઓ વર્તન કરે.

આ કાર્યક્રમમાં એક દિવસ બહેનોની ટુકડી પણ મોકલવાનો કાર્યક્રમ હતો. અમને શંકા હતી કે આવા સંજોગોમાં બહેનો હિંમતપૂર્વક સામેલ થઈ શકશે ખરાં? પરંતુ બહેનો ગયાં, અને તેઓએ પણ પોતાનું સરઘસ કાઢ્યું અને રોજના ક્રમ પ્રમાણે સૂત્રો વગેરે ઉચ્ચાર્યાં. અમે અમદાવાદ જેવા સંસ્કારી શહેર માટે ગર્વ માન છે, તેથી લખતાં સંકોચ થાય છે કે કેટલાંક અસામાજિક તત્ત્વોએ બહેનોનાં કપડાં સાથે પણ ચેડાં કર્યાં. પરંતુ આ બહેનોએ પોતાની હિંમત છેવટ સુધી ટકાવી રાખી.

આમ ટુકડીઓ મોકલવાનો કાર્યક્રમ તારીખ ૩૧-૧૦-૫૬ સુધી ચલાવવાનો હતો. ૧લી નવેમ્બરે દ્વિભાષી રાજ્યનો અમલ

જ્વારજમાં ભંગીભાઈઓનાં મકાનો

૧૪

એક દિવસ મુનિશ્રી સંતબાલજીએ એમના પ્રવચનમાં કહ્યું : માણસને ભગવાને બુદ્ધિ આપી છે. તેથી તે પશુ પક્ષી કરતાં ચઢિયાતો છે. માનવ જાતિ શ્રેષ્ઠ કહેવાય છે. એટલે માણસે માનવતાના ગુણોના વિકાસ થાય તે રીતે જીવવું જોઈએ. પોતાના જીવનમાં અમુક મર્યાદાઓ સ્વીકારીને જે મૂલ્યો સંસ્કૃતિને અને સમાજને પોષક હોય તેવાં મૂલ્યોની વ્યાપકતા અર્થે તેવો પ્રયત્ન કરવો જોઈએ. તેણે પોતાની જાતને સ્વાર્થની સાથે પરમાર્થમાં જોડવી જોઈએ. અને એવી વૃત્તિ રાખીને, માણસ જીવન વિતાવશે તો પોતાની જાત, સમાજ તથા આપણી ભારતની પરંપરા સચવાશે. માટે આપણે આ પ્રયોગમાં તેવી કાળજી પણ રાખવી પડશે. તેથી જ આપણે આપણી પ્રાર્થનામાં કહીએ છીએ :

> નિર્ભય બનીને જાનમાલની, પરવા કદીએ નવ કરીએ,
> અમ માલિકીની વસ્તુનો, મૂઢ સ્વાર્થ પણ પરહરીએ.
> ખાવું, પીવું, ફરવું, કરવું, સૂવું, જાગવું ને વદવું,
> સર્વ ક્રિયાઓ કરતાં પહેલા, પાપ વિકારોથી ડરવું.
> છતાં પાપ ગફલત જો કંઈ તે, ક્ષમા માગી હળવાં થઈએ,
> સર્વક્ષેત્રમાં રહીએ તો પણ, આત્મભાન નહિ વિસરીએ.

આ પ્રાર્થનાની પંક્તિઓનો અર્થ જ એ થાય છે કે આપણે આપણી જાતને નિર્ભય બનાવીને જીવન જીવવાની રીત આચરવી જોઈએ. આપણા દેશમાં સંસ્કારના સિંચન માટે, મહાપુરુષોએ સદાચાર બનાવ્યો છે કે જેમ રામાયણમાં તુલસીદાસજીએ કહ્યું છે :

પરહિત સરિસ ધરમ નહીં ભાઈ,
પરપીડા સમ નહિ અધમાઈ.

પારકાનું ભલું ઇચ્છવું અને બીજાને માટે થઈ શકે તેટલું કરવું તેના જેવું રૂડું બીજું શું? બીજાને દુઃખ દેવું તેના જેવું એકે પાપ નથી.

આપણા શાસ્ત્રો, પુરાણો અને સંતો તેમ જ ઇતિહાસ પણ એ જ વાત કરે છે. ભામાશા, ખીમો હડાળિયો વગેરેના દાખલા મોજૂદ છે એમ ઇતિહાસ કહે છે. જ્યાં બહુજન સમાજનું હિત હોય ત્યાં તેમણે પોતાની કમાણી વહાલી કરી નથી. અને ઉદારતાથી લોકોના સંકટમાં ફાળો આપ્યો છે. માણસની આંતરડી કકળે અને પારાવાર વેદના થાય તેની વાણીમાંથી 'હાય' શબ્દ નીકળે તેનું પરિણામ કેવું આવે! તેથી તુલસીદાસજીએ કહ્યું છે કે,

તુલસી હાય ગરીબકી કભી ન ખાલી જાય,
મુઆ ઢોર કે ચામસે લોહા ભસ્મ હો જાય.

મતલબ કે કોઈનું દિલ દુભાવતાં પહેલાં વિચાર કરજો. સત્તા, ધન, અને જોબન આ વસ્તુ અવિચળ નથી કે તે ટકી રહે. તેનું તો સમયની સાથે સાથે પરિવર્તન થવાનું જ છે. બાળપણ પછી યુવાની, પછી ઘડપણ. આમ જોતજોતામાં ફેરફાર થઈ જ જાય છે. માટે માણસે જીવનને સાર્થક બનાવવા માટે જીવવાની રીત શીખી લેવી જોઇએ.

જીવવાની રીતો ત્રણ છે: (૧) જે માણસ આખી જિંદગી પારકાના હિત માટે એટલે કે પરમાર્થ માટે જ જીવે છે. તેને પોતાનો સ્વાર્થ નથી હોતો. તે પોતાના જીવનને ધન્ય બનાવી આનંદ મેળવે છે. આ ઉત્તમ રીત ગણાય.

(૨) માણસ એવી રીતે જીવે કે પોતાનો સ્વાર્થ

સાધવા જતા બીજાને નુકસાન તો નથી થતુંને તેની કાળજી રાખે. એ છે મધ્યમ રીત.

(૩) માણસ પોતાના સ્વાર્થ માટે બીજાનો વિચાર જ ન કરે, બીજાના ભોગે જ જીવે, પોતાના સ્વાર્થમાં જ રચ્યો પચ્યો રહે. આ છે કનિષ્ઠ રીત.

આમાં ત્રીજા પ્રકારની રીત એવી છે, કે મનની અંદર ગ્રંથિ મજબૂત બની જાય છે. પછી લોભ સવાર થઈ જાય છે. ચમડી તૂટે પણ દમડી ન છૂટે. પછીથી આખી જિંદગી કાળાં ધોળાં કર્યાં જ કરે છે. તેથી માનવતા ખીલતી નથી. અને મનુષ્ય જેવો, દેવને દુર્લભ દેહ ફરીને જીવન વેડફી નાંખે છે. તેનું શ્રેય નથી આ લોકમાં થતું કે નથી પરલોકમાં થતું. માટે મનુષ્યોએ આ બધી બાબતોનો વિચાર કરીને ગૃહસ્થાશ્રમમાં પોતાનો વ્યવહાર ગોઠવવો જોઈએ. અને પોતાની શક્તિ મુજબ હૃદયમાં દયા અને વ્યવહારમાં નીતિપૂર્વક વર્તવું જોઈએ. એ રીતે માણસ જાગૃતિ રાખશે તો તેનું શ્રેય થશે. સમાજને પણ ઉપયોગી બનશે. આવા માણસોનો બીજા દાખલો લેશે.

અમે આ પ્રવચન સાંભળતા હતા. મને થયું કે આ કેવી ચેતવણી છે! આવા ઉપદેશ માટે આપણે સંતોનો પાડ માનવો જોઈએ. પોતાની જાતને કષ્ટ આપીને પોતાના આત્માના કલ્યાણની સાથે સાથે તેઓ સમાજનું પણ કલ્યાણ થાય એવા માર્ગો ધર્મની રીતે બતાવે છે. આવું સાંભળ્યા પછી પણ આચરવાની શક્તિ તો સંતોનો સહયોગ અને પૂર્વનાં સંચિત હોય તેને જ સાંપડે. આવા આવા વિચારો મારા દિલમાં આવતા હતા. આવી તક મળે તે પણ એક લહાવો જ હતો.

મારા પિતા ગુજરી ગયેલા ત્યારે અનેક કઠણાઈઓ વેઠેલી. ગરીબીનો ખ્યાલ પણ ખરો. સંવત ૧૯૮૧માં જ્યારે મેં

[illegible]

[illegible]

[illegible]

મારે મદદ તો કરવી જોઈએ એમ વિચારી સાંજે હું હરિજન વાસમાં મજૂર માટે ગયો. બધે ફર્યો. ભંગી વાસમાં આવ્યો. ભંગીનાં આઠ દસ ઘર. પાંચ-સાત ખેડૂતો ત્યાં ઊભેલા જ હતા. આવતી કાલે તો મારે ત્યાં આવવું જ પડશે. દાણા આપ્યા છે. નહીં આવો તો ક્યાં જશો ? આમ દરેક ખેડૂત પોતાને ત્યાં મજૂરને લઈ જવાની હુંસાતુંસી કરતા હતા. છેલ્લા કેટલાક વર્ષોથી હું આ તરફ આવેલો નહીં (મજૂરો કરવા) કારણ કે બધું કામકાજ નાનો ભાઈ જ સંભાળે. આ દૃશ્ય જોતાં મને તેની અકળામણના શબ્દો યાદ આવ્યા. આવી સેતરી હોય અને મજૂર ન મળે તો અકળાય નહીં તો બીજું શું કરે ?

ભંગી વાસનું દૃશ્ય ખરેખરું હતું. ધાક ધમકી કે લાલચ આપીને પોતાને ત્યાં ખેંચવા પ્રયત્ન કરતા હતા. ભંગીવાસમાંથી વીશેક જણ મજૂરી કરે. તેમને મજૂરી સિવાય બીજો આધાર નહીં. 'સિઝનમાં મજૂરીએ આવીશું'' એમ કહીને ઘણાની પાસેથી દાણા, પૈસા વગેરેનો ઉપાડ કરી લાવે.

ભંગી કોમમાં કેટલાક વહેમી રિવાજો પણ ખરા. દસ ઘર વચ્ચે ચાર તો માતાની દેરીઓ હતી. દેરીમાં શ્રીફળ મૂકી રાખે. આંખ કે માથું દુઃખે તો પણ ઘીનો દીવો કરી માતાની બાધા રાખે. બીજે કે ત્રીજે દિવસે માતા માટે શ્રીફળ, થાળ કે કંઇક માનતા તો કરવાની હોય જ. વરસમાં એક બે બાંકડા પણ માતા આગળ નાખે. તેમાં સહેજે ૫૦ થી ૧૦૦ રૂપિયાનું ખર્ચ થઈ જાય. આવા વહેમોમાં જે લોકો ફસાયેલા હોય તે ગરીબાઈથી શી રીતે છૂટે ? અવારનવાર ભૂવા અને ડાકલાંનો ઉત્સવ ઉજવે. બધો વખત તેમને મજૂરી મળે નહીં. સિઝનમાં જ ખાસ તો મળે. એટલે જ્યારે કામ ન મળ્યું હોય ત્યારે ગામના ખેડૂતો કે શાહુકારો પાસેથી દોઢા-બમણા કરીને દાણા લાવે. આ બધું તેમને સિઝનમાં આડું આવે.

જેને ત્યાંથી દાણા કે ઉપાડ કર્યો હોય તેને ઘેર ગોળી મજૂરીના દરે કામે જવું પડે. આવી સ્થિતિમાં આ લોકો જીવે. મને થયું: આ લોકો આખી જિંદગી મજૂરી કરે તો પણ તેમની સ્થિતિમાં સુધારો ક્યાંથી થાય ?

તેમને રહેવાનાં ઘર એ પણ માટીના કૂબા કે સામાન્ય ઝૂંપડાં હતાં. બારણાંનાં તો ઠેકાણાં નહીં. દિવસ આખો અને ક્યારેક બહાર જાય તો દિવસો સુધી તેમનાં ઘર એમ જ પડી રહે. નાનાં છોકરાં માટે ઘરમાં રોટલા ઢાંકીને મજૂરીએ જાય, તેમાં જો કૂતરાં પેસી જાય તો છોકરાં રોટલા વિના ટળવળે, શાન પડે ઘેર આવીને નવા ઘડે ત્યારે રોટલા ભેગાં થાય.

આ લોકોની સ્થિતિનો કોણ વિચાર કરે ? આગળ જણાવ્યું છે તે સંતબાલજીનું પ્રવચન મને યાદ આવ્યું. મને વિચાર આવ્યો કે આવા મારા ગામના પછાત બાઈઓ માટે કંઈક થઈ શકે તો સારું. હું આખા પ્રદેશમાં ફરીને ખેડૂતોને ઉપયોગી થવા મારાથી બનતો પ્રયત્ન કરતો હતો. તો મારા ગામના ભંગી બાઈઓ માટે શું કરું ? તેમને જમીન મળે તો ઉત્તમ પણ જમીન તો ક્યાંથી મળે ? ત્યારે થયું કે ભલે ખેડવા જમીન ન પામે, પણ નાનકડું ઘર મળે તોય સુખેથી રહે. ઘરમાં બે વસ્તુ સાચવીને મૂકે, છોકરાંને પણ નિરાંત. અને મમતાથી ગામમાં રહે.

મારા મનમાં એક વસ્તુ તો રમ્યા જ કરતી હતી કે આ લોકોને પણ તેમને લાયકનાં ઘર મળવાં જોઈએ. સામાન્ય ઢોર પણ સારા માંડવામાં રહેતાં હોય છે, તો માણસ જેવાં માણસને ઘર નહીં ? પણ શું કરું ? મારા ગજા બહારની વસ્તુ હતી. ઘર કેમ કરીને તેમને બંધાવી દેવાં ? સહકારી ઘર બાંધનારી મંડળી કરી દઉં તો થાય, પણ તેના હપ્તા ભરવા તૈયાર થાય

નહીં. કદાચ ઘર બંધાવા જ તૈયાર ન થાય. એમને તો તદ્દન મફતથી જ ઘર મળે તો તૈયાર થાય.

મેં તો મન સાથે દૃઢ સંકલ્પ કર્યો કે આ લોકોને ઘર બંધાવી આપવા અને એ માટે મનમાં 'મોરસ' ન ખાવાનું નક્કી કર્યું. મોરસ ન ખાવાના સંકલ્પથી મને જાગૃતિ રહે એટલા ખાતર જ આવો સંકલ્પ લીધો હતો. આની વાત મેં કોઈ ઠેકાણે બહાર પાડી નહીં. વળી મારી સ્થિતિ પ્રમાણે ઘરમાંથી ૫૦૦ રૂપિયા લઈ ને જવારજ સોસાયટીમાં ભંગીઓના ઘર નિમિત્તે અનામત જમા મૂક્યા.

જાહેર પ્રવૃત્તિ સાથે હવે તો મારું ઘણું જીવન જોડાયેલું હતું. એટલે અવારનવાર બહારગામ જવું પડે. સ્નેહીસંબંધીઓના વિવાહે પણ જવું પડે. આવા એક પ્રસંગે મિષ્ટાન્ન ન ખાતાં તેમણે મને આગ્રહ કર્યો અને મેં બધી વાત જાહેર કરી. વાત જાહેર થઈ તે સારું પણ થયું. હવે મને સગાસંબંધીઓ, સ્નેહીઓ મદદ કરવા લાગ્યા, કાર્યકર્તાઓમાંથી પણ મદદ મળી. સર્વોદય યોજના તરફથી મદદ મળી. આમ ધીમે ધીમે રકમ થતી જતી હતી. એટલે મને હિંમત આવી.

મેં એક દિવસ ભંગીભાઈઓને બોલાવ્યા, અને વાત મૂકી: તમે જો ઘર કરવા તૈયાર થાઓ તો મારે તમને બધી વસ્તુઓ પૂરી પાડવી. મજૂરી તમારે જાતે કરી લેવી પડે. તમે માટીનાં ભીંતડાં તૈયાર કરો, ચણવાની મજૂરી કરો. તો હું તમને લાકડાં, વળી, નળિયાં, બારણાં તથા સુથારની મજૂરી પૂરી પાડું. બોલો છો તૈયાર?

તેઓ બહુ રાજી થયા અને કહેવા લાગ્યા, તમે આટલું બધું કરતા હો તો અમારાથી એટલું નહીં થાય શું? અમે તૈયાર થઈશું.

પણ કોઈકે શંકા વ્યક્ત કરી કે અમે ભીંતડાં ચણી

કાઢીએ અને તમે માળી આપો નહીં તો ચોમાસામાં પડી જાય. ત્રીજા એકે કહ્યું, અમે મજૂરી કરીને ઘર કરીએ અને તમે હાંકો એ વાત સાચી, પણ એના ઉપર હક્ક કોનો ! કાલ ઊઠીને અમને ઘરમાંથી બહાર તો નહીં કાઢોને !

મેં તેમને હૈયાધારણ આપી કે આવો ભય રાખવાની જરૂર નથી. આ ઘર સંપૂર્ણ તમારી માલકીનાં જ રહેશે. તમને કોઈ તેમાંથી કાઢી શકશે નહીં. પણ સાંભળો, આ ઘર તમને તમારાં બાળબચ્ચાંને રહેવા માટે બનશે એટલે તમે વેચી ખાઓ અને પાછા માંડવા પાડીને પડયા રહો તો હું તે વેચવા દઉં નહીં.

છેલ્લે બોલ્યા : બાપા ! તમે સાચે સાચ જ અમને ઘર બંધાવી આપવાના હો તો અમારી હડકશા માતાના સોગંદ ખાઈને કહો કે બંધાનાર ઘર ઉપર મારો હક્ક નથી. તમે સોગંદ ન ખાઓ ત્યાં સુધી અમે પાયા ગાળવાના નથી.

મને વિચાર થયો કે દૂધનો દાઝેલો છાશ પણ ફૂંકીને પીએ એવી આ લોકોની હાલત છે. માટે પૂરેપૂરો વિશ્વાસ નહીં આપું તો આમને ગળે વાત ઊતરશે નહીં. આ લોકો વર્ષોથી દબાયેલા છે, માટે ડરે છે. મેં તેમને શાંત પાડયા અને કહ્યું: જુઓ, આમાં સોગંદની જરૂર નથી. હું સોગંદ ખાઈને ફરી જાઉં તો તમારી હડકશા માતા મને શું કરે ? માટે એવું મનમાં રાખશો નહીં. પછી માંડીને મેં તેમને બધી વાત કરી. મારી પ્રતિજ્ઞાની વાત જાણતાં તેમના હૃદયમાં પણ લાગણી જન્મી.

તેમ છતાં ફરી પાછું એક જણ બોલ્યો : આ અમારી હડકશા મા તો ખેદાન મેદાન કરી નાખે. વંશવેલો ન રહેવા દે એવી જાગતી છે. પણ હવે અમે સાંજે વિચાર કરીને તમને જવાબ દેશું.

મેં કહ્યું : ભલે, પણ બહુ મોડું ન કરના. આપણે

અખાત્રીજ પહેલાં ચણતર પૂરું કરી દઈએ તો છાપરાં વહેલાં ઢંકાઈ જાય.

અમે છૂટા પડ્યા.

સાંજે ફરી પાછા બધા મળ્યા. મેં પૂછયું: કેમ! હવે બધા તૈયાર થયા છો?

તો કહે, હા પછી એમણે પોતાના પેટની વાત કરી. તેમના મનમાં હજુ કંઈક શંકા રહી ગઈ હતી. તે તેઓ ગામમાં ફરીને બે ચાર તેમના વિશ્વાસુ સાથે તેમને મળીને ખાતરી કરી લાવ્યા.

કહે, હવે પાયા ગાળવાનું ક્યારથી કરીએ?

મેં કહ્યું: આવતી કાલથી. આપણે સારું મુહૂર્ત જોવડાવી લઈએ. પછી તમે શરૂ કરો.

હું જોશી પાસે ગયો. જોશીએ મુહૂર્ત જોઈ આપ્યું એટલે હું ભંગી વાસમાં આવ્યો અને તેની વાત કરી, પછી બધાંને ભેગા કરી ઘરની જમીનોની ખીલી મારવાનું વિચાર્યું. આમ તો આઠ જણ હતા, પણ કોઈકના છોકરા જુદા થયેલા એટલે એમણે કહ્યું: દસ ઘર થાય તો સારું.

મેં કહ્યું: મારી પાસે અત્યારે તો આઠ ઘરની પણ પૂરી જોગવાઈ નથી. હું તો ભગવાનને ભરોસે ચાલું છું. છેવટે ધોલેરાની લાટીમાંથી ઉધાર માલ લાવીને પણ તમારાં ઘર ચાળીશ, માટે અત્યારે તો આઠ જ રહેવા દો.

પછી અમે ખીંટીઓ મારવા લાગ્યા. હવે ઘર જ્યારે વ્યવસ્થિત બાંધીએ તો હારબંધ અને સરખાં હોય તો જ દીપે. અને લાગે પણ સારું. એટલે અમે તે પ્રમાણે ગોઠવ્યું. પણ તેમાં કોઈ કોઈની જમીન થોડી આઘી પાછી કરવી પડે તેમ હતી. આમ કરતાં તો તેમનું મન પાછું વંકાયું અને

કહેવા લાગ્યા, અમારી જમીન જરાયે આઘીપાછી ન થવી જોઈએ. એવું થાય તો અમારે ઘર નથી બાંધવાં એમ કહીને બધા વેગળા જઈ બેઠા.

પાછા મેં સમજાવ્યા કે ભલે, પાછલા ભાગમાં આપણે વધઘટ નીભાવી લેશું પણ બધાની ઓસરી તો એક સરખી રાખવી પડશે. બોલો એમાં સંમત છો?

પછી ખીલીઓ મરાણી અને મુહૂર્ત થયું. તેમણે તે પ્રમાણે પાયા ગાળવા શરૂ કર્યા. હું જઈને સુથારને ગળ્યો. અને આઠ ઘર માટે લાકડું, નળિયાં, વંજી, મજૂરી વગેરે કેટલું થાય તેનો અંદાજ કઢાવ્યો. તેના અંદાજ પ્રમાણે મારી પાસે જે રકમ થઇ હતી તેમાં રૂપિયા બારસો ઘટતા હતા. મને થયું: આમાં કોઈનું ઘર ઓછું ઢાંકે નહીં થાલે.

બે મહિનામાં તેમણે ભીનડાં ઊભાં કરી નાખ્યાં. એટલે ત્યાર પછીના કામ માટે હું વિચારવા લાગ્યો. તે અંગે હું ધોલેરા ગયો. લાટીમાં મારી કંઈક ઓળખાણ ખરી. મેં બેત્રણ વેપારીઓને મારી વિગત સમજાવી. મને તમે માલ આપો. કદાચ તમારે થોડા પૈસા બાકી રાખવા પડશે.

એક વેપારી બોલ્યાઃ એ શું બોલ્યા? તમે તારે માલ જોઈએ તેટલો લઈ જાઓ. પૈસા પછી મોકલી આપજો.

મેં કહ્યું: પણ ભાવ તો તમારે રોકડાનો ચાલતો હોય તે જ ભરવો પડશે. જો ઉધારનો ભરો તો મારાથી આ ઘર ચાળી શકાય નહીં.

તેઓ કબૂલ થયા. તેમણે કહ્યું: તમે તમારા ગામના ભંગીઓ માટે આટલું કરો છો તો અમે પણ વ્યાજ વગેરે નહીં લઈએ. એમ માનીશું કે એક વરસ અમારો માલ નહોતો વેચાણો, પડયો રહ્યો'તો.

અખાત્રીજ પહેલાં ગનાર પૂરું કરી લઈએ તો છાપરાં વહેલાં ઢંકાઈ જાય.

અમે છૂટા પડયા.

સાંજે ફરી પાછા બધા ભગા. મેં પૂછયું: કેમ! હવે બધા તૈયાર થયા છો?

તો કહે, હા. પછી એમણે પોતાના પેટની વાત કરી. તેમના મનમાં હજુ કંઈક શંકા રહી ગઈ હતી. તે તેઓ ગામમાં ફરીને બે ચાર તેમના વિશ્વાસુ હશે તેમને મળીને ખાતરી કરી લાવ્યા.

કહે, હવે પાયા ગાળવાનું કયારથી કરીએ?

મેં કહ્યું: આવતી કાલથી. આપણે સારું મુહૂર્ત જોવડાવી લઈએ. પછી તમે શરૂ કરો.

હું જોશી પાસે ગયો. જોશીએ મુહૂર્ત જોઈ આપ્યું એટલે હું ભંગી વાસમાં આવ્યો અને તેની વાત કરી, પછી બધાંને ભેગા કરી ઘરની જમીનોની ખીલી મારવાનું વિચાર્યું. આમ તો આઠ જણ હતા. પણ કોઈકના છોકરા જુદા થયેલા એટલે એમણે કહ્યું: દસ ઘર થાય તો સારું.

મેં કહ્યું: મારી પાસે અત્યારે તો આઠ ઘરની પણ પૂરી જોગવાઈ નથી. હું તો ભગવાનને ભરોસે ચાલું છું. છેવટે ઘોલેરાની લાટીમાંથી ઉધાર માલ લાવીને પણ તમારાં ઘર ચણીશ, માટે અત્યારે તો આઠ જ રહેવા દો.

પછી અમે ખીંટીઓ મારવા લાગ્યા. હવે ઘર જ્યારે વ્યવસ્થિત બાંધીએ તો હારબંધ અને સરખાં હોય તો જ દીપે. અને લાગે પણ સારું. એટલે અમે તે પ્રમાણે ગોઠવ્યું. પણ તેમાં કોઈ કોઈની જમીન થોડી આઘી પાછી કરવી પડે તેમ હતી. આમ કરતાં તો તેમનું મન પાછું વંકાયું અને

અંતરનો પ્રશ્ન

૧૫

અત્યાર સુધી મેં ભાલપ્રદેશમાં ખેડૂતમંડળ મારફતે અથવા તો મુનિશ્રી સંતબાલજીની દોરવણી નીચે ચાલતી સંસ્થાઓ મારફત જે પ્રદેશમાં કામ ચાલી રહ્યું છે તેની પ્રગતિ વાતો લખી. હવે હું આ પ્રદેશથી ઠીક ઠીક દૂર એવા કચ્છમાં બનેલ એક પ્રસંગ-શુદ્ધિપ્રયોગની વાત રજૂ કરું છું.

કચ્છ આમ તો અમારા ખેડૂતમંડળના કાર્યપ્રદેશમાં ન આવે. પરંતુ ભાલનળકાંઠાને ધોરણે કચ્છ પ્રાયોગિક સંઘની રચના સંતબાલજીની પ્રેરણાથી થઈ હતી. અને ખેડૂતોની મુશ્કેલી સામેથી અમારી પાસે આવે ત્યારે એક ખેડૂત તરીકે તેને મદદ કરવી-અમારા ગજા પ્રમાણે--એ અમારી ફરજ બની જતી હતી.

સ્વરાજ્ય આવ્યા બાદ કચ્છનો વહીવટ મધ્યસ્થ સરકાર મારફતે થતો. તે વખતે ત્યાં મોટો ધરતીકંપ થયો. ઘણાં મકાનો જમીનદોસ્ત થઈ ગયાં, અને હજારોની નુકસાની થઈ. આ જોવા પંડિત જવાહરલાલ નહેરુ પણ કચ્છમાં આવ્યા. તેમણે પરિસ્થિતિ નજરે નિહાળી. લોકોને આશ્વાસન આપ્યું કે આપણે હિંમત ખોવી ન જોઈએ. અંજાર નવું વસાવીશું. પંડિતજીની આવી હૈયાધારણ હોય ત્યાં બધું બને જ.

નવી વસાહત માટે ફંડ શરૂ થયું. કચ્છના આગેવાન કાર્યકરો ભવાનજી અરજણ ખીમજી, ગુલાબશંકર ધોળકિયા, કાંતિપ્રસાદ અંતાણી, પ્રેમજીભાઈ ઠક્કર વગેરેએ સારો સહકાર અને પુરુષાર્થ કરી મોટી રકમ મેળવી. લગભગ છન્નુ લાખ

રૂપિયા થયેલા એમ જાણવા મળ્યું. આ રકમમાંથી જેમનાં મકાન ધરતીકંપમાં પડી ગયેલાં તેમને નવાં મકાન બાંધી આપવામાં મદદ કરવાની હતી.

અંજારની દક્ષિણ દિશાએ આશરે બસો એકર જેટલો એક વિશાળ પ્લૅાટ પડયો હતો. જેમાં નવી વસાહત થઈ શકે તેમ હતી. બીજી તરફ તેની પૂર્વ દિશાએ અજેપાળની વાડીને નામે ઓળખાતી છન્નુ એકરની વાડી હતી. આ વાડીના માલિકો ધનવાન હતા. કલકત્તાની આસપાસ કેટલાક તો કોલસાની ખાણો ધરાવતા હતા, મોટા ઉદ્યોગપતિ હતા. તેમને અંજાર સાથે એટલે કે કચ્છ સાથે પણ બહુ જ ઓછો સંબંધ રહ્યો હતો. પરંતુ આ નવી વસાહત કે જે પોતાની વાડી ઉપર જ થાય તો તેમાં પોતાનાં નામ પણ દાખલ કરાવેલાં.

હવે આ વાડી, તેના માલિકો વર્ષોથી બહારગામ રહેતા હોવાથી ખેડૂતો ખેડતા. તેના ઉપર આશરે સોળેક જેટલાં ખેડૂત કુટુંબો વસેલાં. તેઓ ગણોતિયા તરીકે હતા. ગણોતધારો લાગુ પડેલો હોવાથી ખેડૂતો પાસેથી આ જમીન છોડાવી નહીં શકાય એવી તેમને ખાતરી થતાં એમણે બીજી યુક્તિ અજમાવી.

અંજારની નવી વસાહત માટે આ જમીન એકવાયર થાય એવા પ્રયત્નો થયા. અને તેમાં નવી ઊભી થતી સોસાયટીમાં પોતાનાં નામ પણ દાખલ કરાવી દીધાં. આથી આ વાડીના માલિકોને બે ત્રણ રીતે ફાયદો થતો: (૧) એમની જમીન ગણોતિયા પાસેથી છૂટી જતી, (૨) ધરતીકંપના રાહત દરે મકાનો બંધાઈ જતાં, (૩) જમીન એકવાયર કરવામાં આવે એટલે જમીનની કિંમત ઊંચી મળી શકવાની પૂરી શકયતા. કારણ કે એ રકમ પેલા છન્નુ લાખમાંથી ચૂકવવાની હતી. આમ કુનેહથી એક કાંકરે ત્રણ-ચાર પક્ષી મારી શકાતાં. પણ આમાં ભોગ કોણ બનતું? જમીન ખેડનાર ગણોતિયો.

તેનો રજી ખાવાનો રોટલો જતો. વર્ષોથી કેળવેલી ફળદ્રુપ વાડી જતી.

બીજી બાજુથી ગણોતિયાને જાણ કર્યા વિના જમીન એકવાયર કરવાની વિધિ શરૂ થઈ ગઈ. સરકારી અમલદારો અને નવી વસાહતના આયોજકો જમીનમાલિકની વહારે ધાયા. જમીન એક્વાયર કરવાની પૂરી વિધિ કરી દીધી અને સરકાર પાસે સોસાયટીઓએ જમીનનો કબજો માંગ્યો. પ્રાંત સાહેબે કબજો લેવાની કાર્યવાહી શરૂ કરી. ગણોતિયાઓને બોલાવી સમજાવ્યા કે નવી વસાહતો અંગે સોસાયટીઓએ આ જગ્યા પસંદ કરી છે. તેના પૈસા પણ સરકારમાં ભરાઈ ગયા છે. એટલે ખેડતા નહીં. તેનો કબજો વહેલી તકે આપી દેવો પડશે.

ખેડૂતોએ સરકારમાં અરજી કરી. પોતે સંરક્ષિત ગણોતિયા છે, વળી આજીવિકા માટે આ સિવાય બીજું કોઈ સાધન નથી. તો સરકાર આ જમીન અમારી પાસેથી ન પડાવી લે એવી વિનંતીઓ કરી.

આ બધી અરજીઓની કંઈ અસર થઈ નહીં અને જમીનનો કબજો મેળવવાની દબાણપૂર્વકની કાર્યવાહી ચાલુ રહી. ધરમશી ઓધવજી નામના ખેડૂત પાસે ૨૨ એકર જમીન હતી. તેઓ છ ભાઈઓ હતા. ધરમશીનું પચીસેક માણસનું કુટુંબ. તેમનું ભરણ પોષણ આ વાડી પર ચાલે. તેની પાસેની ૨૨ એકર જમીનમાંથી છ એકરનો કબજો મેળવી તેના ઉપર નવી સોસાયટીઓના પાયા નંખાઈ ગયા. ધરમશીભાઈની છ એકર જમીન તો ગઈ. તેણે ન્યાય મેળવવા જ્યાં જ્યાં પ્રયત્ન કર્યો ત્યાં ત્યાંથી સફળતા મળી નહીં. છેવટે તે ત્યાંના સર્વોદય કાર્યકર અને કચ્છ પ્રાયોગિક સંઘના મંત્રી મગનભાઈ સોની પાસે ગયા. તેમણે સલાહ આપી કે આમાં સરકાર કંઈ કરી શકશે નહીં.

તમે મુનિશ્રી સંતબાલજીને મળો. તે સાચી સલાહ આપી મદદ કરશે. આ રીતે પરમશીભાઈ સંતબાલજીને મળ્યા. સંતબાલજીએ એમની વાત સાંભળી અને તેમાં કંઈક તથ્ય જણાતાં તે ભાઈને ગુંદી ખેડૂત મંડળની પાસે મોકલ્યા.

ખેડૂતમંડળના મંત્રી શ્રી અંબુભાઈ સંતબાલજીની સલાહથી જાતતપાસ અર્થે અંજાર ગયા. ત્યાં લાગતાવળગતા-ઓને મળી જમીન અંગેની સંપૂર્ણ માહિતીઓ એકઠી કરી અને તે મુનિશ્રી સંતબાલજી આગળ રજૂ કરી. સંતબાલજીએ આ આખો પ્રશ્ન કચ્છ પ્રાયોગિક સંઘ અને ખેડૂતમંડળને સોંપ્યો. અને તેમાં જરૂર પડે તો શુદ્ધિપ્રયોગ કરવા સુધીની સલાહ તેમજ સંમતિ આપ્યા.

પ્રાયોગિક સંઘ તરફથી શ્રી નાનચંદભાઈ અંજાર પહોંચી ગયા. ત્યાં જઈ એમણે તાર કરી અમને તાત્કાલિક બોલાવ્યા. પ્રશ્ન ઘણો વિકટ હતો. એક તરફ સરકાર અને નવી વસાહ-તના વ્યવસ્થાપકો જે ઠીક ઠીક સાધનસંપન્ન કહેવાય. બીજી તરફ થોડા અસહાય ગણોતિયા ખેડૂતો.

રાત્રે સભા કરી. તેમાં અમે આખો પ્રશ્ન ત્યાંની જનતા આગળ રજૂ કર્યો. નવી વસાહતો માટે અંજારની દક્ષિણ દિશાએ વિશાળ પ્લોટ હોવા છતાં અજેપાળની વાડીની જમીન જ શા માટે પસંદ કરવામાં આવી? આથી ખેડૂત કુટુંબોની આજીવિકા ઝૂંટવાઈ જાય છે. આ એક અન્યાય છે. આનું કોઈ નિરાકરણ ન થતાં અમારે શરૂમાં મર્યાદિત સમયનો શુદ્ધિપ્રયોગનો પ્રારંભ કરવો પડે છે વગેરે હકીકત ટૂંકમાં સમજાવી.

જેસલ-તોરલની સમાધિ પાસે આવેલા એક મકાનમાં અમારી છાવણી હતી. પ્રયોગ ત્રણ ઉપવાસથી પ્રારંભાયો. આ આ પ્રયોગમાં અંબુભાઈ શાહ, નવલભાઈ શાહ, જયંતીભાઈ

સાદ વગેરે કાર્યકરો પણ આવી પહોંચ્યા હતા. આ દિવસોમાં અમે આસપાસનાં ગામોમાં તથા અંજારમાં લોકજાગૃતિ માટે પ્રયત્ન કરતા. આ ઉપરાંત અમને સ્થાનિક કાર્યકર્તાઓનો સહકાર મળી રહ્યો. તેમાં મગનભાઈ સોની, દયારામ કેવળિયા, પ્રભુદાસભાઈ, ગુલાબશંકર ધોળકિયા, ચુનીલાલ મહારાજ, બહેનોમાં પરમશીબાઈ, કુંવરજીબાઈ વગેરે મળીને છાવણીમાં ૨૫ જણની સંખ્યા રહેતી.

પ્રયોગને લઈને પ્રચાર બરાબર થવા લાગ્યો. સરકારની કબજો લેવાની કાર્યવાહી ઢીલમાં પડી. સ્થાનિક આગેવાનો, સરકારી અધિકારીઓ વગેરે શું થાય છે તેની રાહ જોઈ રહ્યા.

આ વખતે મુંબઈ રાજ્યના જાહેરબાંધકામ ખાતાના નાયબ પ્રધાન શ્રી પ્રેમજીભાઈ ઠક્કર હતા. તેઓ કચ્છના પ્રતિનિધિ હતા. વળી કચ્છના આગેવાન અને અગ્રણી કોંગ્રેસી શ્રી ભવાનજી અરજણ ખીમજી પણ આમાં રસ લેતા. અંજારની પાંજરાપોળના પ્રમુખ શ્રી કાંતિપ્રસાદ અંતાણી એક કુશળ વહીવટદાર અને ગાંધીના સેવક હતા. તેઓ પ્રેમજીભાઈ તથા ભવાનજીભાઈને પરિસ્થિતિથી વાકેફ રાખતા. કારણકે એ લોકો પણ જાહેર ફંડના ટ્રસ્ટીઓ હતા.

અમારી સભા પાંજરાપોળ આગળના ચોકમાં થતી. તેમાં છાનું તો કંઈ હતું જ નહીં. એટલે સૌ કોઈ બધી કાર્યવાહી જોઈ શકતું, સાંભળી શકતું. રોજેરોજ થતી સભાઓથી લોકમાનસમાં પલટો આવ્યો. લોકો આખો પ્રશ્ન બરાબર સમજતા થયા. અને જાહેર સભામાં પ્રશ્નો પૂછીને કેટલાક જવાબ પણ માગતા. પ્રયોગ સમિતિ તરફથી એક દૈનિક પત્રિકા પ્રગટ થતી. તેનો સાર ત્યાંના દૈનિકમાં પણ આવતો. આને લઈને આખા કચ્છમાં અંજાર પ્રશ્નની હવા ફેલાઈ ગઈ.

ભુજની કોંગ્રેસ સમિતિમાં પણ આની ચર્ચા થઈ, અને ત્યાંના પ્રમુખ કાર્યકર્તા શ્રી કુંદનલાલ પોળકિયાવગેરે અંજાર આવ્યા. છેલ્લા ઉપવાસી તરીકે ત્યાંના વયોવૃદ્ધ આગેવાન અને કચ્છ પ્રાયોગિક સંઘના પ્રમુખ ગુલાબશંકર પોળકિયા હતા. આમ ૨૧ દિવસનો પ્રથમ તબક્કો પૂરો થયો. લોકમત એટલો પ્રબળ બન્યો કે અમારી છેવટની જાહેર સભામાં એવા કેટલાક પ્રશ્નો પુછાયા કે તેથી અમે સૌ પણ ખુશ થયા. લોકોએ કહ્યું: ઉપવાસ કરીને ગોળગોળ વાતો કે ભાષણો ન કરો, પણ આ કામમાં જેઓ સંડોવાયા હોય તેમનાં નામ જાહેર કરો. આવા લાગતાવળગતા લોકો પોતાના સ્વાર્થ માટે ફંડનો ઉપયોગ કરતા હોય તો સમાજે તેમની સમક્ષ પગલાં ભરવાં જોઈએ.

અમે સભામાં ધીરજ આપી કે તમે જોયા કરો, જેણે ખોટું કર્યું હશે તેને જરૂર પસ્તાવો થશે જ. આવા માણસો સાથે અસહકાર કરવાની તક ઊભી થાય તો તમે તૈયાર રહેજો. આપણે તો એવી વ્યક્તિનું હૃદય પરિવર્તન ઉપવાસ અને આપણી જાત ઉપર સહન કરીને કરવા માગીએ છીએ. તેમના પ્રત્યે વેરઝેર રાખવાનું નથી. પણ એમ ન માનતા કે હવે આ પ્રશ્નનો અંત આવી જાય છે. વધુ સહન કરવાનું આવે તો તે માટે પણ તૈયાર રહેવું પડશે.

બોલો, તેમાં તમારો સહકાર મળશે?

સભામાંથી લોકો બોલી ઊઠયા: પ્રજાનો પૂરેપૂરો સહકાર મળશે. અહીં જ નહીં બહારથી પણ જરૂર પડશે તો માણસો આવી પહોંચશે.

મેં કહ્યું: અમારે એટલી જ જરૂર છે. પણ આપણે આશા રાખીશું કે એટલું ઉગ્ર આંદોલન કરતાં પહેલાં એ લોકોના હૃદયમાં આની અપીલ થશે. રાતના દસ વાગ્યા સુધી એ અદીહજારની જાહેર સભામાં પ્રયોગ વિષે સારી રીતે કહેવાયું.

બીજે દિવસે સવારે કાંતિપ્રસાદ અંતાણીએ સમાચાર આપ્યા કે મુંબઈથી પ્રેમજીભાઈનો ફોન હતો. તેઓ બધાને મળવા ઇચ્છે છે. એટલે પ્રયોગ બંધ થતાં મુંબઈ જાઓ. જોગાનુ જોગ મુનિશ્રી સંતબાલજીનું ચાતુર્માસ પણ મુંબઈમાં હતું.

મુંબઈ કોણે કોણે જવું તે અમે વિચાર્યું. કચ્છમાંથી ગુલાબશંકરભાઈ, ધરમશીભાઈ તથા કુંવરજીભાઈ એ ખેડૂતો અને ભાલનળકાંઠા ખેડૂતમંડળ તરફથી અંબુભાઈ તથા હું આમ પાંચ જણનાં નામ નક્કી થયા. અમે મુંબઈ પહોંચ્યાં.

ઘાટકોપરમાં મુનિશ્રી સંતબાલજીની હાજરીમાં અમારી બેઠક શરૂ થઈ. સવારના નવ વાગ્યાથી અગિયાર વાગ્યા સુધી અમારી પહેલી બેઠક ચાલી. પ્રેમજીભાઈએ અત્યાર સુધી ચાલેલી કાર્યવાહી રજૂ કરી. સરકારે સોસાયટીઓના પૈસા લીધા છે, પાવતીઓ અપાઇ ગઈ છે. જમીન વેચાણ અને ખરીદીનું કામ એકવાયર કરી બધી વિધિ પતી ગઈ છે. જ્યાં આટલી બધી સરકાર આગળ વધી હોય ત્યા તેને માટે પાછા વળવું મુશ્કેલ છે. વળી ઘણી ગૂંચો પણ ઊભી થાય.

અમે કહ્યું: આપ કહો છો તે બધી વાત સાચી પણ આ કાર્યવાહી તો તમારા અધિકારીઓએ જ કરી, અને તે પણ ખેડૂતોને અંધારામાં રાખી. જ્યારે તેનો કબજો લેવાનો આવ્યો ત્યારે જ ખેડૂતોને ખબર પડી. આ તો અભણ ખેડૂતોનો ભોગ લેવાય છે. એનો અર્થ તો એ થયો કે વાડ જ ચીભડાં ગળે. અમારું કહેવાનું એટલું જ કે જેણે આમાં રસ લીધો હોય તેવા અધિકારીઓ અને આગેવાનોને તમારે કહેવું જોઈએ, તમે અમારા સાચા પ્રતિનિધિ. તમારી આગળ સાચી વાત કહીએ અને તમે એમ કહો કે અમારા હાથ બંધાઇ ગયા છે. તો અમારે શું કરવું ? તમારે જ આમાંથી રસ્તો કાઢવો જોઈએ.

સંઘરવા અને વાપરવા એ ખેડૂતનું કામ નહીં. ખેડૂતને તો જમીન જ જોઈએ. તેનું જીવન જમીન સાથે જોડાયેલું છે.

કાન્તિભાઈ અંતાણી બહુ બાહોશ અને હોશિયાર માલુમ હતા. તેમને થયું: આ રીતે પ્રશ્ન નહીં ઉકેલીએ તો સોળ એકર જમીન આપણને મળશે નહીં. તેમણે કહ્યું: અહીં તો આવી સરસ જમીન મળે તેમ નથી પણ મુંદ્રામાં મહાજનની વાડી છે. એ સારી છે. એ આપણને પ્રયત્ન કરીએ તો મળી શકે.

પણ ધરમશીભાઈને આમાં પોતાનું વતન અને જમીન બંને છોડવાનાં હતાં. તે સંમત થાય તો જ આ પ્રશ્ન આગળ ચાલી શકે. છેવટે ધરમશીભાઈ વાડી જોઈ આવ્યા, ત્યાં જવા તૈયાર થયા. અંતાણીભાઈએ મહાજન પાસે દસ્તાવેજ કરાવી આપ્યો અને એ જમીન તેમને મળી ગઈ. એ વાડી સરસ હતી, ત્યાં જઈ ધરમશીભાઈએ અમને અમે જે સહકાર આપ્યો તેનો આભાર માનતો કાગળ લખ્યો અને સાથે સાથે નવી વાડીની કેરીઓ ખાવાનું આમંત્રણ પાઠવ્યું.

આમ અજેપાળની વાડીનો પ્રશ્ન સુખદ રીતે ઉકલ્યો.

બાર વર્ષ પછી મારે ફરી કચ્છના ભચાઉ તાલુકાના લાકડિયા ગામના પ્રશ્ન અંગે જવાનું થયું. ત્યારે હું ધરમશીભાઈ તથા તેમનાં કુટુંબીઓને મળ્યો. સૌ રાજી થઈ ગયાં. વાડી સારી હતી. તેમણે તેની પાસે આવેલી બીજી પણ વાડી રાખી હતી. બાર વર્ષ પહેલાંની કટોકટી અને અત્યારના દિવસોની પેટ ભરીને વાતો કરી. તેમણે કહ્યું:

ફલજીભાઈ! અમે તો તમ સૌના પ્રતાપે સુખી થઈ ગયા.

મેં કહ્યું: મોટો પ્રતાપ સંતબાલજીનો.

તેમણે કહ્યું: પણ મહેનત તો તમારી અને અંબુભાઈની. નહીંતર છ એકર ગઈ તેમ બધીયે જાત.

મેં કહ્યું: એ બધો કૂડો પ્રતાપ આપણા સંતબાલજીનો. અમે તો તેમની દોરવણી પ્રમાણે કામ કરીએ. બાકી ઘાટકોપરમાં તમે જોતા હતા ને કે સરકારના હાથ પણ બંધાઈ ગયા હતા. તે પ્રતાપ ! માટે આપણે સૌએ મંતબાલજીનો પાડ માનવો જોઈએ. પણ એ આપણને શું ? એનો પાડ માનવાનો શો હોય ? નીતિને માર્ગે ચાલીએ તો એ રાજી રાજી !

પછી અમે બધા સેવકોને યાદ કર્યા. જેમણે જેમણે આ પ્રશ્નમાં પ્રત્યક્ષ કે પરોક્ષ રીતે સાથ આપ્યો હતો તે બધા સેવકો ને સાથીઓને.

બીજે દિવસે હું લાકડિયા જવા નીકળ્યો ત્યારે મારા મનમાં પણ કંઈ કંઈ પ્રશ્નો રમતા હતા.

ક્યાં બાલ, ક્યાં કચ્છ અને ક્યાં મુંબઈ ! કેટલા આંટાફેરા, કેવો શુદ્ધિ પ્રયોગ, કેવી લોકચાહના ! આ બધું શું ? સંતનું બળ, સતનું બળ. દુનિયામાં છેવટે એ બળ જ અમર રહેવાનું છે !

ઘાટકોપરનો યાદગાર પ્રસંગ

૧૬

આગળ એક રસિક સંવાદના પ્રકરણમાં મેં લખ્યું છે તેમ કેટલાક જૈનો મુનિ સંતબાલજી તેમના સાધુ નથી એમ માનતા. તેથી તેઓ ઉપાશ્રયમાં ઊતરી શકે નહીં એવું ઇંગિત જૈનો માને પણ ખરા. તેમાં મુંબઈના ઘાટકોપર પરના જૈન સંઘનું આમંત્રણ આવ્યું. તેઓ ત્યાં પોતાનું ચાતુર્માસ ગાળે.

પરંતુ મુનિશ્રી વર્ષોથી ભાલનળકાંઠા પ્રદેશ સાથે સંકળાયેલા. એ ભૂમિને પોતાના પ્રયોગ તરીકે પસંદ કરી હતી. અને તેઓ મુંબઈ જાય તો પછી આ પ્રદેશનું શું? પરંતુ બીજી રીતે અમને આનંદ પણ થતો હતો કે આખરે જે ધર્મવૃક્ષનું તેઓ ફળ છે તેનાથી દૂર કેમ કરીને રહી શકે? વળી ત્યાંના સમાજનો આટલો બધો પ્રેમ અને આદર હોય તે પણ આપણે સમજવું જોઈએ. આમ બધી રીતે વિચારીને આ પ્રદેશના કાર્યકર્તાઓએ તેમને પ્રેમપૂર્ણ જવાની છૂટ આપી.

તેઓ મુંબઈ પહોંચ્યા. શરીરે તેઓ મુંબઈમાં હતા પણ તેમનું દિલ ભાલમાં હતું. કારણ કે તેમનો ધર્મ પ્રયોગ ભાલમાં ચાલતો હતો.

મુંબઈના લોકોએ તેમનો ૫૫મો જન્મદિન ઉજવવાનું નક્કી કર્યું. તેમના આવા પ્રસંગમાં પ્રયોગનાં પ્રત્યક્ષ પાત્રોને ન નિમંત્રે એ તો બને જ કેમ? અમારે અહીં ખેતીની મોસમ માટે ચોમાસાના દિવસો. (મુનિશ્રી સંતબાલજીનો જન્મદિન શ્રાવણી પૂર્ણિમા છે.) પણ થયું કે આટલા બધા

પ્રેમથી આપણને બોલાવે છે ને ન જઈએ તો શોભે નહીં. ભાલનળકાંઠામાંથી અમે ૫૫ ભાઈઓ બહેનો તા. ૧૮-૧૦-૧૯૫૮ના રોજ નીકળી બીજે દિવસે સવારે દાદર સ્ટેશને ઊતર્યા.

ત્યાંના આગેવાન જૈનોએ અમારું ભાવભીનું સ્વાગત કર્યું અને બધી જાતની અમારે માટે વ્યવસ્થા ગોઠવી. અહીંના ભાઈઓએ ઘણી મહેનત કરી એક લાખને દસ હજાર રૂપિયા એકઠા કર્યા હતા. તેમાંથી અડધી રકમ એટલે રૂા. ૫૫,૫૫૫ તેઓ ભાલનળકાંઠા પ્રદેશની પ્રવૃત્તિ માટે આપવાના હતા. તેઓએ અમને બોલાવ્યા અને મુનિશ્રી સંતબાલજીની હાજરીમાં તે વખતના મુંબઈ રાજ્યના પ્રધાન શ્રી રતુભાઈ અદાણીને હાથે અમને આ રકમ આપી.

આ પ્રસંગમાં કોઈને અતિશયોક્તિ લાગશે કે ઘાટકોપર વાળાઓએ આમાં વિશેષ શું કર્યું ? જે જે સંઘ સાધુને આમંત્રે તે તેનો ખર્ચ ઉપાડે જ. પણ અહીં પ્રશ્ન જરા જુદો છે. કારણ કે લીંબડી સંઘાડાએ તેઓ અનેકવિધ પ્રવૃત્તિઓ ચલાવતા તેથી તેમને સંઘ બહાર મૂકેલા. તેમાં ઘાટકોપરના સંઘે ક્રાંતિ કરી સંતબાલજીને ચાતુર્માસ માટે આમંત્રણ આપ્યું. એટલું જ નહીં પરંતુ તેઓ જે પ્રવૃત્તિઓ ભાલનળકાંઠામાં ચલાવે છે તે સમાજહિતની દૃષ્ટિએ ઉપયોગી છે અને સાચા ધર્મમય સમાજરચનાનાં બી તેમાં છુપાયેલાં છે. તેમાં કશું ખોટું નથી તેમ માની આટલી મોટી આર્થિક સહાય પણ કરી. ધર્મના આચરણ માટે મથતા એક ક્રાંતિકારી સાધુને આ લોકોએ સમાજમાં જડ બંધનો તોડી હિંમત કરી અને ટેકો આપ્યો.

માટે આ પ્રસંગનું મહત્ત્વ છે.

ત્યાર પછી તો તેમનાં બીજાં ત્રણ ચાતુર્માસો મુંબઈમાં

થયાં. સાયન, કપોળવાડી અને માટુંગા. મુંબઈના સમાજમાં તેમના માટેની માન્યતા ઝપાટાબંધ ફેલાવા લાગી. ત્યાં પ્રાયોગિક સંઘની સ્થાપના થઈ. તેના સંચાલન નીચે માતૃસમાજો સ્થપાયાં. જેમાં આજે લાખો રૂપિયાનો વહીવટ બહેનો જ કરે છે.

મુંબઈના ચાતુર્માસ પ્રસંગે સાધુ-સાધ્વી શિબિર ચાલી. તેના પરિણામ સ્વરૂપે ત્યાંની ચર્ચા અંગેનાં પુસ્તકો છપાઈને બહાર પડયાં.

માતૃસમાજે પોતાનાં વિશાળ મકાનો મુંબઈમાં બાંધ્યાં છે. તેમાં અનેક બહેનોને ગૃહઉદ્યોગ મારફતે પૂરક રોજી મળે છે. સમાજને શુદ્ધ ચીજ વસ્તુઓ ત્યાંથી મળે છે.

મુનિશ્રી સંતબાલજી આજે ચિંચણીમાં સ્થિર થયા છે. તેમાં પણ મુંબઈનાં ભાઈ બહેનોનો અને વિશ્વવાત્સલ્ય પ્રાયોગિક સંઘનો મોટો ફાળો છે. ત્યાંનું સંપૂર્ણ ખર્ચ પણ એ સંઘ જ ઊઠાવે છે.

ત્યારથી એટલે કે ૧૯૫૮થી માંડીને આજ દિન સુધી અમારો પ્રેમ સંબંધ દિવસે દિવસે વધતો જ ગયો છે. અમારો એટલે ગામડાનો એ મારે ભારપૂર્વક જણાવવું જોઈએ. શહેરો અને ગામડાં વચ્ચે એક મોટી ખાઈ પડેલી જણાય છે. તે મહારાજશ્રી સંતબાલજી આ રીતે પૂરી રહ્યા છે. અમને ત્યાં જે આદરસત્કારથી રાખ્યા તે અમ સૌ ખેડૂતો માટે એક જીવનનો ન ભુલાય એવો પ્રસંગ હતો. આ પ્રસંગ લખતાં એ બધા સ્નેહીઓનું સ્મરણ તાજું થાય છે તેમાં કેટલાંક નામો વિસરાય એવાં નથી. જેમ કે, રતિલાલ બેચરદાસ, હરિલાલ દોશી, હરીમંગભાઈ ગોળવાળા, દુર્લભજી ખેતાણી, કેવળચંદભાઈ, જયુભાઈ ગોસલિયા, પ્રહલાદભાઈ, અમૃતલાલ ટી. મહેતા, શાંતિલાલ કાનજીભાઈ, રતિલાલ દીપચંદ વગેરે મુખ્ય હતા.

બહેનોનો પ્રેમ પણ ઊતરે એવો નહોતો તેમાં વનિતાબહેન, કમળબહેન કડિયા, શિવકોરબહેન, મધુકાન્તાબહેન, કાશીબહેન, રૂપીબહેન બધાં બહેનો અને ભાઈઓએ અમે જેમ અંગત મહેમાનો હોઈએ તેમ ખડે પગે અમારી બરદાસ કરેલી. આ ઉપરાંત સંઘના મેનેજર, રસોઈયા, નોકરો વગેરે તો ખરા જ.

મુનિશ્રીની જન્મ જયંતીનો પ્રસંગ પત્યા પછી અમારી મંડળીને મુંબઈ દેખાડવાનો ખાસ કાર્યક્રમ રાખ્યો હતો.

ત્યારથી અમારી પ્રવૃત્તિઓ જાણે એક હોય તેવો એકાત્મભાવ અમે અનુભવતા થયા છીએ. એટલા માટે જ ઘાટકોપરના મહત્ત્વના પ્રસંગને આમાં સ્થાન આપ્યું છે.

વાદેવું આ પેઢા પ્રદેશની બહુ નાના મોટી કેડીઓ બને પાદમાં રહે. કે આ.કારનો આમ અનેક.. પરિણામે તેના વિષે કેટલાક [illegible] અગત્ની ઝાપ ઉભી થયેલી ને મહત્વની આરૂ પ્રતિષ્ઠા તેમની કે.ટી સરકારે [illegible] પણ ધીમે ધીમે તેના સંબંધ બાંધ્યો. [illegible] મહત્વ [illegible] અને [illegible] મુખ્યત્વે મહત્વ [illegible] પણ તેની [illegible] કે એ [illegible] જાણ, તે કેટલીઓમાં મોટી [illegible] કે [illegible] મહત્ત્વ [illegible] માટે તેઓ તેમનાં જ [illegible] [illegible] આપ્યો.

૬૩.. વાદળુંના મહત્ત્વ [illegible] [illegible] મુખ્ય [illegible]

એક વખત [illegible] [illegible] આ [illegible] મુખ્ય [illegible] તેમાં તે [illegible] [illegible] [illegible] [illegible] [illegible] સં.૧૯.૧૧.માં આવ્યું [illegible] [illegible] (સૌરાષ્ટ્રના) [illegible] [illegible] [illegible] [illegible] અને આ [illegible] તેમની [illegible] આવે તે [illegible] [illegible] [illegible] [illegible] [illegible] [illegible] [illegible] [illegible] [illegible] વિચાર્યું. [illegible] [illegible] આવતો અને તે [illegible] [illegible] સંબંધ [illegible] આવ્યો [illegible] [illegible] [illegible]

વાદળ પછી આમ [illegible] [illegible] આવતો [illegible] [illegible] માટે પણ તેની [illegible] સંબંધ થયો. આ [illegible] આ થયું છે. [illegible] [illegible] આવ્યો. [illegible] અને તેની [illegible]

આ [illegible] [illegible] [illegible] અને [illegible] [illegible] [illegible] [illegible] [illegible] [illegible]

આવ્યા પછી પણ ઘરફોડની ભીતિ તો ખરી જ. આ માટે કેટલાંક ગામોમાં ચોકીની પ્રથા ખરી. આને લોકભાષામાં પગીપણું કહેવાય. આવી ચોકીઓ રાખનાર ચુંવાળિયા પગીઓ. તેઓ પગીઓથી જ ઓળખાય. આ પગીને ગામ આખું મળીને ચોકી આપે. તેના બે પ્રકાર: એક કાચું પગીપણું અને બીજું પાકું. કાચા પગીપણામાં સીમમાં જે ચોરી થાય તે પગીને માથે નહીં. ગામમાં પણ બહાર પડેલા માલની પગી દેખરેખ રાખે પણ તે ચોરાય તો તેનું વળતર આપવું જ પડે એવું નહીં. દાખલા તરીકે ખેતીનો માલસામાન બહાર જ રહે. ગાડું, હળ, સાંતી વગેરે. કાચી ચોકીમાં આવી વસ્તુઓ જાય તો વળતર પગી ન આપે. પાકી ચોકીમાં ગામના સીમાડા સુધી પગીની જવાબદારી. ઊભા પાકમાં એક મણ સુધીના પાકના રક્ષણ માટે મૂકેલા રખોપા-ટોયા જવાબદાર. અને વધુ જાય તો પગીઓ જવાબદાર. આ ગામેગામની ચોકીઓ મોટે ભાગે પગીઓ જ રાખે. જે પગીએ જે ગામની ચોકી રાખી હોય તેમાં બીજો પગી વચ્ચે પડી શકે નહીં. પગી રાખે એટલે બીજા પગીથી ચોરી પણ થાય નહીં એવું એમની જ્ઞાતિ તરફથી બંધારણ થયેલું. અને જો કોઈ કરે અને સાબિત થાય તો જ્ઞાતિ ચોરીનું વળતર અપાવે. એ વળતર ઘરધણીને પગી આપે અને પગીને એની નાત અપાવે. આવી ગોઠવણીથી પગીઓ આખા ગામનું જોખમ માથે લે. આ પગીનું મહેનતાણું ખેડૂતોમાં સાંતી ઉપર અને બીજા વર્ગોમાં ઉંબરા ઉપર એટલે રહેવાના ઘર ઉપર નક્કી થતું.

આ એક સુંદર વ્યવસ્થા હતી. તે જો વ્યવસ્થિત ચાલે તો પ્રદેશના લોકોને ચોરીના રંજાડમાંથી ઉગરી જવાનું મોટું આશ્વાસન મળતું. એટલા જ ખાતર સંતમાતાજી ચુંવાળિયા પગીઓનાં અવારનવાર સન્માન કરી પોતાનો સંપર્ક સતત ચાલુ રાખતાં.

આ જ્ઞાતિએ કેટલીક સરસ વ્યવસ્થા ઊભી કરેલી. જેમ કે જે પગીનું બાંધેલું ગામ હોય, વંશપરંપરાથી ચોકી રાખતો હોય ત્યાં ગામ પાસેથી ઓછું મહેનતાણું લઈને બીજા પગીથી ચોકી રાખી શકાય નહીં. કોઈ ઈર્ષા કે અદેખાઈથી રાખે તો નાતમાં ફરિયાદ થાય. નાત ભેગી મળી તેનો દંડ કરે અથવા ક્યારેક અસહકાર કરે. દીકરા દીકરીની લેવડદેવડ બંધ કરે એટલે ગમે તેવો માથાભારે માણસ હોય તોપણ તેને નાત આગળ નમવું પડે.

એક બીજી વાત. કોઈ પગીએ રાજીખુશીથી ચોકી છોડી દીધી હોય અથવા કોઈની ચોરીનું વળતર ન આપવાથી ગામ છોડી ગયો હોય તો ગામ બીજો પગી રોકે. આ સંજોગોમાં જૂનો પગી ચોરી કરે કે કરાવે તોપણ તેનું નામ પોલીસ ખાતામાં ફરિયાદી તરીકે આપી શકાય નહીં. પગીએ તેની નાતને જ ફરિયાદ કરવી પડે. આવો નાતનો ભારે બંદોબસ્ત.

આ પગીઓ પગલાંના એટલા બધા પારખુ કે ભલભલાનાં પગલાં શોધી ચોરીઓ પકડી પાડે. આ એમની અજબકળા હતી. આ પગીઓ અને ચોરીઓ માટે ખેડૂતો તરફથી ખેડૂત-મંડળે જ કામ કરવાનું હતું. તેની જવાબદારી પણ મારે માથે આવી. આ પહેલાં તેમની કળાકૂંચીઓથી હું સાવ અજાણ. પણ આવા પ્રસંગ બનતાં તેમનો ગાઢ સંપર્ક થયો.

હવે બન્યું એવું કે મારા સાળાના ઘેર જ ચોરી થઈ. મારું સાસરું ધંધુકા તાલુકાનું ગાંફ ગામ. એ ગાંફ ઠાકોર-સાહેબનું ગામ. વ્યવસ્થા પણ સારી. ગામની ચોકી પગીઓ રાખે. છતાં ચોરી થઈ. ચોરી થતાં જ મને તેડાવવામાં આવ્યો અને હું પહોંચી ગયો. જોયું તો છાપરા ઉપરનાં નળિયાં ખસેડી, ખપેડા તોડીને અંદર ઊતરેલા. ખડકી બંધ ઘર. ઉનાળાના દિવસ, એટલે બધાં ફળીમાં સૂએ. ચોરો અંદર

ચારેક દિવસ પછી હું તેને ગામ, લીંબડી પાસેના પાણ-શીણા ગામે ગયો. અને તેને મળીને બધી વાત કરી

તેણે કહ્યું: મને બધી વાત મળી છે, પણ મારે ઘેર મારા ભાઈની દીકરીની જાન આવી છે, તે સાંજે જવાની છે. તેને વળાવીને આપણે જઈએ. તમ તમારે નિરાંતે સૂઓ, માલ ક્યાં જવાનો છે?

તેની વાત સાંભળીને હું તો નવાઈ પામી ગયો. આ માણસને ઘેર બેઠાં આ બધી બાતમી મળી ગઈ છે, આ તો ગજબ કહેવાય! પણ જોઈએ સાચું શું છે? એમ મન મનાવી હું સૂતો.

જાનને વળાવી તે પાછો આવ્યો અને કહે, ચાલો, હવે તૈયાર થાઓ. ગાંફથી એક ભાઈને મારી સાથે લીધેલા. સાંજે ગાંફના પગી ખોડાભાઈ પણ આવી ગયા. અમે ગાડામાં અને વાહણ ઘોડા ઉપર. સાંજ પડી ગઈ હતી. અંધારું ઘેરાતું જતું હતું. તેણે અમને ઈશારો કર્યો, ગાડું ઊભું રાખો. કો'ક માણસ આવે છે. અમે ગાડું થોભાવ્યું.

પેલો માણસ નજીક આવતાં તે તો પોલીસ જેવો દેખાયો. વાહણે ઘોડા ઉપર બેઠાં બેઠાં તેને રોકયો અને પૂછયું: કોણ છે? કયાંથી આવ છે!

પોલીસવાળો ડઘાઈ ગયો અને બોલ્યો: ભાઈ સા'બ, સામે ગામથી આવું છું. પોલીસવાળો છું. તે વહાણને ઓળખી ગયો હતો.

તેણે પૂછયું: શું થયું છે?

ગાંફમાં મોટી ચોરી થઈ છે. પોલીસ અધિકારી આવ્યા છે. ગામમાં જપ્તી કરી ગયા.

વાહણે પૂછયું: માલ મળ્યો?

પોલીસવાળો : ના, કંઈ હાથ લાગ્યું નથી.

આવી બધી વાતો કરી વાદળ અમારી પાસે આવ્યો. ઘોડા ઉપરથી નીચે ઊતર્યો. અને કહેવા લાગ્યો : "ફૂલજીભાઈ, ખેલ બગડી ગયો. ગોરો નાસી ગયા. આપણે આજે જ માલ કબજે કરી લેત. પણ આ પોલીસોની બીકે હમણાં તેઓ ગામ ઉપર આવશે જ નહીં. બોલો હવે શું કરીશું ?"

મેં કહ્યું : આમાં મારી કાંઈ ચાંચ બૂડતી નથી. તમને ઠીક લાગે તે કરો.

વાદળે કહ્યું : આ ફરિયાદ થઈ એટલે આપણી મુશ્કેલી નથી.

મેં કહ્યું : આ મોટી ચોરી, મુખીએ રિપોર્ટ કર્યો ને અધિકારીઓ આવ્યા. આપણે ઓછી ફરિયાદ કરી છે ! અમે તો શક ઉપરથી કોઈનાં નામ પણ આપ્યાં નથી. પૂછો આ ખોડાભાઈને !"

વાદળ કહે, ચાલો જે થવાનું હતું તે થયું. પણ ચોરોને પાકો બરોબો આપ્યા વિના માલ નહીં આપે.

મેં કહ્યું : એ તો બધું તમારે કરવાનું.

તમે કહેશો તેમ અમે કરીશું.

ચાલો, અત્યારે તો ગામ ઉપર પહોંચી જઈએ. એમ વિચારીને પાછું અમે ગાડું હાંક્યું.

અમે એક ગામને પાદરે આવી પહોંચ્યા. રાતના બાર વાગ્યા હતા. ત્યાં જ ચાંદરણામાં એક માણસને દોડતો જોયો. વાદળે ઘોડો દોડાવી તેને આંતરી લીધો. અમે જે ગામમાં આવ્યા હતા તે જ ગામના ચોર હતા. પેલા માણસને વાદળે ઓળખી કાઢ્યો. તેને લગલગાવ્યો એટલે એણે બધી બાતમી આપી ચોરીનો માલ વહેંચવા તેઓ ભેગા થયા હતા પણ

પોલીસનો દરોડો પડતાં તેઓ આમ તેમ થઈ ગયા.
ન પડગો હોત તો આપણને માલ અત્યારે મળી જા

મેં કહ્યું : આ પોલીસોને આ ગામનો અને આ
લોકોનો કયાંથી શક પડયો ?

વાહણે કહ્યું : એ તો મેં જ નામ આપેલાં.

મેં કહ્યું : ત્યારે ભૂલ તો તમે કરી છે. તમારે
નહોતાં આપવાં જોઈતાં.

એણે સમજાવ્યું કે તે દીકરીના વિવાહ માટે અ
માલસામાન લેવા લીંબડી ગયેલ ત્યાં સાહેબ મળ્યા. તેમ
કહ્યું, ગાંફમાં ચોરી થઈ છે. મારી પાસે નામ આવેલાં તે મે
તે અધિકારીને કહ્યાં. જો હું ખોટાં નામ આપું તો તે સંત
બાલજીને વાત કરે અને હું ખોટો ઠરું. તેથી મારે આપવા
પડયાં.

'પણ હવે આગળનું વિચારો ને !' વાહણ પગી બોલ્યા.
શું વિચારીશું ?

પહેલી વાત તો આ પોલીસની તપાસ બંધ કરાવીએ
તો જ આપણું કામ આગળ ચાલે.

એ આપણાથી શી રીતે બંધ કરાવાય ? પોલીસ તો
તેની રીતે તપાસ કરે જ ને ? તેને આપણે ઉતાવળ ન કરાવીએ
પણ રોકી તો ન જ શકીએ ને ?

વાહણ : તો આ ચોરો માલ આપીને જેલમાં જવા
તૈયારી નહીં રાખે.

મેં કહ્યું : તે વિચારી લઈશું. આપણે ભરોસે માલ
આપે તો આપણાથી તેને જેલમાં ન જ પુરાવાય.

તેણે કહ્યું : આ લોકોને ભેગાં કરવા પડશે. અડવાડિયામાં

તપાસ કરીને હું તમને ખબર આપીશ. આમ કહી અમે છૂટા પડ્યા.

મારી સાથેનો ખેડાપગી બોલ્યો : ફુલજીભાઈ, આ ગાંફની આંટી પાકી ગાંઠી છે. તમારી પાર્ટીએ પાર્ટીની જવાબદારી મારી છે. ચોરો તો મળી ગયા છે. અમારી જૂની અદાવતને કારણે આ લોકોએ આમ કર્યું છે. હવે અમારો ફેંસલો થશે. નાતના રિવાજ મુજબ માલ તો આપી દેવો પડશે પણ આ ફરિયાદ આડી આવશે.

અમે ગાંફ પહોંચ્યા. ત્યાં અધિકારીએ મને તેડાવ્યો. અને પૂછ્યું, શું કરી આવ્યા? કાંઈ પત્તો ખાધો?

મેં કહ્યું : નામો તો તમને વાહણ પગીએ આપ્યાં છે. તે વાત સાચી? તો તમે શું કર્યું?

'અમદાવાદથી ખાસ અધિકારી આવ્યા અને અમે દરોડા પાડ્યા પણ ચોર કે માલ કશું હાથ લાગ્યું નહીં. સાહેબ અમદાવાદ ગયા અને અમે અહીં આવ્યા.' તેમણે કહ્યું.

મેં પણ અમારી બનેલી બધી વાત કહી. અને કહ્યું, તમારા ખાતાની બીક લાગે છે. બાકી માલ તો આપવા તૈયાર છે. માટે તપાસ ઢીલમાં નાખો, આ તો પગીઓની જૂની અદાવતને કારણે બન્યું છે. અમારી વિધિ ચાલુ છે.

તેમણે કહ્યું : ભલે, તમે તમારી રીતે પ્રયત્ન ચાલુ રાખો.

થોડા દિવસ પછી વાહણ પગી તરફથી મને કહેણ આવતાં હું ત્યાં ગયો. તે લોકોએ તેમની નાતના પચીસેક જેટલા આગેવાનોને એકઠા કર્યા હતા. અમે પણ દશેક જેટલા હતા. વાહણ પગીએ ઊભા થઈ નાતના પટેલો આગળ કહ્યું, આ ફુલજીભાઈ આવ્યા. તમારે જે કહેવું હોય તે કહો.

તેમનામાંથી એ આગેવાન બોલ્યા, વાહણપગી! અમારે

ફતેહભાઈને કાંઈ કહેવું નથી. તમે નાનના આગેવાન છો. નાનને ભરોસો આપો કે ફરિયાદીઓનો વાંકો વાળ નહીં થવા દઈએ તો માલ મળશે બીજી વાત તમારે શિરે: માલચોર એવું પણ કહે છે કે તમે પકડી આપો છો. તો એનો નિકાલ જલદી કરો. આની એ લોકોની વાત આગળ માગણી છે. આ ચોરો ઉપર તમારાથી ગાશી નહીં પુરાય, પકડાશે નહીં. માટે જે કરો તે વિચારીને કરજો. નહીંતર નાનને જવાબ આપવો પડશે.

સંતબાલજીએ આ પગી કોમને સુધારવાનો જે પ્રયોગ શરૂ કર્યો છે તેની પાછળ તેમની કેવી દીર્ઘદૃષ્ટિ રહેલી છે! બાકી આ લોકો તો કોઈને સીધો જવાબ જ ન આપે. સરકારની અને પોલીસની તો તેમને બીક જ નથી.

મેં કહ્યું: હું મારા સાથીદારોને પૂછી જોઉં. પછી તમને ભરોસાની વાત કરું, એમ કહી હું અમારા જોડીદારોને ચર્ચા માટે લઈ ગયો. અમે માંહોમાંહે ચર્ચા કરી. અમારા સાથીદારોને પગીઓનો વિશ્વાસ પડતો નહોતો. તેમણે દાખલો આપ્યો કે એક વખત એક જવાબદાર ગામધણીને ત્યાં ચોરી થયેલી. તે લીંબડી દરબારના માનીતા આગેવાન હતા. તેમની ચોરી માટે લીંબડી દરબારે આખા ઝાલાવાડના પગીઓને જાકારો દીધો. ઉચાળા ભરાવ્યા. તે ચાર ચાર મહિના ગામની બહાર તળાવની પાળે પડ્યા રહ્યા પણ માલ આપ્યો નહીં. પણ છેવટે દરબારને નમતું જોખવું પડ્યું. ત્યારે આપણને સીધો જવાબ દેશે? માટે હજુ વિચાર કરો.

મેં કહ્યું: માલ તો ચાલ્યો ગયેલો જ છે. પોલીસ અપાવશે તેવી કંઈ ખાતરી નથી. વિશ્વાસથી જીતી શકીશું, તો ઠીક છે નહીંતર સંતબાલજીને પણ ખબર પડશે કે આ કોમ ઉપર કેટલો વિશ્વાસ મૂકવા જેવો છે.

[illegible]

[illegible] અને [illegible]

[illegible]

[illegible]

[illegible] વિહાર કરતા કરતા [illegible]

મુનિઓ [illegible] વસંતઋતુ [illegible] [illegible] તેમની

[illegible] મંદિર દર્શને આવતા [illegible]

[illegible] રહે.

વસંતઋતુ [illegible] અને [illegible]

[illegible]

સોંપ્યા. કહેવા લાગ્યા, મારી નાતના ફેંસલા પ્રમાણે તમારી બધી રકમ–મારી પાકી ચોકી એટલે–ચૂકવી દઉં છું.

મેં પૂછ્યું: તમારી નાતે શું ફેંસલો કર્યો? ખોડા પગીએ કહ્યું: ફેંસલો સારો આપ્યો. એ લોકોની (નવાપગીઓની) માગણી જૂના મહેનતાણાની એકહજાર રૂપિયાની હતી પણ નાતે કહ્યું, આ મહેનતાણું ગામના ખેડૂતો હવે ખોડા પગીને આપવાના નથી. માટે તમને બસો રૂપિયા જ આપીશું અને બીજા બસો રૂપિયા ચાર જણ ચોરી કરવા આવ્યા તેની મહેનતના પચાસ પચાસે લેખે. એમ મળીને ચારસો ઓછા આપ્યા. તે મારે તમને આપવા પડે. માટે લઈ લ્યો.

મેં કહ્યું: એ ચારેય જણે અમારા ઘરનું ખાતર પાડવાની મજૂરી કરી છે એટલે એ બસો રૂપિયા અમે ચૂકવીશું એમ કહીને અમે હસ્યા. ખોડાપગીએ આનાકાની કરી. મેં આગ્રહ કરીને આપ્યા.

અત્યાર સુધી ચોરી થયા પછી પાઈએ પાઈ ચોરો મારફતે જ પાછી મળી હોય એવો આ મારી જાણમાં પહેલો પ્રસંગ હતો. તેમાં મુનિશ્રી સંતબાલજીનું તપ અને વાહણ પગીનો પુરુષાર્થ અને નાતની સમજાવટ આ બધાને પરિણામે અમારો પ્રશ્ન ઠીકઠીક ઉકલી ગયો. અમે માન્યું કે હવે નિરાંત વળી. ત્યાં તો વળી નવી કસોટી ઊભી થઈ.

પોલીસ અધિકારીએ મને બોલાવ્યો અને પૂછ્યું, તમારો માલ મળી ગયો?

મેં કહ્યું: હા.

તેમણે કહ્યું: હવે એ માલ મને સોંપી દો. મુદ્દામાલ હોય તો અમારો કેસ મજબૂત થાય.

મેં કહ્યું: માલ તો આપને નહીં સોંપું. પગીઓની નાત

આગળ મેં વિશ્વાસ આપ્યો છે. પછી જ મને માલ મળ્યો છે. માટે હું વચનભંગ નહીં કરું.

અધિકારી બોલ્યા : તો પછી તમે હેરાન થશો.

મેં કહ્યું: જે આવી પડશે તે સહન કરીશ. પણ વિશ્વાસઘાત નહીં કરું.

અધિકારીએ જતા પહેલાં તેમની ગાડી અમારા ઘર આગળ ઊભી રાખી અને કહ્યું: ફલજીભાઈ, આ છેલ્લી વિનવણી આપું છું. માલ આપી દો તો અમારો કેસ મજબૂત થાય. અને તમારે હેરાનગતિ ભોગવવી ન પડે.

મેં કહ્યું: સાહેબ! હવે તો જે થાય તે!

જતાં જતાં તે કહેતા ગયા કે અમે સંતબાલજીને મળીશું. તેમની રૂબરૂમાં માલ સોંપાયો છે એટલે તેમને પણ સાક્ષીમાં આવવું પડશે.

હું તો ભારે ચિંતામાં પડ્યો. મહારાજશ્રીને આવા પ્રશ્નમાં સંડોવે તો સારું ન કહેવાય. પણ હવે તો જે થાય તે.

થોડા દિવસ પછી તે અધિકારી સંતબાલજીને મળ્યા. બધી વાત સમજાવી. અને કહ્યું કે ફલજીભાઈને ચોરાયેલો મુદ્દામાલ પાછો મળી ગયો છે. આ માલ જો અમને મળે તો અમારો પુરાવો અને કેસ સાચો ઠરે. તો આપ સમજાવો કે તે માલ અમને સોંપે. અમે કોર્ટમાં આપીશું.

મહારાજશ્રીએ વાઘજીપગીને તથા મને બોલાવ્યા. અને બધી વાત કહી. મેં મારી સ્થિતિની ચોખવટ કરી. માતાના મઢ આખી ન્યાત વચ્ચે મેં વિશ્વાસ આપ્યો છે તે હું કેમ કરીને ભંગ કરું! કોર્ટમાં ભલે કેસ જાય. અને મારે જે સહન કરવું પડશે તે હું સહન કરી લઈશ.

સંતબાલજીએ પેલા પોલીસ અધિકારીને સમજાવ્યા કે

તમારા ઉપરી અધિકારીને આ બધો ખ્યાલ આપો. પછી પણ જે સરકારી ઢબે કાર્યવાહી ચાલશે, અને તેમાં ફતેહભાઈને જે કહેવાનું હશે તે કોર્ટમાં માગેસારું કહેશે.

પેલા ઉપરી અધિકારીને પોતાની નોકરીનો પ્રશ્ન હતો. તેમ છતાં તેમણે મંગળાતજીની સલાહ પ્રમાણે આખો પ્રશ્ન પોલીસના વડા અધિકારી સમક્ષ રજૂ કર્યો. તેમને પણ આ આખી કાર્યવાહી જે રીતે થઈ તેને યોગ્ય ગણી અને આખો કેસ ફાઈલે કરી દેવાનો હુકમ કર્યો. પાછળથી તેઓ જ્યારે મળ્યા ત્યારે બધી વિગતે વાત અમને કરી. તેઓ અમારા મિત્ર થઈ ગયા.

હવે આ પ્રશ્નની એક નાનકડી કડી છૂટી ગઈ છે તે પણ અહીં નોંધી દઉં. ઘરમાંથી ચોરી થયેલી તેમાં કુલ ૬,૦૦૦ રૂપિયા રોકડની ચોરી સરકારમાં નોંધાયેલી હતી. જ્યારે અમારી ભાંજગડ ચાલતી હતી ત્યારે અમને ચોરોએ કહ્યું કે અમારા હાથમાં ચાર હજાર જ આવ્યા છે. એટલે મેં ઘેર જઈને ફરી બધાંને પૂછ્યું. ખરેખર રકમ પૂરી હતી? તેમણે કહ્યું કે હા.

બીજી તરફથી જ્ઞાતિનું પંચ કહે, અમારા માણસો ખોટું બોલે નહીં, જ્ઞાતિ આગળ તો ન જ બોલે. અમને આનો કંઈ ભેદ સમજાયો નહીં.

હવે વાત એવી બનેલી કે રૂપિયા ૬૦૦૦ પટારામાં હતા. પટારો જે ઓરડામાં હતો એ ઓરડામાં આશરે બસોમણ જેટલું ચણાનું ખાંજરું હતું. એટલે ચોરોએ પટારામાંથી પૈસા કાઢતાં, ગાદલામાં વીંટેલો એક ડબરો જેમાં ૨૦૦૦ રૂ. હતા તે ચણાના ઢગલામાં પડી ગયો. ઘરનાંને તેનો ખ્યાલ નહિ. એટલે ફરીયાદમાં તો ૬૦૦૦ પૂરા જ લખાવેલા. ચણા પાછળથી વેચ્યા અને તોલ કરી આપતી વખતે ઢગલામાંથી ડબરો નીકળ્યો. એટલે અમને ખાતરી થઈ કે પગીઓની વાત તો સાચી. પણ

અમારાં ઘરનાં ઘરેણાંની વાત પણ એટલી જ સાચી હતી. ઘણી વખત તદ્દન નાના બનતા પ્રસંગો પણ કેવી અસર મૂકતા જાય છે ! આ પ્રસંગથી અમારા આખા કુટુંબ ઉપર વાઘરીઓની એક ન ભુલાય તેવી છાપ પડી. તેઓ ચોરી કરે છે, પણ પ્રામાણિકતા એટલી જ દેખાડે છે. જે ખૂટતી રકમ હતી તે પેલા દબરામાં હતી.

આ રીતે એક મોટો પ્રશ્ન પતી ગયો. અમારા પ્રદેશના વાઘરીઓની પ્રામાણિકતા અને તેમની ચોરી કરવાની કુનેહ, પગની છાપ ઉપરથી વગેરું શોધવું, તેમની જ્ઞાતિની તેમના સૌના ઉપરની આણ, પોલીસખાતાની કાર્યવાહી અને તેની કુનેહ આ બધા અનુભવો મને થયા.

કેટલાક પ્રશ્નો આપણા સનાતન પ્રશ્નો છે. ચોરી તેમાંનો એક છે. એને કેમ કરીને જેર કરવી તે અંગે હજુ સુધી કોઈને કંઈ સૂઝયું નથી. એની સાચી ચાવી પોલીસખાતું નથી, પણ લોક-કેળવણી છે. સંતબાલજી મહારાજે વાઘણ વગી મારફતે આ કામ ઉપાડ્યું. પણ એ કામ બહુ આગળ ચાલી શક્યું નહીં, તેનો અમને સૌને વસવસો રહી ગયો. વળી પાછું કોઈ જાગશે અને આવા પ્રશ્નોને સંતોએ ચીંધેલા પ્રેમ અને વિશ્વાસને માર્ગે આગળ વધારશે એવી આશા રાખીએ.

એક ધાડમાં બજાવેલી કામગીરી

૧૮

ઘેરથી તૈયાર થઈને હું અમદાવાદ જવા નીકળેલો. અરણેજ સ્ટેશને પહોંચ્યું ત્યાં મારતી ઘોડીએ એક જણ મારી પાછળ આવ્યો અને મને કહેવા લાગ્યો, પાછા વળો, લક્ષ્મીપુરાથી તેડું આવ્યું છે. ત્યાં રાત્રે ધાડ પડી છે. મેં પૂછયું: કોના ઘેર ?

નારસંગભાઈને ત્યાં.

લક્ષ્મીપુરા એ ગુંદી ગામથી દોઢેક માઈલ છેટે આવેલ તેનું પરું છે. ઐતિહાસિક લોથલની બિલકુલ પડખે છે. ત્યાં વીસેક ઘર રજપૂતોનાં ખરાં. અને બધા સાથે અમારો ઘરોબો. નારસંગભાઈનું નામ પડતાં મેં અમદાવાદ જવાનું માંડી વાળ્યું અને ઘેર પાછો આવ્યો. ઘેર આવી ગાડું જોડી હું લક્ષ્મીપુરા જવા નીકળ્યો.

નારસંગભાઈને એકાંતમાં બોલાવી બધી બાતમી પૂછી. કોણ હતા, કેવા હતા, શું શું ગયું ? વગેરે વગેરે. તેમણે કહ્યું: વીસેક હજારની મતા ગઈ છે. અને સાથોસાથ બંદૂક પણ ગઈ છે.

મેં પૂછયું: તમે કયાં ગયેલા ?

હું કોક ગયેલ. રાતની ગાડીમાં દસ વાગ્યે ઊતર્યો. ત્યાં ગુંદી સ્ટેશને ખબર મળ્યા કે ઘેર ધાડ પડી છે.

મેં પૂછયું ઘરનાં બૈરાં છોકરાં કરાંવી શકે ખરાં કે આવાં આવાં મજબૂત હતાં!

ના, એ તો બધાં ગભરાઈ ગયેલાં. બંદૂકધારીઓ એટલે એમનું શું ગજું? પણ કહે કે એક શૂરવાતવાળો માણુસ હતો, માથે રેશમી રૂમાલ બાંધેલો હતો અને તે ફળિયામાં આમ તેમ આંટા મારતો હતો. ઘડીકમાં ઘરમાં આવે, પાછો કંઈ સૂચના આપી બહાર જાય, પટારાની કૂંચીઓ તો મારી પાસે હતી એટલે પટારો તોડીને માલ લઈ ગયા.

પણ મારી મોટી દીકરીએ એક વાત કહી. તેણે બધું ઘરેણું પહેરેલું હતું. બે જણે દીકરીને ઊભી રાખી અને ડોકમાંથી દાગીના ઉતરાવતા હતા. ત્યાં પેલો બહાર આંટા મારતો હતો તે આવ્યો અને એણે કહ્યું: દીકરીના દાગીના ઉતારશો નહીં એમ કહી દીકરીને એક પડખે બેસાડી દીધી. એ ઉપરથી લાગે છે કે તે માણુસ આ ટોળીનો આગેવાન હશે! બીજા ચારપાંચ ઘરમાં પેઠી જે લેવાય તે લૂંટતા હતા.

ગામમાં બીજે ક્યાંય ગયેલા ખરા?

આ હાજુબાઈની દેરીએ ગયેલા, પણ પછી નાઠા.

મેં કહ્યું: નારસંગભાઈ! આ સામાન્ય ચોરી નથી. ધાડ છે. એટલે આપણે મહેનત સારી પેઠે કરવી પડશે. ઉપરાંત ધાડપાડુઓ કંઈ કાચી માટીના હોય નહીં, વેર રાખીને બદલો લે તો એવડું સહન કરવું પડે. એમનો મુકાબલો કરવો પડશે, ઓછો છે તૈયારી? ખર્ચો થશે અને માલ પાછો મળે કે ન મળે એની કાંઈ ખાતરી નહીં. આ તો ખાતર ઉપર દીવેલ છે. પણ આપણે તમારી હિંમત હોય તો કામ ઉપાડીએ.

નારસંગભાઈએ બધી રીતે હિંમત બતાવી. મૂળ ધણીમાં હિંમત હોય તો પછી આગળનું કામ ચાલે. તેમની હિંમત જોઈ મને પોરો ચડ્યો. મેં કહ્યું: થઈ જાઓ સાબદા, લાવો ઘોડી, અત્યારે જ નીકળી પડીએ.

આવા પ્રસંગોમાં અમે વાહણ પગીની સલાહ લેતા અને તેની મારફતે બને તેટલા પ્રશ્નો ઉકેલતા. એટલે સૌથી પહેલાં તેને મળવા વિચાર કર્યો.

અમે હડાળા સ્ટેશને ઊતરી પાણસીણા વાહણ પગીને ત્યાં પહોંચ્યા. તેને બધી વાતથી વાકેફ કર્યો. વાહણે તેના નાના ભાઈ સાગરને બોલાવી પૂછ્યું. અલ્યા! લક્ષ્મીપુરા ગયા'તા? તેણે કહ્યું, ના. અમે એ વિશે કંઈ જાણતા નથી. પછી મને કહે, ફૂલજીભાઈ! આપણા આખા પ્રદેશમાં બે ત્રણ મોટી ટોળીઓ છે. તે સિવાય ધાડ પાડવાનું કોઈનું ગજું નહીં. આ કાંઈ કૂતરાના ખેલ છે કે મોંમાં રોટલાનું બટકું લઈ લપાઈ લપાઈને ચાલ્યા આવે? ગામ ભાંગવું એ તો હિંમત અને આવડતનો પ્રશ્ન છે.

મેં બધી વિગતે માંડીને વાત કરી. એ ઉપરથી તેણે કહ્યું: દીકરીના દાગીના ઉતરાવ્યા નહીં, માટે નક્કી... આ ટોળી કોળી જોઈએ એવો મન શક આવે છે. અમે જૈરી કે દીકરીઓના પહેરેલ દાગીના હોય તે ઉતરાવતા નથી. એવો અમારામાં નિયમ હોય છે.

મેં કહ્યું: અલ્યા વાહણ, તમે લોકોનું રળ્યું લૂંટી લો, ત્યાં નિયમ ન આવે અને અહીં નિયમ આવે? આ તે તમારી કેવી રીત! તમારે લૂંટનારાને શું?

ના, એવું નથી. અમે નીતિ નિયમોના જોરે જ ગામ ભાંગી શકીએ છીએ. નહીંતર અમેય ખત્તા ખાઈએ. વ્રત, નિયમ અને શુકન એ અમારો મોટો આધાર. પણ ચાલો, હવે આપણે મોડું કરવા જેવું નથી. હું તમારી સાથે લક્ષ્મીપુરા આવું છું.

અમે લક્ષ્મીપુરા પહોંચ્યા. વાહણે બધું ઘરમાં ફરીને જોયું. પછી કહે, હવે મને એક મનોબળિયો માણસ આપો.

મારે બહાર જવું છે, મારો ભોમિયો થાય તેવો. અમે કાળુ-ભાઈને તૈયાર કર્યા. એ બંને જણા ગયા. અમે બધા ઘેર બેસી રહ્યા.

દિવસ આથમ્યે તે પાછા આવ્યા. સાંજે વાળુંપાણી વહેલાં પતાવી અમે બહાર નીકળ્યા. વાહણે ગામની બહાર તળાવની પાળે મને બેસાડી બધી વાત કહેવી શરૂ કરીઃ શક સાચો છે.

મેં કહ્યુંઃ શા ઉપરથી!

આ હું ને કાળુભાઈ તમારા ગામની અડખે પડખે ફર્યા. ચારે બાજુ ફરી વળ્યા. મને જે સગડ (પગલાં) મળ્યાં તે ઉપરથી લાગતું હતું કે દિશા એ તરફની છે. વળી આઠથી દસ જણ હશે. દિશા જોતાં લાગે છે કે - નક્કી એ ટોળી જ હશે. હવે શું કરવું છે? પાછળ પડવું છે?

મેં કહ્યુંઃ એટલા માટે તો તમને બોલાવ્યા છે.

પણ સાંભળો, આ જેવા તેવા કાચા માણસોનું કામ નથી. તે લોકો દાઘ રાખવાના અને વખત આવ્યે વેર લીધા વિના છોડશે નહીં. આવા કામનાં જોખમો અમે જ સમજીએ. અમે ધંધાભાઈ કહેવાઈએ. અમારા સમોવડિયા હોય ત્યાં અમારે પણ જતું કરવું પડે. તેમને સાચવવા પડે. નહીંતર અમને પણ ઘાટ આવે ફૂંકી દે. આ બંદૂક ઓછી કોઈની શરમ રાખે છે? એમની પાછળ પડવું એ મહારાજ આગળ ભાષણ સાંભળવા જેવું થોડું છે! એમાં તો જીવનું જોખમ છે, એમ સમજીને ચાલજો.

મેં કહ્યુંઃ તમારા મનમાં તો ઢીલાપોચી નથી ને?

વાહણઃ તમે આવ્યા એટલે મારે આવવું જ પડે. આ તો સંતબાલજી મહારાજનું કામ. તમે ન આવ્યા હોત તો હું વચ્ચે ન પડત. પણ હવે મારાથી થોડું છુટાય છે? ભલે

મારા ઉપર એ લોકો રોષ કરે, હું મારો બનતો પુરુષાર્થ કરી છૂટીશ. અમે અમારું ફોડી લઈશું. મને તો તમારી ચિંતા છે.

મેં કહ્યું : વાહણ, અમેય રજપૂતના દીકરા છીએ. તારી જ્યાં આટલી હિંમત છે તો અમે શું કાયર થઈશું? ઊઠો, આ તૈયાર! એમ કહી હું ઊભો થવા ગયો. ત્યાં વાહણે મને ધીરો પાડી કહ્યું : તમારી હિંમત તો છે જ. અમારે તો ધણીની હિંમત પણ જોઈએ. માટે બોલાવો નારસંગભાઈને. અમે નારસંગભાઈને બધી વાત કહી, આવા કામમાં લોકો હજાર જાતની અફવાઓ ઉડાડે, પોલીસ ખાતું જાતજાતનાં દબાણ લાવે, પૈસા ખર્ચાય, અને જીવનું જોખમ તો ખરું જ! એટલે મનોબળ પાકું કરવું પડે. જે તે વિચાર કે વાત સાંભળતાં ડગવું ન જોઈએ. અને જાત ઉપર જે આવી પડે તે સહન કરવાની તૈયારી રાખવી પડે. એમ કહીને મેં ગાંફના મારા સાળાની ચોરી, તેમાં વાહણ પગીની મદદ, તેની જ્ઞાતિ આગળ આપેલો વિશ્વાસ, પોલીસ ખાતાએ મારી કરેલી કસોટી આ બધું કહી સંભળાવ્યું.

નારસંગભાઈ અને કાળુભાઈએ બરાબરની હિંમત બતાવી. એટલે અમે બધા ઘોડાં લઈને વાહણ પગીની પાછળ પાછળ હંકાર્યાં.

લોથલના ટેકરા આગળ વાહણ ઘોડેથી ઊતરી ગયો અને અમને એક પીલુડી નીચે લઈ ગયો. અને કહેવા લાગ્યો: જુઓ, આ લોકો અહીં બેઠા છે. આ બીડીનાં ઠૂંઠાં. તેમાં એક સિગારેટ પણ છે. પણે પેશાબ કર્યો છે. તેમના પગલાંમાં એક જણે બાટાના બૂટ પહેર્યા છે. તેની છાપ ચોખ્ખી જણાય છે. હવે આ લોકો કઈ દિશાએથી આવ્યા તે ચાલો બતાવું. એમ કહીને અમને પૂર્વદિશાના ખેતરમાં લઈ ગયો. ઉનાળાના દિવસ

હતા. ખેતર બધાં ખેડેલાં હતાં. એટલે દસેય જણાનાં પગલાં દેખાયાં.

એ સાંભળી અમે કહ્યુંઃ ભાઈ વાહણ, તારી વાત તો ખરેખરાની સાચી. એમ કહીને અમે બધા મલકાઈ ઊઠયા.

એણે કહ્યુંઃ ત્યારે જ તમને કહું છું કે.. એ લોકો હશે! પણ સગડ મળી ગયાં એટલે માલ મળી ગયો એમ ન માનશો. આપણે જલ્દી નહીં કરીએ તો માલ હાથમાં આવશે નહીં. સામાન્ય રીતે અમારામાં એવો રિવાજ છે કે ત્રીજે દિવસે માલની વહેંચણી કરી નાખીએ. આજે બીજો દિવસ છે. આવતી કાલે તેઓ માલની વહેંચણી કરી નાખશે. માટે હવે બરાબર બાજી ગોઠવવી પડશે. તેણે સમજાવ્યું કે હવે તમે પોલીસ અધિકારીને સાથે લઈને આવો. અમે અને કાળુભાઈ ઘોડાં ઉપર વટામણ બાજુ જઈશું.

પોલીસ અધિકારી આવી પહોંચ્યા, તે તો મારા પરિચિત જ હતા. ગાંફની ચોરી તપાસમાં હતા તે જ. હવે તો મિત્ર જેવા બની ગયા હતા. તેમને દિલ ખોલીને બધી વાત કરી. વાહણે કહ્યું છે કે બહુ સાવધાનીથી વર્તજો. નહીંતર એક સાથે આપણ બધાને ફૂંકી મારશે. માટે તમે પણ પોલીખાતાના વિશ્વાસુ માણસ સાથે રાખજો

તેમણે કહ્યુંઃ આવા કામમાં અમારા વિશ્વાસુ માણસો જ હોય. એમ કહીને અમને હિંમત આપી.

અમે ગામમાંથી લાયસન્સવાળાં હથિયારો અને કેટલાક ચુનંદા સાથીઓને લઈને વટામણ તરફ નીકળ્યા.

વાહણપગીએ આગળની બધી કડીઓ મેળવી રાખી હતી. બાતમી પ્રમાણે—

....અમુક ગામના મુખી આ ધાડમાં આગેવાન હતા. વળી

ગામ નાનું અને એક જ કોમનું. તેથી સંપ સારો. અવારનવાર આવાં કામ કરે. એટલે એ રીતે સંપથી જીવવું પડે. અમને બાતમી મળેલી કે તે ગામમાં અઢાર લાયસન્સધારી બંદૂકોવાળા હતા. એટલે આ બધો વિચાર કરીને વ્યૂહ ગોઠવ્યો.

સૌ હથિયાર સાથે જીપમાં બેઠા. સાબરમતી નદી ઊતરી બરાબર ત્રણ વાગે દિવસે અમે તે ગામમાં પેઠા. મુખીને ઘેર જ સીધા ગયા. મુખી હાજર ન હોતા. તેમના કાકા આવ્યા. તેમણે ખાટલા ઢાળીને અમને બેસાડયા. અને ચા-પાણીની વ્યવસ્થા ગોઠવી.

હવે આ પ્રશ્ન સમજવામાં થોડી ગામની માહિતી આપી દઉં. ગામની બજાર ઉત્તરદક્ષિણ પાઘડી પને અને પૂર્વ પશ્ચિમ સામ સામે ઓળબંધ ઘર. મુખીનું ઘર પૂર્વ દિશાનું. તેમની બાજુમાં જ ઉગમણી દિશાનાં બારણાંવાળાં બે ઘર તેમના કાકાનાં. એટલે એ મકાનમાંથી આખી વાટ ભાળી શકાય. વળી એને બારીઓ પણ ખરી અને અમે પહોંચ્યા તે વખતે એ મકાનની મેડી ઉપર ધાડ પાડનારી ટોળી બેસીને માલની વહેંચણી કરી રહી હતી. અમારી જીપ પહોંચતાં તેમણે તેમનાં હથિયાર સાબદાં કર્યાં. અમે નીચે તે ઉપર, અમે ખુલ્લામાં તે ઘરના રક્ષણમાં એટલે અમે બધી તૈયારી કરીને ગયા છતાં અમારું બહુ ચાલે તેમ નહોતું.

પણ કુદરતની કરામત કેવી હોય છે! એ ધાડપાડનાર ભાઈમાંથી એકે મારી પાઘડી ઓળખી. એટલે એણે સૌને ધીરા પાડયા. અને કહ્યું, અલ્યા! આ તો જવારજવાળા ફૂલજીભાઈ. કોઈ બાર ન કરશો. તમારાં હથિયાર સાચવીને પાછલી બારીએથી ઊતરી પડો અને ચાલ્યા જાઓ. અમારા આવતા પહેલાં જ માલની વહેંચણી થઈ ગઈ. અને બધા એક પછી એક અમને થાપ દઈને ભાગી ગયા. આ વાતની જાણ તો અમને પાછળથી તેના આગેવાને કરી ત્યારે જ ખબર પડી.

મુખીના કાકાએ અમને ચા-પાણી કરાવ્યાં પછી પોલીસ અધિકારીએ યુક્તિ ગોઠવી કે ગામનાં બધાં હથિયાર ભેગાં કરાવો, મારે લાયસન્સ તપાસવાં છે. તે રીતે બધી બંદૂકો ભેગી કરી લીધી. ચાર બરી બંદૂકવાળા પોલીસ પહેરેગીરો ગોઠવી દીધા. ચા પાણી પતી ગયાં. પછી ધીમે રહીને પોલીસ અધિકારીએ વાત મૂકી કે, ધોળકા તાલુકામાં લક્ષ્મીપુરા ગામે ધાડ પડી છે. એટલે તપાસ માટે આવ્યા છીએ. અને અમને મુખીની બાતમી મળી છે. મુખી ક્યાં ગયા છે!

તે તો બહાર ગામ ગયા છે.

તમે શું થાઓ?

હું તેનો કાકો થાઉં પણ મારો ભત્રીજો આવું ન કરે. એ ગામનો મુખી છે.

અધિકારીએ બધી બાજુ ગોઠવી દીધી હતી કે કદાચ જપ્તી લઈએ અને એક સામટું ધાંધલ થાય તો જાની જાનહાનિ થાય નહીં.

મુખીના ઘરમાં જપ્તી શરૂ કરી. મુખી તો ઘેર હતા નહીં. મુખીના પટારા ખોલતાં તેમાંથી કારતૂસ નીકળ્યા. કારતૂસ જોતાં વાદળ બોલી ઊઠ્યો: જુઓ સાહેબ, આ જ કારતૂસ લક્ષ્મીપુરામાં વપરાયેલા છે. આનો રંગ લીલો છે, તે પેટલાદ સિવાય બીજે ક્યાંય મળતા નથી.

પછી અંદરના ઓરડામાં ગયા. ત્યાં ઘઉંનું કુંવળ (ભૂંસુ) ભરેલું હતું. અને તેના ઉપર પૂળા હતા પણ કુંવળ તાજું ફેંદાયેલું હતું. એટલે શક ગયો. તેમાં હાથ નાખતાં જ દાગીનાનો દાબડો હાથ લાગ્યો.

હવે બન્યું હતું એવું કે ભાગ તો અમારા જતા પહેલાં વહેંચાઈ ગયેલ. મુખીએ પોતાનો ભાગ લઈને તેનાં ઘરેણાં જે હતાં તે દાબડામાં મૂકી કુંવળમાં સંતાડ્યાં. અને રોકડ

રકમ હતી તેટલી રૂપિયા લઈને ગાડું જોડી ખરીદી કરવા ગયા. અહીં તેમના ગયા પછી તેમનાં પત્નિયાણીને ઘરેણાં જોવાનું મન થયું. તેણે દાબડો કાઢ્યો અને ઘરેણાં જોવા માંડ્યાં. ત્યાં જ આંગણામાં જીપ આવી ઊભી એટલે તે ગભરાઈ ગયાં. તેથી ઝટઝટ ઘરેણાં જોઈ દાબડો કુંવળમાં સંતાડી દીધો. આથી કુંવળ વીંખાયું. એટલે પંચોને વહેમ પડ્યો. અને અંદરથી તરત જ ઘરેણાં ભરેલો દાબડો મળી આવ્યો. જોયું તો અંદર નારસંગભાઈનાં જ ઘરેણાં. કેટલાંક તૂટેલાં હતાં તે તેમણે ઓળખી બતાવ્યાં.

સાહેબે મુખીના કાકાને કહ્યું : તમે કહેતા હતા ને કે મારો ભત્રીજો ન હોય! આ મુદ્દા માલ તો ઘરમાંથી નીકળ્યો. પછી પંચનામું કરી માલ કબજે કર્યો.

વાઘણે ઈશારો કર્યો, ચાલો હવે ઝટ કરો, ...પહોંચી જઈએ, નહીંતર મુખ્ય ઈસામી પકડાશે નહીં.

મુખી જે ગામ ગયા હતા તે દિશા તરફ અમે નીકળી પડ્યા. રસ્તામાં ગાડું મળ્યું. તેમાં એક જુવાન ગાડું હાંકતો હતો અને બે જણ પડખે ચાલતા હતા. ત્યાં વાઘણની નજર પેલા લોકોના પગ ઉપર પડી. એકના પગમાં બાટાના બૂટ હતા. તે ઉપરથી તેણે ઈશારો કર્યો, અને અનુમાન બાંધ્યું કે એ જ મુખી હોવા જોઈએ.

સાહેબે તેમને ઊભા રાખી પૂછ્યું : આ... ગામના મુખી તમે છો?

તેમણે કહ્યું : હા. પછી તેમનું નામ પૂછ્યું. અને જણાવ્યું કે ચાલો આ જીપમાં બેસી જાઓ. તમારું કામ છે. પછી રસ્તામાં વાઘણે વાત ઉકેલી. આ લક્ષ્મીપુરાની ધાડમાં તમે કાંઈ જાણો છો? પહેલાં તો તેમણે આનાકાની કરી. પણ પછી જસી વગેરેની વાત કરી, મુદ્દા માલ પકડાયાની વાત કરી.

એટલે તે માની ગયા. અને પોપટની જેમ બધી વાત શરૂઆતથી તે છેવટ સુધી જે બન્યું તે બધું કહી સંભળાવ્યું.

અમે ગામ ઉપર આવ્યા. ત્યાં તો સોએક જેટલું માણસ ભેગું થઈ ગયું. સાહેબે બધાંને બેસાડી દીધા. પછી મુખીને કહ્યું: હવે તમારી વાત તમારા ગામના લોકો આગળ પણ કરો. તે શરમાણા પણ હવે થાય શું ? તેમના કાકા આગળ તેમણે વાત કહી.

સાહેબે ઘરેણામાંથી રામનોમી કાઢી. તેના ચગદા ઉપર નામ હતું. મુખીને પૂછયું ભણેલા છોને ? વાંચો, આ નામ. શું છે ?

તેમણે 'નારસંગભાઈ' એવું નામ વાંચી સંભળાવ્યું.

સાહેબે કહ્યું: જુઓ, આ મારી પાસે બેઠા છે, તે નારસંગભાઈ. હવે બધાંને થયું કે વાત તો સાચી છે.

પછી પોલીસ થાણે આવી આખો કેસ તૈયાર કર્યો. અને બીજા નામ મળ્યાં હતાં તેમની તપાસ આરંભી પણ તે લોકોએ અમને જોઈ લીધા હોય કે પછી બાતમી મળી ગઈ હોય. ગમે તેમ પણ અમને જ્યાં જ્યાં જઇએ ત્યાં ત્યાં પેલા માણસો હાથ લાગે જ નહીં.

વાહણ કહે, હવે બીજી રીતે કામ લેવું પડશે. તેમના વિશ્વાસુ માણસો મારફતે સંપર્ક સાધવો પડશે. એટલે આ પોલીસખાતાએ તપાસ ઢીલમાં નાખવી પડશે. પોલીસ અધિકારી તે રીતે તૈયાર થયા. પછી આ રીતે બીજા એક આગેવાનને પકડયા. તેઓ મળ્યા. અને તેમણે બધી વાત કબૂલ કરી. સાથોસાથ કહી દીધું કે તમે જો સાથે ન હોત તો અમે બધાંને વીંધી નાખત પણ તમારી પાઘડી ઓળખાણી એટલે મને રોટલાની શરમ નડી. (આ ભાઈ કોઈ કામ પ્રસંગે કોકની

ગામ માટે ભેગ આપેલા તેના (ભેગ રૂ.) તમારે માટે જરૂર મેળવી રાખજો. તેરસો મેળવીને તમને મળીશ.

અમે સૌ પોતપોતાને ગામે જવા તૈયાર થયા. આ આખી ધાડનો કરનારો લોકનાથ ભડાણ પગી હતો. તેને અમે કહ્યું ભાઈ વાઘજી! આ તમારા ગગડ જોવાની રીત તો ભારે છે! પગીઓની કળા તો ભારે ભાઈ! અમને જરા સમજાવો.

વાઘજી કહે, અરે કૃતજ્ઞભાઈ! તમારે આ કળા જાણવાની શું બાકી છે? એમ કહીને તે હસ્યો. પછી તે અમને સમજાવવા લાગ્યો. ગગડ જોવાની અમારી એ રીત છે. જ્યારે ગામ ઉપાડે છીએ ભંગાય ત્યારે તેનાં ગગડ આવનારાં જોવાય.

મેં કહ્યું : તેનું કારણ?

કારણ? કારણ સાંભળો. ગામ ભાગવું એ કાંઈ સહેલું નથી. ગામમા કોઈ શૂરો બહાદુર હોય. અને સામનો કરે તો તેની તૈયારી રાખવી પડે. તેથી ગામમાં ધાડ પાડવા જતી વખતે જ બધી વ્યવસ્થા ગોઠવી લેવી પડે ગામથી થોડે દૂર બધા ભેગા મળીએ. અંદર કોણે જવું, બહાર કોણે રહેવું, સપડાઈ જવાય તો કયા સંકેતો કરવા, અંદર જનારા માલ લાવ્યા હોય તેમાં દગો ન રમે, કોઈ ઘવાય તો તેને લઈને ભાગવાનું અને ખૂન થાય તો લાશ વગે કરવાનું કંઈ નહીં તો તે ન ઓળખાય એટલા પૂરતું માથું લઈને પણ ભાગવાનું હોય.

માલ લઈને છૂટા પડી જવાનું હોય. રખેને કોઈ બીજા ગામની મદદ આવી પહોંચે એટલે મળાય કે ન પણ મળાય. તેથી જુદી જુદી દિશાએ નાસતા ફરવું પડે. તેથી નીકળતી વખતે સગડ ભેગાં હોય નહીં. આવતી વખત જ બધા ભેગા હોય. માટે ધાડમાં સગડ કઈ દિશાએથી આવ્યાં છે તે જોવાય. એટલા માટે હું કાળુભાઈને લઈને તમારા ગામનીફરતે બધે ફરી વળ્યો હતો.

હવે સામાન્ય ઘરફોડની-લૂંટની વાત કરું. ઘર ચોરીમાં સાથે મળીને જવાની જરૂર નહીં. તેમાં ટોળી ન લેઈએ, હથિયાર ન જોઈએ. તેમાં બે જણ હોય તો પણ ચાલે. તેઓ જુદા જુદા સ્થળેથી સંકેત મુજબ ભેગા થાય. તેમાં સંકેતની ભાષા વાપરે. દાખલા તરીકે તેમણે ચોરીને સ્થાને ગોઢિયા શબ્દ નક્કી કર્યો હોય. એક જણ કહેઃ કેમ છે ગોઢિયા? મતલબ કે ચોરી કરવા તું તૈયાર છે? એટલે તે જવાબ આપે સારું છે. એટલે કે હું તૈયાર છું. સાથે આવીશ. આમ જુદા જુદા શબ્દો જુદા જુદા સંકેતો પ્રમાણે વાપરે. જે ગામમાં ખાતર પાડવાનું હોય તેમાં એક બાતમીદાર હોય. તે 'જોવણિયો' કહેવાય. તે નક્કી કરે તે દિવસે આ ગોઢિયા જોવા જાય. જોવણિયો જે સ્થળ નક્કી કરે ત્યાં બધા ભેગા મળે. બાર વાગ્યા સુધીમાં બધા ભેગા મળે. પછી જોવણિયો બધી બાતમી અને માર્ગદર્શન આપે. પછી ખાતર પાડી બધા સાથે નીકળી જાય. સીમાડા સુધી ચાલી, માલની વહેંચણી કરી બધા જુદા પડી જાય. માટે ચોરી કે ખાતરનાં સગડ જતાનાં લેવાય.

પણ ઘરચોરીમાં હરચોરી હોય.

મેં કહ્યું: એ શું વળી? હરચોરી શબ્દ તો તમારી પાસેથી જ સાંભળ્યો.

હરચોરી એટલે જે બહાર રહ્યા હોય તે અંદર ગયેલાની જડતી લે. જરૂર પડે તો લૂંગડાં ઊતરાવીને તપાસ કરે. કંઈ છુપાવતો તો નથી ને?

મેં કહ્યું: આ તો અવિશ્વાસ ગણાય. સાથે મળીને કામ કરે ત્યાં આવું કેમ ચાલે?

વાહણ કહે, એ તો અમારામાં રિવાજ જ. ચોરી કરનાર જ કહે, લ્યો હવે મારી હરચોરી કરી લ્યો તેથી સીમાડા સુધી

ભેગા જ જવું પડે. પછી માતાજીનું નૈવેદ્ય કાઢીને ભાગની વહેંચણી કરે.

અમારી પગલાં પાડવાની રીત પણ જુદી. ક્યાંક નકરાં આંગળાં જ પડે ક્યાંક પાની જ પડે. એક પગ આખો તો બીજાની પાની. પગલાં બધા પગીઓ સમજી ન શકે. એની પણ આવડત જોઈએ. એ અમારી કળા છે. માટે જ હું તમને કહું છું કે ચોરી થયા પછી જેટલાં પગલાં મળે તેના ઉપર ટોપલો ઢાંકી રાખવો. પછી મને બોલાવો તો સાંજ પહેલાં હું તમને એ માલ ઉપર ઊભા રાખું. આ તમે જોયું ને કે આટાના બૂટના પગલાંથી આ સુખીને મેં ઓળખી કાઢયા. પગલાં પાડવાં, જોવાં, પકડવાં એ અમારું પગીઓનું કામ, માટે લોકો અમને 'ચોરપગા' કહીને ઓળખે છે. ઘરમાં પડેલું પગલું અમે ભરબજારમાં, બે માઈલ, પાંચ માઈલથી પણ ઓળખી કાઢીએ. તમે તો મારી આખી કળાનો ભેદ છતો કરાવ્યો.

તારી પાસેથી અમે મોટો પાઠ શીખ્યા. તમે પગીઓ તો ખરેખરા પગલાંના પરખંદા. ધાડપાડુઓ ધીમે ધીમે એક એક કરતા પકડાયા. અને માલ જેટલો મળ્યો તેટલો સોંપતા ગયા. તેમ છતાં તે બધા કસ્ટડીમાં પૂરાયા અને સરકારે તેની રીતે કોર્ટમાં કામ ચલાવ્યું.

થોડા વખત પછી મારા ઉપર જાસાચિઠ્ઠી આવી. તેની મતલબ એ હતી કે આ ધાડમાં અમારી પાછળ પડયા છો, પણ તેનું સારું પરિણામ નહીં આવે. મારાં કુટુંબીઓને તેની જાણ થઈ એટલે બધાં ગભરાયાં. અને મને ઠપકો આપવા લાગ્યાં. આવા નબળા લોકોની સાથે વેર ઊભું કરવાથી ફાયદો નહીં. નાહકનું શીદને વેર ઊભું કરો છો?

મેં કહ્યું: સમાજમાં આવા ગુના બને અને કોઈ હિંમત જ ન કરે તો એવાં અનિષ્ટ તત્ત્વોને ફૂલવા-ફાલવાની તક મળી

જાય. કોઈ હિંમત જ ન કરે તો ગુનેગારને બીક જ ન રહે. વળી આ ધાડ તો આપણા સીમાડાની કહેવાય. નારસંગભાઈ આપણા જ માણસ કહેવાય. એટલે પડવું જ પડે.

પણ આ બધામાં મુખ્ય તો અમારો વાહણ પગી જ હતો. તેની હિકમત અને હિંમત બંને આમાં ભળ્યાં. એટલે તરત પત્તો ખાધો.

આ ધાડના પ્રસંગમાં પોલીસને મદદ કરવા બદલ જિલ્લાના પોલીસ વડાઅધિકારી તરફથી મને-પ્રશંસાપત્ર-પ્રમાણપત્ર મળ્યું. એ તો એક સામાન્ય વસ્તુ હતી પણ તેની પાછળની ભાવના કદર કરવા જેવી હતી. આપણા જ લોકોને ત્યાં આવા પ્રસંગો બને ત્યારે હિંમતપૂર્વક સૂઝતાં પગલાં ભરીએ તો તેમાં આપણને શુભતત્ત્વોનો સાથ મળી રહે છે. અમને પણ એવો અનુભવ થયો.

આગળનો ચોરીનો પ્રસંગ અને આ ધાડનો પ્રસંગ બંનેમાં વાહણ પગીનો અમને પૂરેપૂરો સાથ. તેના સહકારથી અમે આ કામમાં કંઈક ઉપયોગી થઈ પડયા. પણ અમને જોડનાર તો સંતબાલજી મહારાજ. એટલે થયું: પ્રદેશનાં આવાં તત્ત્વોનું સંગઠન થાય તો કેટલું મોટું કામ થાય! સમાજની પ્રગતિમાં તે કેટલો મોટો ફાળો આપી શકે!

બે [illegible]

૧૫

[illegible], એક [illegible] તથા [illegible] અને [illegible] હતા [illegible], અંબુભાઈ, [illegible] અને તેમને ત્યાં આવેલા મહેમાનો. અમારો પરસ્પર પરિચય થયો. આવનારા મહેમાન [illegible] સાવરવાડી [illegible] હતાં. તેઓ આ આશ્રમનાં [illegible] અવારનવાર ત્યાં આવતા. તેમને પણ સંતબાલજીના પ્રયોગમાં કંઈક રસ આવેલ હશે. એટલે આવે ત્યારે ચર્ચા કરે.

પેલા મિત્ર સાવરવાડી. સંતબાલજીનું કામ ખેડૂતોમાં થાય છે તે વાત એ જાણતા એટલું જ નહીં પણ સંતબાલજી પ્રત્યે આદર અને માન ધરાવતા હતા.

મહેમાને કહ્યું તમે ભાલમાં જુદીજુદી સંસ્થાઓ ચલાવો છો તે વિશે અમારે જાણવું છે. તમે લોકો આગળ શું કરવા માગો છો, એ અમારે જાણવું છે.

અંબુભાઈ બોલ્યા : આ ભાલ પ્રદેશમાં સંતબાલજી વ્યાપક ધર્મદૃષ્ટિએ સમાજ રચનાનો પ્રયોગ કરી રહ્યા છે અને આ સંસ્થાઓ મારફતે જુદા જુદા ક્ષેત્રોમાં પ્રવૃત્તિ ચાલે છે. ગાંધીજીની સત્ય અને અહિંસાની દૃષ્ટિ નજર સમક્ષ રાખી કાર્યક્રમો આપીએ છીએ. ખેડૂત મંડળ મારફતે આર્થિક ક્ષેત્રે—સહકારી પ્રવૃત્તિ, લવાદી અને બચત નજર સમક્ષ રાખી જ્યાં જ્યાં જરૂર પડે ત્યાં ત્યાં દોરવણી આપીએ છીએ. એ રીતે અંબુભાઈએ આર્થિક, સામાજિક, રાજકીય અને સાંસ્કૃતિક દૃષ્ટિએ ભાલનળકાંઠા પ્રયોગની વાત ટૂંકાણમાં કરી. અને તે

અંગે લોકઘડતરનું કામ ચાલે છે. સાથે સાથે અન્યાયનો પ્રતિકાર કરવામાં શુદ્ધિપ્રયોગનો અનુભવ કેવો ભાગ ભજવે છે, તે પણ કહ્યું. ઘણા પ્રશ્નો પ્રેમથી ઉકલ્યા છે, આંટીઘૂંટીવાળા અટપટા પ્રશ્નોમાં પણ છેવટે હેતપ્રીત જળવાય છે અને પરસ્પર મીઠા સંબંધો રહે છે.

મહેમાન બોલ્યાઃ પણ તમે તો આ પ્રવૃત્તિમાં કોંગ્રેસને ટેકો આપો છો, તો એ પ્રવૃત્તિ તમારી શી રીતે કહેવાય ? કોંગ્રેસ કહે તે પ્રમાણે જ તમારે કરવાનું અને ચાલવાનું રહે. અને પાછા કહો છો કે અમે રાજકીય પક્ષ નથી. આ બે વાતનો મેળ શી રીતે પડે ? એ મારે સમજવું છે.

અંબુભાઈએ મારી તરફ ઇશારો કરીને કહ્યું : ફૂલજીભાઈ ! આ તમે સમજાવો.

જાણે તેમણે મારે માથે દાવ આપ્યો. ઠંડી બરાબર હતી અને તાપણી મજાની હતી એટલે બેઠાં બેઠાં ચર્ચામાં મજા આવે એવું હતું. મેં કહ્યું : આપણે બિન રાજકીય રીતે, લોકહિતની દૃષ્ટિએ સંગઠિત રીતે ગમે તે પ્રવૃત્તિ ચલાવીએ તેમાં આ લોકશાહીમાં રાજકીય પ્રશ્નો તો આવવાના જ. દાખલા તરીકે ચૂંટણીઓ આવે ત્યારે અમારે અમારો મત કોને આપવો એવો સંસ્થા આગળ સવાલ આવે જ. ત્યારે આપણી પાસે ચોક્કસ નીતિ હોય તો જ કહી શકાય. માટે અમે અમારા ખેડૂત મંડળના બંધારણમાં જ કોંગ્રેસનું રાજકીય સમર્થન કરવાનું સ્વીકાર્યું છે. તેથી અમે કંઈ રાજકીયપક્ષ બની જતા નથી. કોંગ્રેસ અને તેની સરકાર લોકહિત વિરુદ્ધ કોઈ કાયદો કરે તો તેનો પ્રતિકાર કરવાનું પણ કરીએ છીએ. જેમકે ગણોતધારો. તેમાં અમે શુદ્ધિપ્રયોગ સુધી પણ ગયા છીએ. તેથી અમે રાજકીયપક્ષ પણ નથી બનતા અને તેના હાથા પણ નથી બનતા.

[illegible] આવે? એટલે અહીં [illegible] તમે એમ [illegible] તેમાં તે [illegible] મારફતે આર્થિક ફાયદો પણ [illegible], કારણ [illegible] વ્યવહારમાં પણ [illegible] આ બે વાત અને સમજાતી નથી [illegible] મારું અસ્તિત્વ અને વચ્ચેના સંબંધ [illegible] જ નથી એમ મારું માનવું છે. આવા સંગઠનમાં લોકોને બાંધવા અને ટકાવવા એ મુશ્કેલ બનવાનું. અત્યારે ભલે તમને લાગે કે આપણું કામ બરાબર ચાલે છે, પણ આગળ ઉપર તમને તે સમજાશે. માટે તમે કાં તો રાજકીય પક્ષ બનો અથવા તો ગમે તે પક્ષને ટેકો આપવા કે. તમારા સંગઠનના બંધારણમાંથી કોંગ્રેસ શબ્દ રદ કરો. નહીંતર એ કોંગ્રેસ જ તમારું સંગઠન તોડશે. એ તમારો શબ્દ જ તમને ભારે પડી જવાનો છે.

મેં કહ્યું: ઉપલક રીતે જોતાં તમારી વાત સાચી લાગે, કારણ કે મત તો ભળવાના જ છે. પછી ગરજ જેવું રહે નહીં. પણ આપણે લાંબી દૃષ્ટિથી આનો વિચાર કરીએ. આ સંતબાલજીની વિચારસરણીમાં આ પ્રયોગમાં અનુબંધ જોડવાની વાત આવે છે. તેમાં લોકો, લોકસેવકો, સાધુસંતો અને રાજ્ય એમ ચારેયનો અનુબંધ વ્યવસ્થિત રીતે જોડાય તો ગાંધીજી કહેતા હતા તે અહિંસક સમાજ રચના અથવા સંતબાલજી

જેને ધર્મ દષ્ટિએ સમાજ રચના કહે છે તે નિર્માણ થાય. આમ બને તો જ આપણા દેશમાં આવેલી લોકશાહી મજબૂત બને. ભારતની સાંસ્કૃતિક પરંપરા છે તે સચવાઈ રહે. તમે કહો છો તે પ્રમાણે રાજકીય પક્ષ અમે બનીએ તો અત્યારે તમામ રાજકીયપક્ષોનાં મોઢા જેમ સત્તા તરફ છે અને સત્તા મારફતે જ લોકોનાં હિત કરી શકાશે એવી જે માન્યતા છે તેને ટેકો મળે. પણ અમે એવું માનતા નથી. સત્તાથી તો લોકો દબાઈ જવાના અને અંતે સત્તાની જ બોલબાલા થવાની. તેથી સાચું કામ તો લોકઘડતરનું છે. આ કામ લોકસેવકો સંતોની દોરવણીથી કરે. રાજ્ય વગર જો ચાલવાનું હોય તો તો રાજ્યને ટેકો આપવાની જરૂર નથી. પણ રાજ્ય તો જોઈશે જ. રાજ્ય વગર નહીં ચાલે. તો તમે કોના હાથમાં રાજ્યનો વહીવટ સોંપો છો તે માટે તો જે રાજકીય પક્ષો હોય તેમાંથી જ તમારે કોઈ એકની પસંદગી કરવાની રહે. કોંગ્રેસ જેવો ઈતિહાસ બીજા એકે પક્ષનો નથી. વળી તે બીજાના પ્રમાણમાં કંઈક સારો પક્ષ છે. તેથી જ અમે વિચાર કરીને અમારા બંધારણમાં 'કોંગ્રેસ' શબ્દ દાખલ કર્યો છે.

અમારી કલ્પનામાં જે કોંગ્રેસ છે, તે બાપુજીની દષ્ટિવાળી કોંગ્રેસ છે. જો કોંગ્રેસમાં પણ એ દષ્ટિ નહીં આવે તો પછી વિચારવાની ભૂમિકા રહેવાની. તેવે વખતે સાધુસંતો લોકસેવકોને અને લોકસેવકો જનતાને સલાહ આપશે. તેથી 'કોંગ્રેસ' શબ્દ અમને ભારે પડશે એ ચિંતા અમને નથી. તેથી આ ગ્રામસંગઠન રચનાત્મક દષ્ટિ અને નૈતિક ભૂમિકા રાખીને ચાલે છે. જો રાજ્ય સર્વોપરી થઇ જાય, અને લોકો સત્તાને આધીન જ બની જાય, તેમની શકિત કુંઠિત થઈ જાય તો લોકોના મતની કિંમત જ શી ? એવી લોકશાહી ચાલે ખરી ? એ તો કહેવા પૂરતી નામની જ લોકશાહી રહે. લોકોને જેમાં ઘડવાના હોય અને તેમની લોકશાહી સાગજ ખીલવી હોય તો જ સત્તા

લોકોને આધીન રહે એટલે આ ગ્રામસંગઠન મારફતે એ કામ ચાલે છે. તેમાં અમો રસ લઈએ છીએ. અને રાજકીય પક્ષમાં એક માત્ર કોંગ્રેસ પાસે જ આવી આશા રાખી શકાય તેમ છે. તેથી અમે અમારા બંધારણમાં તેનો સ્વીકાર કરીને તેને ટેકો આપીએ છીએ. વળી સાધ્યોપાય આર્થિક, સામાજિક, સાંસ્કૃતિક, કેળવણી, આરોગ્ય જેવાં ક્ષેત્રોમાં સત્તા ઓછું માથું મારે-તે ક્ષેત્રોમાં આવાં ઘડાયેલાં સંગઠનોને કામ કરવા દે અને સત્તા જ્યાં જરૂર જણાય ત્યાં જ મદદે આવે, તો રાજ્યનો બોજો ઓછો થાય, લોકોપયોગી કામો વ્યવસ્થિત ચાલે એમ અમારું માનવું છે. લોકોનો સહકાર લઈને જ આગળ વધવું જોઈએ. લોકો સહકાર આપે છે. આ અનુભવોને આધારે અમારી શ્રદ્ધા વધી છે.

સામ્યવાદી કાર્યકર્તા: આ તો તમારી આખી વાતમાં ઊંટ કૂંડાળે નાખવાની વાત છે. લોકો, લોકસેવકો, સાધુ-સંતો અને છેવટે રાજ્ય એટલે સત્તાનો સ્વીકાર તો તમે કર્યો જ. તમને હું સીધો પ્રશ્ન પૂછું છું કે આ સત્તા જેના હાથમાં આવશે તે તમને આ બધાં કામ કરવા દેશે ખરા? તે તો લોકોમાંથી અને લોકસેવકોમાંથી તમારા તૈયાર કરેલા માણસોને પ્રલોભનો આપીને એ ચી જશે. તમે તૈયાર કરેલા માણસો ગયા એટલે તમે તો હતા ત્યાં ને ત્યાં જ રહેવાના. માટે આવી લાંબી પ્રક્રિયામાંથી તમે માનો છો એવું પરિણામ મને તો દેખાતું નથી. સત્તા તો દરેક ક્ષેત્રે પોતાનું વર્ચસ્વ રાખશે જ. તેથી તમારી નૈતિકતાની અને શુદ્ધ સાધનની વાત ટકવાની નથી. તેથી એક જ રાજકીય પક્ષ ઉપર આધાર રાખવો અને લોકશાહી વિકસાવવી એ તો લોઢાના ચણા ચાવવા જેવું છે. મુશ્કેલ કામ છે. માટે સત્તાધારી પક્ષને અંકુશમાં રાખે એવો હરીફ રાજકીય પક્ષ તો જોઈએ જ એમ અમે માનીએ છીએ.

... હવે બીજી વાત. તમારી અનુબંધવાળી વાતમાં ઘણાં વર્ષો સુધી પરિશ્રમ કરવો પડે. છતાં ધાર્યું પરિણામ આવે કે કેમ તેમાં શંકા છે. એટલે મને તો લાગે છે કે તમે રાજકીય પક્ષ બનીને તમારા જ પ્રતિનિધિઓ ચૂંટીને મોકલો તો જ તમારું સંસ્થાબળ જામે અને વ્યક્તિત્વ ખીલશે. બાકી આવી વાતોથી પરિણામ નહીં આવે.

એવી જ વસ્તુ સત્ય, અહિંસા, સાધન શુદ્ધિ, ઉપવાસો વગેરેની છે. આ બધું સ્વરાજ્ય આવ્યા પછી બહુ ઉપયોગી છે, એમ અમે માનતા નથી. કારણકે ગાંધીજીએ એ બધી વસ્તુ બ્રિટિશ સરકાર સામે અજમાવી, આપણે શસ્ત્રહીન હતા અને તેઓ શસ્ત્રસજ્જ હતા. તેવે વખતે ગાંધીજીની અહિંસાએ કામ કર્યું. પણ હવે રાજ્ય આવતાં આપણે જ શસ્ત્રસજ્જ થવું પડશે. અહિંસાને વળગી રહેવાથી આપણું રક્ષણ નહીં કરી શકીએ. એક સ્વતંત્ર રાષ્ટ્ર તરીકે દુનિયામાં ગૌરવ વધારવું હશે તો ફેરફાર કર્યા વિના છૂટકો જ નથી, નહીં તો બીજાં રાજ્યો તમને શાંતિથી રહેવા નહીં દે. માટે આ બધી બાબતોનો વિચાર પણ સાથે સાથે કરવો પડશે. આ તમારી અનુબંધ વિચારધારાવાળી વાતમાં તો નથી તમારાં ગ્રામ સંગઠનો મજબૂત થવાનાં અથવા નથી તેનું મૂલ્ય ઊભું થવાનું રાજકીય પક્ષો તમને આગળ વધવા દેવાના જ નથી. એમાં પણ તમે રાજકીય સંબંધો બંધારણમાં પહેલેથી જોડો પછી તમારું સાંભળે જ કોણ?

એમ કહીને રાજકીય પક્ષ સિવાય મહત્ત્વ નથી એમ કહેવાનો તેમનો ભાવ હતો. આ સામ્યવાદી વિચારસરણી જ લોકો માટે ઉપયોગી સિદ્ધ થશે અને તેમાં ધનવાનો ઉપર અંકુશ આવશે બધા લોકોને સરખા હક્કો મળશે, અમે આ બધું સાંભળતા હતા. તેઓ પણ ઉત્સાહથી બોલ્યે જતા હતા. રાત

હાથમાં ? આમાં આધ્યાત્મિકતાની તો વાત જ નથી. વળી નૈતિક અને સામાજિક શક્તિ પણ તમારી સત્તા વિકસવા ન દે. અરે! ઉત્પાદન અને વિતરણ પણ રાજ્યના હાથે થાય આને તમે લોકશાહી કહેતા હો તો કહો. આ તો સરમુખત્યારી જ કહેવાય. સર્વોપરી તો સત્તા જ છે લોકો નથી. રાજ્ય જે આદેશ આપે તે પ્રમાણે લોકોએ વર્તવાનું છે. કોઈની તાકાત હા કે ના કહેવાની રહેતી જ નથી. માટે સત્તા સર્વોપરી હોય, સાધન હિંસા હોય એવું સ્વરાજ્ય કે સ્વતંત્રતા સત્તા ભોગવનારાઓ માટે વાજબી હોય પણ લોકો માટે તો ઉપયોગી નથી જ.

ચાલો હવે બીજી વાત. સંસ્કૃતિ અને આધ્યાત્મિકતા તરફ તમારું દૃષ્ટિબિંદુ શું છે તે જરા વિસ્તારથી સમજાવો.

સામ્યવાદી કાર્યકર બોલ્યા : મેં તમને આગળ કહ્યું જ છે. અમે આર્થિક, સામાજિક અને રાજકીય ધ્યેય જ રાખ્યું છે. તેનાથી આગળ નૈતિક અને આધ્યાત્મિકતા તરફ આગળ નહીં વધી શકીએ. ત્યાં જ અટકી જઈશું.

મેં કહ્યું : આપણા આ ભારત દેશની પરંપરામાં સેવા, અને સત્તાનો જરા વિચાર કરીએ. પુરાણ કાળનો વિચાર કરીએ તો સત્તાએ પણ સંતો, મુનિઓને આદરમાન સાથે પૂજ્યા છે. રામાયણમાં દશરથ રાજા વશિષ્ઠમુનિની સલાહ લેતા, ધર્મના દંડને સત્તાના દંડ કરતાં વધુ મહત્ત્વ આપતા. ડગલે ને પગલે તેમની સલાહ લેતા. એવા દાખલા વાંચવા અને સાંભળવા મળે છે. વળી આ સંતોએ સંસ્કારના સિંચન માટે કષ્ટો સહન કર્યાં છે. રામચંદ્રજી પિતાનું વચન પાળવા ખાતર વનમાં જાય છે. સીતા અને લક્ષ્મણ સાથે જાય છે. એક પતિધર્મ માટે અને બીજા વડીલ બંધુધર્મ માટે. હવે વનમાં કષ્ટો સહન કરવાં પડે છે. સીતાજીનું હરણ થાય છે. રાવણને પણ વેશ

તો સાધુનો જ લેવો પડે છે. કારણકે તો જ આદરમાન મળે. તે બળવાન રાજા હોવા છતાં એટલું સમજતો હતો કે રાજા કરતાં સાધુનો આદર વધારે થવાનો. તો જ આ કાર્યમાં સફળતા મળશે એમ માની કપટ કર્યું.

રામચંદ્રજીને આ જાણ થઈ ત્યારે તે વખતની ત્યાંની સ્થાઈ પ્રજાના રાજા સુગ્રીવ, હનુમાન, જાંબુવંત વગેરેને ભેગા કર્યા અને સૌને પૂછ્યું: કોઈની પત્નીને છાનોમાનો કપટ કરીને કોઈ લઈ જાય તો તે વાજબી છે? વળી સામાજિક વહેવારની પણ મર્યાદા રહે નહીં. આનો સૌ વિચાર કરો. સૌ બોલ્યા, તે તો ખોટું જ છે. એવાં મૂલ્યો સમાજમાં ઊભાં થાય તો સમાજની વ્યવસ્થા જ ચૂંથાઈ જાય, કોઈ નીતિ કે મર્યાદા રહે જ નહીં. બળિયાના બે ભાગ જેવો ન્યાય થાય. તો રામચંદ્રજી કહે, તમને બધાને આ વસ્તુ ખોટી છે એમ લાગતું હોય તો મદદ કરો.

હવે આનો વિચાર કરીએ. રામ પોતે સમર્થ હતા. લક્ષ્મણ જેવા બંધુ સાથે હતા. અયોધ્યામાંથી પણ લશ્કર, ભરત, શત્રુઘ્ન વગેરેને બોલાવી શકાત. છતાં સ્થાનિક પ્રજાને તૈયાર ન કરી હોત તો વાલી જેવા અનીતિના માર્ગે ચાલનારાઓને આ મૂલ્ય ન સમજાત. તેથી જ રામે એક પત્નીવ્રત રાખ્યું અને પોતાની જાતે કષ્ટ વેઠીને પણ સંસ્કાર અને સંસ્કૃતિના સિંચન માટે મૂલ્ય ઊભાં કર્યાં. નારીજાતિને પણ પ્રતિષ્ઠા અપાવી. શબરી જેવા પછાત વર્ગમાં જઈને પણ લોકોને બતાવ્યું. વાનર જેવી પ્રજા પણ એકઠી થઈ અને રામની સાથે લંકા ગઈ. છતાં પહેલી વિષ્ટિ કરવા અંગદને મોકલે છે. આ કૃત્ય ખોટું છે એમ રાવણ સમજે તો સમાજમાં ભૂલ કરનારા પણ પોતાની ભૂલનો પસ્તાવો કરે. તેથી તેમણે વિષ્ટિનો નિયમ સાચવ્યો. આવાં મૂલ્ય માટે રામે સહન ન કર્યું હોત તો આજે તેમના નામની 'જય' બોલાત ખરી?

છે. માટે અમારો પણ શુદ્ધ સાધનની યોજના ગળે ઉતરતી નથી. અમને લોકોના હકો અને હિતો માટે આ રસ્તો સરળ અને માફક લાગે છે. અહિંસાના રસ્તે ક્યાં સુધી મહેનત કર્યા કરવું?

મેં કહ્યું: તમે જે સ્વાર્થી અને સ્થાપિતહિતોનાં અનિષ્ટો બતાવ્યાં તેનો ઈન્કાર જ નથી. ગણોત અમલ પણ કરવામાં આવે છે. આ સંતબાલજી તો જૈનમુનિ છે. તેમણે ભાલનળકાંઠા પ્રાયોગિક સંઘની રચના કરી છે. તેમાં રવિશંકર દાદા જેવા પવિત્ર અને પરોપકારી માણસને સુકાન સોંપ્યું છે. તેની કારોબારીમાં પણ કોને લેવા તેની કાળજી રખાય છે. સંતબાલજી પ્રેરણા આપે છે ખરા પણ સત્તા તો સંસ્થાની જ છે. તે માટે જાગૃતિ પણ રાખે છે. આ દરેક જુદી જુદી સંસ્થાઓની કાર્યવાહીની તપાસ પણ સંઘ રાખે છે. આર્થિક મદદ સંસ્થાઓને કરવા માટે ફાળો પણ કરે છે. છતાં ધનની પ્રતિષ્ઠા ન વધે તે માટે ફાળો આપનાર કોઈ વ્યક્તિનું નામ કોઈ પણ સંસ્થા સાથે જોડવામાં આવતું નથી. મતલબકે કીર્તિ માટે કોઈ દાન આપવા આવે અને નામનો આગ્રહ રાખે તો તે દાન આ સંઘ સ્વીકારતો નથી. આ નીતિનો આગ્રહ ખાસ સંતબાલજી રાખે છે, અને તેનો અમલ પણ કરાવે છે.

આજે અમેરિકા જેવી મહાસત્તા ધનના જોરે જ બીજા દેશોને સીધી કે આડકતરી રીતે દબાવે છે. તેમાંથી અશાંતિ જન્મે છે. તેથી ધનવાનોને પંપાળવાની કે શોષણખોરોને પ્રતિષ્ઠા આપવાની વાત છે જ નહીં. સાથે સાથે શોષણમાંથી મુક્ત કરવા માટે સહકારી સોસાયટીઓ મારફતે ધીરાણ, ઉત્પન્ન માલનું વેચાણ, વપરાશની ચીજોના ભંડાર ચલાવી અનેક રીતે રાહત મળે તેવા કામો ચાલે છે. તેમાં ખેડૂતમંડળ દેખરેખ રાખીને ગરબડ ન થાય માટે પોતાના પ્રતિનિધિઓ પેટા

કાયદામાં સરકાર પાસે સુધારા કરાવી કારોબારીમાં મૂકે છે. આવા કાર્યક્રમોથી ધીમેધીમે ધન એક જ જગ્યાએ એકઠું થતું અટકશે. માટે ધનવાનોને સાફ કરવા કરતાં આ રસ્તો શું ખોટો ?

બ્રિટિશ હકૂમત દરમિયાન કસ્બા, નગરો, મહાનગરો જામ્યાં છે. આગલા પાછલાને શોષણ કરવું એ નીતિથી બુદ્ધિવાદ, મૂડીવાદને સારું ક્ષેત્ર મળ્યું. તેથી રાજા મહારાજા, જમીનદાર, ગીરાસદાર વગેરેને ટેકાઓ આપીને આ પરિસ્થિતિ કરી છે. આજે ઉદ્યોગો મોટાં શહેરોમાં છે. મૂડી પણ ત્યાં છે. ગામડામાં ૭૦ ટકા ઉપર વસ્તી હોવા છતાં ગામડામાં ગરીબી છે. માટે હવે આઝાદી પછી ગામડાં આબાદ થાય અને આર્થિક નીતિ આજ સુધી ગોઠવાએલી છે તેમાં વળાંક આવે તો જ ગરીબ પ્રજાને બેઠી કરવાનું કામ થાય. ધનવાનોને લૂંટી લઈને ગરીબને આપવાથી એમાંથી એકેયનું ભલું થવાનું નથી ઊલટી અરાજકતા વધશે. આપણા દેશમાં મોટો ઉદ્યોગ ખેતી છે. વધુમાં વધુ માણસોનું પોષણ થતું હોય તે ખેતી ઉપર થાય છે. માટે ખેતીને સમૃદ્ધ બનાવી ઉત્પાદન વધારીએ તો આ ગરીબાઈનો પ્રશ્ન સહેલાઈથી ઉકલે. તેથી રચનાત્મક દૃષ્ટિથી કામ કરતાં કરતાં આ ગાંધીજીના રસ્તે જ બધા સવાલોનો નિકાલ આવશે. અને સાચી શાન્તિ પણ એમાં જ છે.

સામ્યવાદી કાર્યકર : આ તમારી વાત ઉપરથી તો રાજકીય પક્ષ ન જોઈએ એવો અર્થ નીકળે. તો વિરોધી રાજકીય પક્ષ હોવો જોઈએ નહીં કે એ વિષે તમારો શું મત છે ? લોકશાહીમાં વિરોધી રાજકીય પક્ષ ન હોય તો લોકોએ ચૂંટેલા પ્રતિનિધિઓ સત્તાના મદમાં તેમને ફાવે એવા કાયદા અને કાનૂનના જોરે લોકોને નુકસાન કરે તો તેમને રોકવાને તેમની પાસે જવાબ માગવો ન જોઈએ ? તમે શું માનો છો ?

મેં કહ્યું: આમ તો આ વાત આપણી ચર્ચામાં આવી જ જાય છે. છતાં આ પ્રયોગમાં મુનિશ્રી સંતબાલજી પાસેથી અમે જે સમજ્યા તે તમોને કહું. સામ્યવાદી પક્ષનું સાહિત્ય તો મેં વાંચ્યું નથી. પણ હિંસા અને સત્તા આ બે વસ્તુ આપણા ભારત જેવા દેશના લોહીમાં જ નથી. તો શી રીતે અનુકૂળ થશે ? રશિયા અને ચીનમાં પણ સફળતા માટે ફેરફારો થયા જ છે. છતાં પૂરેપૂરા સફળ થયા નથી. બીજું આધ્યાત્મિકતા તરફ લઈ જનારાં લક્ષણોનો તો અભાવ જ છે. તેથી એ વિચાર નહીં ચાલી શકે. હવે બીજા રાજકીય પક્ષો સમાજવાદી સમાજ રચના રાજ્ય મારફતે લાવવા માગે છે. જો સત્તા હાથમાં હોય તો જ ક્રાન્તિ થઈ શકે એમ માની સૌ સત્તા કબજે કરવા મથે છે. સરકારી સર્વોદય યોજનાના કેન્દ્રો સ્થપાયા તેમાં પણ રાજ્ય જ રહ્યું. લોકો તો અતડા રહી ગયા. રચનાત્મક સેવકો વેરવિખેર થઈ ગયા. તેનું પરિણામ મેળવી શકાયું નહીં. રાજકારણી પુરુષો લોકશાહીમાં વિરોધ પક્ષ જોઈએ એમ માને છે. અમારા આ પ્રયોગમાં અહિંસક ક્રાન્તિ તો લોકો જ કરી શકે. માટે જ નૈતિક સંગઠનની વાત આવે છે. વળી રાજ્યની મર્યાદા રહેવાની. માટે જ આવાં સંગઠનો વિરોધ પક્ષ તરીકે નહીં પણ પૂરક અને પ્રેરક પક્ષનો કાર્યક્રમ કરે અને સત્તા ઉપર ગયેલા પક્ષને ડગલે ને પગલે જાગૃત રાખે. બીજી વાત એ છે કે વિરોધ પક્ષો અસરકારક બને તે પહેલાં વિદેશી સત્તાઓના હાથમાં રમી જવાના. કારણ કે તેમનું ધ્યેય સત્તા જ રહેવાનું અને વિદેશી સત્તાઓ તમને અંદરોઅંદર નબળા પાડીને તમારો વિકાસ રુંધવાનું જ કાર્ય . ત્રીજી વાત. આવા પક્ષો પ્રજાના

અ. કાનૂન ભંગ જેવા માર્ગો અપનાવી

સ એવી પરિસ્થિતિ ઊભી કરશે.

તેમ વગેરે સ્થિતિ પેદા થશે.

તેમાંથી પરંપરા એવી સર્જાશે કે આવું કરાવનાર પક્ષ પોતે સત્તા પર આવશે ત્યારે પણ તેણે જ અજમાવેલા નુસખા પોતાની જ સામે પાછા અજમાવાના. આથી પ્રજાની હાડમારી વધશે. લોકશાહી રાજકીય પક્ષોમાં જ શંકરની જટામાં જેમ ગંગાજી ગૂંચવાઈ ગયાં તેમ ગૂંચવાઈ જવાની. તેથી જ આ પ્રયોગમાં સત્તાવાળા સામે પણ જો તે ગફલત કરે તો અહિંસક પ્રતિકાર કરીને મેળવવાનો અવકાશ છે. તેથી સરકારને ટેકો પણ અપાય અને વિરોધ પણ કરાય. આમ રાજ્ય ચલાવનાર પક્ષને પણ વિચારવું પડે.

સંતોની દોરવણી લઈને સત્તાથી પર એવા લોકસેવકો પ્રેરકપણનું કામ કરે. લોક સંગઠનો પૂરકપણનું કામ કરે તો લોકો, સેવકો, સંતો અને રાજ્યનો અનુબંધ જોડાઈ જાય. પછી સમાજોપયોગી તમામ ક્ષેત્રોમાં રાજ્યને માથે બહુ બોજો ન રહે. કેમકે આવાં સંગઠનો સંબંધે રાજ્ય ફક્ત મદદ કરે. સંરક્ષણ વગેરે કામો રાજ્ય પાસે રહે. આમ આ દેશમાં વ્યાપકતા આવે તો રાજકીય પક્ષો કરતાં પ્રેરક અને પૂરક પક્ષો વધેલા સહજ થાય. લોકો પોતે જ પોતાને અનુરૂપ સમાજ વ્યવસ્થા ગોઠવે અને તેને મદદરૂપ બને એવા કાયદાનું રાજ્ય એને સૂચન કરે. તેથી શોષણ અને સંઘરાખોરી અટકે. વળી સર્વોપરી સત્તા પણ લોકોની જ રહે. આનું નામ જ સાચી લોકશાહી કહેવાય. અને તેમાં જ શાંતિ સ્થપાય.

રાજકીય પક્ષો કાયમ અવસ્થા જ કરે તેમાં લોકોનાં કંઈ કામ થાય ખરાં ? થાય જ નહીં. તંત્ર પણ શિથિલ જ રહે. આમાં એક વાત ખાસ જો છે કે પ્રેરક અને પૂરક પક્ષનું ધ્યેય સત્તા મેળવવાનું નહીં હોય. સત્તા ઉપર બેઠેલા માણસો લોકોના હિત માટે વહીવટ ચલાવે છે કે નહીં તે જ જોશે. આમ આ પ્રયોગમાં ગાંધી વિચારની સાથે સાથે સર્વાંગી

કાર્યક્રમ સંતબાલજીની વિચારસરણીમાંથી અમે સમજ્યા છીએ. આ બે વાત તમારી આગળ કરી.

રાત્રિનો સમય થઈ ગયો. સોનાથી, તાપણીઓથી સૌ ઊઠ્યા. અને સૂઈ ગયા

સવારે ઊઠ્યા દાતણ પાણી કરી ચા પીવા બેઠા. રાત્રે ચર્ચેલ વાતો વળી ચર્ચાસ્પદ હતી. સામ્યવાદી ભાઈએ કહ્યું: ફલજીભાઈ, આ તમારો અભ્યાસ પાંચ-સાત ચોપડીનો હોવા છતાં તમે વળી જોગા પ્રકારની ચર્ચા કરી શકો છો. સંતબાલજીના વિચારને બહુ જ સમજણપૂર્વક રજૂ કરી શકો છો. તમારું ચિંતન સારું છે.

મેં કહ્યું: તમારી વાત સાચી છે. સને ૧૯૪૭માં આ ખેડૂતમંડળ સ્થપાયું ત્યારે મને પણ બહુ ગમ પડતી ન હોતી. આ શાહીવાદ, મંસ્થાનવાદ, સમાજવાદ, સામ્યવાદ, મૂડીવાદ, બુદ્ધિવાદ આવા આવા શબ્દો જ્યારે આવે ત્યારે સાંભળીએ ખરા પણ સમજણ ન પડે. સંતબાલજી પોતાના પ્રવચનમાં કોઈ વખત હાજર હોય ત્યારે વિગતથી સમજાવે. અમે સાંભળીએ અને આ અંબુભાઈ ખેડૂત મંડળના મંત્રી થયા, મારે તેમની સાથે ઝાઝો સમય રહેવાનું થાય, બહાર ફરવાનું થાય, જુદા જુદા પ્રશ્નો ઉપર વિચારવાનું થાય. અંબુભાઈ મુનિશ્રી શું કહે છે તે વિગતથી મને સમજાવતા. એમાંથી આ જાણવા મળ્યું.

પણ એક વસ્તુ મારે જણાવવી જોઈએ કે મારી જિજ્ઞાસાની સાથે શ્રદ્ધા પણ ખરી. આ બધા સંજોગોને લીધે જ એ તક મળી. તેથી જ આજે તમારી સાથે આટલી વાતો કરી શકું છું. મને પોતાને થોડો રસ પણ ખરો. પછી જુદા જુદા ઠેકાણે અનેક માણસોની સાથે મુલાકાતો થાય. સંતબાલજીને પણ કોઈ મળવા આવે. દાખલા તરીકે રવિશંકર દાદા જેવા

કોઈ મળવા આવ્યા હોય, અમે સાથે બેઠા બેઠા સાંભળીએ. આવો અનુભવ તો તમને પણ થતો હશે. કારણકે તમે પણ એક કાર્યકર છો. નાનાથી માંડી મોટા નેતા સુધી સંપર્કમાં આવતા હશો. પ્રશ્નોમાં રસ લેતા હશો. પછી ધીમે ધીમે અનુભવ વધે, તેમ મારે પણ થયું છે.

આ બધામાં અંબુભાઈની સમજાવવાની રીતે મારા ઉપર ઘણી અસર કરી છે. આંટીઘૂંટીવાળો સવાલ આવે તો પણ અકળાયા વગર શાંતિથી વિચારીએ. રસ્તો કાઢે. તેમની ભાષા સરળ અને સમજાય તેવી અમારા ખેડૂતોને માટે. સંતબાલજી જે દોરવણી આપે તે ખેડૂતોની ગામડી ભાષામાં અંબુભાઈ સૌને ગળે ઉતરાવી શકે. આથી રાત્રે તેઓ ઓછું બોલ્યા અને મને તમારી સાથે ચર્ચા કરવા દીધી. આવા બધાં પાસાં મળીને અનુભવ ઘડાય છે.

તમે જાણો જ છો કે આવા અમારા વેરાન, અને અજ્ઞાત પ્રદેશમાં આવે કોણ? આ સંતબાલજી જૈન સાધુ હોવા છતાં આવ્યા. તેમણે આખી પરિસ્થિતિ જોઈને કાર્યક્રમ વિચાર્યો હશે. શરૂઆતમાં તો હું જ્યારે કોઈ વખત પ્રવાસમાં કોઈ ગામ ઉપર સાથે હોઉં ત્યારે પ્રાર્થના પછી સભામા મને પણ બે શબ્દો કહેવાનું સૂચન કરે. શું કહેવું? હું કંઈ એવો અભ્યાસુ નહીં. કડીબદ્ધ વિગતો તો સભા આગળ બોલી શકાય જ નહીં. એટલે જેમ તેમ બે શબ્દો આડાઅવળા બોલીને બેસી જતો. અંબુભાઈ વધુ સમજાવી શકતા.

આ પ્રદેશમાં જ્ઞાતિઓ પણ કેટલી? રજપૂતો, કોળી પટેલો, ભરવાડો, હરિજનો, વાઘરી વગેરે. આ લોકો જુદા, તેમના ધર્મ જુદા. સંતબાલજી તો જૈન સાધુ અને તેમની વાતો ગળે ઊતરાવવી તે પણ કઠણ. દરેક જ્ઞાતિની કંઈક કંઈક વિશેષતા છે. વેપારીની ધીરજ, શાંતિ, મીઠાશ અને દરેક

વાતને જુદાં જુદાં પાસાંએ વિચારી તેનો ઉકેલ શોધે છે. ગાંધીજીએ અસ્પૃશ્યતા નિવારણનું કેવું શોધી કાઢ્યું! મોટા મોટા પંડિતો અને વિદ્વાન બ્રાહ્મણો પણ આ માટે તૈયાર નહોતા. ત્યાં એક વાણિયાને આ સૂઝયું. આ એમની કોમનો ગુણ હશે કે લોહીનો! આ પ્રસંગે મને પણ મારા જીવનનો એક હસવા જેવો પ્રસંગ યાદ આવે છે. અમે ખેતર જઈએ. ઘઉં વાઢવા કે કાલાં વીણવા હરિજનો મજૂરીએ આવે. બીજું કોઈ પાણીનો છાંટો નાખનાર ન હોય. હવે છાંટ લીધા વિના તો ચાલે નહીં. એટલે અમે પાણીની માણ કે માટલામાં એક કાંકરો નાખીએ અને તેના છાંટા ઉડે એટલે મનથી માની લઈએ કે છાંટ લઈ લીધી. આની આવી મનની જડતા અમારા મનમાં હતી. ગુંદી આશ્રમમાં જાઉં ત્યાં નવલભાઈ, અંબુભાઈ હરિજનોને અડે. એમના ઘરમાં આવે એટલું જ નહિ ભેગાં ખાતાં પણ ભાળું ત્યારે મને થાય કે આ લોકો કેવું ખોટું કરે છે? અને હું તેમને કહેતો પણ ખરો. પણ ધીમે ધીમે મને અસ્પૃશ્યતા નિવારણની વાત સમજાવા લાગી અને એ વહેમ નીકળી ગયો. અત્યારે મને લાગે છે કે આભડછેટ હરિજનના શરીરને અડવામાં નહોતી પણ મારા મનમાં હતી. મનમાંથી ગઈ એટલે ધર્મને પણ બાધ આવતો નથી. આવું દરેક પ્રશ્ન બાબતમાં સમજવું. જો વિચાર માટે મન ખુલ્લું એટલે કે શ્રદ્ધા સાથે રાખીએ તો ખોટું ભણતર હોય તોપણ ચાલે એવો મારો અનુભવ મને કહે છે.

આપણે રાત્રે ચર્ચા કરતા હતા ત્યારે તમે કહેતા હતા કે આપણી શક્તિ નહોતી તેથી બ્રિટિશ સરકાર સામે અહિંસા વાપરી. કોઈ પણ સત્તાની ફેરબદલી લોહી રેડાયા વિના-હિંસા વગર થઈ શકે નહીં. આ પરંપરા રામાયણ અને મહાભારત કાળથી ચાલી આવે છે ખરું ને? પણ આ પરંપરાને ગાંધીજીએ

બતલી. તેથી ભારત જ નહીં દુનિયાના દેશોને અચરજ થયું. આવો પુરુષ ભારતમાં રાષ્ટ્રપિતા અને વિશ્વમાં વંદનીય મહાત્મા કહેવાયા. આમાં વિચારનું ઊંડાણ નથી તો બીજું શું છે? સમુદ્રનાં ઊંડાણ વિજ્ઞાનના જોરે માપી શકાશે, ચંદ્ર, મંગળ, પૃથ્વી કેટલાં છે તેનાં માપ જાણી શકાશે પણ વિચારનાં ઊંડાણ જાણવાં સહેલાં નથી. અમારા સદ્‌ભાગ્યે અમને સંતબાલજી મળ્યા. અને અંબુભાઈ મળ્યા. બન્ને ઝીણું કાંતનાર—વિચારનાર. તેમના સહવાસમાં રહીને આટલો મને પણ લાભ મળ્યો. બન્ને વાણિયા.

સૌ હસી પડ્યા.

અને અમારો સંવાદ પૂરો થતાં સૌ પોત પોતાને રસ્તે ચડી ગયા.

એક ખૂનકેસમાં-લવાદી

૨૭

ભાલનળકાંઠા ખેડૂત મંડળની કારોબારી જ્યારે જ્યારે મળતી ત્યારે અમે ગામડાંઓમાં થતા ઝઘડાઓની ચર્ચા કરતા અને ગામડાંઓમાં આવા ઝઘડા કેમ ઓછા થાય તેના ઉપાયો વિચારતા. ગામે ગામ બે પાંચ માણસો એવા સજ્જન હોય છે કે જે આવા ઝઘડાઓનો નિકાલ કરવા ઝંખતા હોય છે. તેઓ જાણે છે કે ઘરના ઝઘડા છેવટે ગામ સુધી ફેલાય છે. અને ગામમાં કુસંપનાં બીજ વવાય છે. અમે પણ એક વિચાર કરેલો કે આપણી આસપાસના ગામોમાં ઝગડો સાંભળતાં આપણી ફરજ સમજી ત્યાં પહોંચી જવું. જાતમાહિતી મેળવવી. અને લવાદ મારફતે-પંચો મારફતે નિકાલ કરવો.

આ કામ અમને એટલું મહત્ત્વનું લાગેલું કે અમે અમારી કારોબારીમાંથી ત્રણ સભ્યોને આ કામની ખાસ જવાબદારી સોંપેલી. કોઈ પણ પ્રશ્ન ઊભો થાય તો ખેડૂતમંડળની આ સમિતિ આગળ આખો પ્રશ્ન રજૂ કરવો.

એક ભાઈ આવ્યા. તેમણે વાત કરી....ફલાણા ભાઈ.... ગામના તળાવની પાળે ઉપવાસ કરવા બેઠા છે.

અમે પૂછ્યું: શા માટે ઉપવાસ કરે છે?

આવનાર ભાઈએ કહ્યું: અમારા ગામમાં ભર બજારે સામસામી લાકડીઓ ઊડી. તે ભાઈ પૂછવા ગયા તો સીધો જવાબ ન આપ્યો. આમ વાત ચર્ચાય છે. વધુ ખબર નથી. આ તો તળાવની પાળે માતાજીનું મંદિર છે ત્યાં બેસી એ

ભાઈ ઉપવાસ કરે છે. આજે તો ત્રણ ઉપવાસ થયા. ત્યારે મને થયું કે શુંદી જઈ ચાલ આની ખબર આપું.

અમે કહ્યું: તમે આવ્યા તે સારું કર્યું. મંડળની બેઠક પૂરી કરી અમે ચાર પાંચ ભાઈઓ ગામ ઉપર ગયા. ઉપવાસી ભાઈને મળ્યા. તેમના ત્રણ ઉપવાસ પૂરા થઈ ચોથો ચાલતો હતો. તે ભાઇ ઘણાં સમજુ અને ગામ હિતેચ્છુ હતા. અમે તેમને પારણાં કરવાની વિનંતી કરી. અને હૈયાધારણ આપી કે તમે ગામના હિતને અર્થે સારું કામ કરો છો. અમે પણ બને તો તમને મદદ કરવા આવ્યા છીએ. એટલે આખો પ્રશ્ન અમને સમજાવો.

એક ભાઈએ બીજા ભાઈને લાકડીના બે ત્રણ ફટકા માર્યા. તેમાંથી ઝઘડો સળગ્યો. એક બીજાના પડખિયા ભળ્યા. અને તેણે થોડું મોટું સ્વરૂપ ધારણ કર્યું. એટલે મેં ઉપવાસ શરૂ કર્યા. અમે માતાજીના ચોકમાંથી ગામ ઉપર ગયા.

કજિયાનાં મૂળ ઊંડાં હતાં. વાત એમ બનેલી કે એક કુટુંબમાં બે ઓરમાન ભાઈઓ. બાપ એક અને મા જુદી. બાપના ગુજરી ગયા પછી વહેંચણી કરીને બંને ભાઈઓ જુદા રહેતા. તેમના સગા કાકાના દીકરાને કંઈ પ્રજા નહીં તેથી મોટા ભાઈએ પોતાનો દીકરો તેમને ખોળે બેસાડેલો– દત્તક આપેલો. નાનાભાઈને એમ થયું કે આ મારા કાકાના દીકરાની હયાતી બાદ એમની મિલકતમાં અમારો સરખો હિસ્સો પડે પણ બધી મિલકત મોટાભાઈએ લેવા પોતાનો દીકરો તેમને ખોળે બેસાડ્યો. ગામડાના હિસાબે આ મિલકત–જમીન ઘર, દરદાગીના વગેરે સારું ગણાય. તેથી નાના ભાઈએ વાંધો ઉઠાવ્યો. પોતાના મોટાભાઈને આ વાત સીધી કહી શકે તેમ ન હોવાથી પોતાનાં સગાંવહાલાં મારફતે કહેવરાવ્યું કે આ તમે ખોટું કરો છો. વળી મોટાભાઈને સસરા પક્ષ તરફથી

તેમના કાકાના દીકરા સાથે કંઈક સગપણ પણ ખરું. નાનાભાઈને વહેમ પડયો કે તેમના સાસરિયાંએ મળીને મારો હક્ક ડૂબાડવા આ કાવતરું કર્યું છે. મોટાભાઈ એનાથી ખાનગીમાં દીકરાને દત્તક આપે તે એને કેમ ગમે? સગાંવહાલાંએ આ પ્રશ્ન ઉકેલવા પ્રયત્ન કર્યો. કાકાના દીકરાએ જવાબ દીધો કે મારી મિલકત છે, મારો વારસ હું ગમે તેને બનાવું તેમાં કોઈનાથી વાંધો લઈ શકાય નહીં.

હવે બન્યું એવું કે મોટાભાઈનું ખૂન થયું. એના કારણમાં મિલકત અને દત્તકનો જ મુખ્ય પ્રશ્ન હતો. તેથી નાનાભાઈ ઉપર ખૂનનો શક ગયો. પોલીસ કેસ થયો. નાનાભાઈને પોલીસે પકડયો. ત્યાર બાદ પ્રશ્ન ઘણો વધી ગયો. બંને ભાઈઓનાં સગાંવહાલાં, ગામના પડખિયાઓ એક બીજાને પડખે થયા. કોર્ટમાં કેસ ચાલ્યો. તેમાં નાનોભાઈ નિર્દોષ છૂટી ગયો. આમ કોર્ટની રીતે તો ફેંસલો આવતાં વાત પતી ગઈ. પણ મરનારનાં બૈરાં છોકરાંને ડાઘ રહી ગયો. મનમાં ગાંઠ વાળી કે જેવો એ ગામમાં આવે કે તુરત જ તેના હાલ તેના મોટાભાઈ જેવા કરવા.

આ બધી વાતો નાનાભાઈ સુધી પહોંચી. તેથી તે કોર્ટમાંથી છૂટયા પછી ગામમાં આવતો નહીં. છતાં નાના નાના પ્રસંગો વહેમના કારણે બની જતા. તેમાંથી આ અંદરોઅંદરના સંબંધીઓ વચ્ચે લાકડીઓના ફટકાનો પ્રસંગ ઊભો થયો.

ઉપવાસ કરનાર બાઈએ અમારી સમિતિના ઓવડી અંબુભાઈને કહ્યું કે આ બીના છે. આમાંથી ઝટ કંઈક રસ્તો કાઢી આપો. આ વસ્તુ નથી તેમના કુટુંબ માટે સારી, નથી ગામ માટે સારી. તેથી મેં મારી મતિ પ્રમાણે ઉપવાસ કરેલા. તમે આવ્યા તે બહુ સારું થયું. જો અમારા ગામનો આ પ્રશ્ન ઉકલી જાય તો તમારો બહુ મોટો પાડ.

અંબુભાઈએ પ્રારંભિક સમજાવટ શરૂ કરી પણ એ લોકોના મનમાં તો બદલો લેવાની જ તીવ્ર તમન્ના હતી એટલે ફરી ફરીને એક જ વાત કરે કે અમારું ગયું છે તેવું તેનું થવું જોઈએ.

અંબુભાઈ કહે : વેરથી વેર કોઈનું શમ્યું જાણ્યું નથી તમારી વાત નિખાલસ અને પ્રેમથી પરસ્પર સમજી લઈએ બન્ને પક્ષોને આ સમજાવવી જોઈએ. ફક્ત આપણે એક જ વાત ધ્યાનમાં રાખવાની કે આપણે માટે બન્ને પક્ષો, પટેલિયાઓ, ગામના આગેવાનો સૌ સરખા. આપણાથી પક્ષપાતી ન થવાય. આટલું જો નજર સમક્ષ રાખીશું તો આપણે પક્ષે પરમેશ્વર આવી ઊભવાનો છે.

આવી રીતે બન્ને પક્ષોને તથા ગામના કેટલાક મોવડીઓને આ પ્રમાણે વાતો કરી. પણ આ પ્રશ્ન તરત ને તરત તો ઉકલી શકે તેમ હતો જ નહીં. એ લોકોએ કહ્યું : અમે પ્રયત્ન ચાલુ રાખીશું. અમને થોડા દિવસની મુદત આપો. અને અમે છૂટા પડ્યા.

અમે ગુંદી આવ્યા. અમે વિચાર કર્યો કે જે નાનાભાઈ ઉપર આ લોકોને રોષ છે તેમને બોલાવીને આપણે સમજાવવાનો પ્રયત્ન કરીએ. તેથી અમે તેમને ગુંદી બોલાવ્યા. અને તેમને સમજાવ્યું : તમે કોર્ટમાં નિર્દોષ છૂટ્યા છો, પણ સમાજને તમારા ઉપર શક છે. તેથી તમારે ગામમાં જવાની મુશ્કેલી છે. બીજી તરફથી તમે ગામમાં નથી જતા છતાં તમારે નામે અફવાઓ ચાલે છે. નવા નવા ફણગા ફૂટ્યા કરે છે. આ થોડા દિવસ પહેલાં બે બાઈઓએ ભરબજાર વચ્ચે ચલાવેલી લાકડાબાજી, ગામના ઉપવાસના મૂળમાં પણ તમારો પ્રશ્ન રહેલો છે. તમે કંઈયે નહીં કરો છતાં ગામમાં તો ગપગોળા ચાલ્યા કરવાનાં. જો આમ કરશે, તેમ કરશે, ફલાણાભાઈને ત્યાં તે

જ રસ હતો. તેથી આખું ગામ સાક્ષી બને એનાથી વધારે શું સારું ? ગામના લોકોએ તાળીઓ પાડીને ફેંસલાને વધાવી લીધો, અને માંહોમાંહે ખુશી વ્યકત કરવા લાગ્યા.

ત્યાં રામજી મંદિરના પૂજારી ઊભા થયા. ઊભા થઈને તેમણે કહેવા માંડયું, આ ભાઈઓએ આપણા ગામ ઉપર આવી ગામની ઈજ્જત જાળવી છે. ત્રણ ત્રણ દિવસથી રાતદિવસ તેઓ આ પ્રશ્નની પાછળ પડીને તેનો સુંદર નીવેડો લાવ્યા છે. ભગવાનની મરજીથી બધું સારું પાર ઊતર્યું છે. એટલે હું જાહેર કરું છું કે આવતી કાલે મંદિરમાં આ મહેમાનોને હું જમણ આપવાનો છું. તેમાં ગામમાંથી ઘર દીઠ એક એક જણને આવવાનું આમંત્રણ આપું છું.

ગામના આગેવાનો બોલી ઊઠયા : મહારાજ! તમારા તરફથી ન હોય. તમે ગામના પૂજારી કહેવાઓ. અમારું ખોટું દેખાય. તમારે આવો ખર્ચ કરવાનો ન હોય. આ તો ગામે કરવું જોઈએ. મહારાજે કહ્યું: ભલે, પણ મારું આટલું વેન રાખો. આ તો શાંતિ માટેનો મોટો યજ્ઞ છે. તેમાં મારો આટલો નાનો હિસ્સો તમે સ્વીકારો. મહારાજની દિલની લાગણી હતી. તેથી સૌ સંમત થયા. બીજે દિવસે જમણવાર પતાવીને જવું એમ નક્કી થયું અને તે સભા પૂરી થઈ.

હવે ફેંસલામાં એક શરત એ હતી કે જે બાઈ ઉપર શક હતો, તે ગામમાં આવી શકતા નહોતા. તો તેમને ગામના આગેવાનો અને બે પંચો સામેથી તેડવા જાય. અને તેડી લાવે. તે પ્રમાણે તે બાઈને તેડી લાવ્યા. રામજી મંદિરમાં આ મિલન ગોઠવાયું. ત્યારે બંને પક્ષે પશ્ચાત્તાપનાં આંસુ સાર્યાં. એ પવિત્ર ભૂમિમાં આ કુટુંબના હૃદયની મેલ ધોવાઈ ગઈ. અને બધાં જૂનાં વેરઝેર ભૂલી જવાયાં.

હવાદી પદ્ધતિથી કેવા પ્રશ્નો ઉકેલી શકાય છે! અમારી શ્રદ્ધા અને નિષ્ઠા વધ્યાં. આ પ્રશ્નમાં અંબુભાઈની કુનેહ અને વ્યવહારુ ડહાપણે મોટો ભાગ ભજવેલો.

ગામમાં શાંતિ થઈ, ખેડૂતમંડળે પોતાની એક ઉમદા ફરજ બજાવી અને પ્રદેશમાં શુદ્ધિની નવી હવા ફેલાવી. આ બદલ અમને અભિનંદન મળ્યા. ગામડાઓમાં આજે પણ આવા નાના મોટા ઝઘડાઓ ચાલ્યા જ કરતા હોય છે. લોકો નાની નાની વાતોમાં પણ ઘણી વખત કોર્ટોનો આશરો લેતા હોય છે. પણ સાચી વાત તો પંચોને જાગ્રત કરવાની છે. પંચ હોય ત્યાં પરમેશ્વર હોય એ કાંઇ ખોટું નથી.

[illegible] અને [illegible]

૨૧

[illegible] સરકારના વહીવટમાં મહીકાંઠો અને [illegible] [illegible] ઘણું [illegible] તે બન્ને પણ [illegible] અનેક નાનામોટા વહીવટ નીચે [illegible] આ [illegible] પ્રદેશની [illegible] [illegible] પણ અનેક પ્રકારના વહીવટ [illegible] સરકારના વહીવટ નીચે આવેલા ગામડા આવતા. [illegible] તેમને [illegible] પડે [illegible] આકાર જ ભરવો પડતો. [illegible] બીજા ગામડા નાના નાના જુદા. જુદા વર્ગના તાલુકદારો, જાગીરદારો–[illegible] [illegible] [illegible] વહીવટ નીચે હતાં. તેમાં વહીવટની પ્રથા પણ જુદી જુદી હતી. વિઘોટી ભાગ ઉપરાંત વધારાના કરવેરા જુદા. આ પરિસ્થિતિમાં એક જ [illegible] લગોલગ આવેલા ગામોને પણ આ કારણે ઘણું સહન કરવું પડતું.

કેવું સહન કરવું પડતું તેનો એક રમૂજી દાખલો અહીં ટાંકું છું. ભાગવટી વહીવટમાં ખેડૂતોએ પોતાનો પાકેલો માલ જુદાજુદા ખળાં તરીકે નાખવાનો હતો. આ પદ્ધતિ માખળ તરીકે ઓળખાતી. માખળ ઉપર માલિક (દરબાર) તરફથી ચોકિયાતો મુકાતા. પોતાનું પાકેલું છતાં પોતાનાથી ખાવા માટે એક દાણો પણ લઈ જઈ શકાય નહીં. ખેડૂત ઘઉં પકવે અને કાપણી ચાલે છતાં પણ કેટલાકને પોતાના પકવેલા ઘઉં ખાવા નહોતા મળતા. કારણ કે માખળમાં આવેલો ભાગ વહેંચાય પછી જ ખેડૂત પોતાનો હિસ્સો લઈ જઈ શકતો. [illegible] સુદિ પૂનમ પછી કાપણી શરૂ થતી અને ખળાં તૈયાર

કેવાં એમ કુદિ કૃત્ય તો આપી જ જાય. આ બે મહિનાના ગાળામાં વેઠુને ખુરાક કે આજથી બહારથી લાવીને ખાવી પડતી.

ખરાં તેવાર આવે ત્યારે દરબારના માણસોને મળવા જવા આવે. આવડા પટેલો તેઓ એ ત્રણ દિવસ પહેલા ગામમાં ઢંઢેરો પીટાવી જાહેરાત કરે કે દરેક વેઠુ પોતપોતાના ખળે હાજર રહે. આ વખતે વેઠુને હાજર રહેવું પડે. આપણા અમલદાર અધિકારી કે જો વહેલા આવે તો ઠીક, પણ વેઠુને તો કેટલીક વાર ખળા આગળ જ બેસી રહેવું પડે. એક બપોરમાં વહીવટદાર આવ્યા. ખળા ઉપર ગયા. પણ વેઠુને જોયો નહીં. તેમણે બૂમ પાડી: ક્યાં ગયો વેઠુ! કેમ હાજર નથી? ત્યાં તો વેઠુ ઉતાવળે ઉતાવળો આવ્યો. અને કહેવા લાગ્યો: સાહેબ! કુદરતે ગયો હતો. પણ તેમને તો એ વાત સાંભળવી જ નહોતી. તેમણે તો બસ હાજર નહોતો માટે દસ રૂપિયા દંડ કર્યો. વેઠુએ આજીજી કરી, સાહેબ! ત્રણ દિવસથી એમને એમ ખડું પાળીને બેઠો છું. અત્યારે જ કુદરતી હાજત માટે ગયો હતો. બકવાટ કરે છે! એમ કહીને પંદર રૂપિયા દંડ કર્યો.

ગામના આગેવાન પટેલ, કે જેમનું દરબારમાં માન હતું તે પણ સાથે હતા. તે બોલ્યા: આમાં વેઠુની કસૂર નથી. કુદરતી હાજતે જાય અને મોડા પડે તેમાં દંડ કરવો વાજબી નથી.

વહીવટદારે જવાબ આપ્યો: આવો કડપ ન રાખીએ તો વેઠુ બેદરકાર રહે. માટે તમે વચ્ચે દલીલ ન કરશો. અને પંદર રૂપિયા દંડના આપ્યા પછી જ તેનું ખળું ભરાયું.

આ દાખલા ઉપરથી સમજી શકાશે કે તે જમાનામાં વેઠુઓ કેવું કેવું સહન કરતા! એ રીતે જુદા જુદા વહીવટ

અમે કરવેરાનો વિરોધ કરતા નથી. પણ અત્યારે જે તેનું ધોરણ છે તે અમને અયોગ્ય લાગે છે. ખેતીને એક ધંધો ગણતા હોઈએ તો બીજા ધંધાઓની જેમ તેના ઉપર નફા પર કર પડે. જેમ એક મિલ છે. મિલ પણ કર ભરે છે, પણ તે સાધન ઉપર ભરતી નથી પરંતુ નફા ઉપર ભરે છે. ખેડૂતોને માટે સાધન એ તેની જમીન છે. અને મહેસૂલ એ જમીન ઉપરનો કર છે. ઉત્પાદન થાય કે ન થાય છતાં મહેસૂલ ભરવું પડે છે. દુષ્કાળ, અતિવૃષ્ટિ વગેરેમાં જ મહેસૂલ માત્ર મુલતવી રખાય છે. બીજે વરસે તો તે વસૂલ કરાવાય છે. તેથી સાધન ઉપર કર ન નાખતાં નફા ઉપર કર પડવો જોઈએ. જો કોઈ ઉદ્યોગ ખોટમાં જાય તો સરકાર તેને રક્ષણ આપે છે. તે રીતે વરસ નબળું જાય ત્યારે ખેડૂતને પણ રક્ષણ મળવું જોઈએ. જેની પાસે પોષણક્ષમ કરતાં ઓછી જમીન છે તેનું મહેસૂલ ન લેવું જોઈએ.

અમને લાગ્યું કે અમારી વાતથી કમિશનના સભ્યોને સંતોષ થયો. તેમને સંતોષ થાય એટલે અમને તો થાય જ. તેનો અમલ જે થાય તે ખરો, પણ આપણી વાત તે કમિશન ધ્યાનમાં રાખશે એટલી હૈયાધારણ અમારે માટે પૂરતી હતી.

આજે વર્ષો પછી આપણે જોઈ શકીએ છીએ કે ગુજરાત સરકારે નાના ખેડૂતોનું મહેસૂલ માફ કરવાનો નિર્ણય કર્યો છે.

ખેડૂતમંડળનું સંગઠન હતું, મુનિશ્રી સંતબાલજીની દોરવણી હતી તો મંડળ યોગ્ય વખતે પોતાને વાજબી લાગતી વાત રજૂ કરી શક્યું.

સેવાના કામમાં સંકટ ઘણાં

૨૨

મુનિશ્રી સંતબાલજીના માર્ગદર્શન નીચે આ પ્રદેશમાં વિવિધ સામાજિક પ્રવૃત્તિઓ ચાલે છે તે મેં આગળ જણાવ્યું છે. તેમાં એક ઔષધાલય પણ ચાલે. આ ઔષધાલય એક પિતા-પુત્રીની જોડી ચલાવે. બંને સુખીસંપન્ન પણ મનથી વૈરાગી. તેથી પોતાનું ગામ, કુટુંબ, સુખસાહ્યબી છોડીને આ નાના એક ઊંડાણના ગામમાં જોડાઈને તેઓ જનતાની સેવા કરે.

આ બહેનની સેવા જ એવી કે ફરતાં ગામોમાં, બધામાં તે ભારે લોકપ્રિય. ગામનું નાનામાં નાનું બચ્ચું પણ ઓળખે. અને બહેન, બા કહીને સૌ તેમને બોલાવે. દવાખાનું પણ ઘણું સારું વિકસેલું. પણ ઊંડાણનું ગામ એટલે અવારનવાર દવાઓ લેવા તેમને અમદાવાદ આવવું પડે, અને તે પણ બસ મળે ત્યાં સુધી ચાલીને કે ગાડામાં આવવાનું થાય. તે દિને તેઓ અમદાવાદ ગયેલાં અને રાત્રે મોડાં આવ્યાં.

પોતાના નિયમ મુજબ સવારે તેઓ દવાખાને ગયાં. ત્યાં નવી લાવેલી દવાઓ વગેરે નોંધવા કરવાનું કામ હશે. તેથી કલાક વહેલાં ગયાં હશે. ત્યાં ગયાં ને થોડી જ વારે તેમના રહેઠાણ બાજુથી બૂમ પડી. પણ તેમનું ધ્યાન નહીં. કોઈએ તે વાત જણાવી. તેમને કહ્યું: નવી બંગલામાં કોઈને નાગ કરડ્યો

દવાખાના અને નિવાસ વચ્ચે થોડું અંતર હતું. નિવાસમાં બહેન, ડૉક્ટર, કમ્પાઉન્ડર વગેરે કુટુંબ રહે. નિવાસની ચારે તરફ ખેતરો અને વાડ આવેલી છે. તેમાં એક મોટો ઝેરી નાગ રહે. તે અવારનવાર દેખાય છે. બહેને પણ તે જોયેલો, અને સૂચના આપેલી કે કોઈએ તેને છંછેડવો નહીં,

એટલે એ આવીને પોતાને માર્ગે ગાલ્યો જશે. પણ આ ચીમ પડી ગોટલે એમને શંકા પડી કે જરૂર એરું આભડયું.

પણ બંગલે આવીને જુએ તો કમ્પાઉન્ડરનાં પત્ની ભડકે બળતાં હતાં. જોડે સ્ટવ સળગી રહ્યો હતો. લૂગડાંની ઝાળ લાગી હશે અને એકદમ સળગી ઊઠયાં હશે. બારણું ખુલ્લાં જ હતાં. કમ્પાઉન્ડર, ડોકટર વગેરેએ મળીને તરત તેમને બચાવવા પ્રયત્ન કર્યો, પણ એટલી વારમાં તો તે ઠીક ઠીક દાઝી ગયાં હતાં. બધાંએ તેમને બચાવવા પૂરતા પ્રયત્ન કર્યા, છતાં કાળે તેમને છોડયાં નહીં. અને એક બે કલાકમાં તેમનું પ્રાણ પંખેરું ઊડી ગયું. મરનાર બહેનનો અગ્નિસંસ્કાર કરવામાં આવ્યો. બંગલામાં બહુ ઓછાં કુટુંબ રહે અને તેથી જે રહે તેમની સાથે કુટુંબીજન કરતાં પણ જાણે વધારે હેતસંબંધ એવું વાતાવરણ હતું. તેથી સ્મશાનેથી આવીને આ સેવિકાબહેન ખૂબ રડયાં. તેમને માટે તો કોઈ નિકટનું સ્વજન ચાલ્યું ગયું.

હવે આ સેવિકા બહેનની લોકપ્રિયતા એટલી બધી હતી કે ગામમાં પોતે ઇચ્છે તે કામ કરાવી શકે. વળી પોતે કૌમાર્ય-વ્રત પાળે એટલે ગામનાં તમામ જનને પોતાનાં જ ગણે. પણ કેટલાંક સ્થાપિતહિતોને તેમની કેટલીક પ્રવૃત્તિઓ ખૂંચતી. તેથી આ તકનો લાભ લઈને તેમણે અરજી કરાવી કે...આ બહેનને કમ્પાઉન્ડર સાથે આડો વ્યવહાર હતો. તેથી તેમણે કાવતરું કરી મરનારને જીવતી સળગાવી મૂકી છે. જેવી ફરિયાદ પોલીસમાં કરી તેવી જ સંતબાલજીને પણ કરી. આ માણસો કેવા કુશળ હતા તે આ ઉપરથી જણાઈ આવે છે.

એક દિવસ આ બહેન બહાર ગામે કોઈ દરદીની વિઝિટે ગયાં હશે ત્યાં પોલીસ અધિકારી મળી ગયા. તેમણે વાત કરી કે....બહેન! તમારે માટે આવી તપાસ અરજી આવી છે. બહેને કહ્યું: ભલે, ગામ ઉપર આવીને તપાસ કરી શકો છો.

બીજી બાજુ સંતબાલજી તરફ પણ આવી અરજી ગયેલી. તેમને તો મનમાં લેશ પણ શંકા હોય જ નહીં. તેમના નિષ્કલંક ચારિત્ર્યથી તેઓ પરિચિત હતા જ. પરંતુ એક સામાજિક જાહેરસંસ્થાનાં કાર્યકર બહેન વિશે આવી ફરિયાદ આવી એટલે સંસ્થાને જાણ કરવી જોઈએ. તેથી તેમણે પોતા ઉપર આવેલી અરજી ખેડૂત મંડળના પ્રમુખને સોંપી. અને તેની તપાસ કરવાનું સૂચવ્યું

આ બહેનને તે વાત સાંભળતાં જ ભારે આંચકો લાગ્યો. સરકાર પોતાની રીતે તપાસ કરે તે તો સમજી શકાય. પણ જેને પોતે પોતાની સંસ્થા માને છે, તે પણ આવી રીતે પોતા સામે તપાસ કરે આ કેવું! પણ પોતે સાચાં હતાં, નિષ્કપટ હતાં. વળી આ આક્ષેપ સીધો પોતાની જાત ઉપર મુકાયો હતો. એટલે તેમનાથી વધારે શું થઈ શકે?

ગામના કેટલાક ભાઈઓએ આ વાત જાણી કે તરત તેમની પાસે દોડી આવ્યા. અને કહેવા લાગ્યા, બહેન! તમારો વિશે આવું સાંભળ્યું છે. પણ તમે જરાયે ગભરાતાં નહીં. કેટલાક માણસોને-કે જેમને સંતબાલજીની આર્થિક પ્રવૃત્તિઓ ગમતી નથી તેમણે આ તકનો લાભ લઈને અરજીઓ કરાવી છે. આ રીતે જો અહીંથી કેન્દ્ર ઊઠી જાય તો પછી તેમને મનફાવ્યું કરવાનો છૂટો દોર મળી જાય. પણ અંતે તો સત્યનો જ જય થવાનો છે, અમે તમને સારીપેઠે ઓળખીએ છીએ. માટે ગભરાશો નહિ.

પોલીસ અધિકારી ગામ ઉપર તપાસ કરવા આવ્યા. પંચનામું કર્યું. સ્ટવ સળગતો હતો. બહેન રસોઈ કરતાં જ દાઝ્યાં હતાં, બારણાં ઉઘાડાં હતાં, ઘરમાં બીજું કોઈ નહોતું એમ નજરે જોનારાઓએ જુબાની પૂરી. સેવિકાબહેન અને મરનાર બહેનના પતિ કમ્પાઉન્ડર તો બૂમો સાંભળીને પાછળથી દોડી આવ્યાં હતાં.

હું કંઈ બોલ્યો નહીં. મને મનમાં થયું : મહારાજશ્રીને સેવિકાબહેનની પવિત્રતાની પૂરી ખાતરી છે. છતાં કેટલી જાગૃતિ રાખે છે !

પોલીસ તપાસમાં અને સંસ્થાગત તપાસમાં તે બહેનની નિર્દોષતા સાબીત થઈ ચૂકી હતી. પણ આ તકનો લાભ લઈને પરિસ્થિતિ ઊભી કરી તે માટે શું ? આવા લોકોને સમાજ આગળ ખુલ્લા ન પાડીએ તો એ લોકો પોતાનાં કરતૂકો ચાલુ રાખવાના જ છે. સરળ અને સજ્જન માણસોને સહન કરવા-પણું આવશે. આ ચારિત્ર્ય-ખંડનની પ્રવૃત્તિને અટકાવવી તે સવાલ પણ સંસ્થા સામે હતો જ.

સંતબાલજીએ સલાહ આપી કે આ કાવતરું કરનાર અને કરાવનારની આપણને સો ટકા ખાતરી થાય તો જરૂર આપણે ગામની જનતા આગળ આ બધી હકીકતો મૂકી શકીએ.

બધી તપાસો તો પૂરી થઈ ગઈ હતી. પણ સ્ટવનો ભેદ સમજાતો ન હોતો. તેમ છતાં કંઈક કડી મળી જાય તો સારું એમ અમારા મનમાં ઊંડે ઊંડે થયા કરતું. એવામાં એક દિવસ દૂરના બીજા ગામના થોડા ખેડૂતભાઈઓ મળેલા. તેમાં આ પ્રશ્નની ચર્ચા નીકળતાં એક ભાઈ બોલી ઊઠયા : સ્ટવની વાત તો મેં નજરે જોયેલી. તે દિવસે હું મહેમાનગતિએ એ ગામ ઉપર જ હતો. જાજરૂ જઈને પાછો આવતો હતો ત્યાં બંગલા તરફથી હાથમાં સ્ટવ લઈને દોડતા મને એક ભાઈ સામા મળેલા. તે દવાખાના તરફ જતા હતા. હું ઊભો રહ્યો. આ બધી દોડાદોડી શાની છે ? એની તપાસ કરતાં જણાયું કે એક બહેન દાઝી ગયાં છે. હું ત્યાંથી ગામમાં આવ્યો, અને થોડીવારે જાણ્યું કે તે બહેન ગુજરી ગયાં.

આ હકીકત તો બનાવ બન્યા પછી બે અઢી મહિને ત્રાહિત મારફતે અમને મળી. અમે તેમને મળ્યા. બધાને

ખાતરી થઈ કે વાત સો ટકા સાચી છે. સ્ટવની કડી બેમી ગઈ, પણ મોડી મોડી.

અમે બે બાઈઓ ગામ ઉપર ગયા. અને ગામ આગેવાનોને બોલાવ્યા. બનાવ બન્યો ત્યાંથી માંડીને બહારગામથી આવેલા બાઈએ અમને જે ખાતરીપૂર્વકની બાતમી આપી ત્યાં સુધીની વિગત કહી સંભળાવી. સાથોસાથ આવા ખોટા આક્ષેપ મૂકી સંસ્થા અને કાર્યકર બહેનને મુશ્કેલીમાં મૂકી તેમની પ્રતિષ્ઠાને હાનિ પહોંચાડવાની જે ક્રિયા આગેવાને ઇરાદાપૂર્વક કરી તેનું શું ? એ બાબતમાં ગામ લોકોએ વિચાર કરવો જોઈએ.

આગેવાનો કહે: એ તો ખોટું જ હતું. સારું નથી કર્યું તે તો છે જ. પણ હવે આમાં અમે શું કરીએ ? તેને સૂઝ્યું તે તેણે કર્યું.

અમે કહ્યું: એમ નહીં. ખોટું તો કર્યું પણ તે જાહેર થવું જોઈએ. ગામની જાહેર સભામાં તે ભાઈને બોલાવી ગામે ખુલાસો માગવો જોઈએ કે આવું જૂઠાણું કરવાથી તેમને શો ફાયદો થયો ? અને તેમને લાગતું હોય કે આ ખોટું થયું છે. તો જાહેરમાં પસ્તાવો કરવો જોઈએ.

ગામ આગેવાનો કહે: એ ભાઈ આમ તો અક્કડ છે, એટલે ભૂલ કબૂલ કરશે કે કેમ તે વિશે અમને શંકા છે. તેમ છતાં સભા બોલાવીએ.

રાત્રે ગામની જાહેર સભા થઈ. તેમાં આ આખો કિસ્સો ગામના લોકો આગળ સમજાવવામાં આવ્યો. તે સભામાં પેલા ભાઈને બોલાવવામાં આવ્યા. પણ એ એમ કાંઈ આવે ? તેથી ગામની જાહેર સભામાં એક નિવેદનપત્ર ઘડવામાં આવ્યું. અને તેમને મોકલી આપવાનું ઠરાવ્યું. તેમાં જણાવ્યું કે તમે ગામની પ્રતિષ્ઠાને ધોખો પહોંચાડયો છે, એક જાહેર સેવાભાવી

બીજા ભાઈ : પછી તો સંતબાલજીવાળાઓએ કહ્યું: અમે આ તમારા ગામ આગળ સાચી હકીકત જાહેર કરી. હવે ગામ આનો વિચાર કરીને અઠવાડિયામાં અમને જવાબ આપે. નહીં તો પછી શું કરવું તે અમારે વિચારવું પડશે. તમે ગામ લોકો મળીને સમાજની રીતે દીકરીના બાપને સંતોષ થાય એવું વિચારો તો અમને વાંધો નથી. સમાજમાં આવા ગુનો થાય અને કોઈ પગલાં ન ભરે તો આવા બનાવો વધતા જાય અને આવાં કાવત્રાં કરનારનાં અભિમાન પોષાય. અમારી તપાસ સંભવ છે કે અધૂરી હોય. તો ગામ પંચ નીમે પણ ગામે આ અંગે કંઈક કરવું તો જોઈએ એમ કહીને તેઓ ગયા.

સાત દિવસ પછી પાછા આવ્યા અને પૂછયું, બોલો, શું વિચાર્યું ? ગામ આગેવાનોએ જવાબ આપ્યો: આ તો કૂવામાં પડીને આપઘાત જ કર્યો છે. આમાં તેમના ઘરનાં નિર્દોષ છે. માટે અમારે કશું વિચારવાનું રહેતું નથી કે પંચ નીમવાની પણ જરૂર નથી. વળી તમારી પાસે વાત આવી છે તો તે આ બાઈ અને ગામને હલકા પાડવા માટે ઈર્ષ્યા અને અદેખાઈથી આવી છે. માટે ગામને આમાં કંઈ લેવા-દેવા નથી.

પછી તો તે લોકોએ શુદ્ધિપ્રયોગ કરવાની જાહેરાત કરી. બીજે દિવસે અમારા ઉપવાસ શરૂ થશે એમ જાહેર કર્યું. નિયમ મુજબ ત્રણ ઉપવાસી તરીકે ...બાઈ બેઠા. સાથે ૨૪ કલાકના સહાયક ઉપવાસીઓ બેઠા. ગામ આખામાં વાત વહેતી થઈ ગઈ. ગામ આગેવાનોએ નિર્ણય કર્યો: "ઉપવાસીઓને સહકાર આપવો નહીં. ઊતરવા દેવા નહીં. પારણાં કરાવવાં નહીં."

તેમણે ઉપવાસ તળાવની પાળ ઉપર બેસીને શરૂ કર્યા. ઉનાળાનો વખત હતો. સખત ગરમી. જો કે ઉપવાસીને તો પાણી સિવાય કશું લેવાનું હતું નહીં. પાણી તે કેવું

ભરી શિયાળા પણ તાપમાં બેસવાની મુશ્કેલી પડતી. ત્યાં તો ગ્રામપંચાયત તરફથી ઠરાવ કરીને સરપંચે રોક્યો. આ ગામતળની હદ પંચાયતના કબજામાં છે. આથી એ હદમાં તમારે ઉપવાસ અર્થે બેસવું નહીં. પછી ગામતળનાં એક વાડામાં તેના માલિકે સંમતિ આપી તેથી ત્યાં છાવણી ચાલુ રાખી, કાર્યક્રમ શરૂ કર્યો.

જેમ જેમ દિવસો લંબાતા ગયા તેમ તેમ સૌને એમ લાગ્યું: એક તો આ ગામે ખોટું કર્યું. શુદ્ધિપ્રયોગ કરનારની બિલકુલ પરવા રાખી નહીં અને ઉપરથી ગુનો કર્યો તે છુપાવ્યો અને દાદાગીરી કરે છે આવી છાપ આસપાસના ગામોમાં ઊભી થઈ. આથી ગામ ઉપરાંત આખી જ્ઞાતિ વગોવાય છે એમ સમજીને જ્ઞાતિના આગેવાનો બહાર ગામથી આવવા લાગ્યા. છાવણીમાં આવે, ગામમાં જાય, સૌને મળે. શુદ્ધિપ્રયોગ સમિતિ પાસે તો તપાસનો હેવાલ હતો તે જ બતાવવાનો હતો. ગામ આગેવાનો પણ પોતાની વાતમાં મક્કમ હતા.

આ બધું જોઈને કેટલાક આગેવાનોએ તેમની જ્ઞાતિના ગોળમાં વાત મૂકી. આ ગોળ ચાર તાલુકાનો હતો. અને તેમાં આશરે ચારસો જેટલાં ગામો હતાં. ગોળની કારોબારી મળી અને આ પ્રશ્નની તપાસ કરવાનો ઠરાવ કર્યો. ત્યાર બાદ જ્ઞાતિના પ્રમુખ અને મંત્રી બે ત્રણ કારોબારીના સભ્યો સાથે મુનિશ્રી સંતબાલજીના માર્ગદર્શન અંગે તેમને મળ્યા. સંતબાલજીએ તેમને શુદ્ધિપ્રયોગ પાછળની ભાવના અને તેની કાર્યપદ્ધતિ સમજાવી. જ્ઞાતિના આગેવાનોએ આટલી તૈયારી બતાવી છે ત્યારે તેમને હિંમત આપી. અને જ્ઞાતિ પોતાની રીતે જે નિર્ણય કરશે તેને શુદ્ધિપ્રયોગ સમિતિ સ્વીકારશે એમ કહ્યું. ગામ આગેવાનોએ જ્ઞાતિના પંચને માન્ય ર

વિચારોમાંથી તમને અને સમાજને શ્રેય લાગે તેના ઉપર વિચાર કરજો. આમ તો દરેક જ્ઞાતિઓ પોતાના ગોળ કરીને સામાજિક રિવાજોમાં દીકરાદીકરીની લેવડદેવડ અને ક્યાંક ગરબડ હોય તો તેનો નિકાલ પણ કરે છે. છતાં મોટેભાગે અન્યાયનો ભોગ બનવું પડતું હોય તો તે દીકરીઓના ફાળે જાય છે. મતલબ કે પુરુષો કરતાં સ્ત્રીઓને વધુ સહન કરવું પડે છે. આપણે હવે એ વિચારવું પડશે કે ગૃહસ્થાશ્રમમાં મોટો ફાળો સ્ત્રીઓનો છે. તેથી જ ગૃહસ્થાશ્રમ શોભે છે. ઘરની ઈજ્જત અને આબરૂ સાચવવામાં પણ તેમનો જ ફાળો વધુ હોય છે. આપણામાં કહેવત છે કે 'ઘોડે ચડતો બાપ મરજો પણ છાણાં વીણતી મા ન મરશો.' આનો અર્થ એટલો કે મા છોકરાંને બીજાની મજૂરી કરીને ખવરાવી મોટાં કરશે અને બાપ બીજું લગ્ન કરીને છોકરાંને દુઃખી કરશે. માટે નારી જાતિનાં મૂલ્યો તરફ હવે વિશેષે ધ્યાન આપવું પડશે. અમે જે પ્રશ્નમાં શુદ્ધિપ્રયોગ કરતા હતા, તેમાં તો ઊલટું જ હતું. મોટા ભાઈની નજર નાના ભાઈની વહુ ઉપર પડી અને દુર્દૈવના કારણે જ બાઈ મરણને શરણ થઈ. હવે આવા પ્રશ્નોમાં જ્ઞાતિના આગેવાનો જ પક્ષાપક્ષી કરીને થાબડભાણાં કરીને આવા કિસ્સા દબાવે તો શું પરિણામ આવે? આથી તો સમગ્ર સમાજને જ નુકસાન થવાનું છે. કાયદો કાયદાની રીતે કામ કરે પણ સમાજ જો બરાબર મજબૂત રહે તો આવા અન્યાયો અટકી જાય. માટે સ્ત્રીના શીલ રક્ષણ જાળવવાની તૈયારી હવે સમાજે રાખવી પડશે. હિંસા અને કાયદો પૂરતું રક્ષણ નહીં આપી શકે. નૈતિક અને સામાજિક દબાણ જ ઉપયોગી નીવડશે. ફક્ત જરૂર છે સમાજના આગેવાનોની તટસ્થતા અને જાગૃતિની. આ તમારો ચાર તાલુકાનો ગોળ છે, તમારા પ્રમુખ વિચારશીલ માણસો છે છતાં આ દીકરીનો ... કેમ આવ્યો? પણ ખાટુ ન ...

સુધી મોટે ભાગે સમાજમાં લાગવગો ચાલે છે. તેથી સામાન્ય માણસને ન્યાય માટે શ્રદ્ધા નથી. આવી મોટા ભાગની માન્યતા હોય છે. તેથી મનમાં શંકા રહ્યા કરે છે. નહીં તો તમારો સમાજ ધારે તો એક વ્યક્તિ તો શું પણ આખું ગામ હોય તોપણ જ્ઞાતિની રીતે નમાવી શકે છે. આ ભાલ પ્રદેશમાં મુનિશ્રી સંતબાલજી તો જૈન સાધુ હોવા છતાં આ પ્રવૃત્તિઓ મારફતે નીતિમય વ્યવહાર અને આવાં દૂષણો દરેક સમાજમાંથી નાબૂદ કરવાં જોઈએ એ જ વાત કરે છે. તે સમાજ ભલે તે જ્ઞાતિનો હોય પણ સમાજની શુદ્ધિ માટે સૌએ વિચારવું તો પડશે ને? માટે જ અમે ઉપવાસ કરવા ગયા હતા. ગામ લોકોએ અમને ગામતળની હદમાં બેસવા પણ ન દીધા. આનો જવાબ માગનાર આપણો સમાજ છે તેવી જો તેમને સહેજે મનમાં કલ્પના હોત તો તેઓ આવું પગલું ભરી શકત ખરા? પણ આવી વ્યવસ્થાની ખામીને કારણે જ આવા લોકો પોતાની મરજી મુજબ વર્તન કરે છે. તેથી આવા વર્તન કરવાવાળા ઉપર સમાજે ધ્યાન આપવું પડશે. આ તમારાં ચારસો ગામ છે. તમે એક એક પ્રતિનિધિ ગામદીઠ નીમી દો. આવા અન્યાય કરનારાં તત્ત્વો જે ગામમાં હોય અને બનાવો બને તો સમાજને તુરત જ ખબર આપે આટલી જાહેરાત કરશો કે તુરત જ મોટા ચમરબંધીને પણ વિચાર કરવો પડશે. આજે તો ગામમાંથી કોઈ સાચી વાત કહેવા પણ બહાર આવી શકતું નથી. કારણકે તેને કોઈની હૂંફ નથી અને ગામના માથાભારે માણસોથી ડરે છે. સમાજની શુદ્ધિ માટે આવી ચોકીઓ નહીં ગોઠવો તો કાળાંધોળાં કરનારા કર્યાં જ કરશે. સમાજ તો ચાલશે પણ નીતિનાં, સમાજને ઉપયોગી એવાં મૂલ્યો નહીં સચવાય.

રામાયણ તો આપણે બધા વાંચીએ છીએ. રામ વાલીને

વિચારીએ તો જૈનો ઉપવાસથી ટેવાયેલા હોય છે. અને મહિના સુધીના ઉપવાસ કરે છે. તેમના ઉપવાસમાં પાણી સિવાય બીજું કાંઈ લેવાય નહીં. અહીં ભાલમાં આવા પ્રયોગો જ્યાં જ્યાં થયા ત્યાં ઉપવાસો બ્રાહ્મણ, વાણિયા, રજપૂત, કણબી, પટેલો, કોળી પટેલો સહુએ કર્યા. એકલા પાણીથી ચા, કોફી, દૂધ, ફરાળ-કોઈ વસ્તુ લેવાય નહીં. અરે! ચલમ, બીડી વગેરે પણ નહીં. એ રીતે ચોવીસ ઉપવાસ કરે છે, બોલો, એ આ યુગના નવા જૈનો કહેવાય કે નહીં? એમ આપણે પણ હવે દૃષ્ટિ બદલીને સમાજમાં સંસ્કૃતિ અને સંસ્કારના સિંચન માટે એ તરફ મોઢું બદલવું પડશે. આવો તમારો મજબૂત સમાજ બરાબર કાળજી રાખે તો તમારામાંથી બીજા પણ પ્રેરણા લેશે.

આ રીતે જે કંઈ કહેવાનું હતું તે મેં મારી ભાષામાં કહ્યું.

ત્યારબાદ જ્ઞાતિના પ્રમુખશ્રીએ મારો આભાર માન્યો અને તેમની જ્ઞાતિના પંચને કહ્યું: ફુલજીભાઈએ આપણને જાગ્રત કર્યા છે તે બદલ આપણે તેમના આભારી છીએ. લોકોનાં કામ કરતા તેમની વિચારસરણી અને અનુભવ કેવાં ઘડાયેલાં છે, તે આપણને પ્રત્યક્ષ જોવા મળ્યું. મેં સંતબાલજી મહારાજને અને શુદ્ધિપ્રયોગ સમિતિને બહેધરી આપી છે કે આ પ્રશ્ન અમારી જ્ઞાતિનો છે, એટલે હવે આપ અમારા ઉપર છોડી દો અને શુદ્ધિપ્રયોગ બંધ કરો. તેથી શુદ્ધિપ્રયોગ બંધ થયો. પણ હવે આપણી જ્ઞાતિની જવાબદારી વધી જાય છે. તે વખતે આ અંગેનો એક ઠરાવ થયો. અને જ્ઞાતિનાં આવા અનિષ્ટો દૂર થાય તે માટે તેમણે પણ એક નાનકડી સમિતિ નીમી.

આ સમિતિએ પેલો પ્રશ્ન હાથ ધર્યો. તેઓએ ગુનેગારનો ખુલાસો માગ્યો. શરૂઆતમાં તો તેમણે અને ત્યાંના ગામ આગેવાનોએ આ પ્રશ્નને છાવરવા ઘણા પ્રયત્નો કર્યા પણ પછી તેમને સમજાયું કે આ આપણે ખોટું કરીએ છીએ. એકાદ

માળકને ત્યાં કોઈ વચન ઉતરી શકે પણ આખી જ્ઞાતિને વચન ઉતરી શકે? વળી પેટામંડળે તો બધી કટિબદ્ધ[...] કરેલી જ હતી. ઉપરાંત તેમની જ્ઞાતિએ આવાં ફેંસલા અ[...]

૧. જ્ઞાતિના સમાજે અમુક વચન ગુપ્તી આ કુટું[...] દીકરી આપવી નહીં.

૨. ગુનો કરનાર બાઈએ મરનારની પાછળ અમુક રૂપિ[...] ધર્માદામાં વાપરવા.

૩. ગુનેગાર પોતાની પાઘડીમાં કાળી પટ્ટી રાખે.

આ આખા પ્રસંગમાંથી આપણને બે ત્રણ વાતો ખા[સ] જાણવા મળે છે. રીત-રસમ એ પરંપરાનો સવાલ છે. આપણી મા, દીકરી, બહેન કે વહુ-આપણા ઘરની વહુ તે પારકા ઘરની દીકરી જ છે-તેને પુરુષો તરફથી નિર્બંધના મળવી જોઈએ. આ નિર્બંધના સહજ થવી જોઈએ. અને જ્યારે કોઈ આવો બનાવ બને ત્યારે કોઈ કચેરીએ ન ચડતાં જ્ઞાતિના કે સમાજના આગેવાનોએ વચ્ચે પડી તેનો તોડ લાવવો જોઈએ

અહીં શુદ્ધિપ્રયોગ સમિતિએ કામ ઉપાડ્યું પણ જ્ઞાતિ આગેવાનો બાજુ રહેતાં આખો પ્રશ્ન તેમને સોંપી દેવામાં આવ્યો. સંતબાલજી મહારાજની મૂળ દૃષ્ટિ એ જ છે કે લોકો જાગૃત થઈને પોતાના બધી જાતના પ્રશ્નો વિવેક અને ન્યાયથી ઉકેલે. આગળ આપણે લવાદોના ફેંસલામાં પણ એ જોયું છે. કારણ કે શુદ્ધિપ્રયોગ કે ખેડૂત મંડળ આખરે તો એક સંસ્થા છે. અને સંસ્થા બધા પ્રશ્નોમાં પહોંચી કેવી રીતે શકે? છેવટે તો આપણું ઘર, ગામ કે દેશ આપણે જ જાળવવાનો રહેશે. પેલા પોલીસ અધિકારીને પણ પસ્તાવો થયો અને ફરી આવા ગુનામાં પોતે કસૂર નહીં કરે એવો એકરાર કર્યો. આ બધું પ્રેમથી થયું. કારણ કે તેની પાછળ એક સંતની અમીદૃષ્ટિ હતી. તેને તો સમાજનું પરિવર્તન શિક્ષા કે દંડ દ્વારા નહીં પણ શિક્ષણ અને સમજ વધારીને કરવું હતું.

જમીન ખેડના આવતા હોય અને ગીરો વારસદારો ગણ્યા આવતા હોય તેમણે નવાં કબૂલાતનામાં ભરી સહી કરાવી તે જમીન પોતાને ખાતે કરાવી લેવી અને કબૂલાત ફીના એક અરજી દીઠ રૂપિયા બે આપવાના ઠરાવ્યા. કાકા, ભાઈ કે દાદાની જમીન બિનવારસી હોય તો તેના આડા વારસદારોના નામે કબૂલાત ઉપર સહી કરી જમીન નામે ચડાવવી પણ બે રૂપિયા ફી ઉપરાંત તે જમીનનું જે ગણોત હોય તેનો એક પટ લેવો. દા. ત. જે સર્વે નંબર દશ એકરનો હોય અને તેનું ગણોત રૂા. ૨૦ હોય તો વીસ વત્તા બે કબૂલાત ફીના એમ બાવીસ થાય. એ રીતે જેનો કબજો અને વારસો ભલે કાકાના છોકરા હોય તો પણ નામે ચડાવવી.

જે ગીરો કે વેચાણ હોય અને જેણે રાખી હોય તેની પાસેથી બે પટની રકમ ઉપરાંત બે રૂપિયા કબૂલાત ફી અને ગણોતની રકમ ઉપર સાડા બાર ટકા વધુ એટલે તેટલું ગણોત વધારવું એમ ત્રણ યોજનાઓ કરી. કબૂલાતનામાંના જે ફોર્મ છપાવ્યાં તેમાં અમારી મરજીના ખેડૂત છો, અમારી મરજી હોય ત્યાં સુધી ખેડી શકો એમ લખેલું. આ યોજનાથી જૂના હક્કો અને પૈસા, એમ બે રીતે વંશ પરંપરાના ગણોતિયાને નુકસાન થાય. અમારાં ૨૩ ગામો તાલુકદારીનાં. તેમાં દરેક ગામે વહીવટદારો સાથે કારભારી વગેરેએ જઈને ઉપર પ્રમાણેની કાર્યવાહી કરવાની શરૂઆત કરી દીધી. ગામેગામ શરૂઆત થઈ ગઈ પણ અમારા ગામને છેલ્લું રાખ્યું. પછી અમારા ગામમાં આવ્યા. ગામ આગેવાનો સાથે આ યોજના અને બીજાં ગામોએ શરૂઆત કરી દીધી છે એમ વાત કરી અને સાથે સાથે હાલ જેના કબજામાં છે તેના જ નામે જમીન કરી આપીએ એટલે અમારા ચોપડા ચોખ્ખા થઈ જાય. અને તેમને પણ ફાયદો કે તેમને નામે જમીન થઈ જાય. તેથી બીજાના

ખાને તમે જે ગણોત આપો છો તે આપવાનું ના રહે એમ ફાયદા સમજાવ્યા. અમે સૌ મળ્યા. અને વિચાર કરીને જવાબ દઈશું એમ કહ્યું. ચાર દિવસની મુદત આપીને ગયા. અમે ગામ આખું મળીને વિચાર કર્યો. આ નવી કબૂલાતોના આધારે આપણે તેમની મરજીના ખેડૂતો બની જઈએ છીએ. આપણો હક રહેતો નથી. અને પૈસા પણ જાય છે. વળી વારસાની જમીનનો આપણો હક છે. તેમાં એક પટ વધુ શાનો? માટે જૂની જે કબૂલાતો છે તે આધારે તેમણે વારસદારના નાગે આપેલી પાવતીના આધારે નામ દાખલ કરવાં જ જોઈએ. તેમાં ગણોત વધારવાનો સવાલ નથી. કારણ કે તેઓ જાણતા હોવા છતાં વર્ષોથી આવા વેચાણો માન્ય રાખીને કબજેદાર પાસેથી ગણોત તો લીધું જ છે. એટલે નવાં કબૂલાતનામાં કરવાની જરૂર નથી. આમ અમે ગામે વિચાર કરી વાત મૂકવી એવો નિર્ણય કર્યો.

ચાર દિવસ બાદ તેઓ ફરી આવ્યા. અમે અમારા ગામના નિર્ણયની વાત તેમને કરી. સાથે સાથે આ તમારી જે નવી કબૂલાતો તમે છપાવી છે. તેમાં તો અમારો હક્ક રહેતો નથી. અમે મરજીના ખેડૂત બની જઈએ છીએ. તો જૂની કબૂલાતો પ્રમાણે અમે તમને કહ્યું તે પ્રમાણે કરવા તૈયાર છીએ

કારભારી બોલ્યા : આ તો અમારો સંયુક્ત સ્ટેટના વહીવટનો સવાલ છે. આમાં એક ગામ માટે અમો ફેરફાર કરી શકીએ નહીં. માટે તમારે દરેક ગામની સાથે રહીને સૌ કરે છે એમ કરવું પડશે. નહીં તો અમારે કાયદેસર પગલાં ભરવાં પડશે. માટે સમજીને કરો. આમાં તમને નુકસાન થવાનું નથી. આમ સમજણ સાથે ધમકી પણ આપી.

ફરી પાછું આ પ્રશ્નની વિચારણા અંગે અમારું ગામ મળ્યું. અને નિર્ણય કર્યો કે, 'આપણે સંગઠિત રહેવું.

મક્કમ છે કે તમારું તે કોઈ માનવાના નથી. માટે રહો અને આનંદ કરો. ગામ સારું છે. તમારો માન મરતબો સાચવશે. સંબંધ રહેશે અને દરબારને તો તમે કહી શકો છો કે આ ગામનો સંપ તૂટી શકે તેમ નથી. આમ મારે અને સુખીને ઘણી વાતો થઈ.

સુખી સમજણવાળા હતા. તેઓ વિચારમાં પડયા અને ત્યાર પછી મને આ બાબતમાં કોઈ દિવસ વાત કરી નહીં. ગામ લોકો મક્કમ રહ્યા. બધા પ્રયત્નો પછી ખેડૂતો ઉપર મામલતદારની કોર્ટમાં દાવા કરવામાં આવ્યા. મારી યાદ મુજબ સન ૧૯૪૫માં દાવા કરવામાં આવેલા. સન ૧૯૪૨ની ક્રાંતિમાં પકડાયેલા કેટલાક કોંગ્રેસી નેતાઓ છૂટયા હતા. અમદાવાદ કોંગ્રેસ હાઉસમાં પ્રદેશ સમિતિમાં મોરારજીભાઈ બેસતા. આ દાવા થયા પછી અમે મળવા ગયા. ભોગીલાલ લાલા (લાલા કાકા) પ્રદેશ સમિતિના આગેવાન હતા. અમે લાલાકાકાને મળ્યા. લાલાકાકા અમને મોરારજીભાઈ પાસે લઈ ગયા. અમોએ આખી વિગત રજૂ કરી. અમોને નિરાંતે સાંભળ્યા. ત્યારબાદ લાલાકાકાને સલાહ-સૂચના અને મદદ કરવા કહ્યું. પછી અમને કહે : તમે ગામમાં સંપ રાખજો. તમારી જમીનમાં કોઈને પેસવા દેશો નહીં. સરકારી મામલતદાર કે કોઈ અધિકારી આવે તો તેનાથી ડરશો નહીં. તમને ખોટી રીતે દબાણ કરે તો હું અહીં બેઠો છું. મારી પાસે આવજો. સારો વકીલ રોકીને મામલતદારને ત્યાં ઊભા રહેજો. તમારો સંપ હશે તો તમારી જમીન કોઈ લઈ શકવાનું નથી એમ અનેક રીતે અમને સલાહ સાથે હિંમત આપી. અમે ગામ ઉપર આવ્યા અને આખા ગામની આગળ અમદાવાદની હકીકત કહી. ગામ આખું સંમત થયું. અને ખર્ચ માટે ફાળો કરીને આપણે સારા વકીલને રોકવો એવો નિર્ણય કર્યો. અમે વકીલની ગોઠવણ કરી.

અને મામલતદારને ત્યાં દાવા ચલાવવા શરૂ કર્યા. તાલુકા મથકે મુદતો પડતી, અમને આંટાફેરા થતા, અને અમે આવા કેસો કરવાથી તદ્દન અજાણ હતા. કાયદાની અમને ગમ નહીં. પણ કૉંગ્રેસ અને વકીલની સલાહ પ્રમાણે કરતા.

એક દિવસ અમદાવાદથી વકીલે અમને તેડાવ્યા અને સલાહ આપી કે આપણે દીવાની કોર્ટમાં દાવા દાખલ કરી દઈએ કે એ જમીનોના અમે કાયમી ખેડૂતો છીએ.

અમે કહ્યું: પણ દીવાની કોર્ટે લડવામાં આપણું ખર્ચ વધી નહીં જાય?

તેમણે કહ્યું: ખર્ચની અત્યારે બહુ ચિંતા ન કરો. ચિંતા જમીનની કરો. હું તમારી પાસેથી વધારે ફી લેવાનો નથી. પણ એ મોડા પડી જશું તો જમીન ગુમાવશું. માટે હાલ તુરત મનાઈ હુકમ મેળવી લઈએ. તમને બહુ સમજણ ન પડતી હોય તો અમારા ઉપર વિશ્વાસ રાખો.

છેવટે દીવાની કોર્ટમાં દાવા દાખલ થયા. મનાઈ હુકમ મેળવ્યો. એની એક નકલ મામલતદારને પહોંચી. તેથી મામલતદારે પણ કેસ ચલાવવા બંધ રાખ્યા અને મુદતો પાડી. આ દરમ્યાન અમે પણ બધું સમજતા થયા. આમ બે વર્ષ નીકળી ગયાં અને ૧૯૪૭માં આઝાદી આવી ગઈ.

કૉંગ્રેસની સરકાર આવી. તેણે ગણોતધારો ઘડ્યો. અને ખેડૂતોનાં હિતોનું રક્ષણ કર્યું. ગણોતિયાને હક્કો મળ્યા. એટલે હવે તો દાવા ચલાવવાપણું રહ્યું જ નહીં. જમીન છોડાવી શકાય તેમ હતું જ નહીં. છેવટે દરબારના વહીવટદારોએ સમાધાન કર્યું.

અમે જોયું કે આખા ગામનો સંપ હતો તો અમે

દરબાર સામે ટકી શકયા અને અન્યાયનો પ્રતિકાર કરી શકયા. આ વસ્તુ એટલા માટે જણાવું છું કે નાનકડું પણ સંગઠન હોય છે તો ધાર્યો અવાજ કાઢી શકાય છે. આવા અનુભવ પછી મારા મનમાં થયા કરતું કે ખેડૂતોને બધા શોષણોમાંથી છોડાવવા હોય તો તેમનું સંગઠન કરવું જોઈએ. પણ અમારું એ કંઈ ગજું નહીં. કોઈ આગેવાન આગળ પડતો ભાગ લઈ પગલું ભરે તો બધા આવવા તૈયાર ખરા. ત્યાં જ મુનિશ્રી સંતબાલજીએ પ્રદેશમાં ફરી ફરીને સંગઠનનાં બીજ વેર્યાં. જે ગામોની ધરતી તૈયાર હતી ત્યાં તરત તે ઊગી નીકળ્યાં.

ખેડૂતનું નાક કપાયું

૨૫

પંચમહાલ તાલુકાના રાજપુર મુકામે ખાદીગ્રામોદ્યોગ મંડળ, પ્રાયોગિક સંઘ, શિક્ષણ સંસ્કાર સમિતિ અને સુધરાઈ સમિતિ આમ બધી સંસ્થાઓની કારોબારી સમિતિના સભ્યો તા. ૨૪-૬-૬૯ના રોજ મળેલા. આવી રીતે વર્ષમાં એક બે વાર બધી સંસ્થાઓ એક સાથે મળીને પોતાના કામકાજ અંગેની વિચારણા કરતી. તે રીતે આ બધી સંસ્થાઓનાં વહીવટી કામો પૂરાં થયાં. એટલે બધી સમિતિઓના સભ્યોને ભેગા કર્યા.

અંબુભાઈએ વાત મૂકી કે મુનિશ્રીએ આપણને એક પત્ર મોકલી આપ્યો છે. તેના ઉપર આપણે વિચારણા કરવાની છે.

ત્યાં એક ભાઈ બોલી ઊઠ્યા: શા અંગેનો છે?

છે તો બહુ ગંભીર. તેથી તો આપણને વિચારવા માટે મોકલી આપ્યો છે. કચ્છના લાકડિયા ગામના એક ખેડૂતનું નાક કપાયું છે. અંબુભાઈએ સહેજ અણસારો આપ્યો.

પત્ર બધાં આગળ વાંચી સંભળાવ્યો. મુનિશ્રીની એવી ઈચ્છા ખરી કે આપણાથી બને તો શક્ય મદદ કરવી. એટલે બધાએ ભેગા મળીને ઠરાવ કર્યો કે આ પ્રશ્નની સમગ્ર રીતે આપણે તપાસ થયા પછી આપણાથી શું થઈ શકે તેમ છે તે અંગે આગળનો વિચાર કરવો.

તપાસ સમિતિમાં સાત જણનાં નામ નક્કી થયાં: ૧. નવલભાઈ શાહ ૨. દુલેરાય માટલિયા ૩. હરિવલ્લભ શાહ,

૪. કાશીબહેન મહેતા ૫. દીવાનમંગ ૬. નાનુભાઈ અને ૭. ફકીરજીભાઈ ડાંગી. આમ અમારી તપાસ સમિતિએ તા. ૨૭-૬-૬૯થી પોતાના કામનો પ્રારંભ કર્યો. ૨૮મીએ અમે ભૂજ પહોંચ્યાં. ભૂજમાં કોંગ્રેસની ઓફિસે ગયા. ત્યાંના પ્રમુખ શ્રી કુંદનલાલને મળ્યા. કચ્છ વિભાગના સંસદસભ્ય શ્રી તુલસીદાસ શેઠને મળ્યા. ત્યાર બાદ મૂળશંકર ગોર વગેરે અન્ય સામાજિક કાર્યકરોને મળ્યા.

ત્યાંથી અમે જે ભાઈનું નાક કપાયું હતું તેમને તથા તેમની સાથે ઇજા પામેલા શ્રી યાવરભાઇની તબિયત જોવા માટે ભૂજની ઈસ્પિતાલમાં ગયા. ત્યાંના ડી.એસ.પી. ને મળ્યા. ત્યાં રાત રોકાયા અને બીજે દિવસે સવારે અમે ભચાઉ આવ્યા. અહીં દેવજીભાઈ કરીને એક સામાજિક કાર્યકર રહે. તેઓ મહારાજશ્રીની પ્રવૃત્તિ તરફ વિશેષ આદરભાવ ધરાવે. તેમની પાસેથી હકીકત જાણીને અમે વોંધ આવ્યા. વોંધ ભચાઉ તાલુકાનું આગળ પડતું કણબી પટેલોનું ગામ છે. ત્યાંના જુવાનિયાઓ અને આગેવાનોને મળ્યા. અને સાંજે અમે લાકડિયા પહોંચ્યા.

ભચાઉ તાલુકામાં આ પણ એક આગળ પડતું ગામ ગણાય. તેમાં નવસો જેટલાં ઘર તો ફક્ત ઓસવાળ જૈનોનાં જ. તેમના ગોળનાં ૨૪ ગામો. આ ગોળના જ્ઞાતિના આગેવાન પણ અત્યારે આ લાકડિયા ગામના જ હતા. અને જેમનું નાક કપાયું હતું તે ભાઈ પણ ઓસવાલ જ્ઞાતિના જ.

ઓસવાલ જ્ઞાતિના જૈન અને પાછા ખેડૂત તમને નવાઈ લાગે છે નહીં ? અમને પણ પહેલાં એવું જ લાગેલું. પણ અંહીં આવ્યા પછી જોવા મળ્યું કે અહીંના ઓસવાલો કણબી ખેડૂતોની જેમ જ જાત ખેતી કરે. તેમનો અને તેમનાં ઘરનાંનો પોશાક પણ ખેડૂતનો જ. બહેનો પણ ખેતીમાં જાત મજૂરી કરે. જેમનું નાક કપાયેલું તે નરસિંહભાઈ ને લાકડિયાથી

એએક માઈલ છેટે આશરે ત્રીસેક વીઘાંની વાડી. આ ઓગ્રવાલ ભાઈઓ ખડતલ, મહેનતુ અને ખેતીમાં ઉત્સાહી.

રાત્રે અમે ગામમાં જાહેર સભા ભરી અને અમે છેક ભાલમાંથી આટલે છેટે શા માટે આવ્યા છીએ તેનું પ્રયોજન સમજાવ્યું. તેમના ગામમાં આવો બનાવ બની ગયો એટલે ગામ તો બધું જાણતું જ હતું, પણ જાહેરમાં બોલવાની કોણ હિંમત કરે ? અમે તેમને બધી હકીકત સમજાવી, અને આ કામમાં તેમને સાચું લાગે તો મદદ કરવા વિનંતી કરી.

હવે વાત એવી બનેલી કે આ લાકડિયા ગામ એ દરબારી ગામ. દરબાર ગામમાં જ રહે. અને મોટા ભાગના ખેડૂતો. આઝાદી આવ્યા બાદ ખેડૂતોને કેટલાંક કાયદેસરના હક્કો મળ્યા. કેટલાક તત્ત્વોને આ ગમ્યું નહીં. તેથી તેઓ સીધી અને આડકતરી બધી રીતે કેટલાક કુટુંબોને સતામણી કરવા લાગ્યા. તેમાં ખેતીમાં ભેલાણ કરવું, બહેન દીકરીઓની ઠઠ્ઠામશ્કરી કરવી કે ઇજ્જત લેવી, ચોરીઓ કરાવવી આવાં આવાં રંજાડનાં કામો ચાલુ રહ્યાં.

દિવસે દિવસે આવો રંજાડનો ત્રાસ તો વધતો ચાલ્યો. ખેડૂતો મૂંઝાયા. ગામમાં રહેવું હોય તો હિંમત તો કેળવવી જ પડશે. એટલે તેમણે એક નાનકડું સંગઠન કર્યું અને પોતાને જે જાતની રંજાડ થાય છે તે અંગેની અરજીઓ તથા ઠરાવો કરીને કોંગ્રેસ, સર્વોદય કાર્યકરો તથા સરકારી પોલીસ તંત્ર વગેરેને જ્યાં મોકલવા ઘટે ત્યાં મોકલતા, આની તપાસ થતી. આથી પેલાં તત્ત્વો છંછેડાયાં. તેમાં પંચાયતી રાજ્ય આવ્યું. તેમાં દબાયેલાના મતથી આવાં તત્ત્વોને પંચાયતમાં સ્થાન મળ્યું. એક તો તુમાખી હતી જ તેમાં સત્તાનો સહારો મળતાં તે ચડી વાગ્યાં. અમને મળેલી માહિતી પ્રમાણે તે તાલુકાના પ્રમુખ પણ આવાં તત્ત્વોને હાથ ઉપર રાખી રંજાડ

૩. કાયદો અને કોર્ટ તેની રીતે કામ કરશે. એ ક્રિયા ઘણી લાંબી ચાલે એવી હોય છે. આ સ્થિતિમાં પ્રજાકીય રસ્તો કેવો લેવો?

આવા બધા પ્રશ્નો વિચારી એવો નિર્ણય લેવામાં આવ્યો કે લાકડિયામાં શુદ્ધિપ્રયોગ કરવો. લાકડિયા સીધી રીતે પ્રયોગક્ષેત્રમાં નથી આવતું, પણ પહેલાંનું કચ્છ પ્રાયોગિક સંઘનું કામ તો હતું જ. એક ખેડૂતનો પ્રશ્ન છે, વળી બીજા પ્રદેશોમાં પણ આવા પ્રયોગોથી લોકજાગૃતિ થાય તો આપણે આવું પગલું ભરવું. ત્યાંના કાર્યકરોની મદદ મેળવવી અને શુદ્ધિપ્રયોગ કરવો.

તા. ૯–૭–'૬૯ એ અમારી શુદ્ધિપ્રયોગ સમિતિ લાકડિયા પહોંચી ગઈ અને ત્યાં આ પ્રયોગની જાહેરાત કરી, આ માટે એક સાર્વજનિક સ્થાન પસંદ કરવામાં આવ્યું, સમિતિના સભ્યોનો ઉતારો ખાનગી ઘરમાં હતો, પરંતુ શુદ્ધિપ્રયોગનું કેન્દ્ર જાહેર રખાયું, જેથી કોઈ પણ આવીને સહેલાઈથી મળી શકે. ત્રિદિવાસી તરીકે કાશીબહેને શુદ્ધિપ્રયોગનો આરંભ કર્યો. બીજા પાંચભાઈઓ સહાયક ઉપવાસી તરીકે બેઠા. અંબુભાઈ શાહ, છોટુભાઈ મહેતા, સુરાભાઈ ભરવાડ, હરિવલ્લભ મહેતા, દુલેરાય માટલિયા અને હું આમ આટલા જણ સ્થાયી રહ્યા. બધાએ પોતપોતાની કામગીરી સંભાળી લીધી.

અમારો મુખ્ય ઉદ્દેશ જનતાની જાગૃતિનો હતો. જનતા જાગે, લોકો પોતે આવા પ્રસંગોમાં પ્રતિકાર કરતા થાય તો આવા પ્રશ્નો ઓછા થાય. સંગઠિત થઈ એવાં તત્ત્વોનો સામનો કરે અને દાખલા પાડે તો તે ફાલતાં ફૂલતાં અટકી જાય. વળી જનતાની સાથે સાથે સામાજિક સંસ્થાઓ અને સરકારી તંત્ર પણ પોતાની શિથિલતા છોડવી જોઈએ. જ્યારે માણસ અસહાય

ધર્મ, ઉપવાસ બની રક્ષણની માગણી કરે ત્યારે પણ જો તેની આવી સ્થિતિ થાય તો પછી આ કેવી લોકશાહી !

મારે ભાગે આસપાસનાં ગામડાંઓમાં ફરીને પ્રચાર કરવો, લોકોને તૈયાર કરવા અને તેમને સાચું લાગે તો આ પ્રશ્નમાં ઉપવાસી તરીકે અથવા બીજી રીતે સહાય કરવા વિનંતી કરવાનું હતું. એ રીતે હું રોજ આસપાસનાં ગામોમાં ફરતો. મારી સાથે કેટલાક સ્થાનિક ભાઈઓ પણ આવતા. પહેલાં તો અમે ગામના જે લોકોને મળવા જેવું લાગે તેમને મળી લેતા. અને પછી રાતના ગામના રામજી મંદિરમાં અથવા તો જાહેરચોકમાં સભા ભરતા.

આ રીતે હું ભચાઉ તાલુકાના સામખીયાળી, વોંધ, મનફરા, ખારોઈ, સકરા, આંબરડી, કુંભારિયા, મોરગર, ચીરઈ, હલીયાળુ, મુકરપુર, નાના કુંભારિયા તથા રાપર તાલુકાના ચીત્રોડ, ધાણીપર, રાપર, ગાંગોદર, થોરીઆરી વગેરે ગામોમાં ફર્યો. મને ઠીક ઠીક લોકોનો ટેકો મળવા લાગ્યો. તેમાંથી કેટલાક ગામોની ટુકડીઓ શુદ્ધિપ્રયોગ છાવણીમાં આવવા લાગી. તેઓ ઉપવાસ કરે અને બીજે દિવસે જાય.

જ્યારે અમે શુદ્ધિપ્રયોગ આરંભ્યો ત્યારે અમને લોકો હસતા હતા. આ લોકો શું કરવાના છે? તેમાં વિઘ્નસંતોષી પરિબળો પણ હતાં. સામાજિક સંસ્થાઓ શિથિલ હતી. તેમને થતું કે આ બહારના કાર્યકર્તાઓ અહીં આવી અમારા પ્રશ્નને શા માટે ગૂંથે છે? કેટલાકે તો અમે સફળ ન થઈએ તેનો દોરીસંચાર શરૂ કરી દીધેલો.

પ્રયોગ મર્યાદિત સમયનો ૨૧ દિવસ માટે હતો. પ્રયોગનું વાતાવરણ બરાબર જામતું જતું હતું. રોજે રોજ પત્રિકાઓ પ્રગટ થતી. ગામે ગામ તેનો વ્યવસ્થિત પ્રચાર થતો. કચ્છનાં

સ્થાનિક અખબારોમાં પણ તેના ઉતારા લેવાતા. આમ બધી રીતે લોક માનસ ઘડાતું જતું હતું.

પણ સામે પક્ષે જે લોકો હતા તે માથાભારે માણસો હતા. તેથી તો પ્રશ્ન આટલો બધો વણસી ગયો હતો. મારા ગામોના પ્રવાસમાં થએલા એક બે અનુભવો અહીં જણાવું.

જ્યાં જ્યાં અમારે જવાનું હોય ત્યાં ત્યાં અમારી પાછળ પાછળ એક ટુકડી છૂપ લઈને આવે. પાછી આ ટુકડી હથિયારધારી. હું તો કોઈને જાણું નહીં, પણ મારી સાથે આવેલા ભાઈઓ મને કહે. એ રીતે એક ગામમાં અમારી સભાનું ગોઠવાયેલું. સભામાં કેટલાંક માણસો એકઠાં થયેલા ત્યાં એક ઊંટ આવીને ઊભું રહ્યું. ઊંટ ઉપર બે હથિયારધારી અસવારો હતા. અમારી સભા મળવાની હતી તે ચોકમાં ઊંટ ઊભો રાખ્યો અને હથિયાર સાબદાં કરીને ઊતર્યા.

અમારી સાથેના ભાઈઓને થોડી હેરાન લાગી કે આ લોકો કાંઈક ધાંધલ કરશે. નાહકની આપણે ઉપાધિ વહોરવી નથી. એટલે તેમણે મને એક બાજુ બોલાવીને વાત સમજાવી. પેલા અસવારો નક્કી [illegible]. નક્કી આજ ધાંધલ થશે, માટે આજની સભા છોડી દો.

મેં કહ્યું એમ છોડીને ચાલ્યા જઈશું તો સભા ઉપર ખોટી અસર થશે. હવે તો [illegible] એક વરસ [illegible] જે [illegible] તે [illegible] કરીને [illegible] કહેવાનું હતું [illegible] કહ્યું [illegible] [illegible] [illegible] [illegible]

જગાડ્યો. કુંભકર્ણ પૂછે છેઃ કેમ ભાઈ! મને કેમ જગાડ્યો? રાવણ સીતાહરણથી માંડીને યુદ્ધ સુધીની બધી વાત કરે છે અને કહે છે કે હવે તો મને રામનો ડર લાગે છે. દાતનાં, ખાતાં, સૂતાં રામના જ વિચારો આવે છે, માટે મને મદદ કરવા તને જગાડ્યો છે.

કુંભકર્ણ હસીને કહે છે કે ભાઈ, આ બધા ખેલ ખોટા કર્યો, અને હવે પસ્તાવો કરવો એ નકામો છે. વિભીષણને કાઢી મૂક્યો એ મોટી ભૂલ કરી. તને જે ડર લાગે છે, તે રામનો નથી, પણ તું સીતાહરણ કરીને લાવ્યો તે પાપનો ડર છે. એ તને ડંખે છે. મને રામનો ડર લાગતો નથી, કારણ કે મેં પાપ કર્યું નથી. આ તો તારી વાસના તને ડંખે છે. તું રામને જીતી શકવાનો નથી, આપણા આખા કુળનો નાશ થઈ જશે. હું તો તને મદદ કરીશ, રણમેદાનમાં જઈશ. રામના હાથે મારું મરણ થવાનું જ. કારણ કે આપણું પગલું જ ખોટું છે. તો પછી આપણી જીત શી રીતે થાય? છેવટે કુંભકર્ણ પણ મરાય છે તે કથા આપણે જાણીએ છીએ.

માટે ભાઈઓ, જે ખોટું કરે છે તેને તેનું પાપ જ બીવડાવે છે. તે ગમે તેની મદદ માટે વલખાં મારે છે. પણ છેવટે તો તેને પસ્તાવો થવાનો જ છે. ખોટું કરીને તેને છુપાવવા માટે બીજું એ ખોટું કરાવે તો તો તેવા માણસનું પછી સમાજમાં સ્થાન જ રહેતું નથી.

સભા પૂરી થઈ. પેલા ત્રિકૂટ જેમીને અંદરવાળા ભાઈઓ આવ્યા હતા તે પણ વિદાય થયા. કંઈ ધાંધલ થયું નહીં. પણ આવી રીતે અમારી બધી સભાઓમાં ગુપ્તચરો અથવા તો આવા ડગાવનાર મોકલીને અમે કોઈ પણ રીતે ડરી જઈએ તેવા પણ પ્રયત્નો ચાલતા અને તેનો અહેવાલ તે લોકો મેળવતા.

આ રીતે મારે ગામડાંઓમાં ફરવાનું રહેતું અને

મારી સમજણ પ્રમાણે શુદ્ધિપ્રયોગ અને તેની પાછળની ભાવના સમજાવતો. લોકોએ છેવટે તો પોતાનો બચાવ કરવાનો છે. તે માટે આત્મજાગૃતિ કેળવવી પડશે. નિર્ભયતા કેળવવી પડશે.

આ ગામોમાં એક જંગી કરીને ગામ હતું. તે ગામ આયરોનું હતું. ત્યાં મોટું મંદિર હતું. અને ગામના સરપંચ તરીકે એક ભાઈ જે 'બાવા'થી ઓળખાતા તે હતા. અમારે તો બધી કોમોનો ટેકો મેળવવો હતો. તેમાં આયર કોમ કેમ બાકાત રહે? તેમનાં બાર ગામ. અને તેના આગેવાન આ 'બાવો' ગણાય. અમે તેમને મળ્યા. અને તેમને બધી વાત સમજાવી, તે ભારે હિંમતવાન હતા. તે અમારી સાથે તૈયાર થયા અને અમે કહીએ તે ગામે ભાષણ પણ કરે.

તેમના વિચારો એટલા તો દૃઢ થયા કે તેમણે નક્કી કર્યું કે તાલુકા પંચાયતમાં અમારાં બાર ગામોના સરપંચો મળીને અમે આ પ્રશ્નની ચર્ચા ઉપાડીશું.

આ રીતે તેમના તરફથી અમને સારી મદદ મળી.

પછી એક બીજા ગામે ગયા. આ ગામના માલિક દરબાર હતા. બે ભાઈઓ. પણ બે ભાઈઓ વચ્ચે કાંઈક ખટરાગ ચાલ્યા કરે. નાનોભાઈ ગ્રેજ્યુએટ થઈને બાપુકી ખેતીમાં પડેલો.

અમે તેમને ઘેર ગયા. ત્યાં તેમના નોકરે કહ્યું: હમણાં જ ખેતરે ગયા. પણ હું બોલાવી લાવું છું. અમે બેઠા. અને તે ઘોડા ઉપર જઈને બોલાવી લાવ્યો. જુવાન હતો તો પાણીદાર, વળી ગામનો સરપંચ. એટલે તેના વિના ગામનો ટેકો મળવો મુશ્કેલ હતો. અમારી વાતો શરૂ થઈ મેં કહ્યું: આ તમે દરબાર છો, નરસિંહભાઈનું નાક કપાયું અને હુમલો થયો. તેમાં....ભાઈનું નામ આવે છે, અને તમારા તાલુકામાં પંચાયતમાં તેઓ જવાબદારીભર્યું સ્થાન સંભાળે છે તેમના

ઉપર જો આવે તેમ હોય તો તમને હાનિ નહીં? ભીખાભાઈનું ખૂન તો નહીં? તમે શું માનો છો?

જુવાન : કૃતજ્ઞભાઈ! તમારી વાત હું સમજી ગયો. એ કંઈ અમારી હાનિના છે. અમે અહેમ રજપૂતો કહેવાઈએ. ૧૮ મહારાજના ભાયાતો. આ ભાઈઓ હાથી ને અમારા બહારવટિયો ફરતા હતા. જે ભાઈનું નામ આપે છો તેમની રીત જ ભલી એવી છે કે તે અમને પસંદ નથી.

મારા બાપુ આગળી તંત્રમાં ધાર્મિક અધિકારીઓ હોદ્દો ધરાવતા હતા. ઉંમર થયા પછી નિવૃત્ત થઈ તેઓ ગામે રહ્યા. ગામમાં સરપંચ બન્યા. તેમની અહિંસ દરમ્યાન પિતાભાઈના ઉપરની કેટલીક બોધિ તાકીઅનવાર લખેલી હતી. મારા બાપુ જ્યારે પંચાયતની સભાઓ મળે અને લાગે ત્યારે સભામાં એકવાક્યી વાતનો વિરોધ કરતા. આ તેમને ખૂંચતું. એક દિવસ બાપુ ખેતરે જતા નીકળ્યા. ત્યાં પાછળે હારે દિવસના દસ વાગ્યે તેમના ઉપર હુમલો કરી તેમનું ખૂન કર્યું. નરસિંહભાઈનું નામ તો અંધારે રહ્યું અને મારા બાપુ તો આવી વસ્તી વચ્ચે ખૂની હુમલામાં મારયા ગયા. હુમલાખોરો જેલમાં ગયા ને બાકી છૂટ્યા. કેમ કરી પણ પુરાવાને અભાવે છૂટી ગયા.

મેં કહ્યું : તમે રજપૂત છો અને હું પણ રજપૂત છું. આપણી રગોમાં ગરમ લોહી વહે છે. તમને તમારા બાપુના ખૂન થયા પછી એ ડંખ તો સતાવતો હશે ને?

જુવાનઃ આપનું ખૂન કોઈ ભૂલી શકે?

મેં કહ્યુંઃ આપણા યુગમાં ગાંધીજી થઈ ગયા. તેમણે પ્રજાને અનેક નવા પાઠ શીખવ્યા છે. વેરથી વેર શમતું નથી પણ તેની પરંપરા વધે છે. હિંસાને રસ્તે શાંતિ ન મળતાં અશાંતિ અને ખુવારી જ થાય છે, માટે અહિંસાને રસ્તે કાયર થઈને નહીં પણ આવાં કૃત્યો કરનારને સમાજ આગળ ઉઘાડા પાડીને

મારી સમજણ પ્રમાણે શુદ્ધિપ્રયોગ અને તેની પાછળની ભાવના સમજાવતો. લોકોએ છેવટે તો પોતાનો બચાવ કરવાનો છે. તે માટે આત્મજાગૃતિ કેળવવી પડશે. નિર્ભયતા કેળવવી પડશે.

આ ગામોમાં એક જંગી કરીને ગામ હતું. તે ગામ આયરોનું હતું. ત્યાં મોટું મંદિર હતું. અને ગામના સરપંચ તરીકે એક ભાઈ જે 'બાવા'થી ઓળખાતા તે હતા. અમારે તો બધી કોમોનો ટેકો મેળવવો હતો. તેમાં આયર કોમ કેમ બાકાત રહે? તેમનાં બાર ગામ. અને તેના આગેવાન આ 'બાવો' ગણાય. અમે તેમને મળ્યા. અને તેમને બધી વાત સમજાવી, તે ભારે હિંમતવાન હતા. તે અમારી સાથે તૈયાર થયા અને અમે કહીએ તે ગામે ભાષણ પણ કરે.

તેમના વિચારો એટલા તો દૃઢ થયા કે તેમણે નક્કી કર્યું કે તાલુકા પંચાયતના અમારાં બાર ગામોના સરપંચો મળીને અમે આ પ્રશ્નની ચર્ચા ઉપાડીશું.

આ રીતે તેમના તરફથી અમને સારી મદદ મળી.

પછી એક બીજા ગામે ગયા. આ ગામના માલિક દરબાર હતા. બે ભાઈઓ. પણ બે ભાઈઓ વચ્ચે કાંઈક ખટરાગ ચાલ્યા કરે. નાનો ભાઈ મૅટ્રિક્યુલેટ થઈને બાપુકી ખેતીમાં પડેલો.

અમે તેમને ઘેર ગયા. ત્યાં તેમના નોકરે કહ્યું હમણાં જ ખેતરે ગયા. પણ હું બોલાવી લાવું છું. અમે બેઠા. અને તે [illegible] જુવાન હતો તે પાછો [illegible], વળી અમારો સંબંધ, એટલે તેના વિના અમારો ટેકો [illegible] હતો. અમારી વાત, શરૂ થઈ મેં કહ્યું: આ [illegible] તાલુકા પંચાયતનું [illegible] અને હમણાં [illegible] નામ આવે છે, અને [illegible] પંચાયતમાં [illegible] છે તેમના.

ઉપર-શક આવે તેમ હોય તો તમને શાન્તિ તરીકે નીચાજોણું પડું કે નહીં ? તમે શું માનો છો ?

યુવાન : કુલજીભાઈ ! તમારી વાત હું સમજી ગયો. એ કાઈ અમારી જ્ઞાતિના છે. અમે જાડેજા રજપૂતો કહેવાઈએ. કચ્છ મહારાવના ભાયાતો. આ જાગીરો લઈને અમારા વડવાઓ ઊતરેલા. જે ભાઈનું નામ આવે છે તેમની રીત જ બધી એવી છે કે તે અમને પસંદ નથી.

મારા બાપુ સરકારી તંત્રમાં પોલીસ અધિકારીનો હોદ્દો ધરાવતા હતા. ઉંમર થયા પછી નિવૃત્ત થઈ તેઓ ગામે રહ્યા. ગામમાં સરપંચ બન્યા. તેમની સર્વિસ દરમ્યાન પેલા ભાઈના જીવનની કેટલીક નોંધો તારીખવાર લખેલી હતી. મારા બાપુ જ્યારે પંચાયતની સભાઓ મળે અને તાલુકે જાય ત્યારે સભામાં ગેરવાજબી વાતનો વિરોધ કરતા. આ તેમને ખૂંચતું. એક દિવસ તાલુકે જવા નીકળ્યા. ત્યાં પોળે દહાડે દિવસના દસ વાગ્યે તેમના ઉપર હુમલો કરી તેમનું ખૂન કર્યું. નરસિંહભાઈનું નાક તો અંધારે કપાયું અને મારા બાપુ તો આવી વસ્તી વચ્ચે ખૂની હુમલામાં ચાલ્યા ગયા. હુમલાખોરો જીપમાં બેસીને ભાગી છૂટ્યા. કેસ કર્યો પણ પુરાવાને અભાવે છૂટી ગયા.

મેં કહ્યું : તમેય રજપૂત છો અને હુંય રજપૂત છું. આપણી રગોમાં ગરમ લોહી વહે છે. તમને તમારા બાપુના ખૂન થયા પછી એ ડંખ તો સતાવતો હશેને ?

યુવાન: બાપનું ખૂન કોઈ ભૂલી શકે ?

મેં કહ્યું: આપણા યુગમાં ગાંધીજી થઈ ગયા. તેમણે પ્રજાને અનેક નવા પાઠ શીખવ્યા છે. વેરથી વેર શમતું નથી પણ તેની પરંપરા વધે છે. હિંસાને રસ્તે શાંતિ ન મળતાં અશાંતિ અને ખુવારી જ થાય છે, માટે અહિંસાને રસ્તે કાયર થઈને નહીં પણ આવાં કૃત્યો કરનારને સમાજ આગળ ઉઘાડા પાડીને

મારી સમજણ પ્રમાણે શુદ્ધિપ્રયોગ અને તેની પાછળની ભાવના સમજાવતો. લોકોએ છેવટે તો પોતાનો બચાવ કરવાનો છે. તે માટે આત્મજાગૃતિ કેળવવી પડશે. નિર્ભયતા કેળવવી પડશે.

આ ગામોમાં એક જંગી કહીને ગામ હતું. તે ગામ આયરોનું હતું. ત્યાં મોટું મંદિર હતું. અને ગામના સરપંચ તરીકે એક ભાઈ જે 'બાવા'થી ઓળખાતા તે હતા. અમારે તો બધી કોમોનો ટેકો મેળવવો હતો. તેમાં આયર કોમ કેમ બાકાત રહે? તેમનાં બાર ગામ. અને તેના આગેવાન આ 'બાવો' ગણાય. અમે તેમને મળ્યા. અને તેમને બધી વાત સમજાવી, તે ભારે હિંમતવાન હતા. તે અમારી સાથે તૈયાર થયા અને અમે કહીએ તે ગામે ભાષણ પણ કરે.

તેમના વિચારો એટલા તો દઢ થયા કે તેમણે નક્કી કર્યું કે તાલુકા પંચાયતમાં અમારાં બાર ગામોના સરપંચો મળીને અમે આ પ્રશ્નની ચર્ચા ઉપાડીશું.

આ રીતે તેમના તરફથી અમને સારી મદદ મળી.

પછી એક બીજા ગામે ગયા. આ ગામના માલિક દરબાર હતા. બે ભાઈઓ. પણ બે ભાઈઓ વચ્ચે કાંઈક ખટરાગ ચાલ્યા કરે. નાનોભાઈ મૅટ્રિક થઈને બાપુકી ખેતીમાં પડેલો.

અમે તેમને ઘેર ગયા. ત્યાં તેમના નોકરે કહ્યું: હમણાં જ ખેતરે ગયા. પણ હું બોલાવી લાવું છું. અમે બેઠા. અને તે ઘોડા ઉપર જઈને બોલાવી લાવ્યો. જુવાન હતો તો પાણીદાર, વળી ગામનો સરપંચ. એટલે તેના વિના ગામનો ટેકો મળવો મુશ્કેલ હતો. અમારી વાતો શરૂ થઈ મેં કહ્યું: આ તમે દરબાર છો, નરસિંહભાઈનું નાક કપાયું અને હુમલો થયો. તેમાં ...ભાઈનું નામ આવે છે, અને તમારા તાલુકામાં પંચાયતમાં તેઓ જવાબદારીભર્યું સ્થાન સંભાળે છે તેમના

ઉપર શક આવે તેમ હોય તો તમને શાંતિ તરીકે નીચાજોણું પડું કે નહીં ? તમે શું માનો છો ?

યુવાન : ફુલજીભાઈ ! તમારી વાત હું સમજી ગયો. એ ભાઈ અમારી જ્ઞાતિના છે. અમે જાડેજા રજપૂતો કહેવાઈએ. કચ્છ મહારાજના ભાયાતો. આ જાગીરો થઈ ને અમારા વડવાઓ ઊતરેલા. જે ભાઈનું નામ આવે છે તેમની રીત જ બધી એવી છે કે તે અમને પસંદ નથી.

મારા બાપુ સરકારી તંત્રમાં પોલીસ અધિકારીનો હોદ્દો ધરાવતા હતા. ઉંમર થયા પછી નિવૃત્ત થઈ તેઓ ગામે રહ્યા. ગામમાં સરપંચ બન્યા. તેમની સર્વિસ દરમ્યાન પેલા ભાઈના જીવનની કેટલીક નોંધો તારીખવાર લખેલી હતી. મારા બાપુ જ્યારે પંચાયતની સભાઓ મળે અને તાલુકે જાય ત્યારે સભામાં ગેરવાજબી વાતનો વિરોધ કરતા, આ તેમને ખૂંચતું. એક દિવસ તાલુકે જવા નીકળ્યા. ત્યાં ધોળે દહાડે દિવસના દસ વાગે તેમના ઉપર હુમલો કરી તેમનું ખૂન કર્યું. નરસિંહભાઈનું નાક તો અંધારે કપાયું અને મારા બાપુ તો આવી વસતી વચ્ચે ખૂની હુમલામાં ચાલ્યા ગયા. હુમલાખોરો જીપમાં બેસીને ભાગી છૂટ્યા. કેસ કર્યો પણ પુરાવાને અભાવે છૂટી ગયા.

મેં કહ્યું : તમેય રજપૂત છો અને હું ય રજપૂત છું. આપણી રગોમાં ગરમ લોહી વહે છે. તમને તમારા બાપુના ખૂન થયા પછી એ દંખ તો સતાવતો હશેને ?

યુવાનઃ બાપનું ખૂન કોઈ ભૂલી શકે ?

મેં કહ્યું: આપણા યુગમાં ગાંધીજી થઈ ગયા. તેમણે પ્રજાને અનેક નવા પાઠ શીખવ્યા છે. વેરથી વેર શમતું નથી પણ તેની પરંપરા વધે છે. હિંસાને રસ્તે શાંતિ ન મળતાં અશાંતિ અને ખુવારી જ થાય છે, માટે અહિંસાને રસ્તે કાયર થઈને નહીં પણ આવાં કૃત્યો કરનારને સમાજ આગળ ઉઘાડા પાડીને

તેમને અપ્રતિષ્ઠિત કરવા એટલે તેમને આપોઆપ જ પસ્તાવો થશે. ઠેકેદારો પણ અળગા થશે. પછી મનમાં આવી ઈચ્છાઓ ઓછી જન્મશે. અમે અમારી સંસ્થા મારફતે આ માર્ગ લીધો છે. બીજાં દબાણો હિંસક છે. તે પ્રેમ વધારતાં નથી. આ અહિંસક દબાણ નુકસાન નહીં કરે, પણ પ્રેમ વધારશે.

યુવાન : તમારી વાત સાચી છે. મને પણ તે લાગ્યા જ કરે છે. (એમ કહીને તેમણે પાટલૂનના ગજવામાંથી રિવોલ્વર કાઢી) આ જુઓ, એવો બદલો લેવા ઇચ્છત તો પાંચ મિનિટમાં લઈ શકું તેમ છું, પણ લાગે છે કે તે માર્ગ કરતાં બીજા ઘણા ચઢિયાતા માર્ગો છે, તેથી આને દાબી રાખું છું. એમ કહીને તેમણે રિવોલ્વર પાછી મૂકી દીધી.

મારા યાદગાર પ્રસંગોમાં આ પાણીદાર યુવાન એક એવું જ પાત્ર હતો. મને થયું કે લાકડિયા શુદ્ધિપ્રયોગમાં આવ્યા તો આવાં આવાં છૂપાં પાત્રોનો પરિચય થયો. જંગીનો 'બાવો' અને આ યુવાન એવા જ તેજીલા. કચ્છના પાણીદાર ઘોડા જેવા.

આમ અમારો પ્રયોગ ચાલતો હતો. સૂરજ ઊગે ને અંધારું અલોપ થાય. પ્રકાશનાં તેજ વધતાં જ જાય. તેજનાં કુંડાળાં પ્રસરતાં જાય તેમ પ્રયોગને ચારે બાજુથી આવકાર મળવા લાગ્યો. લોકોમાં હિંમત આવવા લાગી. રચનાત્મક સેવકો અને સામાજિક સંસ્થાઓ ઠરાવો કરીને પ્રત્યક્ષ મદદે આવીને અમને સહકાર આપવા લાગ્યા. કોંગ્રેસ સમિતિઓ જે હજુ સુધી કંઈક રાહ જોતી હતી તે પણ હવે સળવળવા લાગી. શુદ્ધિપ્રયોગ માટેની લોકચાહના અને લોકઆદર વધતાં જ ગયાં. વધતાં જ ચાલ્યાં.

હવે થોડીક નરસિંહભાઈની વાત કરીએ. તેમને ભૂજની ઇસ્પિતાલમાં દાખલ કર્યા હતા. ત્યાંથી વિમાનમાં મુંબઈ લઈ જવામાં આવ્યા. ત્યાં પ્લાસ્ટિક સર્જરી કરવાના હતા.

મુંબઈમાં ઓસવાલ જ્ઞાતિનાં તેમજ કચ્છના જ્ઞાતિ ભાઈઓનાં ઘણાં ઘર. તેમણે નરસિંહભાઈની સ્થિતિ ઈસ્પિતાલમાં નજરે નીહાળી. આથી ત્યાંની કચ્છી પ્રજાની અસાધારણ સહાનુભૂતિ મળવા લાગી. પૈસા પણ જરૂર પડે તેટલા મળી રહેવાનાં વચન મળ્યાં.

આમ કુદરતી રીતે એમને મુંબઈની મદદ પણ મળી. હવે તો લોકો, લોકોનાં સંગઠનો, રાજકીય અને સામાજિક સંસ્થાઓ આ બધાં તત્ત્વો દિવસે દિવસે વધારે જાગ્રત બનવા લાગ્યાં.

અમારા કાર્યક્રમમાં સભાની જેમ સરઘસનો પણ એક વિશિષ્ટ કાર્યક્રમ રહેતો. તે રીતે લાકડિયાથી અમે બે સરઘસ કાઢયાં. એક બહેનોનું અને એક ભાઈઓનું. તેમાં ઠીકઠીક મોટી—સો જેટલી સંખ્યા જોડાઈ. આ સરઘસ તાલુકાના મથક ભચાઉ ગયું. ત્યાં પોળે પોળે અને શેરીએ શેરીએ ફરીને તેણે સૂત્રોચ્ચાર દ્વારા શુદ્ધિપ્રયોગનો એટલે કે અન્યાયનો પ્રતિકાર શી રીતે કરવો તેનો અહિંસક સંદેશો પહોંચાડ્યો.

મુંબઈથી રોજ ટેલીફોન આવે. અને રોજેરોજની માહિતી પુછાય. રાજ્યકક્ષાએ પણ કચ્છના પ્રતિનિધિઓને પ્રશ્નો પુછાય. નજીકના બનાસકાંઠા જિલ્લાના આગેવાનોએ— શ્રી ગલબાભાઈ પટેલ અને તેમના સાથીદારોએ આમાં રસ લીધો. આથી ત્યાં પણ ચર્ચા થવા લાગી. બીજી તરફથી સૌરાષ્ટ્રમાંથી સર્વોદય કાર્યકર શ્રી અમુતભાઈ વગેરે આવેલા એટલે ત્યાં પણ ચર્ચા થતી. આમ ચારે તરફ લોકજાગૃતિનો જુવાળ ઉછાળા મારવા લાગ્યો.

મુંબઈથી પણ કેટલાક આગેવાનો આવ્યા. જિલ્લાની કોંગ્રેસ પણ જાગૃત થઈ ગઈ હતી. તેણે આ અંગે તપાસ કરવાનું નક્કી કર્યું. જે ભાઈ ઉપર શક આવતો હતો તેને

બોલાવી ખુલાસો પૂછયો. પણ પોતે નિર્દોષ છે એમ તેણે કહ્યું. શુદ્ધિપ્રયોગ સમિતિ આગળ કોંગ્રેસ સમિતિએ આ વાત મૂકી કે હવે તમે આ પ્રયોગ બંધ કરો. અમે અમારી સંસ્થાગત રીતે સંપૂર્ણ તપાસ કરીને ઘટતાં પગલાં લઈશું. અમારો ઉદ્દેશ પણ એ જ હતો. સ્થાનિક પ્રજા પોતાના પ્રશ્નો ઉકેલે તો દૂરના લોકોએ તેમાં પડવાની જરૂર નથી. તે રીતે હવે લોકજાગૃતિ થતાં અમે તેમને પ્રશ્ન સોંપ્યો. મુંબઈથી આવેલા ભાઈઓને હસ્તે ઉપવાસીઓનાં પારણાં થયાં. આમ ૧૯ દિવસ સુધી આ લોક-જાગૃતિનો શુદ્ધિયજ્ઞ ચાલ્યો.

પૂર્ણાહુતિ નિમિત્તે આખા તાલુકાનું ખેડૂત સંમેલન બોલાવવામાં આવ્યું. તેમાં સારી સંખ્યામાં ખેડૂતોએ હાજરી આપી. પેલા જંગીના બાવા, પેલો યુવાન અને બીજા એવાં આગેવાનોએ સભામાં પોતાના વિચારો દર્શાવ્યા અને સંમેલન બહુ સારી રીતે પૂરું થયું.

આ પ્રસંગ અંગે મારે ૨૭ જૂન ૧૯૬૯ થી ૨૮ મી જુલાઇ ૧૯૬૯ સુધી કચ્છમાં રોકાવું પડયું. આ એક મહિનાનો અનુભવ મારા જીવનમાં તદ્દન નવા પ્રકારનો હતો. કારણકે અત્યારસુધી હું કામ કરતો હતો તે એવો પ્રદેશ હતો કે જ્યાં મારો લોકો સાથેનો કંઈક પરિચય હતો, ભૂમિ પરિચિત હતી. અને તેથી હિંમતથી હું કેટલાંક પગલાં ભરી શકતો. પણ આ તો પ્રદેશ તદ્દન અજાણ્યો, લોકો અજાણ, તેમની તળબોલી જુદી, જ્ઞાતિ જુદી. આ બધા ભેદ હોવા છતાં મને ત્યાં કામ કરવાની મજા આવી. એક તો અમારું મંડળ એક વિચારનું હતું, મુનિશ્રીનું માર્ગદર્શન હતું અને પ્રશ્નની સચ્ચાઈ હતી. તેમાં લોક-જાગૃતિની કડી ખૂટતી હતી તે અમારા ત્યાં રહેવાથી અને પ્રચારથી પુરાઈ. પણ મારે કહેવું જોઈએ કે આમાં યશના ભાગીદાર કેવળ અમે નથી. પણ સમગ્ર લોક-ત્યાંની જનતા

છે અને એ જનતાને જગાડવાના કામમાં ત્યાંની સંસ્થાઓએ તથા કાર્યકર્તાઓએ-બહેનોએ અને ભાઈઓએ સારી જેહમત ઊઠાવી હતી.

મુંબઈમાં વસતા તેમના જ્ઞાતિ આગેવાનોએ જ્ઞાતિનું સંમેલન બોલાવ્યું અને બધી રીતે મદદ કરવાનું નક્કી કર્યું. આવા પ્રસંગોમાં નાનામોટા મતભેદો ભૂલી જઇ જ્ઞાતિબંધુને સહાય કરવાના ઠરાવ કર્યા. આ રીતે ભચાઉ તાલુકાના તથા વાગડ પ્રદેશનાં રહેવાસીઓના સંમેલનો મળ્યાં. નરસિંહભાઇ હજુ હસ્પિતાલમાં સારવાર લઈ રહ્યા હતા. તેમને પણ આ બધાની સારી હૂંફ મળી.

આ પહેલાં અજેપાળની વાડીનો એક પ્રસંગ કચ્છનો મેં નોંધ્યો છે. આ પણ કચ્છનો. આમ બે કચ્છના અનુભવ થયા. આ ઉપરથી મને લાગ્યું કે આવા પ્રશ્નોમાં સ્થાપિત હિતો, સરકાર અને કોંગ્રેસ આ બધાનો તેમને વધતોઓછો ટેકો મળી રહેતો. જ્યારે સત્તા અને કોંગ્રેસનો ટેકો મટી ગયો ત્યારે સ્થાપિત હિતો ઠરી ગયાં. તેથી અમને લાગે છે કે આ સાચી વસ્તુ બહાર લાવનારું એક તટસ્થ બળ જોઈએ. આ માટે સામાન્ય જનતાની બાંય પકડનારું, સંતોની દોરવણી લઇને ચાલનારું નિઃસ્વાર્થી મંડળ હોય તો સત્તા અને સત્તાધારી રાજકીય પક્ષોને સાચી વસ્તુ સમજવા માટે સરળ રસ્તો થઈ જાય છે. તંત્રના અધિકારીઓ પણ જાગૃતિ સાથે પોતાની ફરજ બજાવે છે. અને સ્થાપિત હિતો જે ધન અને સત્તાને જોરે પોતાનું ધાર્યું કરાવે છે તેમના હાથ હેઠા પડે છે એ ઉપરના પ્રસંગો કહી જાય છે.

આ તો રામજીનું કામ છે

૨૬

અમદાવાદના કોંગ્રેસ હાઉસમાં પ્રદેશ સમિતિના જવાબદાર હોદ્દેદારો, મહેસૂલ ખાતાના પ્રધાન અને તે ખાતાના મુખ્ય અધિકારીઓ સાથે હું અને અંબુભાઇ સુપ્રિમ કોર્ટના જજમેન્ટ પછીની કેટલીક વિગતો રજૂ કરવા મળેલા. ચર્ચા કરીને અમે નીચે ઊતર્યા. અમારું કાર્યક્ષેત્ર ચાર તાલુકા પૂરતું મર્યાદિત હતું. તેમાં એક તાલુકાના જવાબદાર કાર્યકર પણ હાજર હતા. અમે બધા સાથે નીચે ઊતર્યા નીચે ઊતરીને અમે ચાલતા થયા ત્યાં તેમણે અમને રોકયા. અંબુભાઈ! ફૂલજીભાઇ! જરા ઊભા રહો. મારે તમને થોડીક વાતો કહેવી છે. પછી તેમણે કહ્યું: આજે તો તમે બહુ સરસ રીતે આખો પ્રશ્ન રજૂ કર્યો. અમે કોંગ્રેસની શિસ્તથી બંધાયેલા એટલે અમારાથી મર્યાદિત ચર્ચા જ થાય. પણ તમે તો બરાબર રજૂ કરી.

ઠીક! હવે કયાં જવા વિચાર છે?

અમે કહ્યું:....ગામે આજે સાંજે પહોંચવું છે. ત્યાંના ખેડૂતોને રાતે મળવાનું ગોઠવવાનું છે.

તેમણે કહ્યું: તો ચાલો, મારી ગાડીમાં આવી જાઓ. આપણે સાથે જઈશું.

તે ભાઈ સુખી સંપન્ન અને છતાં સેવાભાવી હતા. તાલુકાના આગેવાન કોંગ્રેસી હતા. અને પોતાની ઘરની મોટરગાડી હતી.

અમે બધા મોટરમાં ગોઠવાયા. કે.ટીક આડીઅવળી વાતો પછી તેમણે એક ગંભીર વાત કાઢી તેમણે કહ્યું: અંબુભાઇ!

આ તમે ખેડૂતોના પ્રશ્નમાં આટલો બધો રસ લો છો તેથી મને અંગત રીતે ખૂબ ગમે છે. પણ જેમનાં હિતોને નુકસાન થાય છે તે બધા ઉશ્કેરાયા છે. તેમના મનમાં ભારે ઉશ્કેરાટ છે. તેથી તમે રાત્રિની મુસાફરી વખતે ખાસ ચેતીને સાવધાની રાખજો. મને ચોક્કસ બાતમી મળી છે. માટે તમને કહું છું. આટલો ખાતર હું છું ઠેઠ આવવા વિચાર કરતો હતો, પણ સારું થયું કે આપણે અહીં મળી ગયા.

અંબુભાઈએ બધી વાત ઠંડે કલેજે સાંભળી. અને સ્મિત વેરતા બોલ્યા: એ તો જે થવા કાળ હશે તે થશે. એટલી વાત સાચી છે કે અમારે જાગ્રત રહેવું જોઈએ. પણ ખેડૂતોનું કામ લઈને બેઠા છીએ એટલે જવું તો પડે જ ને! આ તો રામજીનું કામ છે. અમે તો તેના ભરોસે કામ કર્યા કરીએ છીએ. એણે જે વાર તારીખ નક્કી કરી હશે તે જ આવશે. પાંચમની છઠ્ઠ તેમાં થવાની નથી. મેં તો બધી ચિંતા છોડી છે, મનમાં ડર રાખવાથી આવાં કામ થોડાં થઈ શકે?

આગેવાન: એ તો ઠીક છે કે આપણે કાર્ય લીધું એટલે જવું તો પડે જ. પણ તમે કોઈ વાહનમાં જવાનો આગ્રહ રાખો તો?

અંબુભાઈ: વાહન તો હજુ રાખી શકાય તેવી સંસ્થાની સ્થિતિ નથી. અને હાલ તુરત એની જરૂર પણ લાગતી નથી.

આગેવાન: તમારી સંસ્થા વાહન ન વસાવી શકે એ હું સમજી શકું છું. તો પછી તમે આ મારું વાહન રાખો. આ તો મારું અંગત વાહન છે. હું કોઈની પાસેથી તે માટે મદદ લેતો નથી. એટલે તમારે જરૂર પડે ત્યારે મંગાવી લેવું, જરૂર પત્યે પાછું મોકલી આપવાનું.

અમે: તમારો આભાર, પાછુ ગા

તે ઠીક નહીં દેખાય. એવું હશે ત્યારે તમને જણાવીશું એમ કહીને મને મારા જીવનના હોઠે આવેલા એક બે પ્રસંગો તેમને સંભળાવવાનું મન થઈ આવ્યું.

એક વખત અમે ધોળકામાં ખેડૂતમંડળના આગેવાનોની સભા રાખેલી. જવારજથી અમે છ સાત ભાઈઓ જવાના હતા. બધા સાથે નીકળ્યા. ધંધુકા તરફથી આવતી શટલ વહેલી આવે. અંધારું હોય ત્યારે. અમે નીકળ્યા હતા તો બધા સાથે, પણ હું પાછળ રહી ગયો. અને પેલા ભાઈઓ આગળ નીકળી ગયા. મને એકદમ છાતીમાં ગભરામણ ઉપડી. એટલે મને થયું કે હવે મારાથી ચાલી નહીં શકાય. અને હું એક દમ બેસી પડયો. પણ ઠંડી ઘણી હતી. મને થયું કે જરા તાપણી કરી શરીર શેકું તો દમ વળી જશે. એટલે મેં થોડાં રાડાં એકઠાં કરી તાપણી કરી. દીવાસળી ચાંપી, તાપણું ઝગ્યું પણ મારું ભાન ચાલ્યું જતાં હું બેશુદ્ધ થઈને ઢળી પડયો.

અમારા ગામમાંથી કોઈ મહેમાનનો સામાન મૂકવા કોઈ બહેન શટલ ઉપર ગયેલી. તે પાછી આવી ત્યારે તેણે મને રસ્તામાં તાપણી પાસે પડેલો જોયો. પણ હું તો બેભાન સ્થિતિમાં જ હતો. તેણે મને તાપણીથી જરા આઘો કર્યો અને મારાં કપડાં જરા તરા સળગ્યા હશે તે બુઝાવી નાખી દોટમ-દોટ ગામમાં પહોંચી ગઈ. ગામમાં અને ઘેર ખબર આપી. અને મને ગાડામાં નાખીને ઘરે લઈ ગયા. પાછળથી ડૉક્ટર વગેરેની સહાય મળતાં મને ભાન આવ્યું. આમ મને ઈશ્વરે બચાવી લીધો.

હવે એક બીજો પ્રસંગ સાંભળો.

ખેડૂતોના ગણોતધારાના પ્રશ્ન અંગે અમારો કેસ દિલ્હીની સુપ્રિમ કોર્ટમાં ચાલતો હતો. તેમાં હું ને અંબુભાઈ પ્રતિનિધિ

[illegible]

[illegible]

[illegible]

[illegible]

[illegible]

[illegible]

મને બધી હકીકત પૂછવા લાગ્યા, મેં મારી ઓળખાણ આપી.

પેલા વૃદ્ધે જુવાનને કહ્યું: ટાંગો લઈ આવી તેમને ઉતારે પહોંચાડો. તે પ્રમાણે તે ભાઈ ટાંગો લઈ આવ્યો. અને અમે કરોલબાગ તરફ ચાલ્યા. ત્યાં રસ્તામાં સ્ટેશન આવતાં અંબુભાઈને ભાળ્યા. તે મારી ચિંતા કરતા હતા. આમ અમારો ભેટો થઈ ગયો.

લાગણીનો છેડો ક્યાંથી ક્યાં જોડાય છે! એ શીખ ભાઈઓ સાથે અમારે જરાયે ઓળખાણ પિછાણ નહીં. છતાં તેમણે મને બચાવ્યો. આમ એમના હૈયે ઈશ્વર વસ્યો તો હું બચ્યો.

અમારી ગાડી સડસડાટ ચાલી જતી હતી. અને વાતો પણ ચાલતી હતી, છેવટે તેમની મોટર ગાડીએ અમને અમારે જે ગામ જવું હતું ત્યાં સમયસર પહોંચાડયા. રાત્રે સભા થઈ. અમે અમારૂં કામ પતાવ્યું અને રાત્રે બાર વાગ્યે ગુંદી-આશ્રમમાં અમને ઊતારી ગાડી તેને ઠેકાણે ગઈ.

સામાજિક કાર્યો કરતાં જોખમો પણ ડગલે ને પગલે આવતાં જ હોય છે. આપણી વાત બધાંને ન પણ રુચે. એટલે આપણે આપણા વિરોધી કોઈને ન માનતા હોઈએ છતાં સંભવ છે કે કોઈકના મનમાં ડંસ ઘર કરીને રહ્યો હોય. પણ આ બધામાં તો ઈશ્વર ઉપરની આસ્થા આપણી નાવ પાર ઉતારી શકે. આખરે તો એ જ સાચો રખેવાળ છે. જે એને ભરોસે રહે છે તેને એ જરૂર સહાયરૂપ થાય જ છે ને!

•